ભગવાનની આજ્ઞા અનુસાર સમભાવથી કરેલા સાધનનો નાશ થવાનું કોઈ પણ કારણ નથી. ફળની ઇચ્છાથી કરેલું કર્મ જ ફળ આપીને સમાપ્ત થાય છે.

પ્રશ્ન : પ્રત્યવાય એટલે કે અવળા ફળરૂપી દોષનો ભાગી થતો નથી – આનો શો અભિપ્રાય છે?

ઉત્તર : મનુષ્ય જેમ પોતાનો ઉપકાર કરનારાની સેવા નહીં કરવાથી દોષનો ભાગી થાય છે તથા જેમ દેવો, પિતૃઓ, રાજા, મનુષ્યો વગેરેની સેવામાં કોઈ કારણવશ ત્રુટિ થઈ જવાથી તેમનો રોષ થવાથી પણ તેનું અનિષ્ટ થઈ શકે છે; પરંતુ નિષ્કામ કર્મયોગના પાલનમાં ત્રુટિ રહેવા છતાં પણ તેનું ઊલટું ફળ એટલે કે કર્તાનું અનિષ્ટ થતું નથી તથા પાલન નહીં કરવાથી તે દોષનો ભાગી પણ થતો નથી.

પ્રશ્ન : કેટલાક લોકો પ્રત્યવાય શબ્દનો અર્થ 'વિઘ્ન' કરે છે, શું એમ પણ બની શકે ખરું?

ઉત્તર : 'વિઘ્ન' અર્થ યુક્તિસંગત નથી. નિષ્કામ કર્મયોગરૂપ ધર્મના પાલનમાં વિઘ્ન – બાધા તો આવી શકે છે, પરંતુ તેનું પરિણામ ખરાબ હોતું નથી, સારું જ હોય છે. (ગીતા - ૬/૪૦-૪૨)

પ્રશ્ન : અહીં 'અપિ' શબ્દ કઈ વાતનો દ્યોતક છે?

ઉત્તર : જ્યારે આ નિષ્કામ કર્મયોગનું થોડું સાધન પણ મહાન ભયમાંથી ઉદ્ધાર કરનારું છે, ત્યારે તેનું પૂર્ણ સાધન મહાન ભયમાંથી મુક્ત કરી દે છે, એમાં તો કહેવાનું જ શું છે?

પ્રશ્ન : આ નિષ્કામ કર્મયોગરૂપ ધર્મનું થોડું પણ પાલન મહાન ભયમાંથી કેવી રીતે ઉદ્ધાર કરે છે?

ઉત્તર : નિષ્કામ કર્મયોગરૂપ ધર્મનું થોડું પણ પાલન સંસ્કારના બળથી ક્રમશઃ વૃદ્ધિ પામીને અંતમાં સાધકને મુક્ત કરી દે છે.

પ્રશ્ન : જ્યારે આ નિષ્કામ કર્મયોગનું થોડું સાધન વૃદ્ધિ પામીને જ મહાન ભયમાંથી ઉદ્ધાર કરે છે તો પછી બાકીના સાધનનું શું મહત્ત્વ રહ્યું?

ઉત્તર : નિષ્કામભાવનું પરિણામ સંસારમાંથી ઉદ્ધાર થવો એ છે, તેથી તે પોતાના પરિણામને સિદ્ધ કર્યા વગર ન તો નષ્ટ થાય છે અને ન તો એનું કોઈ બીજું ફળ હોઈ શકે છે. અંતમાં સાધકને પૂર્ણ નિષ્કામી બનાવીને તેનો ઉદ્ધાર કરી જ દે છે, એ જ એનું મહત્ત્વ છે.

પ્રશ્ન : જે લોકો ધાર્મિક સંસ્થાઓમાં સ્વાર્થ ત્યજીને વેતન લીધા વગર અથવા અત્યંત અલ્પ વેતન લઈને તન-મનથી કામ કરનારા છે તેમનું કર્મ સ્વાર્થરહિત હોવાને કારણે તેને તો નિષ્કામ કર્મયોગ જ માનવો જોઈએ; પરંતુ નિષ્કામ કર્મયોગનું પાલન કરવાથી જેટલો લાભ બતાવવામાં આવે છે તેટલો લાભ જોવામાં આવતો નથી. આનું શું કારણ છે?

ઉત્તર : નિષ્કામ કર્મયોગથી જેટલો લાભ થવો જોઈએ તેટલો લાભ પોતાના સાધનથી થતો દેખાતો નથી, આ પ્રમાણે સેવા કરનારા તે ભાઈઓ પણ કહે છે. તેથી સંભવ છે કે નિષ્કામ કર્મયોગના રહસ્યને નહીં જાણવાને કારણે તેમનામાં વાસ્તવિક ત્યાગની ઊણપ છે; તેથી તેઓ પૂરો લાભ લઈ શકતા નથી, નહીંતર તે લોકોને નિષ્કામ કર્મયોગના સાધનનો જેટલો લાભ ગીતા વગેરે શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યો છે, તે અનુસાર લાભ અવશ્ય મળ્યો હોત. કેવળ કંચન-કામિનીના બાહ્ય ત્યાગથી મનુષ્ય સર્વ-ત્યાગી બનતો નથી. વાસ્તવમાં કંચન-કામિનીનો બાહ્ય ત્યાગ નિષ્કામ કર્મયોગના સાધનમાં એટલો આવશ્યક પણ નથી; એમાં તો ભાવનું

જ પ્રાધાન્ય છે. તેથી આમાં પત્ની, પુત્ર, ધન વગેરેથી મળતા વિષયભોગરૂપ સુખના ત્યાગની સાથેસાથે માન-મોટાઈ, પ્રતિષ્ઠા તેમ જ રાગ-દ્વેષ, અહંતા, મમતા વગેરેના ત્યાગની પણ ઘણી આવશ્યકતા છે. જ્યાં સુધી આ બધાનો ત્યાગ થતો નથી ત્યાં સુધી સાધકને પૂરો લાભ મળી શકતો નથી.

પ્રશ્ન : નિષ્કામ કર્મયોગ અનુસાર શું આ લોકો વડે થોડું પણ સાધન નથી થતું?

ઉત્તર : જે જેટલો ત્યાગ કરે છે તેટલા અંશે તેના વડે સાધન અવશ્ય થાય છે તથા લાભ પણ તે અનુસાર તેને અવશ્ય મળવો જોઈએ.

પ્રશ્ન : જ્યારે કર્મયોગનું થોડું પણ સાધન મહાન ભયમાંથી તારી દે છે, તો પછી અધિક સાધન ન પણ હોય તો શો વાંધો છે? કારણ કે ઉદ્ધાર તો તેનો થઈ જ જશે.

ઉત્તર : ઉદ્ધાર તો થશે, પરંતુ સમયનો નિયમ નથી. શી ખબર, આ જન્મમાં થાય કે પછી બીજા જન્મમાં? કારણ કે તે થોડુંક સાધન ક્રમશઃ વૃદ્ધિ પામીને જ ઉદ્ધાર કરશે. તેથી સાધનની ઊણપને મિટાવવા માટે તત્કાળ કલ્યાણ ઇચ્છનારા મનુષ્યે તો તત્પર થઈને જ, પ્રાણ રહે ત્યાં સુધી પ્રયત્ન કરવો જોઈએ.

પ્રશ્ન : 'કર્મયોગના થોડા સાધનથી–' અહીં આનો શો અભિપ્રાય છે?

ઉત્તર : પહેલાં તો કર્મયોગનું સ્વરૂપ સમજવું જોઈએ. શાસ્ત્રવિહિત ઉત્તમ ક્રિયાનું નામ કર્મ છે, તેમાં આસક્તિ અને સ્વાર્થના સર્વથા ત્યાગપૂર્વકના સમત્વભાવનું એટલે કે નિષ્કામભાવનું નામ યોગ છે. આ નિષ્કામભાવ જ આનું સ્વરૂપ, પ્રાણ અને રહસ્ય છે. તેથી જે કર્મમાં નિષ્કામભાવ છે તેની જ 'કર્મયોગ' સંજ્ઞા છે. જે શાસ્ત્રોક્ત ઉત્તમ ક્રિયાઓમાં નિષ્કામભાવ નથી તેમની સંજ્ઞા 'કર્મ' છે, પણ 'કર્મયોગ' નહીં. તેથી સકામભાવથી આજીવન કરેલાં યજ્ઞ, દાન, તપ વગેરે ઉત્તમોત્તમ અનેક કર્મો પણ ક્ષણભંગુર ફળ આપનારાં હોવાને કારણે મહત્વનાં નથી; પરંતુ નિષ્કામભાવથી અલ્પમાત્રામાં કરેલાં શાસ્ત્રવિહિત કૃષિ, વાણિજ્ય, નોકરી, શિલ્પક્રિયા વગેરે સાધારણ કર્મો પણ પરમ કલ્યાણદાયક હોવાને કારણે મહાન છે. તેથી, જેનું નામ નિષ્કામ કર્મયોગ છે તેનું થોડું પણ પાલન એટલે કે અલ્પ માત્રામાં પણ કરેલું તે સાધન ક્રમશઃ વૃદ્ધિ પામીને મહાન ભયમાંથી મુક્ત કરી દે છે; પરંતુ સકામભાવથી કરેલાં શાસ્ત્રવિહિત ઘણાંબધાં કર્મો પણ જન્મ-મરણરૂપ મહાન ભયમાંથી મુક્ત કરી શકતાં નથી.

પ્રશ્ન : નિષ્કામ કર્મયોગનું સ્વરૂપ વિસ્તારપૂર્વક બતાવશો?

ઉત્તર : શાસ્ત્રવિહિત કર્તવ્યકર્મોમાં ફળ અને આસક્તિને ત્યજીને ભગવાનની આજ્ઞા અનુસાર સમત્વબુદ્ધિથી કેવળ 'ભગવદ્-અર્થ' અથવા 'ભગવદ્-અર્પણ' કર્મ કરવાનું નામ નિષ્કામ કર્મયોગ છે. આને જ ગીતામાં સમત્વયોગ, બુદ્ધિયોગ, કર્મયોગ, તદર્થકર્મ, મત્કર્મ વગેરે સંજ્ઞાઓથી વર્ણવવામાં આવ્યો છે.

પ્રશ્ન : કર્મોમાં ફળના ત્યાગનું શું સ્વરૂપ છે?

ઉત્તર : પત્ની, પુત્ર, ધન, ઐશ્વર્ય, માન, મોટાઈ, પ્રતિષ્ઠા અને સ્વર્ગ વગેરે સાંસારિક સુખદાયક સઘળા પદાર્થોની ઇચ્છા કે કામનાનો સર્વથા ત્યાગ એ જ કર્મોના ફળનો ત્યાગ છે.

પ્રશ્ન : આસક્તિનો ત્યાગ કોને કહે છે?

ઉત્તર : મન અને ઇન્દ્રિયોને અનુકૂળ સાંસારિક સુખદાયક પ્રાણીઓ, પદાર્થો અને કર્મોમાં ચિત્તને આકર્ષનારી જે સ્નેહરૂપી વૃત્તિ છે; 'રાગ', 'રસ', 'સંગ' વગેરે જેનાં નામ છે

તેના સર્વથા ત્યાગનું નામ આસક્તિનો ત્યાગ છે.

પ્રશ્ન : 'ભગવાનની આજ્ઞાથી' આનો અહીં શો અભિપ્રાય છે?

ઉત્તર : શ્રુતિ, સ્મૃતિ, ગીતા વગેરે સત્-શાસ્ત્રો તથા મહાપુરુષોની આજ્ઞા એ ભગવાનની આજ્ઞા છે.

પ્રશ્ન : સમત્વબુદ્ધિ કોને કહે છે?

ઉત્તર : સુખ-દુઃખ, લાભ-હાનિ, જય-પરાજય, યશ-અપયશ, જીવન-મરણ વગેરે ઈષ્ટ-અનિષ્ટની પ્રાપ્તિમાં સદા-સર્વદા સમ રહેવું એ સમત્વબુદ્ધિ છે.

પ્રશ્ન : ભગવાન માટે કર્મ અને ભગવાનને અર્પણ કરેલું કર્મ – એમાં શો ભેદ છે?

ઉત્તર : ફળમાં કોઈ ભેદ નથી. ફળ તો બધાંનું જ એક - પરમ શ્રેય છે; એટલે કે પરમેશ્વરની પ્રાપ્તિ છે. સાધનની પ્રણાલીમાં થોડો ભેદ છે.

(ક) ભગવદ્-અર્થ કર્મ

સ્વયં ભગવાનની પૂજા-સેવારૂપ કર્મોને અથવા ભગવાનની આજ્ઞા અનુસારનાં શાસ્ત્રવિહિત કર્તવ્યકર્મોને ભગવાનના પ્રેમ, પ્રસન્નતા અથવા પ્રાપ્તિ માટે કર્તવ્ય સમજીને કેવળ ભગવાનની આજ્ઞાના પાલન માટે કરવાં એટલે કે કર્મ કરતા પહેલાં જ આ બધા ઉદ્દેશ્યોને અથવા આમાંના કોઈ પણ ઉદ્દેશ્યને લક્ષમાં રાખીને કર્મ કરવાં એ ભગવદ્-અર્થ કર્મ છે. (ગીતા - ૧૩/૧૦)

(ખ) ભગવદ્-અર્પણ કર્મ

શાસ્ત્રવિહિત કર્તવ્યકર્મોને તથા મન, વાણી, શરીરસહિત પોતાની જાતને પ્રભુની વસ્તુ સમજીને પ્રભુને સમર્પણ કરી દેવાં એટલે કે કર્મો કરવામાં પોતાની જાતને સર્વથા ભગવાનને આધીન સમજીને કઠપૂતળીની જેમ સ્વામીના હાથમાં સોંપી દેવી. કઠપૂતળીઓએ તો જડ હોવાને કારણે સ્વયં નટને આધીન થઈને રહેવાનું નથી, નટ જ તેમને પોતાને આધીન રાખે છે, પરંતુ આણે તો સ્વયં સ્વામીને આધીન થઈને રહેવાનું છે. તેથી આમાં આ અધિક વિશેષતા છે. આ સિવાય, ડગલે ને પગલે સ્વામીના સ્વરૂપનું અને દયાનું દર્શન કરતા રહીને ક્ષણે-ક્ષણ મુગ્ધ થતા રહેવું અને સર્વસ્વ સ્વામીનું જ સમજતા રહીને અભિમાનથી રહિત થઈને નિમિત્તમાત્ર બનીને પ્રભુની આજ્ઞા અનુસાર કર્મ કરવાં એ સર્વોત્તમ ભગવદ્-અર્પણ કર્મ છે. (ગીતા - ૯/૨૭-૨૮)

પ્રશ્ન : શું નિષ્કામ કર્મયોગનું આ સાધન કષ્ટસાધ્ય છે?

ઉત્તર : વાસ્તવમાં કષ્ટસાધ્ય નથી. હા, જેઓ કષ્ટસાધ્ય માને છે તેમના માટે કષ્ટસાધ્ય છે અને જેઓ સુખસાધ્ય માને છે તેમના માટે સુખસાધ્ય છે.

પ્રશ્ન : જો એમ છે તો સાધકે સુખ-સાધ્ય જ માનવું જોઈએ; પરંતુ જેઓ કંચન, કામિની, કુટુંબ અને શરીરના સુખને છોડીને સાધન કરે છે તેમને પણ એ કષ્ટસાધ્ય કેમ પ્રતીત થાય છે?

ઉત્તર : મનની ચંચળતા તથા માન, મોટાઈ, પ્રતિષ્ઠા વગેરેની ઈચ્છા તેમ જ રાગ, દ્વેષ, મમતા, અહંકાર અને અજ્ઞાન વગેરે દોષોને કારણે તથા શ્રદ્ધા અને પ્રેમની ઊણપ તેમ જ એનું રહસ્ય અને પ્રભાવને નહીં જાણવાને કારણે એ કષ્ટસાધ્ય પ્રતીત થઈ શકે છે.

પ્રશ્ન : આ સાધનમાં અડચણ ઊભી કરનારા દોષોમાં પણ વિશેષ દોષો કયા કયા છે?

ઉત્તર : શ્રદ્ધા અને પ્રેમની ઊણપ, માન અને મોટાઈની ઈચ્છા, મનની ચંચળતા, પ્રમાદ, આળસ, અજ્ઞાન, આસક્તિ, અહંકાર વગેરે વિશેષ દોષો છે.

પ્રશ્ન : આ બધાના નાશ માટે સાધકે શું કરવું જોઈએ?

ઉત્તર : વિવેક અને વૈરાગ્ય વડે તમામ વિષયભોગોમાંથી મનને મુક્ત કરીને ભગવાનના શરણમાં રહીને શ્રદ્ધા અને પ્રેમપૂર્વક નિષ્કામ કર્મયોગના સાધન માટે પ્રાણપર્યન્ત કોશિશ કરવી જોઈએ. આ પ્રમાણે કોશિશ કરવાથી સમસ્ત દુઃખો અને દોષોનો નાશ થાય છે અને પરમ આનંદ તથા પરમ શાંતિની પ્રાપ્તિ જલદી થઈ શકે છે.

પ્રશ્ન : 'પ્રાણપર્યન્ત કોશિશ કરવી' કોને કહેવાય?

ઉત્તર : કંચન, કામિની, ભોગ અને સુખની તો વાત જ શી કરવી? નિષ્કામ કર્મયોગરૂપ ધર્મના થોડાક પણ પાલનની તુલનામાં માન, મોટાઈ પ્રતિષ્ઠા અને પોતાના પ્રાણોને પણ તુચ્છ સમજવાં તેમ જ અત્યંત તત્પર થઈને તેના પાલન માટે સદા-સર્વદા પ્રયત્નશીલ રહેવું – એને પ્રાણપર્યન્ત કોશિશ કરવી કહેવાય.

પ્રશ્ન : આ પ્રકારની કોશિશ તત્પરતાથી નહીં થવાનું શું કારણ છે?

ઉત્તર : એના પ્રભાવ અને રહસ્યને તત્ત્વથી નહીં સમજવાં તે.

પ્રશ્ન : પ્રભાવ અને રહસ્યને તત્ત્વથી જાણવા માટે શું કરવું જોઈએ?

ઉત્તર : એના પ્રભાવ અને રહસ્યને સમજાવનારાં ગીતા વગેરે શાસ્ત્રોનું મનન તેમ જ એના તત્ત્વને જાણનારા મહાપુરુષોનો સંગ કરીને એમણે બતાવેલા માર્ગ અનુસાર કટિબદ્ધ થઈને કોશિશ કરવાથી એના પ્રભાવ અને રહસ્યને મનુષ્ય તત્ત્વથી જાણી શકે છે. જે મનુષ્ય આ નિષ્કામ કર્મયોગના રહસ્યને અને પ્રભાવને તત્ત્વથી જાણી લે છે તે પછી એને છોડી શકતો નથી તથા સાધન કરતાં કરતાં અહંતા, મમતા, આસક્તિ વગેરે તમામ દોષોથી મુક્ત થઈ જાય છે અને તેનો સમગ્ર સંસારમાં પણ સદા-સર્વદા સમભાવ થઈ જાય છે. આ પ્રમાણે જેની સમતામાં નિશ્ચળ-સ્થિર સ્થિતિ છે તેની પરમાત્મામાં જ સ્થિતિ છે; કેમ કે પરમાત્મા સમ છે. (ગીતા - ૫/૧૯) તેથી તે બધાંય દુઃખો, પાપો અને ક્લેશોથી છુટકારો પામીને પરમ આનંદ અને પરમ શાંતિ-સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. જેની આવી સ્થિતિ અંતકાળે પણ થઈ જાય છે તે પણ જન્મ-મૃત્યુના મહાન ભયમાંથી છૂટીને વિજ્ઞાનાનંદઘન પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. (ગીતા - ૨/૭૨)

—★—

ધ્યાનસહિત નામ-જપનો મહિમા

આજે એ પરમ દયાળુ પરમાત્માની કૃપાથી ધ્યાનસહિત નામ-જપ ઉપર કંઈક લખવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. વાસ્તવમાં તો આ વિષય પર એ પુરુષો જ લખી શકે છે જેઓ ભગવાનના ભજન અને ધ્યાનના તત્ત્વને જાણનારા છે અને નિરંતર ભગવાનના પ્રેમમાં મુગ્ધ રહે છે તેમ જ ભગવાનની સ્મૃતિથી જેમના શરીરમાં રોમાંચ અને નેત્રોમાં અશ્રુપાત થતા રહે છે. જળના વિયોગમાં માછલીની જેમ ભગવાનની વિસ્મૃતિથી આર્ત બની જાય છે અને ભગવાનનું ભજન-ધ્યાન જેમને પ્રાણોથી પણ વધુ પ્રિય છે એવા મહાપુરુષોનો જ આ વિષયમાં લખવાનો અધિકાર છે. એમના જ લેખોથી સંસારને લાભ મળી શકે છે.

મારા જેવા પુરુષનું આ વિષય પર લખવું અનધિકાર ચેષ્ટા કરવા બરાબર છે; પણ પ્રેમી સજ્જનોની પ્રેરણાથી, પોતાની સામાન્ય બુદ્ધિ પ્રમાણે વાચકોની સેવામાં કશુંક લખવાનો પ્રયાસ કરી રહ્યો છું. ત્રુટિઓ બદલ સુજ્ઞજનો ક્ષમા કરશે.

જે લોકો ભગવાનના ભજન-ધ્યાનરૂપી સાધનના રહસ્યને નથી જાણતા, એ લોકો થોડાક જ દિવસોમાં સાધનથી ઉબાઈ જાય છે અને અમુક તો સાધનને છોડી પણ દે છે. જેમ કોઈ વિદ્યા ભણનાર બાળક ખેલ-તમાશામાં આસક્ત કે પરીક્ષામાં નાપાસ થવાને કારણે અથવા બીજા કોઈ કારણસર કંટાળીને વિદ્યાભ્યાસ છોડી દેવાથી વિચારરૂપી ધનથી વંચિત રહી જાય છે, એ જ રીતે તેઓ ભગવત્પ્રાપ્તિરૂપી અમૂલ્ય નિધિથી વંચિત રહી જાય છે.

અમુક અમુક લોકો હળવું સાધન કરતા પણ રહે છે અને પૂછવાથી તેઓ એમ કહ્યા કરે છે કે જ્યારે અમે ભજન-ધ્યાન કરવા માટે બેસીએ છીએ ત્યારે સંસારના સંકલ્પ, નિદ્રા અને આળસ વગેરે આવીને ઘેરી વળે છે, માટે ખાસ આનંદ નથી આવતો. માટે એમાંથી રુચિ જતી રહેવાને લીધે અમારી સાધના મંદ પડી ગઈ. એ લોકો ભજન-ધ્યાન દ્વારા શરૂઆતમાં જ સંપૂર્ણ આનંદનો અનુભવ કરવા માંગે છે. આ મોટી ભૂલ છે. હજી તો ભજન-ધ્યાનનું જેવું સાધન હોવું જોઈએ એવું સાધન જ નથી થયું, પછી આનંદ કેવો?

હાથથી માળા ફેરવે છે, મોઢેથી રામ-રામ બોલે છે અને મનથી સંસારના વિષયોનું ચિંતન કરે છે, આ તો સંસારનું ભજન છે, રામનું નહીં. **કર મેં તો માલા ફિરે, જીભ ફિરે મુખ માયઁ।**
મનુવા તો ચહુઁદિસિ ફિરે, યહ તો સુમિરન નાયઁ॥

અમુક અમુક લોકોના હાથમાંથી માળા પડી જાય છે અને નિદ્રાને વશીભૂત થઈને તેઓ આસન પર જ ઊંઘતા રહે છે. તેઓ ભગવાનના ઉપાસકો નથી, નિદ્રાદેવીના ઉપાસક છે. આવા લોકો અસલ આનંદથી ઘણા છેટા છે. એમનું મન જ એમને દગો દઈ રહ્યું છે. વાસ્તવમાં ભજન-ધ્યાનના પ્રભાવ અને રહસ્યને એ લોકો નથી સમજ્યા.

ભજન-ધ્યાનના પ્રભાવ અને રહસ્યને સમજી લીધા પછી નિદ્રા, આળસ અને સંસારની સ્ફુરણાની તો વાત જ શું, ખાન-પાનની પણ ચિંતા નથી રહી શકતી. રાત-દિવસ ભજન-ધ્યાનની જ ધૂન ચઢેલી રહે છે. જેમ રૂપિયાના પ્રભાવથી મોહિત થયેલા વેપારી, વૈદ્ય, ડૉક્ટર, વકીલ-બેરિસ્ટર વગેરે સૌ કોઈ વિષય-સંપત્તિને મુખ્ય સમજનાર સમયને ધન કમાવવામાં જ વેડફી નાખે છે; આ સિવાય એમને બીજી વાત રુચતી નથી, એ જ રીતે એમને પણ ભગવદ્ભજન સિવાય બીજી કોઈ વસ્તુ સારી નથી લાગતી. એમને તો મધુરથીય મધુર અને પવિત્રથીય પવિત્ર ધ્યાનસહિત હરિનું નામ જ મંગલમય જણાય છે.

આ ઘોર કળિકાળમાં સુખેથી સાધી શકાય એવું અને સર્વોત્તમ સાધન ધ્યાનસહિત ભગવાનનું ભજન જ છે. બ્રહ્મથી માંડીને તણખલા સુધીનો આખો સંસાર ક્ષણભંગુર અને નાશવંત છે. કેવળ એક વિજ્ઞાનાનંદઘન પરમાત્મા જ સત્ વસ્તુ છે. માટે જે સદાય આપણને ભગવાનનું ભજન, ધ્યાન કરવાનું જ શિખવાડે છે, એ જ માતા, પિતા, ગુરુ તેમ જ આપણો સાચો બંધુ છે. સંસારમાં એનાથી વધીને આપણા માટે બીજું કોઈ પણ આવશ્યક કાર્ય નથી. શ્વાસનો કશો વિશ્વાસ નથી. માટે જ્યાં સુધી સ્વાસ્થ્ય સારું છે, વૃદ્ધ-અવસ્થા અને મરણ

દૂર છે ત્યાં સુધી જ જે કંઈ કરવાનું હોય એ ઘણી જલદીથી કરી લેવું.

અહો! ભયંકર કષ્ટ છે, મોટી આપત્તિ છે કે, વિષયરૂપી કાચ માટે થઈને ભજન-ધ્યાનરૂપી અણમોલ રત્નને લોકો વિસારે પાડે છે.

પ્રિય વાચકો! ઊઠો, જાગો, સાવધ થાઓ અને અમૃતમય હરિના નામ અને ગુણોને કાન દ્વારા સાંભળો તથા વાણી દ્વારા કીર્તન કરો અને મનથી એમના સ્વરૂપનું ધ્યાન ધરો. આખા સંસારના ભોગોને તણખલાની જેમ ત્યાગીને શરીરથી ભગવાનની સેવા કરો અને પોતાના આ અણમોલ સમયનો અમૂલ્ય કાર્યમાં જ ઉપયોગ કરો.

કર્મોનું અનુષ્ઠાન કરતી વેળાએ પણ ચિત્તથી ભગવાનને ન ભૂલશો. પાપ, પ્રમાદ અને આળસમાં દુઃખ અને દોષોને જોઈને એમનાથી અળગા થાઓ. વિષયાસક્ત, નાસ્તિક અને પ્રમાદી પુરુષોની નજીક ફરકશો પણ નહિ તેમ જ દીન-દુઃખી માણસોની સેવા કરો.

માન, પ્રતિષ્ઠા, કીર્તિને કલંક સમાન માનો. શમ, દમ, તિતિક્ષા વગેરે અમૃતમય સાધનોનું સેવન કરો. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે કચરાને કાઢીને હૃદયરૂપી ઘરને પવિત્ર બનાવો.

ઠંડી-ગરમી, સુખ-દુઃખ વગેરે તો ક્ષણિક અને નાશવંત છે, માટે એમનાથી વ્યથિત ન થતાં સદા સમચિત્ત રહો અથવા તો પૂર્વકૃત કર્મો અનુસાર એમને ઈશ્વરનું વિધાન માનીને એમનો સહર્ષ સ્વીકાર કરો.

શીલ, વિદ્યા, ગુણ, ત્યાગ અને તેજ વગેરેમાં જેઓ વૃદ્ધ છે એવા સદાચારી સજ્જન મહાત્માઓના ચરણોની સેવા કરો. આવા પુરુષોનો સંગ તીર્થસેવનથીય શ્રેષ્ઠ છે. માટે કુતર્કને છોડીને એમના આપેલા ઉપદેશનો ભગવાનનાં વાક્યો જેટલો આદર કરો. અથવા નિર્જન પવિત્ર એકાંત સ્થાનમાં બેસીને ધ્યાનસહિત ભગવાનના નામનો જપ તથા ભગવત્-તત્ત્વનો વિચાર કરો.

ઉપર જણાવેલા સાધનો અનુસાર ચાલનાર પુરુષ ભગવાનની દયાથી ભગવાનના પ્રભાવને જાણીને જલદીમાં જલદી પરમપદને પામી જાય છે.

પ્રશ્ન—કયા પ્રકારનો નામ-જપ કરવો ઉત્તમ તેમ જ લાભજનક છે. વાચિક, ઉપાંશુ કે માનસિક?

ઉત્તર—વાચિક જપથી ઉપાંશુ દસ ગણો વધુ છે અને ઉપાંશુથી માનસિક દસ ગણો વધુ ફળદાયક છે—

વિધિયજ્ઞાજ્જપયજ્ઞો વિશિષ્ટો દશભિર્ગુણૈઃ।
ઉપાંશુઃ સ્યાચ્છતગુણઃ સાહસ્રો માનસઃ સ્મૃતઃ॥

(મનુસ્મૃતિ ૨/૮૫)

'અગ્નિહોત્ર વગેરે ક્રિયાયજ્ઞ કરતાં જપયજ્ઞ દસ ગણો વધુ શ્રેષ્ઠ છે, ઉપાંશુ જપ સો ગણો શ્રેષ્ઠ છે અને માનસિક જપ હજાર ગણો શ્રેષ્ઠ છે.'

માટે માનસિક જપ જ સૌથી શ્રેષ્ઠ છે. માનસિક જપ શ્રદ્ધાપૂર્વક નિત્ય-નિરંતર કરવામાં આવે તો એ એથીય વધુ લાભદાયક થઈ જાય છે. એ જ જપ નિષ્કામ પ્રેમભાવથી કરવામાં આવે તો તો એના મહિમાનું કોઈ વર્ણન જ નથી કરી શકતું.

પ્રશ્ન—(ક) શું કેવળ નામ-જપથી જ ઈષ્ટદેવના સ્વરૂપનાં દર્શન થઈ શકે ખરાં કે -

(ખ) જપની સાથે સાથે ઈષ્ટદેવના સ્વરૂપનું ચિંતન પણ કરવું જરૂરી છે?

ઉત્તર—(ક) શ્રદ્ધાપૂર્વક પ્રેમથી કરાયેલા કેવળ જપથી પણ ઈષ્ટદેવનાં દર્શન થઈ શકે છે.

મહર્ષિ પતંજલિએ કહ્યું છે–

स्वाध्यायादिष्टदेवतासम्प्रयोगः ।

(યોગસૂત્ર ૨/૪૪)

ઈષ્ટદેવના નામ-જપથી ઈષ્ટદેવનાં સાક્ષાત્ દર્શન થાય છે. જો ઈષ્ટદેવનું નિરંતર ચિંતન કરતાં કરતાં ઉપર કહેલી રીતે જપ કરવામાં આવે તો એની પ્રાપ્તિ એથીય વધુ જલદી થઈ જાય છે. માટે

(ખ) જપની સાથે સાથે ઈશ્વરના સ્વરૂપનું ચિંતન જરૂર કરવું. મહર્ષિ પતંજલિએ કહ્યું છે–

तज्जपस्तदर्थभावनम् । (યોગસૂત્ર ૧/૨૮)

એ પરમેશ્વરના નામનો જપ અને એના અર્થનું એટલે કે સ્વરૂપનું ચિંતન કરવું–એનું જ નામ ઈશ્વર-પ્રણિધાન તેમ જ ઈશ્વરનું શરણ સમજવું.

આનાથી સઘળાં વિઘ્નોનો નાશ તેમજ પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ પણ થઈ જાય છે.

પ્રશ્ન–જપના સાત્ત્વિક, રાજસ અને તામસ–ત્રણ ભેદ શા કારણથી પડે છે?

ઉત્તર–જપના સાત્ત્વિક, રાજસ અને તામસ ભેદ પડવામાં ભાવ જ મુખ્ય કારણ છે. શ્રદ્ધા, પ્રેમ તથા નિષ્કામભાવે ભગવત્પ્રીત્યર્થ કરવામાં આવેલો જપ સાત્ત્વિક સમજવામાં આવે છે.

આ લોક અને પરલોકના ભોગો માટે થઈને તેમ જ માન, મોટાઈ, પ્રતિષ્ઠા માટે કરવામાં આવેલો જપ રાજસિક સમજવામાં આવે છે.

બીજાના અનિષ્ટ માટે (અજ્ઞાનતાપૂર્વક) કરવામાં આવેલો જપ તામસી સમજવામાં આવે છે.

પ્રશ્ન–કયા નામનો જપ ખાસ લાભદાયક છે. 'રામ-રામ' કે 'ૐ-ૐ' કે 'શિવ-શિવ' કે 'નારાયણ-નારાયણ' વગેરે વગેરે?

ઉત્તર–ઈશ્વરનાં સઘળાં નામો એકસમાન છે. માટે જેને જે નામમાં પ્રેમ હોય એના માટે એ જ નામ વિશેષ લાભદાયક છે.

પ્રશ્ન–જપની સાથે ધ્યાન ભગવાનના નિરાકાર સ્વરૂપનું કરવું કે સાકાર સ્વરૂપનું?

ઉત્તર–એમાં પણ સાધકની રુચિ જ મુખ્ય છે. જેની નિરાકાર સ્વરૂપમાં રુચિ હોય એના માટે નિરાકારનું ધ્યાન અને જેની સાકારમાં રુચિ હોય એના માટે સાકારનું ધ્યાન લાભદાયક છે. નિરાકાર અને સાકારને વ્યાપક અગ્નિ અને પ્રજ્વલિત અગ્નિની જેમ અભિન્નરૂપે સમજીને એના રહસ્ય અને પ્રભાવને જાણીને જે નિરાકાર સહિત સાકારનું ધ્યાન કરે છે એ સર્વોત્તમ છે.

પ્રશ્ન–કેટલી સંખ્યામાં જપ કરવાથી ઈષ્ટદેવનાં સાક્ષાત્ દર્શન થઈ શકે છે? અને શાસ્ત્રોમાં કયા નામ-જપનો ખાસ મહિમા લખ્યો છે?

ઉત્તર–સંખ્યાની બાબતમાં બધી જગ્યાએ એક નિયમ નથી જોવા મળતો; પણ ભગવાનના નામ-જપનો મહિમા મોટે ભાગે બધાં શાસ્ત્રોમાં જોવા મળે છે. કલિસન્તરણોપનિષદમાં લખ્યું છે કે–

हरे राम हरे राम राम राम हरे हरे ।
हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे ॥

આ ષોડશ નામ ધરાવતા મંત્રના સાડા ત્રણ કરોડ જપ કરવાથી સઘળાં પાપોનો નાશ થઈને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. રામાયણમાં શ્રીરામનામનો, શ્રીમદ્ભાગવતમાં શ્રીકૃષ્ણ વગેરે નામનો તેમજ મહાભારતમાં ગોવિંદ, હરિ, નારાયણ, વાસુદેવ વગેરે ઘણાં નામોનો તથા શ્રુતિ-સ્મૃતિઓમાં ૐ, તત્, સત્ વગેરે નામોના જપનો ખાસ મહિમા લખ્યો છે. એ જ રીતે લગભગ બધાં નામોનો શાસ્ત્રોમાં સ્થળે સ્થળે ઘણો મહિમા ગાયો છે.

कलिकल्मषमत्युग्रं नरकार्तिप्रदं नृणाम् ।
प्रयाति विलयं सद्यः सकृत्कृष्णस्य संस्मृतेः ॥
(વિષ્ણુપુરાણ ૬/૮/૨૧)

'કલિનાં અત્યંત ઉગ્ર પાપ કે જે મનુષ્યોને નરકની પીડા આપનારાં છે, શ્રીકૃષ્ણનું એક વાર પણ સારી પેઠે સ્મરણ કરવાથી તરત વિલીન થઈ જાય છે.'

सकृत्स्मृतोऽपि गोविन्दो नृणां जन्मशतैः कृतम् ।
पापराशिं दहत्याशु तूलराशिमिवानलः ॥

'શ્રીગોવિંદ'નું એક વાર પણ સ્મરણ કરવામાં આવતાં તેઓ મનુષ્યોનાં સેંકડો જન્મોમાં કરવામાં આવેલાં પાપોના સમૂહને એ જ રીતે શીઘ્ર ભસ્મ કરી દે છે જેમ રૂના ઢગલાને અગ્નિ.'

हरिर्हरति पापानि दुष्टचित्तैरपि स्मृतः ।
अनिच्छयापि संस्पृष्टो दहत्येव हि पावकः ॥
(બૃ૦ નારદ૦ ૧/૧૧/૧૦૦)

'દુષ્ટચિત્તના પુરુષો દ્વારા પણ સ્મરણ કરવામાં આવતાં ભગવાન શ્રીહરિ એમનાં સઘળાંય પાપોને હરી લે છે. જેમ અગ્નિ અનિચ્છાએ સ્પર્શ કરવા છતાં પણ બાળે જ છે.'

न तावत्पापमस्तीह यावन्नामाहतं हरेः ।
अतिरेकभयादाहुः प्रायश्चित्तान्तरं वृथा ॥

'હરિના નામનો જપ કરવાથી જેટલાં પાપ નષ્ટ થઈ શકે છે એટલાં પાપ સંસારમાં છે જ નહીં, માટે વધુ પાપોના ભયથી અન્ય પ્રાયશ્ચિત્તો કરવાનું વ્યર્થ જણાવ્યું છે.'

आचारहीनोऽपि मुनिप्रवीर
भक्त्या विहीनोऽपि विनिन्दितोऽपि ।
किं तस्य नारायणशब्दमात्रतो
विमुक्तपापो विशतेऽच्युतां गतिम् ॥

'હે મુનિશ્રેષ્ઠ! ભગવાનના નામનો જપ કરનારો મનુષ્ય જો આચારહીન, ભક્તિહીન તથા નિંદનીય પણ હોય, તો પણ એને શો ભય છે? કેમકે, 'નારાયણ' શબ્દના ઉચ્ચારણમાત્રથી એ પાપરહિત થઈને પરમ અવિનાશી ગતિ પામે છે.'

ज्ञानतोऽज्ञानतो वापि वासुदेवस्य कीर्तनात् ।
तत्सर्वं विलयं याति तोयस्थं लवणं यथा ॥

'જાણતાં કે અજાણતાં પણ વાસુદેવનું કીર્તન કરવાથી સઘળાં પાપ, પાણીમાં પડેલા મીઠાની જેમ લીન થઈ જાય છે.'

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥
(ગીતા ૮/૧૩)

'જે માણસ 'ૐ' એ એક-અક્ષરસ્વરૂપ બ્રહ્મને ઉચ્ચારતો અને એના અર્થસ્વરૂપ મુજ નિર્ગુણ બ્રહ્મનું ચિંતન કરતો શરીરને છોડીને જાય છે, એ માણસ પરમ ગતિને પામે છે.'

अवशेनापि यन्नाम्नि कीर्तिते सर्वपातकैः ।
पुमान् विमुच्यते सद्यः सिंहत्रस्तैर्वृकैरिव ॥
(વિષ્ણુપુરાણ ૬/૮/૧૯)

'જેના નામનું વિવશ થઈને પણ કીર્તન કરવાથી પુરુષ, સિંહથી ગભરાયેલાં વરુઓની જેમ સઘળાંય પાપોથી તરત મુક્ત થઈ જાય છે.'

ત્યાં સુધી પણ લખ્યું છે કે એક હરિના નામના જપથી જ સઘળાં પાપોનો નાશ થઈ જાય છે–

सकृदुच्चरितं येन हरिरित्यक्षरद्वयम् ।
बद्धः परिकरस्तेन मोक्षाय गमनं प्रति ॥
(પદ્મપુરાણ ૬/૮૦/૧૬૧)

'જેણે એક વાર પણ 'હરિ' એ બે અક્ષરોનું ઉચ્ચારણ કર્યું છે, એણે સમજો કે મોક્ષ તરફ જવા માટે કમર કસી લીધી છે.'

આ રીતે નામના જપનો મહિમા શાસ્ત્રોમાં સ્થળે સ્થળે ભરેલો પડ્યો છે. લેખનો વિસ્તાર વધી જશે એવા સંકોચને કારણે શાસ્ત્રોનાં

વાક્યોનો સંક્ષેપમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હરિના નામના મહિમાને અર્થવાદ ન સમજવો. જે કંઈ મહિમા શાસ્ત્રોમાં લખ્યો છે એ ધ્રુવ સત્ય છે. પણ શ્રદ્ધા અને પ્રેમની ઊણપને કારણે નામનો પ્રભાવ સમજમાં નથી આવતો તથા ફળ પણ પૂરેપૂરું નથી મળતું.

ઈશ્વરની પ્રાપ્તિની બાબતમાં સંખ્યાનો નિયમ બધી જગ્યાએ બરાબર લાગુ નથી પડતો. પ્રેમ અને શ્રદ્ધા જેનામાં જેટલાં વધુ હોય છે, એને એટલી જ જલદી ભગવત્પ્રાપ્તિ થાય છે.

જો કહો કે, 'તો પછી સંખ્યાની શી જરૂર છે?' તો એ પણ ઠીક છે, પણ એમાં શાસ્ત્રનું વિધાન છે તેમજ જપ પણ વધુ થઈ જાય છે, માટે પણ સંખ્યા બધી રીતે લાભદાયક છે.

પણ ભગવાનની પ્રાપ્તિ માટે સંખ્યાને પકડીને બેસી ન રહેવું. સંખ્યા પકડીને બેસી રહેનાર ખરો ભક્ત નથી. જે ભગવાનની પ્રાપ્તિથી પણ વધીને ભગવાનના પ્રેમને તેમજ ભજનને સમજે છે, એ જ ભગવાનના નામના પ્રભાવને જાણનારો ખરો ભક્ત છે. કેમકે, પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક નિષ્કામભાવે કરવામાં આવેલું ભગવાનનું ભજન ભગવાનથીયે વિશેષ છે. માટે ભગવાનને મળવા માટે ભગવાનના નામ-જપની સંખ્યાને પકડીને બેસી રહેવું એ મોટી ભૂલ નથી તો બીજું શું છે?

રાગ, દ્વેષ, મમતા અને અભિમાનને છોડીને નિંદા-સ્તુતિ, માન-અપમાનને સમાન સમજતો જે પુરુષ પરવા છોડીને ભગવાનના ભજન-ધ્યાનમાં મસ્ત થયેલો વિચરે છે એ જ પુરુષ મુક્ત છે.

પ્રશ્ન—ભગવત્પ્રાપ્તિને કોઈ કોઈ તો ઘણી જ કષ્ટસાધ્ય જણાવે છે?

ઉત્તર—ભગવત્પ્રાપ્તિ કષ્ટસાધ્ય પણ છે અને સુખસાધ્ય પણ. જેઓ કષ્ટસાધ્ય માને છે એમને માટે કષ્ટસાધ્ય છે અને જેઓ સુખસાધ્ય માને છે એમને માટે સુખસાધ્ય. ભગવાનમાં જેમની શ્રદ્ધા અને પ્રેમ ઓછાં છે એમને માટે ભગવત્પ્રાપ્તિ કષ્ટસાધ્ય છે અને જેમના ભગવાનમાં પ્રેમ અને વિશ્વાસ છે એમને માટે ભગવાનની પ્રાપ્તિ સુલભ છે.

ભગવત્પ્રાપ્તિમાં શ્રદ્ધા અને પ્રેમ જ મુખ્ય છે. નિત્ય નિરંતર ચિંતન કરનારા ભક્તો માટે તો ભગવાનની પ્રાપ્તિ સુલભ તેમ જ સુખસાધ્ય જ છે; કેમકે, ભગવાને સ્વયં ગીતામાં કહ્યું છે—

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥

(ગીતા ૮/૧૪)

'હે પૃથાપુત્ર! જે માણસ મારામાં અનન્ય-ચિત્ત થઈને સદાય નિરંતર મુજ પુરુષોત્તમને સ્મરે છે, એ નિત્ય-નિરંતર મારામાં જોડાયેલા યોગીને માટે હું સુલભ છું એટલે કે એને સહજ રીતે મળી જાઉં છું.'

બીજું પણ કહ્યું છે—

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥

(ગીતા ૯/૨)

'આ વિજ્ઞાનસહિત જ્ઞાન સઘળી વિદ્યાઓનો રાજા, સઘળા ગોપનીયોનો રાજા, અતિ પવિત્ર, ઘણું ઉત્તમ, પ્રત્યક્ષ ફળ અનુભવી શકાય એવું, ધર્મયુક્ત, સાધન કરવામાં સાવ સહેલું અને અવિનાશી છે.'

ભગવાનનાં આ વચનોથી તેમજ યુક્તિઓથી પણ ભગવાનની પ્રાપ્તિ કષ્ટસાધ્ય નથી જણાતી.

ભગવાને પોતાની પ્રાપ્તિનો સુલભ ઉપાય પોતાનું નિરંતર ચિંતન કરવું જ જણાવ્યો છે.

ભલા જણાવો તો ખરા, ભગવાનનું નિરંતર

ચિંતન કરવામાં પણ શું કોઈ કષ્ટ છે? જો એમાં પણ કષ્ટ છે તો પછી સુખ શેમાં છે? ભગવાનનું ચિંતન કરવાથી તો સઘળાં પાપોનો, દુર્ગુણોનો અને દુઃખોનો નાશ થઈને ઉત્તરોત્તર પરમાનંદ તેમજ પરમ શાંતિની વૃદ્ધિ થતી જાય છે. શરૂઆતથી લઈને અંત સુધી સાધન અને સિદ્ધિમાં આનંદ જ આનંદ છે. માટે એ આનંદસ્વરૂપ સાધ્યદેવે આનાથી વધીને બીજો કોઈ સુલભ ઉપાય નથી જણાવ્યો. તો પછી કષ્ટસાધ્ય શી રીતે? બલકે, સુલભ અને સુખસાધ્ય જ કહેવો યુક્તિયુક્ત છે.

પ્રશ્ન–ભગવાનના ભજન, ધ્યાનને શરૂઆતથી લઈને છેવટ સુધી આનંદદાયક સમજીને સાધક નિરંતર ભજન, ધ્યાન કરવા ઇચ્છે છે અને પોતાની શક્તિ મુજબ પ્રયાસ પણ કરે છે, પણ છતાંય તે થતું નથી, એમાં શું કારણ છે?

ઉત્તર–શ્રદ્ધા અને પ્રેમની ઊણપ હોવાને લીધે જરૂરી પ્રયાસ નથી કરવામાં આવતો. માટે ભજન, ધ્યાન નિરંતર નથી થતું.

પ્રશ્ન–ભગવાનમાં અતિશય પ્રેમ અને શ્રદ્ધા ઉપજે એ માટે સાધકે શું કરવું?

ઉત્તર–ભગવાનના ગુણ અને પ્રભાવનું તત્ત્વ જાણવાથી શ્રદ્ધા ઉપજે છે અને શ્રદ્ધાથી પ્રેમ ઉપજે છે. ભગવાનના પ્રેમ, પ્રભાવ, ગુણ અને રહસ્યની અમૃતમયી કથાઓનું એમના પ્રેમી ભક્તો દ્વારા તેમજ શાસ્ત્રો દ્વારા શ્રવણ, પઠન અને મનન કરીને એ મુજબ ચાલવાથી ભગવાનના ગુણ, પ્રભાવનું રહસ્ય સમજમાં આવી જાય છે. એનાથી એમાં પૂરી શ્રદ્ધા અને અનન્ય પ્રેમ ઉપજી શકે છે.

કોઈનામાં પણ કેમ ન હોય, જેટલો જેટલો એનો પ્રભાવ સમજમાં આવે છે એટલી એટલી શ્રદ્ધા વધતી ચાલી જાય છે. જેટલી શ્રદ્ધા ઉપજે છે એટલો જ પ્રેમ ઉપજતો જાય છે. શ્રદ્ધા-પ્રેમ અનુસાર જ ભજન-ધ્યાનનું સાધન ઝડપી થતું જાય છે. માટે ભગવાનમાં પૂરી શ્રદ્ધા અને અનન્ય પ્રેમ ઉપજે એ માટે એવા મહાપુરુષોનો સંગ કરવો કે જેમને ભગવાનમાં અનન્ય પ્રેમ અને અતિશય શ્રદ્ધા છે, જેઓ નિત્ય-નિરંતર નિષ્કામ પ્રેમભાવે ભગવાનને ભજે છે, આવા મહાપુરુષોના સંગથી જ ભગવાનમાં પૂરી શ્રદ્ધા અને અનન્ય પ્રેમ ઉપજે છે. આવા પુરુષોનો સંગ ન મળે તો શ્રદ્ધાળુ એવા ઉત્તમ જિજ્ઞાસુ પુરુષોનો સંગ અને સત્-શાસ્ત્રોનો શ્રદ્ધાપૂર્વક વિચાર કરવો.

સારાંશ એટલો કે સંસારમાં નિષ્કામભાવે કરવામાં આવેલા ભજન-ધ્યાન જેવો ભગવત્પ્રાપ્તિનો બીજો કોઈ પણ સહજ અને સુગમ ઉપાય નથી. એ થાય છે સત્પુરુષોના સંગ અને સત્-શાસ્ત્રોનો વિચાર કરવાથી. માટે નિષ્કામ પ્રેમભાવે નિરંતર ભજન, ધ્યાન થવા માટે સત્પુરુષોનો સંગ તેમજ સત્-શાસ્ત્રોનો વિચાર તત્પર થઈને કરવો.

—★—

પ્રેમ અને શરણાગતિ

પ્રેમનું વાસ્તવિક વર્ણન થઈ નથી શકતું. પ્રેમ જીવનને પ્રેમમય બનાવી દે છે. પ્રેમ મૂંગાનો ગોળ છે. પ્રેમનો આનંદ અવર્ણનીય હોય છે. રોમાંચ, અશ્રુપાત, પ્રકંપ વગેરે તો એનાં બાહ્ય લક્ષણ છે, ભીતરના રસપ્રવાહને કોઈ કહે તો પણ કેવી રીતે? એ ધારાનું તો પૂર આવે છે

અને હૃદયને ભીંજવી નાખે છે. પુસ્તકોમાં પ્રેમીઓની કથા વાંચીએ છીએ, પણ ખરા પ્રેમીનાં દર્શન તો આજે દુર્લભ જ છે. પરમાત્માનો ખરો પ્રેમી એવો એક જ વ્યક્તિ કરોડો જીવોને પવિત્ર કરી શકે છે.

વરસતા મેઘો જ્યાંથી પસાર થાય છે ત્યાંની ધરાને પલાળી દે છે. એ જ રીતે પ્રેમી પણ પ્રેમની વર્ષાથી સઘળાય ચરાચરને ભીંજવી દે છે. પ્રેમીનાં દર્શનમાત્રથી જ હૃદય પલળી જાય છે અને ખીલી ઊઠે છે. તુલસીદાસજી મહારાજે કહ્યું છે–

मोरें मन प्रभु अस बिस्वासा।
राम ते अधिक राम कर दासा॥
राम सिंधु घन सज्जन धीरा।
चंदन तरु हरि संत समीरा॥

(उ. का. दोहा १२० (क) ८-९)

સમુદ્રમાંથી જળ લઈને મેઘ એને વરસાવે છે. અને એ જળ ઘણું જ ઉપકારી હોય છે. ભગવાન સમુદ્ર છે અને સંત મેઘ. ભગવાન પાસેથી જ પ્રેમ લઈને સંત સંસાર પર પ્રેમ વરસાવે છે. અને જેમ મેઘનું જળ નદીઓ નાળામાંથી થઈને પૃથ્વીને ફળદ્રુપ બનાવતાં બનાવતાં સમુદ્રમાં પ્રવેશી જાય છે, બરાબર એ જ રીતે સંતો પણ પ્રેમની વર્ષા કરીને છેવટે પ્રભુના પ્રેમને પ્રભુમાં જ સમર્પી દે છે.

પ્રભુ ચંદનનું વૃક્ષ છે અને સંત પવન. જેમ પવન ચંદનની સુગંધને દિગ્દિગંતોમાં ફેલાવી દે છે એ જ રીતે સંત પણ પ્રભુની દિવ્ય ગંધને પ્રસરાવતા રહે છે. સંતને જોઈને પ્રભુનું સ્મરણ થાય છે. માટે સંત પ્રભુનું સ્વરૂપ છે. જેમ ચાતક અને ખેડૂત તો કેવળ મેઘના જ આશ્રિત છે એ જ રીતે શ્રદ્ધાળુ પુરુષો પણ કેવળ સંતોને જ આશ્રયે રહે છે.

પ્રેમીનાં વાણી અને નેત્ર વગેરેમાંથી પ્રેમની વર્ષા થતી રહે છે. એનો માર્ગ પ્રેમથી પૂર્ણ હોય છે. એ જ્યાં જાય છે ત્યાંના કણે કણમાં, હવામાં, ધૂળમાં એના સ્પર્શને કારણે પ્રેમ ને માત્ર પ્રેમ જ દૃષ્ટિગોચર થાય છે. એનો સ્પર્શ જ પ્રેમમય હોય છે, સ્નેહથી ઓતપ્રોત હોય છે.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ પ્રેમ શી રીતે પ્રાપ્ત થાય? આ વિશે ગોસ્વામીજીએ કહ્યું છે–

बिनु सतसंग न हरि कथा तेहि बिनु मोह न भाग।
मोह गएँ बिनु राम पद होइ न दृढ़ अनुराग॥

(उत्तरकांड दोहा-९१)

પણ ખેદ છે કે, આપણો પ્રેમ તો કાંચન-કામિની, માન-પ્રતિષ્ઠામાં થઈ રહ્યો છે. આપણે તો ખરા પ્રેમ માટે હૃદયમાં કદી કામના જ નથી કરતા. જ્યાં સુધી પ્રેમ માટે હૃદય તરસ્યું નથી થતું, વ્યાકુળ નથી થતું, ત્યાં સુધી પ્રેમની પ્રાપ્તિ થઈ પણ કેવી રીતે શકે? હજી તો આપણું કામી મન નારી-પ્રેમમાં જ આનંદની ઉપલબ્ધિ કરી રહ્યું છે. હજી તો આપણું લોભી ચિત્ત કાંચનની પ્રાપ્તિમાં જ પાગલ છે. હજી તો આપણું ચંચળ ચિત્ત માન-મોટાઈ પાછળ ઘેલું થઈને ફરે છે. જ્યાં સુધી આપણો આ કામ અને લોભ બધી બાજુથી સમેટાઈને એકમાત્ર પ્રભુ તરફ ન થાય ત્યાં સુધી આપણે પ્રભુના પ્રેમને પામી પણ શી રીતે શકીએ?

પ્રેમી મૂક રહેવા છતાં પણ ભાષણ આપે છે. જાણે એનું અંગ અંગ બોલે છે. એના સઘળા અવયવોમાંથી જાણે એક શુદ્ધ સંકેત, એક નિર્મળ ધ્વનિ નીકળે છે. પ્રેમી ઉપદેશ આપવા નથી જતો, એ શું બોલે, શી રીતે બોલે? ગોપીઓએ પ્રેમનું શિક્ષણ કોને અને ક્યારે આપ્યું હતું? ભરતજીએ ભક્તિનો ઉપદેશ ક્યારે અને કોને

આપ્યો? એમનાં ચરિત્રો ઉપદેશ આપતાં રહ્યાં અને આપતાં રહેશે. પ્રેમમાં જે અનન્યતા અને આત્મસમર્પણને પ્રશંસવામાં આવ્યાં છે એની સજીવ મૂર્તિ ગોપીઓ છે. એ જ રીતે રામાયણમાં એના પ્રાણસ્વરૂપ પ્રેમ-મૂર્તિ શ્રીભરતજી છે.

આ આપણું શરીર જ ક્ષેત્ર છે. આ ખેતરમાં કર્મરૂપી જેવું બીજ વાવવામાં આવશે એવું જ ફળ ઉપજશે. બીજ તો પરમાત્માનો પ્રેમપૂર્વક ધ્યાનસહિત જપ છે. પણ જળ વિના આ બીજ ઊગી નથી શકતું. એ જળ છે હરિકથા અને હરિકૃપા. ખેતરમાં ઘઉં વાવવાથી ઘઉં, કેરી વાવવાથી કેરી અને રામ વાવવાથી રામ જ ઉપજશે. આપણે પ્રેમપૂર્વક ભગવાનના ધ્યાન અને જપનું બીજ વાવીશું તો ફળરૂપે આપણને પ્રેમમય ભગવાન જ મળશે. પ્રેમમય ભગવાનનો સાક્ષાત્કાર જ આ બીજનું ફળ છે. સામાન્ય બીજ તો ધૂળમાં પડીને નષ્ટ પણ થઈ જાય છે, પણ નિષ્કામ રામ-નામનું એ બીજ કદી નષ્ટ નથી થતું. જળ છે હરિ-કથા અને હરિ-કૃપા, જે સંતોના સંગથી પ્રાપ્ત થાય છે. એ હરિ-કથા અને હરિ-કૃપાથી જ હરિમાં વિશુદ્ધ પ્રેમ થાય છે. માટે પ્રેમની પ્રાપ્તિનો ઉપાય સત્સંગ જ છે.

પ્રભુમાં આપણો પ્રેમ કેવો હોય? શ્રીરામનું ઉદાહરણ લઈએ. ભગવાન શ્રીરામ લતા અને વૃક્ષોને પૂછે છે - 'તમે મારી સીતાને જોઈ છે?' ગોપીઓને જુઓ, તેઓ વન-વન 'કૃષ્ણ', 'કૃષ્ણ' પોકારી પોકારીને પોતાના હૃદય-ધનને શોધી રહી છે; જેટલી વધુ તીવ્ર ઉત્કંઠા પ્રેમમાં હોય છે એટલા જ સત્વરે પ્રેમમય ઈશ્વર મળે છે.

ભગવાન જલદીમાં જલદી શી રીતે મળે - આવો ભાવ જાગ્રત રહેવાથી જ ભગવાન મળે છે. આ લાલસા ઉત્તરોત્તર વધતી ચાલે. આવી ઉત્કટ ઇચ્છા જ પ્રિયતમના મળવાનું કારણ છે અને પ્રેમથી જ પ્રભુ મળે છે. પ્રભુનું રહસ્ય અને પ્રભાવ જાણવાથી જ પ્રેમ થાય છે. થોડુંક પણ પ્રભુનું રહસ્ય જાણવાથી આપણે એના વિના એક ક્ષણ પણ નથી રહી શકતા.

ચાતક મેઘને જોઈને આતુર થઈ વિહ્વળ થઈ ઊઠે છે. બરાબર એ જ રીતે આપણે પ્રભુ માટે પાગલ થઈ જવું. આપણી એક એક ક્ષણ એના વિના અસહ્ય થઈ જાય.

માછલીનો જળમાં, ચાતકનો મેઘમાં, ચકોરનો ચંદ્રમામાં જેવો પ્રેમ છે એવો જ આપણો પ્રેમ પ્રભુમાં થાય. એક પળ પણ એના વિના ચેન ન મળે, શાંતિ ન મળે. આવો પ્રેમ પ્રેમમય સંતોની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. ચંદનના વૃક્ષની ગંધને લઈને વાયુ સઘળાં વૃક્ષોને ચંદનમય બનાવી દે છે. બનાવનારી તો ગંધ જ છે, પણ વાયુ વિના એની પ્રાપ્તિ નથી થઈ શકતી. એ જ રીતે સંતો આનંદમયના આનંદની વર્ષા કરીને વિશ્વને આનંદમય બનાવી દે છે, પ્રેમ અને આનંદના સમુદ્રને છલકાવી દે છે. ગૌરાંગ મહાપ્રભુ જે પથે થઈને નીકળતા હતા, પ્રેમનો પ્રવાહ વહાવી દેતા હતા. ગોસ્વામીજીની લેખનીમાં કેટલું અમૃત ભર્યું પડ્યું છે! પણ આવા પ્રેમી સંતોનાં દર્શન પણ પ્રભુની પૂર્ણ કૃપાથી જ થાય છે. પ્રભુની કૃપા તો બધા પર પૂર્ણ છે જ, પણ પાત્ર વિના એ કૃપા ફળતી નથી. શરણાગત ભક્ત જ પ્રભુની આવી કૃપાના પાત્ર છે. માટે આપણે બધી રીતે ભગવાનને શરણે થવું. બધી રીતે એમના આશ્રિત બનીને રહેવું. સર્વ રીતે એમના ચરણોમાં પોતે ન્યોછાવર થઈ જવું. કહ્યું પણ છે –

तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्॥

(ગીતા ૧૮/૬૨)

'હે ભારત! તું સર્વ રીતે એ પરમેશ્વરના જ શરણે જા; એ પરમાત્માની કૃપાથી જ તું પરમ શાંતિને તથા શાશ્વત પરમ ધામને પામીશ.'

મન, વાણી અને કર્મથી શરણે થવાથી જ સમર્પણ થાય છે એટલે કે પરમેશ્વરને મનથી પણ પકડવા, વાણીથી પણ પકડવા અને કર્મથી પણ પકડવા.

એમનાં કરેલાં વિધાનોમાં પ્રસન્ન રહેવું, એમનાં નામ, રૂપ, ગુણ અને લીલાઓનું ચિંતન કરવું એ એમને મનથી પકડવા છે. નામોચ્ચારણ કરવું, ગુણગાન કરવું એ વાણીથી પકડવા છે અને એમની આજ્ઞા અનુસાર ચાલવું એ કર્મથી એટલે કે ક્રિયાઓથી પકડવા છે.

મનથી પ્રભુને પકડવા

(૧) ખરો ભક્ત પ્રભુના દરેક વિધાનમાં દયાનાં દર્શન કરતો રહે છે, પ્રભુ તો દયા અને ન્યાયના સમુદ્ર છે. પરમ પ્રેમી અને ખરા સુહૃદ તો કેવળ એ જ છે. એમની દયામાં ન્યાય અને ન્યાયમાં દયા ઓતપ્રોત છે. સર્વ કાંઈ પ્રભુનો પુરસ્કાર જ છે. મૃત્યુ પણ એમની દયાનું જ ચિહ્ન છે. મયૂરધ્વજનો પુત્ર કેટલો પ્રસન્ન થયો જ્યારે એણે એવું જાણ્યું કે એને ચીરીને એનું માંસ શ્રીકૃષ્ણના સિંહને પીરસવામાં આવશે. ભક્ત તો મૃત્યુને પણ પ્રભુનો પ્રસાદ જાણીને પ્રેમથી ભેટે છે. એ એને ઈશ્વરનો મોકલેલો પુરસ્કાર સમજીને એમાં જ આનંદ અને કલ્યાણ માને છે. પ્રભુ તો બહુરૂપીના વેશમાં બધેય સદા આપણી આસપાસ, ભીતર-બહાર ગુપ્તરૂપે વિચરે છે. જે પ્રભુના તત્ત્વને જાણી જાય છે એ બધે પ્રભુની દયાનાં જ સર્વત્ર દર્શન કરે છે.

આ રીતે શરણાગતિથી સઘળાં વિધાનોમાં આનંદ જ આનંદ મળવા લાગે છે. પ્રાણાધારની લાત ખાવામાં પણ એક અપૂર્વ મીઠાશ છે. એમાં પ્રેમથીય વધુ મીઠાશ છે, પ્રેમીના જૂતામાં પણ એક અપૂર્વ રસ છે.

(૨) દીવાલ પર કે હૃદય પર કે પ્રભુની મૂર્તિ પર મનથી પ્રભુના નામને લખીને ચિંતન કરવું કે મનથી જપ કરવો એ પ્રભુના નામનું ચિંતન છે.

(૩) સચ્ચિદાનંદરૂપે પરમેશ્વરનું બધે આકાશની જેમ નિત્ય-નિરંતર ચિંતન કરવું એને નિરાકાર સ્વરૂપનું ચિંતન કહે છે. એ વિજ્ઞાનાનંદઘન પરમાત્મા જ પોતાની યોગમાયાથી તેજોમય દિવ્ય વિગ્રહને દેવતા-મનુષ્ય વગેરેની આકૃતિમાં ધારણ કરે છે - આમ સમજીને એમની દિવ્ય માધુરી મૂર્તિનું ચિંતન કરવું એને પ્રભુના સાકાર સ્વરૂપનું ચિંતન કહે છે. જેમ નિર્મળ આકાશમાં પરમાણુરૂપે તેમ જ વાદળ, ટીપા અને કરાના રૂપે રહેનારા જળને જે જળ સમજે છે એ જ જળના આખા તત્ત્વને જાણનારો છે. એ જ રીતે નિરાકાર અને સાકાર મળીને જ પ્રભુનું સમગ્ર રૂપ બને છે. આ જ તત્ત્વને ભગવાને ગીતાના ૭મા અધ્યાયમાં વિસ્તારથી જણાવ્યું છે. આ રહસ્યને સમજીને જ પ્રભુનું ચિંતન કરવું એ જ અસલ ચિંતન કરવું છે.

(૪) પ્રભુ સઘળા સાત્ત્વિક ગુણોના સમુદ્ર છે. એમનામાં ક્ષમા, દયા, શાંતિ, સમતા, સરળતા, ઉદારતા, પવિત્રતા અપરિમિત છે. તેઓ જ્ઞાન, વૈરાગ્ય, તેજ અને ઐશ્વર્યથી પૂર્ણ છે. આખા સંસારના જીવોમાં જે દયા અને પ્રેમ દેખાય છે. એ બધું મળીને પ્રેમમય દયાસાગરની દયા અને પ્રેમના એક ટીપા બરાબર નથી.

આખા સંસારનું તેજ અને જ્ઞાન એકઠું કરવામાં આવે તો પણ એ તેજોમય જ્ઞાનસ્વરૂપ પરમાત્માના તેજના એક અંશ બરાબર પણ

ન થઈ શકે. આ જ રીતે એમના સઘળા ગુણોનું વિશ્લેષણ કરવું એ એમના ગુણોનું ચિંતન કરવું છે.

(૫) પ્રભુએ દશરથને ત્યાં મનુષ્યરૂપે પ્રગટ થઈને ભાઈઓ સાથે નીતિ અને પ્રેમનો વ્યવહાર કરીને નીતિ અને પ્રેમનું શિક્ષણ આપ્યું. માતા-પિતાની આજ્ઞાનું પાલન કરીને સેવાભાવ શિખવાડ્યો. દુષ્ટોને દંડ આપ્યો તથા ઋષિ, મુનિ અને સાધુઓનો ઉદ્ધાર કર્યો. ઘણા ત્યાગ અને સુદૃઢતા સાથે પ્રજાનું પાલન કર્યું. યજ્ઞ, દાન, તપ, સેવા, વ્રત, સત્ય, બ્રહ્મચર્ય વગેરે સદાચારોને ચરિતાર્થ કરીને આપણને દેખાડ્યા. આ રીતે એમનાં પવિત્ર ચરિત્રોનું અવલોકન કરવું એ એમની લીલાઓનું ચિંતન કરવું છે.

વાણીથી પ્રભુને પકડવા

પ્રભુના નામ તેમ જ મંત્રનો જાપ, પ્રભુના ગુણ તેમ જ સ્તોત્રોના પઠન-પાઠન, એમના નામ અને ગુણોનું કીર્તન, પ્રભુના નામ, રૂપ, ગુણ, પ્રેમ અને પ્રભાવનું વિસ્તારપૂર્વક એમના ભક્તોમાં વર્ણન કરવું, પરસ્પર ભગવદ્-વિષયક જ ચર્ચા કરવી, વિનયપૂર્વક સત્ય અને પ્રિય વચન બોલવાં વગેરે જે પ્રભુને અનુકૂળ વાણીનો વ્યવહાર કરવો છે એ વાણી દ્વારા પ્રભુને પકડવા છે.

કર્મથી પ્રભુને પકડવા

પ્રભુની ઇચ્છા તેમજ આજ્ઞા અનુસાર નિઃસ્વાર્થભાવે કેવળ પ્રભુ કાજે જ કર્તવ્યકર્મોનું આચરણ કરવું. જેમ પતિવ્રતા સ્ત્રી પતિ માટે જ પતિની આજ્ઞા અનુસાર જ કામ કરે છે તેમજ પ્રભુની આજ્ઞા અનુસાર ચાલવું.

વાંદરો પોતાના માલિકને પ્રસન્ન કરવા માટે જેવો નાચ નચાવે એમ જ એ નાચે છે. મદારીને ખુશ કરવા માટે જ વાંદરો નાચે છે, કૂદે છે, રમે છે અને કુતૂહલ કરે છે. આપણે પણ તો આપણા 'મદારી'ના હાથના વાંદરા જ છીએ, તો એ જે રીતે પ્રસન્ન થાય એવો જ નાચ આપણને પ્રિય હોવો જોઈએ. ફૂલ તો એ જ કે જે ચતુર-ચિંતામણિના ચરણો પર ચઢે, જીવન તો એ જ કે જે પ્રભુના ચરણોમાં સમર્પિત થઈ જાય.

કપડાની ચાદર જેવી રીતે માલિક ભલે ઓઢે, ભલે બિછાવે, ભલે ફાડી નાખે, ભલે સળગાવી દે, ચાદર દરેક રીતે તૈયાર છે. બરાબર એ જ રીતે ભક્તે પણ થવું. ભલે પ્રભુ ભક્તને તારે, ભલે મારે; એ જેમ ઇચ્છે તેમ રાખે. ફાડી દે કે સળગાવી દે– જેમ ઇચ્છે એમ રાખે, ભક્તે તો દરેક ક્રિયામાં માલિકનો પ્રિય હાથ જોઈને સદા હર્ષપૂર્ણ જ રહેવું.

આપણે તો પ્રભુના હાથની કેવળ કઠપૂતળી થઈએ. એ ઇચ્છે એમ નાચ નચાવે. માલિકની ઇચ્છામાં જ પ્રસન્ન રહેવું આપણો પરમ ધર્મ છે.

સર્વત્ર ઈશ્વરનાં દર્શન કરતાં કરતાં યજ્ઞ, દાન, તપ, બ્રહ્મચર્ય વગેરે ઉત્તમ કર્મોનું આચરણ કરવું તેમજ સઘળા ભૂતોના હિતમાં રત થઈને સૌની સાથે વિનય અને પ્રેમપૂર્વક વ્યવહાર કરવો એ કર્મો દ્વારા પ્રભુને પકડવા છે.

યાદ રાખશો, એને શરણે ચાલ્યા જવાથી અહિત પણ 'હિત' બની જાય છે.

ગરલ સુધા સમ અરિ હિત હોઈ ।

(ઉ.કાં. ૧૨૦/૪)

શરણે જઈને જો મરી જાય તો એ મરણ પણ મુક્તિથી ચઢિયાતું છે. પ્રભુ કહે છે-

જે કરે આમાર આસ, તાઁર કરિ સર્વનાસ ।
તબુ જે છાઁડે ના આસ, તાઁરે હઈ દાસેર દાસ ॥

એટલે કે 'જે મારી આશા કરે છે હું એનો સર્વનાશ કરી દઉં છું, છતાં પણ જે મારી આશા

નથી છોડતો એનો હું દાસાનુદાસ બની જાઉં છું.'

ઉપર કહ્યા મુજબ શરણે થવાથી એ પ્રભુની કૃપાનો ખરો પાત્ર બની જાય છે અને પ્રભુની કૃપાથી જ એને વિશુદ્ધ પ્રેમની પ્રાપ્તિ થઈ જાય છે તથા એને પરમાત્માનાં સાક્ષાત્ દર્શન થઈને પરમાનંદ તેમજ પરમ શાંતિની પ્રાપ્તિ થઈ જાય છે.

માટે આપણે સૌએ સંસારના સઘળા પદાર્થોને ઠુકરાવીને પ્રભુને શરણે જવું. રિદ્ધિ-સિદ્ધિ, માન-મોટાઈ અને પ્રતિષ્ઠા વગેરેમાંથી પણ વૃત્તિઓને વાળી લેવી. આ અપાર સંસાર એક અતાગ સાગર છે. એની પાર જવાનાં બે જ સાધનો છે– નાવડી દ્વારા જવું કે પછી તરીને જવું. નાવડી પ્રભુનો પ્રેમ છે. અને તરવું છે સાંખ્યયોગ એટલે કે જ્ઞાન. કહેવાની જરૂર નથી કે તરવા કરતાં નાવડીમાં જવું સુગમ, નિશ્ચિત અને સુરક્ષિત છે.

પ્રેમરૂપી નાવડીની પ્રાપ્તિ માટે પ્રભુને શરણે જવું. તરવા માટે તો હિંમત અને ત્યાગની જરૂર છે. તરવામાં હાથ અને પગથી લહેરો ચીરતાં ચીરતાં આગળ જવાય છે. સંસાર-સાગરમાં વિષયરૂપી જળને હાથ અને પગથી હટાવતા આપણે તરી જઈ શકીએ છીએ. પેલે પાર જવાનું લક્ષ્ય ન ભૂલીએ અને લહેરોમાં હાથ-પગ ન લપેટીએ. તરતી વેળાએ શરીર પર કોઈ પણ બોજો ન જોઈએ. એ જ રીતે વિષયોની લહેરોને ચીરીને આગળ વધવા માટે આપણી ભીતર તીવ્ર અને દૃઢ વૈરાગ્યરૂપી ઉત્સાહ હોવો જરૂરી છે. એ વિના તો એક હાથ પણ વધવું અસંભવ છે. હાથોથી લહેરો ચીરતો જાય, પગોથી જળ ફેંકતો જાય.

ખરા આત્મસમર્પણમાં તો વિષયાસક્તિનો ત્યાગ અનિવાર્ય છે જ. વિષયોમાં પ્રેમ પણ હોય અને સમર્પણ પણ હોય એ સંભવ નથી.

કાંચન-કામિની કરતાં પણ વધુ મીઠડી છરી માન-મોટાઈ છે. આણે તો ઘણાય મોટા મોટા સાધકોને ફસાવી દીધા, રોકી દીધા અને છેવટે ડુબાડ્યા. આનાથી સદા બચીને રહેવું.

એમાં જરાય સંદેહ નથી કે જ્ઞાનથી તરવા કરતાં પ્રેમમયી નિત્ય-નવીન નાવડીમાં જવું સુખપ્રદ, સહજ અને આનંદદાયક છે.

એ વિશુદ્ધ પ્રેમ પ્રભુને અનન્ય શરણે થવાથી જ પ્રાપ્ત થાય છે, માટે અનન્ય શરણે થઈને જવું જ નાવડીથી જવું છે. સંસાર-સાગરને તો દરેક સ્થિતિમાં ઓળંગવો જ પડશે. 'પેલે પાર' ગયા વિના તો પ્રાણવલ્લભની ઝાંખી થવાની નથી. તો એને શરણે જઈને એના જ હાથનો સહારો લઈને કેમ ન ચાલીએ! ભગવાને સ્વયં પ્રતિજ્ઞા પણ કરી છે–

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि नचिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥
(ગીતા ૧૨/૬-૭)

'હે પાર્થ! મારે પરાયણ રહેનારા જે ભક્તજનો, સર્વ કર્મોને મારામાં અર્પણ કરીને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગથી નિરંતર ચિંતન કરતાં ભજે છે, મારામાં ચિત્ત પરોવનારા એ પ્રેમી ભક્તોનો હું સત્વરે મૃત્યુરૂપી સંસાર-સાગરમાંથી ઉદ્ધાર કરી દઉં છું.'

આ સંસાર-સમુદ્ર ઘણો દુસ્તર છે, માટે તરવાનો સહજ ઉપાય ભગવાનનું શરણું છે. ભગવાને કહ્યું છે કે–

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥
(ગીતા ૭/૧૪)

'આ અલૌકિક અર્થાત્ ઘણી અદ્‌ભુત ત્રિગુણમયી મારી માયા પાર કરવી ઘણી કઠિન છે, પરંતુ જે માણસો માત્ર મને જ નિરંતર ભજે છે, તેઓ આ માયાને પાર કરી જાય છે એટલે કે સંસાર-સાગરને તરી જાય છે.

માટે આપણે સૌએ પ્રેમ અને પ્રેમમય ભગવાનની પ્રાપ્તિ માટે મનસા, વાચા, કર્મણા સર્વ રીતે ભગવાનને અનન્યશરણે* થવું.

—★—

ભાવનાશક્તિ

ભાવના અંતઃકરણની એક વૃત્તિ છે. સંકલ્પ, નિશ્ચય, ચિંતન, મનન વગેરે આનાં જ નામ છે. ભાવના ત્રણ પ્રકારની હોય છે – સાત્ત્વિકી, રાજસી અને તામસી. આત્માનું કલ્યાણ કરનારી જે ઈશ્વર-વિષયક ભાવના છે એ સાત્ત્વિકી છે. સાંસારિક વિષયભોગોની રાજસી તેમજ અજ્ઞાનથી ભરેલી હિંસાત્મક ભાવના તામસી છે. સંસારના બંધનને છોડાવનારી હોવાને લીધે સાત્ત્વિકી ભાવના ઉત્તમ અને ગ્રાહ્ય છે તેમ જ રાજસી-તામસી ભાવના અજ્ઞાન અને દુઃખો દ્વારા બાંધનારી હોવાને લીધે નિકૃષ્ટ તેમજ ત્યાગ કરવા યોગ્ય છે.

સ્વભાવ અનુસાર ભાવના, ભાવના અનુસાર ઇચ્છા, ઇચ્છા અનુસાર કર્મ, કર્મોના સંસ્કાર અનુસાર સ્વભાવ તેમજ સ્વભાવ અનુસાર ફરી ભાવના થાય છે. આમ આ ચક્ર ચાલતું રહે છે. ઉત્તમ કર્મ તેમજ ઉત્તમ ભાવના❖થી ખરાબ કર્મો તેમજ ખરાબ ભાવના✡ નો નાશ થઈ જાય છે. પછી અંતઃકરણ પવિત્ર થતાં પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે.

માટે આપણે ઉત્તમ કર્મો તેમ જ ઉત્તમ ભાવનાની વૃદ્ધિ માટે સદા સત્પુરુષોનો સંગ⁂ કરવો; કેમકે, મનુષ્ય પર સંગનો ઘણો મોટો પ્રભાવ પડે છે. સત્સંગના પ્રભાવથી દુષ્ટ મનુષ્ય પણ ઉત્તમ, તેમજ કુસંગના પ્રભાવથી સારો સાધક પુરુષ પણ ખરાબ બની જાય છે. માટે કલ્યાણ ઇચ્છનારા પુરુષે દુરાચારી, નાસ્તિક દુષ્ટ સ્વભાવ ધરાવતા નીચ પુરુષોનાં સંગથી સદા બચીને રહેવું, એટલે કે એમની ઉપેક્ષા કરવી. પણ એમની ઘૃણા કે દ્વેષબુદ્ધિ કદી ન કરવી. ઘૃણા અને દ્વેષ કરવો માનસિક પાપ છે, એનાથી અંતઃકરણ દૂષિત થાય છે અને એનાથી ખરાબ સંકલ્પ ઉત્પન્ન થઈને મનુષ્યનું પતન થઈ જાય છે.

યાદ રાખવા જેવી વાત છે કે ખરાબ સંગનો પ્રભાવ તરત થાય છે તેમજ સારા સંગનો પ્રભાવ કંઈક વિલંબથી થાય છે. આ સિવાય ઉત્તમ પુરુષો સંસારમાં છેય ઘણા ઓછા. વળી એ મળવા પણ દુર્લભ છે તથા મળવા છતાં એમનામાં પ્રેમ અને શ્રદ્ધા થવાં અઘરાં છે. શ્રદ્ધા અને બુદ્ધિની ઊણપ, વિષયોની આસક્તિ,

---

★ અનન્યયોગે ઉપાસના, અવ્યભિચારિણી ભક્તિ તથા અનન્યશરણ આ ત્રણે એક જ છે.

❖ શાસ્ત્રાનુકૂળ યજ્ઞ, દાન, તપ, સેવા અને ભક્તિ વગેરે ઉત્તમ કર્મ તેમ જ ભગવાનનાં નામ, રૂપ અને ગુણોનું ચિંતન કરવું વગેરે ઉત્તમ ભાવના છે.

✡ જૂઠ, કપટ, ચોરી, વ્યભિચાર, હિંસા વગેરે ખરાબ કર્મો તેમ જ અજ્ઞાન અને આસક્તિથી વિષયોનું ચિંતન કરવું તથા દ્વેષબુદ્ધિથી જીવોનું અહિત વિચારવું વગેરે ખરાબ ભાવના છે.

⁂ સત્પુરુષોનાં ગુણ, આચરણ અને એમના દ્વારા આપેલી શિક્ષા વિચારવી તથા સત્-શાસ્ત્રોનો અભ્યાસ કરવો એ પણ સત્સંગ સમાન જ છે.

હૃદયની મલિનતા, ચિત્તની ચંચળતા, સાધનોનું અધરાપણું, આળસ તથા અકર્મણ્યતા અને સ્વભાવને પ્રતિકૂળ હોવાને લીધે સત્પુરુષોના ઉપદેશોનો પ્રભાવ વિલંબથી પડે છે.

ઉપર કહેલા દોષો સિવાય સાધનમાં સુગમતા, સુખની પ્રતીતિ, મન, ઇન્દ્રિય અને સ્વભાવને અનુકૂળ હોવાને લીધે સંસારી પુરુષો પર કુસંગની અસર તરત થાય છે. પણ આવું સમજીને આપણે નિરાશ ન થવું જોઈએ; કેમકે, ઈશ્વરની પ્રાપ્તિ અસાધ્ય નથી. ગુણાતીત અવ્યક્તના ઉપાસકો માટે એ કષ્ટસાધ્ય (ગીતા ૧૨/૫) અને સગુણના ઉપાસકો માટે સુખસાધ્ય (ગીતા ૧૨/૭) જણાવવામાં આવી છે.

જે માણસો કોઈ પણ કાર્યને અસંભવ નથી માનતા, એમના માટે કષ્ટસાધ્ય કાર્યો પણ સુખસાધ્ય બની જાય છે. યુરોપમાં નેપોલિયન બોનાપાર્ટે એ વાત પ્રત્યક્ષ કરીને દેખાડી દીધી હતી કે સંસારમાં ઉત્સાહ એક એવી વસ્તુ છે, જે ઓછું બળ ધરાવનારને પણ મોટો વીર અને ધીર બનાવી દે છે. ક્યાં યુરોપના મોટા મોટા રાજાઓની ઘણી મોટી સેના અને ક્યાં એકલા નેપોલિયનના ગણ્યા-ગાંઠ્યા માણસોનું નાનકડું દળ! કેવળ ઉત્સાહને બળે એણે આખા યુરોપને ધમરોળી નાખ્યું હતું. નેપોલિયનનો એ સિદ્ધાંત હતો કે પુરુષપ્રયત્નસાધ્ય કોઈ કેવુંય અઘરું કામ કેમ ન હોય. એને અસાધ્ય માનીને છોડી દેવું પોતાની કાયરતા અને મૂર્ખતાનો પરિચય આપવા બરાબર છે. નેપોલિયનના હૃદયરૂપી કોશમાં અસંભવ શબ્દને ક્યાંય સ્થાન જ ન હતું. નેપોલિયને જેમ સાંસારિક વિજય માટે પ્રયાસ કર્યો હતો. એમ જ કલ્યાણની ઇચ્છા ધરાવતા સાધકોએ ઘણા ઉત્સાહ સાથે ભગવત્પ્રાપ્તિ માટે તત્પર થઈ સાધનનો પ્રયાસ કરવો. કેમકે, મનુષ્ય-શરીર ઘણું દુર્લભ છે અને એ ભગવાનની ઘણી મોટી દયાથી જ મળે છે.

કરોડો જીવોમાં મનુષ્ય-સંખ્યા સીમિત છે, એનાથી સિદ્ધ છે કે મનુષ્યનું શરીર મળવું ઘણું અઘરું છે. મનુષ્યોમાં પણ ઘણા નાસ્તિક થઈ જાય છે, કે જેઓ ઈશ્વરને પણ નથી માનતા અને માનનારાઓમાં પણ કેટલાય ઈશ્વરની પ્રાપ્તિને ભૂલથી અસંભવ સમજીને એનાથી અળગા રહે છે. કેટલાય લોકો કષ્ટસાધ્ય સમજે છે, માટે ઉત્સાહ સાથે સાધન ન કરવાને કારણે ઈશ્વરની પ્રાપ્તિથી વંચિત રહી જાય છે. જેઓ સુગમ સમજે છે તેઓ પરમાત્માની કૃપાથી પરમાત્માને સરળતાથી પ્રાપ્ત કરી શકે છે.

જોકે આપણે અધિકારી નથી, પણ ભગવાને જ્યારે આપણને મનુષ્ય-શરીર આપી દીધું તો પછી આપણે પોતાને અનધિકારી પણ કેમ સમજીએ? પ્રભુ ઘણા દયાળુ છે, મહાપાપી પુરુષોને પણ તેઓ આત્મોદ્ધાર માટે મનુષ્યનું શરીર આપીને તક આપે છે.

कबहुँक करि करुना नर देही।
देत ईस बिनु हेतु सनेही॥

(उ. कां. ४४/३)

એટલું જ નહીં, જેઓ પ્રેમપૂર્વક અનન્યભાવે ભજે છે એમને પોતાની પ્રાપ્તિ માટે તેઓ બધી રીતે સહાયતા પણ કરે છે. (જુઓ ગીતા અધ્યાય ૧૦/૧૦ તેમ જ ૯/૨૨) સાધનમાં પરોવવા માટે ભગવાન ઉત્સાહ પણ અપાવે છે.

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप॥

(ગીતા ૨/૩)

'આથી હે પાર્થ! નપુંસકતાને વશ ન થા, તને એ શોભતી નથી; હે શત્રુઓને તપાવનાર! હૃદયની આ તુચ્છ દુર્બળતાને ત્યજીને યુદ્ધ માટે

ઊભો થઈ જા.'

માટે આપણે પણ હૃદયની કાયરતા (કમજોરી)ને છોડી દઈને અર્જુનની જેમ ભગવાનનાં વચનોમાં વિશ્વાસ મૂકીને શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ભગવાનની પ્રાપ્તિ કાજે કટિબદ્ધ થઈને પ્રયાસ કરવો. ભગવાનના અંશ હોવાને સંબંધે પણ આપણે પોતાની કમજોરી ન માનવી. અગ્નિના તણખાની જેમ જીવાત્મા પરમાત્માનો જ અંશ છે. (ગીતા ૧૫/૭) જેમ અગ્નિનો નાનકડો પણ તણખો પવનના બળે આખા બ્રહ્માંડને બાળી શકે છે એ જ રીતે આ જીવાત્મા સત્સંગરૂપી પવનના બળે સમસ્ત પાપોને બાળીને સંસારસમુદ્રને ગોપદની જેમ ઓળંગી શકે છે. સમુદ્ર ઓળંગતી વેળાએ હનુમાન જે રીતે પોતાની શક્તિને ભૂલેલા હતા, એ જ રીતે આપણે પોતાની શક્તિને ભૂલેલા છીએ. અને જાંબવંતે યાદ અપાવવાથી જેમ હનુમાન તરત સમુદ્રને ઓળંગી ગયા, એ જ રીતે આપણે પણ મહાત્મા પુરુષોનાં વચનો સાંભળીને સંસાર-સમુદ્રને ગોપદની જેમ ઓળંગવા માટે પ્રયાસ કરવો. બધા વાનરોમાં સમુદ્ર ઓળંગવાની શક્તિ માત્ર હનુમાનમાં જ હતી. એ જ રીતે બધા જીવોમાં સંસાર-સમુદ્ર ઓળંગવાની શક્તિ કેવળ મનુષ્યમાં જ જણાવવામાં આવી છે. જેમ શ્રીરામચંદ્રજીએ હનુમાનને જ પાત્ર સમજીને પોતાની વીંટી આપી હતી, એ જ રીતે ભગવાને મનુષ્યને જ આત્મોદ્ધારનો અધિકાર આપ્યો છે.

આવા પરમ દુર્લભ મનુષ્ય-શરીરને પામીને આત્મોદ્ધાર માટે તન્મય થઈને એ જ રીતે પ્રયાસ કરવો જે રીતે સંસારી માણસ અર્થ અને કામ માટે તન્મય થઈને ક્રિયાઓ કરે છે.

સંસારના અર્થ અને ભોગોમાં જેમની પ્રીતિ છે તેઓ રાત-દિવસ અર્થ અને ભોગોનું જ ચિંતન કરતા રહે છે. એમની અર્થ અને ભોગોમાં જ દૃઢ ભાવના થઈ રહી છે. કામી પુરુષોને આખો સંસાર મોટે ભાગે સ્ત્રીમય જ દેખાય છે, એટલે કે એમના મનમાં લગભગ સ્ત્રીનું જ ચિંતન થતું રહે છે. લોભી પુરુષોની વૃત્તિ અર્થમયી બની જાય છે, તેઓ જે કંઈ પણ કાર્ય કરે છે, એમાં રૂપિયાના નફા-નુકસાનને જ પ્રાધાન્ય આપે છે. રૂપિયાનો નફો જ એમની દૃષ્ટિમાં લાભ છે અને રૂપિયાનું નુકસાન જ એમની દૃષ્ટિમાં હાનિ છે, કેમકે તેઓ અર્થના દાસ છે. જ્યારે તેઓ કોઈ કાર્ય કરવા ઇચ્છે છે તો એની પહેલાં જ એમના હૃદયમાં એ ભાવ ઉપજે છે કે આ કામ કરવામાં આપણને શું નફો થશે? નફા-નુકસાનનો નિશ્ચય કરીને જ તેઓ એ કાર્યમાં પ્રવૃત્ત થાય છે, નહીં તો નહીં. પ્રભુના ભક્તોએ આ અર્થી પુરુષો પાસેથી પણ શિક્ષણ લેવું. અર્થી પુરુષો જે રીતે અર્થ માટે કાર્યમાં પ્રવૃત્ત થાય છે એ જ રીતે પ્રભુના ભક્તોએ પ્રભુ માટે પ્રવૃત્ત થવું. શ્રી તુલસીદાસજીએ પણ કહ્યું છે –

કામિહિ નારિ પિઆરિ જિમિ
લોભિહિ પ્રિય જિમિ દામ।
તિમિ રઘુનાથ નિરંતર
પ્રિય લાગહુ મોહિ રામ॥

[ઉત્તરકાંડ દોહા-૧૩૦ (ખ)]

આ સંસાર ભગવાનમય છે; પણ મનુષ્યને ભ્રમથી પોતપોતાની ભાવના અનુસાર અનેકરૂપે દેખાય છે. જેમ કોઈ એક મહાન પુરુષ છે, એ કોઈની દૃષ્ટિએ મહાત્મા, કોઈની દૃષ્ટિએ અભિમાની, કોઈની દૃષ્ટિએ લોભી, કોઈની દૃષ્ટિએ પાખંડી અને કોઈની દૃષ્ટિએ ભોગી દેખાય છે. પોતપોતાના ભાવો અનુસાર જ લોકોને અનેક રીતે પ્રતીતિ થાય છે.

સાક્ષાત્ ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણ ભક્તોને ઈશ્વર, સ્ત્રીઓને કામદેવ, દુષ્ટોને કાળ, રાજાઓને વીર, માતા-પિતાઓને બાળક અને યોગીઓને બ્રહ્મ વગેરે રૂપે દેખાતા હતા–

જિન્હ કેં રહી ભાવના જૈસી ।
પ્રભુ મૂરતિ તિન્હ દેખી તૈસી ॥
દેખહિં રૂપ મહા રનધીરા ।
મનહુઁ બીર રસુ ધરેં સરીરા ॥
રહે અસુર છલ છોનિપ બેષા ।
તિન્હ પ્રભુ પ્રગટ કાલસમ દેખા ॥
(બાલકાંડ ૨૪૧/૨-૩-૪)

હરિભગતન્હ દેખે દોઉ ભ્રાતા ।
ઈષ્ટદેવ ઈવ સબ સુખ દાતા ॥
(બાલકાંડ ૨૪૨/૩)

મલ્લાનામશનિર્નૃણાં નરવરઃ
સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્
ગોપાનાં સ્વજનોઽસતાં ક્ષિતિભુજાં
શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ ।
મૃત્યુર્ભોજપતેર્વિરાડવિદુષાં
તત્ત્વં પરં યોગિનાં
વૃષ્ણીનાં પરદેવતેતિ વિદિતો
રઙ્ગં ગતઃ સાગ્રજઃ ॥
(શ્રીમદ્ભાગવત ૧૦/૪૩/૧૭)

'જે વખતે ભગવાન શ્રીકૃષ્ણ બલરામજીની સાથે રંગભૂમિમાં પધાર્યા, ત્યારે તેઓ પહેલવાનોને વજ્ર જેવા, જનસમુદાયને નરરત્ન જેવા, સ્ત્રીઓને મૂર્તિમાન કામદેવ જેવા, ગોપોને પોતાના સ્વજન, દુષ્ટ રાજાઓને દંડ આપનારા શાસક, માતા-પિતા સમાન વડીલો-વૃદ્ધોને બાળક જેવા, કંસને કાળ જેવા, અજ્ઞાનીઓને વિરાટ પુરુષ જેવા, યોગીઓને પરમતત્ત્વરૂપે અને પરમ ભક્ત યાદવોને પોતાના ઈષ્ટદેવ દેખાયા. (બધાએ પોત-પોતાના ભાવ પ્રમાણે ક્રમશઃ રૌદ્ર, અદ્ભુત, શૃંગાર, હાસ્ય, વીર, વાત્સલ્ય, ભયાનક, બીભત્સ, શાંત અને પ્રેમભક્તિરસનો અનુભવ કર્યો.)'

એક યુવતી સુંદર સ્ત્રી સિંહની ભાવનામાં એનો ખાદ્ય પદાર્થ છે, એ એને ખાવાની દૃષ્ટિએ જુએ છે, ત્યાં રૂપ, રંગ અને રમણીયતાનું કશું મૂલ્ય નથી; પણ કામી પુરુષને એ જ રમણીય અને સુંદર દેખાય છે, એ એના રૂપ-લાવણ્યને જોઈને મુગ્ધ થઈ જાય છે. એ જ સ્ત્રી પુત્રને માતારૂપે દૂધ પાનારી, શરીરનું પોષણ કરનારી અને જીવનનો આધાર દેખાય છે; તથા વૈરાગ્યવાન વિરક્ત પુરુષને એ જ ત્યજવા યોગ્ય અને જ્ઞાનીને પરમાત્માના રૂપમાં જણાય છે. વસ્તુ એક હોવા છતાં પણ પોતપોતાની ભાવના અનુસાર એ ભિન્ન-ભિન્નરૂપે જણાઈ આવે છે.

એ જ રીતે આ આખો સંસાર વાસ્તવમાં એક પરમાત્માનું સ્વરૂપ હોવા છતાં પણ ભ્રમથી પોતપોતાની ભાવના અનુસાર ભિન્ન-ભિન્ન રૂપે જણાઈ આવે છે. જેની જેવી ભાવના હોય છે એને આ એવો જ દેખાય છે. કોઈને સત્ દેખાય છે તો કોઈને અસત્ તથા કોઈ કોઈને પરમાત્મામય દેખાય છે. પરિણામ પણ ઘણું કરીને ભાવના અનુસાર જ જોવા મળે છે.

ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળનાં દુઃખોનું ચિંતન કરવાથી માણસ તત્કાળ જ દુઃખી જેવો થઈ જાય છે. સુખોનું સ્મરણ કરવાથી સુખી જેવો થઈ જાય છે.

નિત્ય, ચેતન, આનંદસ્વરૂપ આ જીવાત્મા પણ પરમાત્માનો અંશ* હોવાને લીધે પરમાત્માનું જ સ્વરૂપ છે, પણ એ ભૂલથી પોતાને દેહસ્વરૂપ

---

* ઈસ્વર અંસ જીવ અબિનાસી । ચેતન અમલ સહજ સુખરાસી ॥ (ઉ. કા. ૧૧૭/૧)
મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ । (ગીતા ૧૫/૭)

માનવા માંડ્યો છે.

આપને ભાવતે ભૂલિ ગયો ભ્રમ
દેહ સ્વરૂપ ભયો અભિમાની ।
આપને ભાવતે ચંચલતા અતિ,
આપને ભાવતે બુદ્ધિ બિરાની ॥
આપને ભાવતે આપ બિસારત,
આપને ભાવતે આતમજ્ઞાની ।
સુન્દર જૈસો હી ભાવ હૈ આપનો,
તૈસો હિ હોઇ ગયો યહ પ્રાની ॥

(સુંદરવિલાસ)

આ ભૂલને સુધારવા માટેનો સૌથી ઉત્તમ ઉપાય ભગવાનની અનન્ય ભક્તિ છે. સર્વશક્તિમાન વાસુદેવને જ પોતાના સ્વામી માનીને, સ્વાર્થ અને અભિમાનને છોડીને શ્રદ્ધા અને પ્રેમભાવે નિરંતર એનું સર્વત્ર ચિંતન કરવું અનન્ય ભક્તિ છે. ભગવાનની ભક્તિના પ્રભાવે સઘળાં દુઃખો, અવગુણો અને પાપોનો સાવ અભાવ થઈ જાય છે, પછી મનુષ્યનું અંતઃકરણ પવિત્ર થઈ જાય છે, એની સઘળી ભૂલો તેમ જ સંશયો દૂર થઈ જાય છે, એને આખો સંસાર ભગવદ્-રૂપ દેખાવા માંડે છે. એની વાણી અને સંકલ્પો સત્ય થઈ જાય છે, ભગવાનની ભક્તિના પ્રતાપે એના માટે વિષ પણ અમૃત બની જાય છે.

ગરલ સુધા સમ અરિ હિત હોઈ ।

(ઉ. કાં. ૧૨૦/૪)

ભક્ત પ્રહ્લાદે એ વાત પ્રત્યક્ષ બતાવી દીધી કે વિષ પણ એમના માટે અમૃત થઈ ગયું, અગ્નિ ટાઢો પડી ગયો, અસ્ત્ર-શસ્ત્રો નિરર્થક થઈ ગયાં, સર્પોના વિષની કશીય અસર ન થઈ; ક્યાં સુધી કહેવું, જડ થાંભલામાં પણ ચેતનમય, સર્વશક્તિમાન ભગવાન નરસિંહના રૂપે પ્રત્યક્ષ પ્રગટ થઈ ગયા. પ્રહ્લાદ ભગવાનના ભક્ત હતા. એમનો સંકલ્પ સત્ય અને અંતઃકરણ પવિત્ર હતું. માટે જ આવું બન્યું. આ બધું ઉત્તમ ભાવનાનું ફળ છે. માટે માણસે પોતાની ઉત્તમથીયે ઉત્તમ ભાવના બનાવવા માટે પ્રયાસ કરતા રહેવું. વિજ્ઞાનાનંદઘન પરમાત્માને સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વવ્યાપી સમજીને પ્રભાવ-સહિત એનાં નામ, રૂપ અને ગુણોનું નિષ્કામભાવે ચિંતન કરવું. અથવા સંપૂર્ણ સંસારને પ્રભુના અંતર્ગત જોવો તેમજ સંપૂર્ણ સંસારને પ્રભુમય જોવો અથવા જ્યાં દૃષ્ટિ તેમજ મન જાય ત્યાં પ્રભુનું ચિંતન કરવું એ સૌથી ઉત્તમ ભાવના છે. માટે દરેક સમયે આપણે પ્રભુનું જ ચિંતન કરતાં રહેવું. આ રીતે નિરંતર ચિંતન કરતાં રહેવાથી આ આખું જગત આનંદમય પ્રભુના રૂપમાં જણાવા લાગશે. કેમકે વાસ્તવમાં આ પ્રભુનું જ સ્વરૂપ છે. ભગવાને પણ કહ્યું છે– **'सदसच्चाहमर्जुन'** (ગીતા ૯/૧૯), માટે આ રીતનો અભ્યાસ કરવાથી પ્રભુની પ્રાપ્તિ અહીં જ થઈ શકે છે. જો અભ્યાસની ઊણપને કારણે પ્રભુની પ્રાપ્તિ અહીં ન થઈ તો પછી થઈ શકે છે, કેમકે આ માણસ જેવો સંકલ્પ કરતો જાય છે, આગળ જતાં એ એને જ પ્રાપ્ત થાય છે. કહ્યું પણ છે–

सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत अथ खलु क्रतुमयः पुरुषो यथाक्रतुरस्मिँल्लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत ॥

(છાન્દોગ્ય ઉપનિષદ્ ૩/૧૪/૧)

'આ આખું જગત બ્રહ્મનું જ સ્વરૂપ છે; કેમકે બ્રહ્મમાંથી ઉપજ્યું છે, બ્રહ્મમાં જ રહ્યું છે તથા બ્રહ્મમાં જ લીન થાય છે. આ રીતે શાંતભાવે ઉપાસના કરવી. એટલે કે શાંતચિત્તે સંસારમાં બ્રહ્મની ભાવના કરવી. આ પુરુષ

ચોક્કસ સંકલ્પમય છે. માટે આ લોકમાં મનુષ્ય જેવા સંકલ્પવાળો થાય છે એટલે કે જેવો સંકલ્પ કરે છે, મરીને એ આગળ જઈને એવો જ બની જાય છે. (પછી ત્યાં જઈને ફરી) એ એવો જ સંકલ્પ કરે છે.'

કેમકે એ નિયમ છે કે મનુષ્ય સદા જેનું ચિંતન કરે છે, અંતકાળે ઘણું કરીને એનું જ ચિંતન થાય છે અને અંતકાળે જે વસ્તુનું ચિંતન કરતો શરીર છોડીને જાય છે, એને જ એ પામે છે.

ભગવાને કહ્યું છે –

यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥
(ગીતા ૮/૬)

માટે પણ મનુષ્યે નિત્ય-નિરંતર પરમાત્માનું જ ચિંતન કરવું. નિત્ય-નિરંતર પરમાત્માનું ચિંતન કરવાથી પરમાત્માની પ્રાપ્તિ સુલભતાથી થાય છે. પરમાત્મા સર્વવ્યાપી હોવાને કારણે એમનું નિત્ય-નિરંતર ચિંતન થવું અઘરું પણ નથી. સર્વત્ર પરમેશ્વરબુદ્ધિ કરવી જ સૌથી ઉત્તમ અને સદ્ભાવના છે, માટે જેની બધેય પરમેશ્વરબુદ્ધિ થઈ જાય છે, એની જ ખાસ પ્રશંસા કરવામાં આવી છે.

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥
(ગીતા ૭/૧૯)

'ઘણા જન્મો પછીના અંતિમ જન્મમાં તત્ત્વજ્ઞાન પામેલો માણસ 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' એટલે કે વાસુદેવ સિવાય બીજું કશું છે જ નહીં, એવા ભાવે મને ભજે છે; એ મહાત્મા ઘણો દુર્લભ છે.'

માટે આપણે સૌએ બધેય ભગવદ્બુદ્ધિ કરવા માટે પ્રાણપર્યન્ત પ્રયાસ કરવો, એનાથી વધીને બીજું કોઈ પણ કર્તવ્ય નથી.

—★—

ભગવત્પ્રાપ્તિના ઉપાયો

સંસારમાં સૌથી વધીને અને સૌથી ઉત્તમ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ છે પરમાનંદ તેમ જ પરમ પ્રેમમય પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ. પણ એ થાય છે આખા સંસારમાં અત્યન્ત વૈરાગ્ય થઈને ભગવાનમાં અનન્ય તેમજ વિશુદ્ધ પ્રેમ થવાથી. ભગવાનનું તત્ત્વ જાણવાથી જ ભગવાનમાં અનન્ય પ્રેમ થાય છે, જે ભગવાનને તત્ત્વથી જાણી લે છે એ પછી એક ક્ષણ પણ ભગવાનથી અળગો નથી રહી શકતો. એને સદા સર્વદા બધે ભગવાનનાં દર્શન થતાં રહે છે. ગીતામાં પણ ભગવાને કહ્યું છે–

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥
(ગીતા ૬/૩૦)

'જે માણસ સઘળાં ભૂતોમાં સહુના આત્મારૂપ મુજ વાસુદેવને જ વ્યાપેલ જુએ છે અને સઘળાં ભૂતોને મુજ વાસુદેવની અન્તર્ગત જુએ છે, એને માટે હું અદૃશ્ય નથી હોતો અને એ મારે માટે અદૃશ્ય નથી હોતો.' કેમકે, એ મારામાં એકાત્મભાવે રહેલો છે. આ જ પરમાત્માનું રહસ્ય છે, આને જ ગીતામાં ભગવાને ગુહ્યતમ જણાવ્યું છે –

ईदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥
(ગીતા ૯/૧)

'તારા જેવા શુદ્ધહૃદયના ભક્ત માટે આ પરમ ગોપનીય વિજ્ઞાનસહિત જ્ઞાનને ફરીથી

સમ્યક્ રીતે કહું છું કે જેને જાણીને તું દુઃખરૂપ સંસારથી છૂટી જઈશ.'

માટે આ અતિદુર્લભ મનુષ્યનું શરીર પામીને તો ભગવાનના પ્રભાવ અને રહસ્યને જાણીને વિશુદ્ધ પ્રેમ દ્વારા કેવળ એની પ્રાપ્તિ કાજે જ તત્પર થઈને પ્રયાસ કરવો.

પ્રશ્ન—મનુષ્યનું શરીર શી રીતે મળે છે?

ઉત્તર—ઈશ્વરની અહૈતુકી દયાથી.

કબહુઁક કરિ કરુના નર દેહી।
દેત ઈસ બિનુ હેતુ સનેહી॥

કેવોય દુરાચારી કે નાસ્તિક કેમ ન હોય, મુક્તિ માટે ભગવાન એને પણ અવસર આપે છે.

પ્રશ્ન—શું આ ઘોર કળિયુગમાં પણ ભગવાનની પ્રાપ્તિ થઈ શકે છે?

ઉત્તર—બિલકુલ થઈ શકે છે, બલકે બીજા યુગો કરતાં પણ વધુ સુગમતાથી.

કલિજુગ સમ જુગ આન નહિં જૌં નર કર બિસ્વાસ।
ગાઈ રામ ગુન ગન બિમલ ભવ તર બિનહિં પ્રયાસ॥

(ઉ. કાં. દોહા ૧૦૩-ક)

× × ×

સુમિરિ સુમિરિ ભવ ઉતરહુ પારા॥

(તુલસીદાસજી)

ધ્યાયન્ કૃતે યજન્ યજ્ઞૈસ્ત્રેતાયાં દ્વાપરેઽર્ચયન્।
યદાપ્નોતિ તદાપ્નોતિ કલૌ સઙ્કીર્ત્ય કેશવમ્॥

(વિષ્ણુપુરાણ ૬/૨/૧૭)

'સત્યયુગમાં ધ્યાનથી, ત્રેતામાં યજ્ઞાનુષ્ઠાનથી અને દ્વાપરમાં ભગવાનના પૂજનથી મનુષ્ય જે ગતિ પામે છે એ જ કળિયુગમાં શ્રીકેશવનું નામ-સંકીર્તન કરવાથી પામી જાય છે.'

શમાયાલં જલં વહ્નેસ્તમસો ભાસ્કરોદયઃ।
શાન્તિઃ કલૌ હ્યઘૌઘસ્ય નામસઙ્કીર્તનં હરેઃ॥

'અગ્નિને શાંત કરવામાં જળ અને અંધકારને દૂર કરવામાં સૂર્ય સમર્થ છે, તથા કળિયુગમાં પાપસમૂહની શાંતિનો ઉપાય શ્રીહરિનું નામ-સંકીર્તન છે.'

હરેર્નામૈવ નામૈવ નામૈવ મમ જીવનમ્।
કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા॥

(બૃહદ્નારદ પુરાણ ૧/૪૧/૧૫)

'કેવળ શ્રીહરિનું નામ જ મારું જીવન છે, એ સિવાય કળિયુગમાં બીજો કોઈ ઉપાય છે જ નહીં.'

પ્રશ્ન—ભગવાનની પ્રાપ્તિરૂપ મુક્તિ પ્રારબ્ધથી મળે છે કે પુરુષાર્થથી? જો પ્રારબ્ધથી મળે છે તો એ માટે પરિશ્રમ કરવો ફોગટ છે અને જો પુરુષાર્થથી મળે છે તો એ પુરુષાર્થનું સ્વરૂપ શું છે?

ઉત્તર—પરમાનંદમય પરમાત્માની પ્રાપ્તિ-સ્વરૂપ મુક્તિ ન પ્રારબ્ધથી મળે છે કે ન કેવળ પુરુષાર્થથી. મળે છે મહાપુરુષોની દયાથી. જેના પર ભગવાનની દયા હોય છે એના પર જ મહાપુરુષોની દયા હોય છે.

જાપર કૃપા રામ કર હોઈ।
તાપર કૃપા કરૈ સબ કોઈ॥

માટે ભગવાનની પ્રાપ્તિ ભગવાનની જ દયાથી થાય છે. જે પુરુષ ઈશ્વરની પ્રાપ્તિને પ્રારબ્ધથી થતી માને છે એ અકર્મણ્ય તેમ જ આળસુ છે. આવા પ્રારબ્ધને ભરોસે રહેનારા ઉદ્યમવિહોણા મૂઢનાં સઘળાં કર્મો જઘન્ય (ઘૃણિત) થઈને એનું પતન થઈ જાય છે.

જે પુરુષ પરમાત્માની પ્રાપ્તિને કેવળ પોતાના પુરુષાર્થના બળે જ થતી માને છે એ પણ અભિમાનના ફંદામાં ફસાઈને પતન પામે છે, પણ જે ઈશ્વરને શરણે થયેલો પોતાને નિમિત્ત બનાવીને ઉત્સાહ સાથે પ્રસન્નચિત્તે, કંટાળ્યા વિના કટિબદ્ધ રહીને, ઈશ્વરના બળ અને ભરોસે પ્રયાસ કરે છે એનો જ પુરુષાર્થ ઈશ્વરની દયાથી

સિદ્ધ થાય છે.

પ્રશ્ન—ભગવાનની દયા તો બધા પર એકસરખી છે, તો પછી બધાને ભગવાનની પ્રાપ્તિ કેમ નથી થતી?

ઉત્તર—ભગવાનની પૂર્ણ દયા બધા પર એકસરખી છે, એમાં કશો સંશય નથી. પણ જેમ કોઈ ગરીબ માણસ પોતાના ઘરમાં દાટેલા ધનને ન જાણવાને કારણે તથા પોતાની પાસે પડેલા પારસને ન જાણવાને કારણે લાભ નથી લઈ શકતો, એ જ રીતે મૂર્ખ લોકો ભગવાનને તેમ જ ભગવાનની દયાના રહસ્યને ન સમજવાથી જ લાભ નથી લઈ શકતા. ભગવાનની દયાના રહસ્યને સમજવાથી શોક, ભયનો સાવ અભાવ થઈને સદાને માટે પરમ શાંતિ તેમજ પરમાનંદની પ્રાપ્તિ થઈ જાય છે, જેમ કોઈ ભયાતુર માણસ રાજાની દયાનો સહારો મેળવીને નિર્ભય અને સુખી થઈ જાય છે. ભીષ્મ, યુધિષ્ઠિર, અર્જુન વગેરે ભગવાનની દયાના રહસ્યને જાણતા હતા, માટે તેઓ કૃતકૃત્ય થઈ ગયા; પણ અજ્ઞાનને કારણે દુર્યોધન વગેરે ન થઈ શક્યા.

પ્રશ્ન—પ્રભાવસહિત ભગવાનને તેમ જ ભગવાનની દયાના રહસ્યને જાણવા માટે સરળ ઉપાય શું છે?

ઉત્તર—ભગવાનનું અનન્ય-શરણ.

પ્રશ્ન—અનન્ય-શરણ કોને કહે છે?

ઉત્તર—ભગવાનના કરેલા દરેક વિધાનમાં પ્રસન્નચિત્ત રહેવું, નિષ્કામ પ્રેમભાવે નિત્ય-નિરંતર એના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં એના નામનો જાપ કરવો તેમજ એની આજ્ઞાનું પાલન કરવું, આ જ ભગવાનનું અનન્ય શરણ છે.

પ્રશ્ન—અનન્ય-શરણ થવા માટે માણસે શું કરવું?

ઉત્તર—જે પુરુષો ભગવાનના પ્રભાવ અને તત્ત્વને જાણનારા છે તથા જેઓ ભગવાનના અનન્ય-શરણે થઈ ચૂક્યા છે એવા પ્રેમી ભક્તોનો સંગ કરીને, એમના જણાવેલા માર્ગ અનુસાર ચાલવાથી જ, માણસ ભગવાનને અનન્ય-શરણે થઈ શકે છે.

પ્રશ્ન—પહેલાં તો આવા ભક્તો જ સંસારમાં ઓછા છે, માટે એમનું મળવું પણ દુર્લભ છે. જો મળી પણ જાય તો એમને ઓળખી નથી શકાતા, આવી સ્થિતિમાં માણસે શું કરવું?

ઉત્તર—જોકે આવા પુરુષો સંસારમાં ઓછા છે, પણ શ્રદ્ધા અને પ્રેમથી મળવાની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થતાં તે મળી શકે છે અને ઓળખાઈ પણ શકાય છે. જો ભગવાનની પ્રાપ્તિ થયેલા માણસો ન મળે, તો જેમના હૃદયમાં ભગવાનને મળવાની અત્યંત ઉત્કટ ઇચ્છા જાગ્રત થઈ ગઈ છે અને જેઓ ભગવાનને જ સર્વોત્તમ માનીને એમનું જ ભજન-ધ્યાન કરે છે, જેમ ઘણો લોભી ધનની પ્રાપ્તિ માટે તત્પર થઈને પ્રયાસો કરે છે તે જ રીતે જેઓ ભગવાનની પ્રાપ્તિ માટે તત્પર થઈને પ્રયાસો કરે છે તથા કેવળ ભગવાન જ જેમને ઘણા પ્રિય છે એવા જિજ્ઞાસુ પુરુષોનો સંગ કરવો. તથા ભગવાન અને ભગવાનના ભક્તો દ્વારા બોલાયેલાં સત્-શાસ્ત્રોનું અધ્યયન તેમજ મનન કરીને એ મુજબ પોતાનું જીવન બનાવવું.

પ્રશ્ન—ભગવાન તેમજ ભગવાનના ભક્તો દ્વારા બોલાયેલાં સત્-શાસ્ત્રો કયાં છે?

ઉત્તર—સામાન્યરૂપે સઘળાં આર્ષ-ગ્રંથો સત્-શાસ્ત્રો છે. વેદ, ઉપનિષદ્ ભગવાનની વાણી હોવાને કારણે આ બધા તો ભગવાન-કથિત જ ગ્રંથો છે જ. એ સિવાય સ્મૃતિઓ, દર્શનશાસ્ત્ર, રામાયણ, ઇતિહાસ, પુરાણ વગેરે મહાત્મા તેમ જ મહર્ષિઓ દ્વારા રચાયેલાં છે. માટે આ બધા

ભગવાનના ભક્તો દ્વારા બોલાયેલા ગ્રંથો છે. માટે બધાંય સત્-શાસ્ત્રો છે.

પ્રશ્ન—વિસ્તાર તેમ જ દુર્ગમ હોવાને કારણે આ બધાં સત્-શાસ્ત્રોનો અભ્યાસ બધા માણસો નથી કરી શકતા, માટે આ બધામાં સર્વોત્તમ કલ્યાણકારક તેમ જ બધા માટે સુગમ કયું શાસ્ત્ર છે?

ઉત્તર—શાસ્ત્રો બધાંય કલ્યાણકારક છે, માટે શાસ્ત્રોનો જેટલો વધુ અભ્યાસ કરવામાં આવે એટલો ઉત્તમ છે, પણ આત્માના કલ્યાણ માટે તો કેવળ એક ગીતાશાસ્ત્ર જ પર્યાપ્ત છે. આખી ગીતાની તો વાત જવા દઈએ, એમાં સેંકડો શ્લોકો તો એવા છે કે જેમાંથી એક શ્લોક અનુસાર જીવન બનાવી લેવામાં આવે તો પણ કલ્યાણ થઈ શકે છે. જેમકે—

મત્કર્મકૃન્મત્પરમો મદ્ભક્તઃ સઙ્ગવર્જિતઃ ।
નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ ॥
(ગીતા ૧૧/૫૫)

'હે પાંડુપુત્ર! જે કેવળ મારે જ ખાતર, સર્વ કાંઈ મારું સમજતો, યજ્ઞ, દાન અને તપ વગેરે સઘળાં કર્તવ્ય-કર્મોને કરનારો છે, મારે પરાયણ છે, અર્થાત્ મને પરમ આશ્રય અને પરમગતિ માનીને, મારી પ્રાપ્તિ માટે તત્પર છે તથા મારો ભક્ત છે અર્થાત્ મારા નામ, ગુણ, પ્રભાવ અને રહસ્યનાં શ્રવણ, કીર્તન, મનન, ધ્યાન અને પઠન-પાઠનનો પ્રેમપૂર્વક, નિષ્કામભાવે, નિરંતર અભ્યાસ કરનારો છે અને આસક્તિ વિનાનો છે અર્થાત્ સ્ત્રી, પુત્ર અને ધન વગેરે સઘળા સાંસારિક પદાર્થોમાં સ્નેહ વિનાનો છે અને સર્વ ભૂતપ્રાણીઓ, પ્રત્યે વેરભાવથી રહિત* છે એવો અનન્ય ભક્તિયુક્ત માણસ મને જ પામે છે.'

આ ગીતા સ્વયં ભગવાનના મુખેથી નીસરેલી છે તથા શાસ્ત્રોનો સાર આમાં ભરેલો છે. માટે આ ગીતાશાસ્ત્રને સર્વોત્તમ કહેવામાં આવે તો પણ અત્યુક્તિ નહીં ગણાય. મહાભારતમાં કહ્યું પણ છે—

ગીતા સુગીતા કર્તવ્યા કિમન્યૈઃ શાસ્ત્રવિસ્તરૈઃ ।
યા સ્વયં પદ્મનાભસ્ય મુખપદ્માદ્વિનિઃસૃતા ॥
(ભીષ્મપર્વ ૪૩/૧)

'ગીતા સુગીતા કરવા યોગ્ય છે એટલે કે શ્રીગીતાજીને સારી પેઠે વાંચીને અર્થ અને ભાવસમેત અંતઃકરણમાં ધારણ કરવી જોઈએ, કે જે સ્વયં પદ્મનાભ ભગવાન શ્રીવિષ્ણુના મુખકમળમાંથી નીસરી છે; બીજાં બધાં શાસ્ત્રોના વિસ્તારથી શો હેતુ સરવાનો?'

આનું સંસ્કૃત પણ ઘણું મધુર અને સરળ છે. માટે જેમને થોડું પણ સંસ્કૃતનું જ્ઞાન છે તેઓ પણ અભ્યાસ કરવાથી આને સમજી શકે છે. આનો અર્થ સામાન્ય ભાષાટીકામાં પણ લખવામાં આવ્યો છે, માટે હિંદી જાણનારાઓ માટે પણ સુગમ છે તથા આનો અનુવાદ ઘણું કરીને બધી ભાષાઓમાં થઈ ગયો છે. માટે સૌ કોઈ માટે સુગમ અને સુલભ છે.

પ્રશ્ન—સત્સંગ કરતી વેળાએ મનુષ્યની જેવી સાત્ત્વિક વૃત્તિઓ રહે છે એવી વૃત્તિઓ નિરંતર નથી રહેતી, આનું શું કારણ છે?

ઉત્તર—સત્-શાસ્ત્ર અને સત્પુરુષોના સંગના સાધનની ઊણપ તેમ જ વિષયાસક્તિ અને સંચિત પાપોનો સમૂહ તથા કુસંગ જ આમાં

* સર્વત્ર ભગવદ્બુદ્ધિ થઈ જવાને લીધે એ માણસનો અતિ અપરાધ કરનારાઓમાં પણ વેરભાવ નથી હોતો, પછી બીજામાં તો કહેવાનું જ શું હોય!

મુખ્ય કારણ છે. જેમ અમાસની રાતે જંગલમાં પડેલા માણસ માટે પ્રજળેલા દીવો, વીજળી તેમ જ અગ્નિ વગેરેના તેજથી જંગલમાં પણ મંગલ (ઉજાસ) થઈ જાય છે અને એમના અભાવમાં ફરી અંધકાર છવાઈ જાય છે, એ જ રીતે રજોગુણ, તમોગુણરૂપી રાતમાં પડેલા માણસ માટે સત્સંગ જ મહાપ્રકાશ છે. એની પ્રાપ્તિ થતાં હૃદયમાં ઉજાસ થઈ જાય છે, દૂર થવાથી ફરી અંધકાર છવાઈ જાય છે. વિષયોનો તેમજ નીચ પુરુષોનો સંગ પામીને એ રજોગુણ-તમોગુણમયી રાત્રિ, અમાસની રાતે આંધી આવવાની જેમ વધુ અંધકારમય બની જાય છે. માટે વિષયોમાં આસક્તિ તેમજ કુસંગનો ત્યાગ કરીને સત્પુરુષ અને સત્-શાસ્ત્રોનો સંગ નિરંતર કરવા માટે પ્રયાસ કરવો જોઈએ તેમ જ એમના જણાવેલા માર્ગ મુજબ ચાલવાનો પ્રયાસ કરવો.

પ્રશ્ન–સત્-શાસ્ત્ર અને સત્પુરુષોના જણાવેલા માર્ગ મુજબ ચાલવાની ઇચ્છા હોવા છતાં પણ જરાય ચાલી નથી શકાતું. આનું શું કારણ છે?

ઉત્તર–વિષયોમાં આસક્તિ તેમજ શ્રદ્ધા-પ્રેમની ઊણપ જ મુખ્ય કારણ છે. કેમકે, શારીરિક આરામની ખોટી આદત પડેલી છે, માટે ભોગ, આળસ અને પ્રમાદથી ઉપજેલું સાંસારિક સુખ પ્રત્યક્ષ દેખાય છે. પરિણામ ભલે એનું કેવુંય ખરાબ કેમ ન હોય, છતાં મૂર્ખતાને વશ થઈ માણસ એનું સેવન કરી લે છે. જેમ વૈદ્યના જણાવેલા પથ્યને હિતકર સમજતો હોવા છતાં પણ મૂર્ખ રોગી આસક્તિવશ કુપથ્ય કરી લે છે. શાસ્ત્ર અને મહાપુરુષના જણાવેલા માર્ગ મુજબ ચાલવામાં શરૂઆતમાં મહેનત જેવું જણાઈ આવે છે, જોકે પરિણામ એનું ઘણું જ ઉત્તમ છે. પણ સંપૂર્ણ વિશ્વાસ ન હોવાને કારણે એમાં શ્રદ્ધા અને પ્રેમની ઊણપ જણાઈ રહી છે. માટે ઇચ્છા હોવા છતાં પણ એમના કહ્યા પ્રમાણે નથી ચાલી શકાતું.

પ્રશ્ન–વિષયોમાં આસક્તિનો નાશ થઈને ભગવાનમાં અતિશય શ્રદ્ધા અને અનન્ય પ્રેમ થાય તે માટે સાધકે શું કરવું?

ઉત્તર–ભગવાનના ગુણ અને પ્રભાવનું તત્ત્વ જાણવાથી ભગવાનમાં ઘણી શ્રદ્ધા બેસે છે તથા ઘણી શ્રદ્ધાથી અનન્ય પ્રેમ થાય છે. અને ભગવાનમાં અનન્ય પ્રેમ થવાથી સંસારના વિષયભોગોમાં આસક્તિનો સાવ અભાવ થઈ જાય છે. માટે ભગવાનના ગુણ અને પ્રભાવનું તત્ત્વ જાણવા માટે ભગવાનનાં પ્રેમ, પ્રભાવ અને રહસ્યની અમૃતમયી કથાઓનું એમના પ્રેમી ભક્તો દ્વારા તેમ જ શાસ્ત્રો દ્વારા શ્રવણ, પઠન અને મનન કરીને એમના કથન મુજબ પોતાનું જીવન બનાવવાનો વિશેષ પ્રયાસ કરવો. આ રીતે સાધન કરવાથી અંતઃકરણ પવિત્ર થઈને ભગવાનના ગુણ અને પ્રભાવનું તત્ત્વ સહજ રીતે જાણી શકાય છે.

—★—

હું કોણ છું અને મારું શું કર્તવ્ય છે?

દરેક માણસે વિચાર કરવો કે 'હું કોણ છું' અને 'મારું શું કર્તવ્ય છે?' હું નામ, રૂપ - દેહ, ઇન્દ્રિય, મન કે બુદ્ધિ છું કે આમનાથી કોઈ ભિન્ન વસ્તુ છું? વિચારપૂર્વક નિર્ણય કરવાથી એ જ વાત ઠરે છે કે હું નામ નથી, મને આજે જયદયાલ કહે છે પણ જ્યારે પ્રસવ થયો હતો ત્યારે આનું નામ જયદયાલ ન હતું. જોકે હું હયાત હતો. ઘરવાળાઓએ અમુક

દિવસો પછી નામકરણ કર્યું. એમણે એ વખતે જયદયાલ નામ નહીં રાખીને મહાદયાલ રાખ્યું હોત તો આજે હું મહાદયાલ કહેવાત. અને પોતાને મહાદયાલ જ સમજત! હું ન પૂર્વજન્મમાં જયદયાલ હતો, ન ગર્ભમાં જયદયાલ હતો કે ન શરીરનાશ પછી જયદયાલ રહીશ. આ તો ખાલી ઘરવાળાઓનું નિર્દેશ કરવામાં આવેલું સાંકેતિક નામ છે. આ નામ એક એવું કલ્પિત છે કે જ્યારે ઇચ્છીએ ત્યારે બદલી શકાય એમ છે. અને એમાં જ એનું અભિમાન થઈ જાય છે. જે વિવેકી પુરુષ એ રહસ્યને સમજી લે છે કે હું નામ નથી, એ નામની નિંદા-સ્તુતિથી કદી પણ સુખી-દુઃખી નથી થતો. જ્યારે એ માણસ 'નામ'ની નિંદા-સ્તુતિમાં સમ નથી, નિંદા-સ્તુતિથી સુખી-દુઃખી થાય છે ત્યારે એ નામ ન હોવા છતાં પણ 'નામ' હાજરાહજૂર છે, જે એકદમ ભ્રમપૂર્ણ છે. જે આ રહસ્યને જાણી લે છે એમાં આ ભ્રમની ગંધમાત્ર પણ નથી રહેતી. માટે જ શ્રીભગવાને તત્ત્વવેત્તા પુરુષોનાં લક્ષણોને જણાવતાં એમને નિંદા તેમજ સ્તુતિમાં સમ જણાવ્યા છે–

'तुल्यनिन्दास्तुतिर्मौनी' (ગીતા ૧૨/૧૯)
'तुल्यनिन्दात्मसंस्तुतिः' (ગીતા ૧૪/૨૪)

વળી એ પ્રસિદ્ધ પણ છે કે જયદયાલ 'મારું' નામ છે, 'હું' જયદયાલ નથી. આથી એ સિદ્ધ થયું કે નામ 'હું' નથી.

એ જ રીતે રૂપ–દેહ પણ હું નથી, કેમકે દેહ જડ છે અને હું ચેતન છું, દેહ ક્ષય, વૃદ્ધિ, ઉત્પત્તિ અને વિનાશધર્મવાળો છે, હું આ બધાથી સાવ રહિત છું. બાળપણમાં દેહનું જુદું જ સ્વરૂપ હતું, યુવાનીમાં જુદું હતું અને હવે કંઈક જુદું જ છે, પણ હું ત્રણે અવસ્થાઓને જાણનારો ત્રણેમાં એક જ છું. કોઈ પુરુષે મને બાળપણમાં જોયો હતો, હવે એ મને મળે છે તો મને ઓળખી નથી શકતો. દેહનું રૂપ બદલાઈ ગયું. શરીર વધી ગયું, મૂછો આવી ગઈ. આથી એ નથી ઓળખતો. પણ હું ઓળખું છું, હું એને કહું છું, આપનું શરીર યુવાવસ્થામાંથી વૃદ્ધ થવાને લીધે એમાં ઓછો ફેર પડ્યો છે, આથી હું આપને ઓળખું છું. મેં આપને અમુક જગ્યાએ જોયા હતા. એ વખતે હું બાળક હતો, હવે મારા શરીરમાં ઘણું પરિવર્તન આવી ગયું, માટે આપ મને ન ઓળખી શક્યા. આથી એ સિદ્ધ થાય છે કે શરીર 'હું' નથી. પણ 'શરીર હું છું' એવું અભિમાન પણ ઉપર કહેલ નામની જેમ જ સાવ ભ્રમપૂર્ણ છે. જે પુરુષો આ રહસ્યને જાણે છે તેઓ શરીરના માન-અપમાન અને સુખ-દુઃખમાં સાવ સમ રહે છે. કેમકે, તેઓ એ વાતને સમજી જાય છે કે હું શરીરથી સાવ અળગો છું. માટે જ તત્ત્વવેત્તાઓનાં લક્ષણોમાં ભગવાન કહે છે–

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः। (ગીતા ૧૨/૧૮)
'मानापमानयोस्तुल्यः' (ગીતા ૧૪/૨૫)
'समदुःखसुखः स्वस्थः' (ગીતા ૧૪/૨૪)

માટે વિચાર કરવાથી એ પ્રત્યક્ષ સિદ્ધ થાય છે કે આ જડ શરીર પણ હું નથી, હું આ શરીરનો જ્ઞાતા છું; અને પ્રસિદ્ધિ પણ એ જ છે કે શરીર 'મારું' છે. માણસ ભ્રમથી જ શરીરમાં આત્માભિમાન કરીને આના માનાપમાન અને સુખ-દુઃખથી સુખી-દુઃખી થાય છે.

એ જ રીતે ઇન્દ્રિયો પણ હું નથી. હાથ-પગ કપાઈ જતાં, આંખો નષ્ટ થઈ જતાં અને કાન બહેરા થઈ જતાં પણ હું એવો ને એવો પહેલા જેવો રહું છું, મરતો નથી. જો હું ઇન્દ્રિય હોત તો એમના વિનાશમાં મારો વિનાશ થવો સંભવ હતો. માટે થોડો ઘણો પણ વિચાર કરવાથી એ

પ્રત્યક્ષ જણાઈ આવે છે કે હું જડ ઇન્દ્રિય નથી, બલકે ઇન્દ્રિયોનો દ્રષ્ટા કે જ્ઞાતા છું.

એ જ રીતે હું મન પણ નથી. સુષુપ્તિકાળમાં મન નથી રહેતું, પણ હું રહું છું. માટે જ જાગ્યા પછી મને એ વાતનું જ્ઞાન હોય છે કે હું સુખેથી ઊંઘ્યો હતો. હું મનનો જ્ઞાતા છું. બીજાની દૃષ્ટિએ પણ મનની અનુપસ્થિતિના સમયે (સુષુપ્તિ કે મૂર્છિત અવસ્થામાં) મારી જીવિત સત્તા પ્રસિદ્ધ છે. મન વિકારી છે, એમાં જાતજાતના સંકલ્પ-વિકલ્પ થતા રહે છે. મનમાં થનારા આ સઘળા સંકલ્પ-વિકલ્પોનો હું જ્ઞાતા છું. ખાન, પાન, સ્નાન વગેરે કરતી વેળાએ જો મન બીજી બાજુ જતું રહે છે તો એ કર્મોમાં કંઈક ભૂલ થઈ જાય છે, પછી સભાન થતાં હું કહું છું કે મારું મન બીજી તરફ ચાલ્યું ગયું હતું. માટે મારાથી ભૂલ થઈ ગઈ. કેમકે મન વિના કેવળ શરીર અને ઇન્દ્રિયોથી સાવધાનીપૂર્વક કામ નથી થઈ શકતું. માટે મન ચંચળ અને ચળ છે, પણ હું સ્થિર અને અચળ છું. મન ક્યાંય પણ રહે, કોઈ પણ સંકલ્પ-વિકલ્પ કરતું રહે, હું એને જાણતો રહું છું. માટે હું મનનો જ્ઞાતા છું, હું પોતે મન નથી.

એ જ રીતે હું બુદ્ધિ પણ નથી, કેમકે બુદ્ધિ પણ ક્ષય અને વૃદ્ધિ-સ્વભાવ ધરાવનારી છે. હું ક્ષય-વૃદ્ધિથી સાવ રહિત છું. બુદ્ધિમાં મંદતા, તીવ્રતા, પવિત્રતા, મલિનતા વગેરે વિકારો હોય છે, પણ હું આ બધાથી રહિત અને આ બધી સ્થિતિઓને જાણનારો છું. હું કહું છું કે એ વખતે મારી બુદ્ધિ બરાબર ન હતી, હવે બરાબર છે. બુદ્ધિ ક્યારે શું વિચારી રહી છે અને કયો નિર્ણય કરી રહી છે એને હું જાણું છું. બુદ્ધિ દૃશ્ય છે, હું એનો દ્રષ્ટા છું. માટે બુદ્ધિનું મારાથી અળગાપણું સિદ્ધ છે, હું બુદ્ધિ નથી.

આ રીતે હું નામ, રૂપ – દેહ, ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે નથી. હું આ બધાથી સાવ અતીત, આમનાથી સાવ અળગો, ચેતન, સાક્ષી, સૌનો જ્ઞાતા, સત્, નિત્ય, અવિનાશી, અવિકારી, અક્રિય, સનાતન, અચળ અને સમસ્ત સુખ-દુઃખોથી રહિત કેવળ શુદ્ધ આનંદમય આત્મા છું. આ જ હું છું. આ જ મારું ખરું સ્વરૂપ છે. ક્લેશ*, કર્મ અને સઘળાં દુઃખોથી વિમુક્ત થઈને પરમ શાંતિ અને પરમાનંદની પ્રાપ્તિ કાજે જ મનુષ્ય-શરીરની પ્રાપ્તિ થઈ છે. આ પરમ શાંતિ અને પરમાનંદને પ્રાપ્ત કરવો એ જ મનુષ્યનું એકમાત્ર કર્તવ્ય છે. મનુષ્ય-શરીર વિના બીજા કોઈ પણ દેહમાં આની પ્રાપ્તિ સંભવ નથી. આ સ્થિતિની પ્રાપ્તિ તત્ત્વજ્ઞાનથી થાય છે, અને એ તત્ત્વજ્ઞાન, વિવેક વૈરાગ્ય, વિચાર, સદાચાર અને સદ્‌ગુણ વગેરેના સેવનથી થાય છે. અને આ બધાનું હોવું આ ઘોર કળિકાળમાં ઈશ્વરની દયા વિના સંભવ નથી. જોકે ઈશ્વરની દયા સઘળા જીવો પર પૂર્ણરૂપે સદા-સર્વદા છે; પણ એમને શરણે થયા વિના એ દયાના રહસ્યને મનુષ્ય સમજી નથી શકતો. તેમ જ દયાના તત્ત્વને સમજ્યા વિના દયા દ્વારા થનારા લાભને એ મેળવી નથી શકતો. માટે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કાજે સર્વ રીતે ઈશ્વરને શરણે થઈને એમની દયાના રહસ્યને સમજીને એનો પૂર્ણ લાભ લેવો. ઈશ્વરના શરણથી જ આપણને પરમ શાંતિ મળી શકે છે. શ્રીભગવાન કહે છે–

तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्॥

(ગીતા ૧૮/૬૨)

★ अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः पञ्च क्लेशाः। (યોગસૂત્ર ૨/૩) અજ્ઞાન, ચિજ્જડ ગ્રંથિ, રાગ, દ્વેષ અને મરણભય- આ પાંચ ક્લેશ છે.

'હે ભારત! તું સર્વ રીતે એ પરમેશ્વરના જ શરણે જા; એ પરમાત્માની કૃપાથી જ તું પરમ શાંતિને તથા શાશ્વત પરમ ધામને પામીશ.'

જ્યારે આ મનુષ્ય પરમેશ્વરને શરણે• થઈને પરમેશ્વરના તત્ત્વને જાણી જાય છે; ત્યારે પરમેશ્વરની કૃપાથી અજ્ઞાનનો નાશ થઈને એ પરમેશ્વરને પામી જાય છે. જેમ નિદ્રાના નાશથી મનુષ્ય જાગ્રતને, દર્પણના નાશથી પ્રતિબિંબ બિંબને તથા ઘડાના ફૂટવાથી ઘટાકાશ મહાકાશને પામે છે, એ જ રીતે અજ્ઞાનના નાશથી આ જીવાત્મા વિજ્ઞાનાનંદઘન પરમાત્માને પામી જાય છે. જ્યારે આ સાધક નામ, રૂપ - દેહ, ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેથી પોતાને સાવ અળગો સમજી લે છે, ત્યારે એ ઈશ્વરના શરણ અને કૃપાથી, દેહાદિ સંબંધથી થનારા સઘળા ક્લેશો અને પાપોથી સદાને માટે સાવ મુક્ત થઈ જાય છે, તેમ જ વિજ્ઞાનાનંદઘન પરમાત્માનો સનાતન અંશ હોવાને કારણે સદાને માટે એ વિજ્ઞાનાનંદઘન પ્રભુને પામી જાય છે. પ્રભુને પામવા માટે અનન્યભાવે આ રીતે પ્રયત્ન કરવો અને પ્રભુને પામવા એ જ મનુષ્યનું પરમ કર્તવ્ય છે.

—★—

સાંખ્યયોગ અને કર્મયોગ

ગીતાના પાંચમા અધ્યાયના પમા શ્લોકમાં ભગવાન કહે છે –

યત્સાઙ્ખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્યોગૈરપિ ગમ્યતે ।
એકં સાઙ્ખ્યં ચ યોગં ચ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥
(ગીતા - ૫/૫)

'જ્ઞાનયોગીઓ વડે જે પરમધામ પ્રાપ્ત કરાય છે, કર્મયોગીઓ વડે પણ એ જ પ્રાપ્ત કરવામાં આવે છે; આથી જે માણસ જ્ઞાનયોગ અને કર્મયોગને ફળરૂપે એક જુએ છે, તે જ યથાર્થ જુએ છે.'

પરંતુ આ વિષયમાં એવી શંકા થાય છે કે અહીં ભગવાન સાંખ્ય અને યોગના ફળને એક કહે છે કે પછી બંનેનો સિદ્ધાંત જ એક બતાવે છે. જો ફળ એક કહે છે તો સિદ્ધાંત ભિન્ન ભિન્ન હોવા છતાં ફળ એક કેવી રીતે હોઈ શકે? અને જો બંનેનો સિદ્ધાંત જ એક કહેવામાં આવે તો તે ઉચિત લાગતું નથી, કેમ કે યોગ અને સાંખ્યના સિદ્ધાંતમાં પરસ્પર મોટું અંતર છે.

યોગના સિદ્ધાંત પ્રમાણે, મનુષ્ય ફળની આસક્તિ ત્યજીને ઈશ્વર માટે કર્મ કરે છે તોપણ તેનામાં કર્તાપણાનું અભિમાન રહે છે.

સાંખ્યના સિદ્ધાંત પ્રમાણે, કર્મનો કર્તા મનુષ્ય નથી, તેના વડે કર્મો થાય છે તોપણ તે કર્મોમાં તે મનુષ્યનું અભિમાન રહેતું નથી; તે તો કેવળ સાક્ષીમાત્ર જ રહે છે.

કર્મયોગી પોતાને, ઈશ્વરને તથા કર્મસહિત પ્રકૃતિને, અલગ-અલગ ત્રણ સત્ય પદાર્થો માને છે, પરંતુ સાંખ્યયોગી ઈશ્વરની સત્તાને (હોવાપણાને) પોતાનાથી અલગ માનતો નથી; કેવળ એકમાત્ર આત્મસત્તા જ છે એવું માને છે તથા વિકાર સહિત પ્રકૃતિને અંતવાળી એટલે કે નાશવંત માને છે. તેથી બંનેના સિદ્ધાંત ભિન્ન ભિન્ન પ્રતીત થાય છે, તો પછી સાંખ્ય અને

• શરણનો સાર અર્થ છે : શ્રદ્ધા અને પ્રેમપૂર્વક નિષ્કામભાવે પ્રભુની આજ્ઞાનું પાલન કરવું, ગુણ અને પ્રભાવસહિત એના સ્વરૂપનું ચિંતન કરવું, તેમજ આપણાં કર્મો અનુસાર પરમેશ્વરકૃત સુખ-દુઃખ વગેરે વિધાનમાં સાવ સમચિત્ત રહેવું.

યોગને અહીં કઈ બાબતમાં એક બતાવવામાં આવ્યા છે?

ઉપર્યુક્ત શંકાનો ઉત્તર (સમાધાન) આ છે–

एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥

(ગીતા - ૫/૪નો પૂર્વાર્ધ)

'સંન્યાસ અને કર્મયોગ - એ બન્નેમાંથી એકમાં પણ સમ્યક્ રીતે સ્થિત માણસ બેયના ફળસ્વરૂપ પરમાત્માને પામે છે.'

પરમાત્માની પ્રાપ્તિરૂપી ફળ બંનેનું એક જ છે. પરમધામ, પરમપદ અને પરમગતિની પ્રાપ્તિ પણ આને જ કહે છે.

આનાથી એ વાત સિદ્ધ થઈ કે સાંખ્ય અને યોગ એ બંને સાધનોનું ફળ એક હોવાને કારણે તેમને એક કહ્યા છે. ફળ એક હોવાથી સિદ્ધાંત પણ એક જ હોવો જોઈએ, એ બરાબર છે, પરંતુ આ કોઈ નિયમ નથી. માર્ગ (સાધન) અને લક્ષ્ય ભિન્ન ભિન્ન પણ હોઈ શકે છે.

એક જ ગામમાં જવા માટે અનેક રસ્તાઓ હોય છે, કોઈ પણ રસ્તે જાઓ, પરિણામ બધાનું એક જ આવે છે. જેમ કે કોઈ દેશ (અમેરિકા)માં જનારાઓમાંનો એક તો પોતાની દિશા (ભારતવર્ષ)થી પશ્ચિમ ને પશ્ચિમમાં જ જાય છે અને બીજો પૂર્વ ને પૂર્વમાં જ જાય છે, પરંતુ ચાલતાં ચાલતાં અંતે બંનેય ત્યાં જ પહોંચી જાય છે. રસ્તા જુદા જુદા હોવાને કારણે પરસ્પર એકથી બીજાનું અંતર ઘણું જ જણાય છે, પરંતુ તે દેશમાં પહોંચી ગયા પછી તે અંતર રહેતું નથી.

આ પ્રમાણે એક ગામમાં જવા માટે જેમ અનેક માર્ગો હોય છે તેવી જ રીતે એક કાર્યની સિદ્ધિ માટે સાધન પણ અનેક હોઈ શકે છે. જેમ કે, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ સિદ્ધ કરનારા મનુષ્યોમાંનો એક પક્ષ તો કહે છે કે પૃથ્વી સ્થિર છે, સૂર્ય અને ચંદ્રમા ચાલે છે; અને બીજો કહે છે કે પૃથ્વી પણ ચાલે છે. બંનેના મત ભિન્ન ભિન્ન હોવાને કારણે એકથી બીજાનું ઘણું અંતર છે, પરંતુ ફળ બંનેયનું એક હોય છે.

તેથી સાધન અને મતની અત્યંત ભિન્નતા હોવા છતાં પણ બંનેનો ઉદ્દેશ અને બંનેનું પરિણામ એક ઈશ્વરની પ્રાપ્તિ હોવાને કારણે તે બંને એક જ છે.

હવે સાંખ્ય* અને કર્મયોગ*ની એકતા વિષે લખવામાં આવે છે. ઉપાસના બંનેય સાધનોમાં હોય છે. ઉપાસના વિનાનું જ્ઞાન અને કર્મયોગ એવાં જ શુષ્ક છે, જેમ પાણી વિનાની નદી.

ગીતા અનુસાર સાંખ્યયોગીની નિષ્ઠા પ્રમાણે, વિજ્ઞાનાનનંદઘન કેવળ એક પરમાત્મ-તત્ત્વ જ અનાદિ, નિત્ય અને સત્ય છે. તે વિજ્ઞાનાનંદઘનના સંકલ્પના આધારે એક અંશમાં સંસારની પ્રતીતિ થાય છે; જેમ કે નિર્મળ આકાશના કોઈ એક અંશમાં વાદળની પ્રતીતિ થાય છે. તેથી સાંખ્યયોગી વિશુદ્ધબુદ્ધિથી યુક્ત થઈને શોક, ભય, રાગ, દ્વેષ, મમતા, અહંકાર અને પરિગ્રહથી રહિત થઈને પવિત્ર અને એકાંત સ્થળનું સેવન કરે છે તેમ જ મન, વાણી તથા શરીરને વશ કરીને, સમસ્ત ભૂતપ્રાણીઓમાં સમભાવ ધારણ કરીને આત્મતત્ત્વનું વિવેચન કરતો રહીને પ્રશાંતચિત્તે પરમાત્માના સ્વરૂપનું એકીભાવથી એવી રીતે ધ્યાન કરે છે કે એક આનંદઘન વિજ્ઞાનસ્વરૂપ પૂર્ણબ્રહ્મ પરમાત્મા જ પરિપૂર્ણ છે; તેમના સિવાય બીજું કાંઈ જ નથી. તે બ્રહ્મનું જ્ઞાન પણ તે બ્રહ્મને જ છે. તેઓ સ્વયં

* • ગીતા-કથિત સાંખ્ય અને કર્મયોગને મહર્ષિ કપિલ-પ્રણીત સાંખ્યદર્શનથી તથા મહર્ષિ પતંજલિ-પ્રણીત યોગદર્શનથી ભિન્ન સમજવો જોઈએ.

જ્ઞાનસ્વરૂપ છે, તેમનો ક્યારેય અભાવ હોતો નથી. તેથી તે બ્રહ્મને સત્ય, સનાતન અને નિત્ય કહે છે. તે નિઃસીમ, અપાર અને અનંત છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, દ્રષ્ટા, દૃશ્ય, દર્શન વગેરે જે કંઈ પણ છે તે બધું બ્રહ્મસ્વરૂપ જ છે. વાસ્તવમાં એક પૂર્ણબ્રહ્મ પરમાત્મા સિવાય અન્ય કોઈ પણ વસ્તુ નથી.

તે વિજ્ઞાનાનંદઘન પરમાત્મા 'પૂર્ણ-આનંદ', 'અપાર આનંદ', 'શાંત આનંદ', 'ઘન-આનંદ', 'બોધસ્વરૂપ આનંદ', 'જ્ઞાનસ્વરૂપ આનંદ', 'પરમ આનંદ' 'નિત્ય-આનંદ', 'સત્-આનંદ', 'ચેતન આનંદ', 'આનંદ જ આનંદ' છે. એક 'આનંદ' સિવાય અન્ય કશું જ નથી. આ પ્રમાણે મનન કરતાં કરતાં જ્યારે મનના સમસ્ત સંકલ્પો તે પરમાત્મામાં વિલીન થઈ જાય છે, જ્યારે એક બોધસ્વરૂપ, આનંદઘન પરમાત્મા સિવાય અન્ય કોઈના પણ અસ્તિત્વનો સંકલ્પ જ રહેતો નથી, ત્યારે તેની સ્થિતિ તે આનંદમય અચિન્ત્ય પરમાત્મામાં નિશ્ચળ થઈ જાય છે. આ પ્રમાણે ધ્યાનનો નિત્ય નિયમપૂર્વક અભ્યાસ કરતાં કરતાં સાધન પરિપક્વ થવાથી જ્યારે સાધકના જ્ઞાનમાં તેની પોતાની તથા આ સંસારની સત્તા બ્રહ્મથી ભિન્ન રહેવા પામતી નથી; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય–સર્વ કાંઈ એક વિજ્ઞાનાનંદઘન બ્રહ્મસ્વરૂપ બની જાય છે ત્યારે તે કૃતાર્થ થઈ જાય છે.

સાંખ્યયોગી વ્યવહારકાળમાં ચોવીસ તત્ત્વોવાળા• ક્ષેત્રને જડ, વિકારી, નાશવંત અને અનિત્ય સમજે છે અને સમસ્ત ક્રિયા-કર્મોને પ્રકૃતિના કાર્યરૂપ તે ક્ષેત્રથી જ કરાયેલાં સમજે છે અર્થાત્ ઇન્દ્રિયો પોતપોતાના અર્થોમાં વર્તી રહી છે એ પ્રમાણે સમજે છે તેમ જ નિત્ય, ચેતન, અવિનાશી આત્માને નિર્વિકાર, અકર્તા તથા શરીરથી વિલક્ષણ સમજે છે. આમ સમજીને તે સાંખ્યયોગી મન, ઇન્દ્રિયો અને શરીર વડે થતાં સમસ્ત કર્મોમાં કર્તાપણાના અભિમાનથી રહિત થઈને કર્મ કરતો રહેવા છતાં પણ કર્મો વડે બંધાતો નથી.

તે સમસ્ત ભૂતપ્રાણીઓના અલગ-અલગ ભાવને કેવળ એક પરમાત્માના સંકલ્પના આધારે સ્થિત જુએ છે અને તે પરમાત્માના સંકલ્પથી સમસ્ત ભૂતપ્રાણીઓની ઉત્પત્તિના વિસ્તારને જુએ છે. આ પ્રમાણે અભ્યાસ કરતાં કરતાં અભ્યાસ પરિપક્વ થવાથી તે બ્રહ્મને એકીભાવથી પ્રાપ્ત કરી લે છે, એટલે કે તે એ બ્રહ્મને તદ્રૂપતાપૂર્વક પ્રાપ્ત કરી લે છે. જેમ કે, ગીતામાં ભગવાને કહ્યું છે –

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥

(ગીતા - ૫/૧૭)

'હે અર્જુન! પરમાત્મામાં જેમનું મન તદ્રૂપ થઈ રહ્યું છે, પરમાત્મામાં જેમની બુદ્ધિ તદ્રૂપ થઈ રહી છે અને સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ જેમની નિરંતર એકાત્મભાવે સ્થિતિ છે એવા પરમાત્મપરાયણ મનુષ્યો જ્ઞાન દ્વારા પાપરહિત થઈને અપુનરાવૃત્તિને એટલે કે પરમગતિને પામે છે.'

• **महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च । इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥**

(ગીતા - ૧૩/૫)

'પાંચ મહાભૂતો – અર્થાત્ આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીનો સૂક્ષ્મભાવ; અહંકાર, બુદ્ધિ અને મૂળ પ્રકૃતિ અર્થાત્ ત્રિગુણમયી માયા પણ, તથા દસ ઇન્દ્રિયો અર્થાત્ શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના અને ઘ્રાણ તથા વાક્, હસ્ત, પાદ, ઉપસ્થ અને ગુદા, એક મન અને ઇન્દ્રિયોના પાંચ વિષયો અર્થાત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ.'

બ્રહ્મને પ્રાપ્ત થયા પછી પુરુષની જે સ્થિતિ થાય છે, એના વિષે કાંઈ પણ લખવું ખરેખર ઘણું જ મુશ્કેલ છે. તેમ છતાં સાધુ મહાત્માઓ અને શાસ્ત્રો દ્વારા થોડુંક પણ જે કાંઈ સમજમાં આવ્યું છે તે વાચકોની જાણકારી માટે અહીં લખવામાં આવે છે. ત્રુટિઓ માટે વિજ્ઞજનો ક્ષમા કરે.

જેમ મનુષ્ય વાદળોના અલગ-અલગ વિકારોને કારણે પ્રતીત થતા આકાશના અલગ-અલગ ખંડોને વાદળોના નષ્ટ થઈ ગયા પછી તે એક અત્યંત નિર્મળ મહાકાશની અંતર્ગત જ જુએ છે, અર્થાત્ કેવળ એક અનંત નિર્મળ આકાશ સિવાય કાંઈ પણ દેખાતું નથી, એવી જ રીતે જ્ઞાની મહાત્મા માયાથી ઉત્પન્ન થયેલાં શરીરોના અલગ-અલગ વિકારોને કારણે (અજ્ઞાનથી) પ્રતીત થતા ભૂતપ્રાણીઓ (જીવો)ના અલગ-અલગ ભાવોને, તે જીવોની વિભિન્ન સત્તાને અજ્ઞાનનો નાશ થઈ જવાથી કેવળ તે એક અનંત નિત્ય વિજ્ઞાનાનંદઘન પરમાત્માની અંતર્ગત જ જુએ છે અર્થાત્ તે કેવળ એક વિશુદ્ધ, નિત્ય, વિજ્ઞાનાનંદઘન બ્રહ્મ સિવાય બીજું કાંઈ પણ જોતો નથી. જોકે તે જ્ઞાની માટે સંસારનો અત્યંત અભાવ થઈ જાય છે તોપણ પ્રારબ્ધને કારણે તેના અંતઃકરણમાં સંસારની પ્રતીતિમાત્ર થાય છે.

જેમ સ્વપ્નમાંથી જાગેલો મનુષ્ય સ્વપ્નની સૃષ્ટિના ઉપાદનકારણ અને નિમિત્તકારણ તરીકે સ્વયં પોતાને જ જુએ છે, તેવી જ રીતે તે સમસ્ત ચરાચર ભૂતપ્રાણીઓના ઉપાદાનકારણ■ અને નિમિત્તકારણ● તરીકે કેવળ વિજ્ઞાનાનંદઘન બ્રહ્મને જ જુએ છે; કેમ કે જ્યારે એક વિજ્ઞાનાનંદઘન બ્રહ્મ સિવાય કોઈ વસ્તુ જ રહેતી નથી ત્યારે તે બ્રહ્મથી ભિન્ન કોઈને કેવી રીતે જુએ? આ જ તે પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ છે. આને જ પરમપદની, પરમધામની અને પરમગતિની પ્રાપ્તિ પણ કહે છે.

ગીતા અનુસાર, કર્મયોગની નિષ્ઠામાં પ્રકૃતિને એટલે કે માયા, જીવાત્મા અને પરમેશ્વર – આ ત્રણ પદાર્થોને માનવામાં આવ્યા છે. સાતમા અધ્યાયમાં ભગવાને માયાના વિસ્તારનું અપરા પ્રકૃતિના નામે, જીવાત્માનું પરા પ્રકૃતિના નામે અને પરમેશ્વરનું અહંના નામે વર્ણન કર્યું છે. પંદરમા અધ્યાયમાં આ જ ત્રણે પદાર્થોને ક્ષર, અક્ષર અને પુરુષોત્તમના નામે વર્ણવ્યા છે. તે સર્વ- શક્તિમાન, બધાના કર્તાહર્તા, સર્વાન્તર્યામી, સર્વવ્યાપી પરમેશ્વર તે નિત્ય નિરંતર વિજ્ઞાનાનંદનઘન બ્રહ્મની પ્રતિષ્ઠા છે.* એટલે કે વિજ્ઞાનાનંદઘન બ્રહ્મ પણ તે જ છે. તેમણે જ પોતાની યોગમાયાના એક અંશથી સમસ્ત સંસારને પોતાનામાં ધારણ કરી રાખ્યો છે.* માયા ઈશ્વરની શક્તિ છે તથા તે જડ, અનિત્ય અને વિકારી છે તેમ જ ઈશ્વરને આધીન છે તથા જીવાત્મા પણ ઈશ્વરનો અંશ

■ ઉપાદાનકારણ તેને કહે છે, જેનાથી કાર્યની ઉત્પત્તિ થાય છે. જેમ કે ઘડાનું ઉપાદાન કારણ માટી છે અને ઘરેણાનું સોનું છે.

● નિમિત્તકારણ તેને કહે છે, જેના વડે વસ્તુનું નિર્માણ થાય છે. જેમ કે ઘડાનું નિમિત્ત કારણ કુંભાર છે અને ઘરેણાનું સોની છે.

* બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમમૃતસ્યાવ્યયસ્ય ચ । શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ॥ (ગીતા - ૧૪/૨૭)

* વિષ્ટભ્યાહમિદં કૃત્સ્નમેકાંશેન સ્થિતો જગત્ । (ગીતા - ૧૦/૪૨)

હોવાને કારણે નિત્ય વિજ્ઞાનાનંદઘનસ્વરૂપ છે.◈ પરંતુ માયામાં સ્થિત હોવાને કારણે પરવશ થયેલો તે ગુણો અને કર્મો અનુસાર સુખ-દુઃખ વગેરે ભોગવે છે અને જન્મ-મૃત્યુ પામે છે. પરંતુ પરમાત્માના શરણે થવાથી તે માયાથી છુટકારો મેળવીને પરમપદને પ્રાપ્ત કરી શકે છે. ગીતાના સાતમા અધ્યાયના ૧૪મા શ્લોકમાં કહ્યું છે –

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥
(ગીતા - ૭/૧૪)

'કેમ કે આ અલૌકિક અર્થાત્ ઘણી અદ્‌ભુત ત્રિગુણમયી મારી માયા પાર કરવી ઘણી કઠિન છે, પરંતુ જે માણસો માત્ર મને જ નિરંતર ભજે છે, એટલે કે મારા શરણે આવી જાય છે તેઓ આ માયાને પાર કરી જાય છે, એટલે કે સંસાર-સાગરને તરી જાય છે.'

તેથી જે કર્મયોગી પવિત્ર અને એકાંત સ્થાનમાં સ્થિત થઈને પણ માત્ર શરીર, ઇન્દ્રિયો અને મનને સ્વાધીન કરીને, પરમાત્માના શરણે થઈને પ્રશાંત અને એકાગ્ર મનથી શ્રદ્ધા અને પ્રેમપૂર્વક પરમાત્માનું ધ્યાન કરે છે એવા યોગીની ભગવાને સ્વયં પ્રશંસા કરી છે –

યોગિનામપિ સર્વેષાં મદ્‌ગતેનાન્તરાત્મના ।
શ્રદ્ધાવાન્ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ ॥
(ગીતા - ૬/૪૭)

'સઘળા યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન યોગી મારામાં જોડાયેલા અન્તરાત્માથી મને નિરંતર ભજે છે તે યોગી મને સૌથી શ્રેષ્ઠ માન્ય છે.'

વ્યવહારકાળમાં કર્મયોગી કર્મોનાં ફળ અને આસક્તિને ત્યજીને સમત્વબુદ્ધિથી ભગવાનની આજ્ઞા અનુસાર ભગવાનને માટે કર્મ કરે છે, તેથી તેને કર્મો બાંધી શકતાં નથી; કારણ કે રાગ-દ્વેષ જ બંધનકર્તા છે. સમત્વબુદ્ધિ થવાથી રાગ-દ્વેષનો નાશ થઈ જાય છે, તેથી તેને કર્મો બાંધી શકતાં નથી. એવા યોગીની પ્રશંસા કરતાં સ્વયં ભગવાન કહે છે કે 'તેને નિત્ય સંન્યાસી જાણવો જોઈએ.'

જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાઙ્ક્ષતિ ।
નિર્દ્વન્દ્વો હિ મહાબાહો સુખં બન્ધાત્પ્રમુચ્યતે ॥
(ગીતા - ૫/૩)

'હે મહાબાહો! જે માણસ ન તો કોઈનોય દ્વેષ કરે છે કે ન તો કશાયની આકાંક્ષા કરે છે, તે કર્મયોગી સદા સંન્યાસી જ સમજવા યોગ્ય છે; કેમ કે રાગ-દ્વેષ વગેરે દ્વન્દ્વો વિનાનો માણસ સુખપૂર્વક સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે.'

કર્મો ભગવાનની આજ્ઞાથી ભગવાન માટે કરવામાં આવતાં હોવાને કારણે તેમાં કર્તાપણાનું અભિમાન પણ નિરભિમાન સમાન જ છે. તેથી તે નિષ્કામ કર્મયોગી વ્યવહારકાળમાં ભગવાનના શરણે થઈને નિરંતર ભગવાનને યાદ રાખતો રહીને ભગવાનની આજ્ઞા અનુસાર સઘળાં કર્મો ભગવાનની પ્રસન્નતા માટે જ કરે છે. જેમ કે ગીતાના અઢારમા અધ્યાયના ૫૬-૫૭મા શ્લોકોમાં ભગવાને કહ્યું છે –

સર્વકર્માણ્યપિ સદા કુર્વાણો મદ્‌વ્યપાશ્રયઃ ।
મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ॥
(ગીતા - ૧૮/૫૬)

◈ મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ । (ગીતા - ૧૫/૭)
'આ દેહમાં જીવાત્મા મારો જ સનાતન અંશ છે.'
ઈસ્વર અંસ જીવ અબિનાસી । ચેતન અમલ સહજ સુખરાસી ॥ (રામચરિતમાનસ, ઉત્તરકાંડ - ૧૧૭/૧)

'મારે પરાયણ થયેલો કર્મયોગી સઘળાં કર્મોને સદા કરતો હોવા છતાંય મારી કૃપાથી શાશ્વત અવિનાશી પરમપદને પામી જાય છે.'

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव॥

(ગીતા - ૧૮/૫૭)

'માટે હે અર્જુન! સઘળાં કર્મોને મનથી મારામાં અર્પીને તેમજ સમબુદ્ધિરૂપી યોગને આશ્રયે રહીને, તું મારે પરાયણ અને નિરંતર મારામાં ચિત્ત પરોવનાર થા.'

આ પ્રમાણે અભ્યાસ કરતાં કરતાં જ્યારે ભગવાનની કૃપાથી તેમના પ્રભાવને સમજી જાય છે ત્યારે તે બધા પ્રકારે નિત્ય-નિરંતર ભગવાન વાસુદેવને જ ભજે છે. જેમ કે ગીતામાં કહ્યું છે–

यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम्।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत॥

(ગીતા - ૧૫/૧૯)

'હે ભરતવંશી! જે જ્ઞાની માણસ મને આ રીતે તત્ત્વથી પુરુષોત્તમસ્વરૂપે જાણે છે એ સર્વજ્ઞ માણસ સર્વ રીતે નિરંતર મુજ વાસુદેવ પરમેશ્વરને જ ભજે છે.'

પછી તો તેને ભજનના પ્રભાવથી બધે જ એક વાસુદેવ જ દેખાય છે. તેથી તે વાસુદેવથી ક્યારેય અલગ થઈ શકતો નથી.

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति॥

(ગીતા - ૬/૩૦)

'જે માણસ સઘળાં ભૂતોમાં સહુના આત્મારૂપ મુજ વાસુદેવને જ વ્યાપેલ જુએ છે અને સઘળાં ભૂતોને મુજ વાસુદેવની અન્તર્ગત જુએ છે એને માટે હું અદૃશ્ય નથી હોતો અને તે મારે માટે અદૃશ્ય નથી હોતો.'

આનાથી તે ભગવાન વાસુદેવને જ પ્રાપ્ત કરી લે છે અને તેના માટે આ સમસ્ત સંસાર પણ વાસુદેવના રૂપમાં પરિણત થઈ જાય છે; એક વાસુદેવ સિવાય કાંઈ પણ વસ્તુ રહેતી નથી, ત્યાં માયાનો અત્યંત અભાવ થઈ જાય છે.

ભક્તિ, ભક્ત, ભગવાન - બધાં એક જ રૂપમાં પરિણત થઈ જાય છે; તેથી તે ભક્તની ભગવાનથી કોઈ અલગ સત્તા રહેતી નથી. તદ્રૂપતાથી તે પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય છે.

यत्साङ्ख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते।

(ગીતા - ૫/૫ પૂર્વાર્ધ)

'જ્ઞાનયોગીઓ વડે જે પરમધામ પ્રાપ્ત કરાય છે તે જ કર્મયોગીઓ વડે પણ પ્રાપ્ત કરવામાં આવે છે.' - આ શબ્દોથી સાંખ્યયોગ વડે સાધન કરનારા જ્ઞાનીને પ્રાપ્ત થવા યોગ્ય જે પરમધામ બતાવવામાં આવ્યું છે તે જ પરમધામ ભગવાનની કૃપાથી નિષ્કામ કર્મયોગનું સાધન કરનારા ભક્તને પ્રાપ્ત થાય છે.

એ જ મહાત્માની પ્રશંસા કરતાં ભગવાન કહે છે –

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः॥

(ગીતા - ૭/૧૯)

'ઘણા જન્મો પછીના અંતિમ જન્મમાં તત્ત્વજ્ઞાન પામેલો માણસ 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' એવા ભાવે મને ભજે છે; એ મહાત્મા ઘણો દુર્લભ છે.'

પરંતુ કોઈ-કોઈ ભક્ત અવિદ્યાનો નાશ થયા પછી પણ ભગવાનના રહસ્યને જાણવા છતાં પ્રેમની સામે મુક્તિને તુચ્છ સમજે છે અને તે ભગવાનને સેવ્ય અને પોતાને સેવક અથવા સખા સમજીને ભગવાનના પ્રેમરસનું પાન કરે છે, તેના માટે ભગવાનની માયા લીલાના રૂપમાં પરિણત

થઈ જાય છે. તેથી તે મનુષ્ય ભગવાનમાં તદ્રૂપતાને પામતો નથી અને ભગવાનની કૃપાથી દિવ્ય દેહ ધારણ કરીને અર્ચિમાર્ગ વડે સ્થાન-વિશેષ એવા ભગવાનના પરમ દિવ્ય નિત્યધામને પ્રાપ્ત કરે છે; ત્યાં તે લીલામય ભગવાનની સાથે લીલા કરતો રહીને નિત્ય પ્રેમમય અમૃતનું પાન કરે છે; અને પછી દુઃખના નિવાસરૂપ આ અનિત્ય પુનર્જન્મને તે પામતો નથી.

સાધનની પરિપક્વ અવસ્થા થઈ જવાથી બંનેયના રાગ-દ્વેષ, અહંતા-મમતા, ભય તેમ જ અજ્ઞાન વગેરે વિકારોનો નાશ થઈ જાય છે અને તેઓ તેજ, ક્ષમા, ધૃતિ, શૌચ, સંતોષ, સમતા, શાંતિ, સત્યતા, દયા વગેરે ગુણોથી સંપન્ન થઈ જાય છે.

સાંખ્યયોગીનું કર્મોમાં કર્તૃત્વનું અભિમાન નહીં રહેવાને કારણે તેનો કર્મો સાથે સંબંધ રહેતો નથી અને કર્મયોગી ફળાસક્તિ ત્યજીને કર્મો ઈશ્વરને અર્પણ કરી દે છે તેથી તેનો કર્મો સાથે સંબંધ રહેતો નથી. સાંખ્યયોગી સંસારનો બાધ કરીને વિજ્ઞાનાનંદઘન પરમાત્માના સ્વરૂપની સ્થાપના કરે છે અને નિષ્કામ કર્મયોગી પ્રકૃતિસહિત સંસારને તથા સ્વયં પોતાને પણ પરમાત્માના સ્વરૂપમાં પરિણત કરી દે છે. ફળસ્વરૂપે વાત એક જ છે. તેથી ભગવાને સાંખ્ય અને યોગને તેમનાં ફળોમાં એકતા હોવાને કારણે એક કહ્યા છે.

ઉપસંહાર

પરમાત્માની પ્રાપ્તિનો આ વિષય એટલો ગહન છે કે તેને લખીને સમજાવવો અસંભવ છે, કેમ કે આ વાણીનો વિષય જ નથી. આ પરમ ગોપનીય રહસ્ય છે અને સમસ્ત સાધનોનું ફળ છે. જે આને પામી લે છે તે જ આને જાણે છે. પરંતુ આ પ્રમાણે કહેવું એ પણ શક્ય નથી. જે પણ કાંઈ કહેવામાં આવે છે અથવા તો સમજવામાં આવે છે તેનાથી એ વિલક્ષણ જ રહી જાય છે. જાણનારા જ એને જાણે છે અને જાણનારાઓથી જ જાણી શકાય છે. તેથી જાણનારાઓ પાસેથી જાણવું જોઈએ. શ્રુતિ કહે છે –

ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત ।
ક્ષુરસ્ય ધારા નિશિતા દુરત્યયા
દુર્ગં પથસ્તત્કવયો વદન્તિ ॥

(કઠોપનિષદ - ૧/૩/૧૪)

'ઊઠો, જાગો અને મહાપુરુષોની સમીપ જઈને તેમના દ્વારા તત્ત્વજ્ઞાનના રહસ્યને સમજો. કવિજનો આને અસ્ત્રાની તીક્ષ્ણ ધાર જેવો અત્યંત કપરો માર્ગ બતાવે છે.' પરંતુ કપરો માનીને હતાશ થવાની કોઈ જરૂર નથી; કેમ કે ભગવાનમાં ચિત્ત જોડવાથી મનુષ્ય બધી જ મુશ્કેલીઓમાંથી અનાયાસે જ તરી જાય છે. ગીતામાં ભગવાને કહ્યું છે –

અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।
તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥

(ગીતા - ૮/૧૪)

'હે પૃથાપુત્ર! જે માણસ મારામાં અનન્ય-ચિત્ત થઈને સદાય નિરંતર મુજ પુરુષોત્તમને સ્મરે છે, એ નિત્ય-નિરંતર મારામાં જોડાયેલા યોગીને માટે હું સુલભ છું એટલે કે એને સહજ રીતે મળી જાઉં છું.'

તેથી મહાન પુરુષોનો સંગ* કરીને પરમેશ્વરમાં શ્રદ્ધા અને પ્રેમ વધારવાં જોઈએ. જેમની પરમેશ્વરમાં શ્રદ્ધા અને પ્રીતિ નથી તેમના માટે જ બધી મુશ્કેલીઓ છે.

—★—

* સંસારમાં જેઓ સૌથી ઉત્તમ સદાચારી, ત્યાગી, જ્ઞાની, મહાત્મા દેખાય તેમની પાસે જઈને, તેમની આજ્ઞા અનુસાર સાધનમાં તત્પરતાથી રત રહેવું એને 'સંગ' કહેવાય.

शिव-तत्त्व

शान्तं पद्मासनस्थं शशधरमुकुटं पञ्चवक्त्रं त्रिनेत्रं
शूलं वज्रं च खड्गं परशुमभयदं दक्षभागे वहन्तम् ।
नागं पाशं च घण्टां प्रलयहुतवहं साङ्कुशं वामभागे
नानालङ्कारयुक्तं स्फटिकमणिनिभं पार्वतीशं नमामि ॥

'જેઓ શાંતસ્વરૂપના છે, કમળના આસન પર વિરાજમાન છે, મસ્તક પર ચંદ્રમાનો મુગટ ધારણ કરનારા છે, જેમનાં પાંચ મુખો છે, ત્રણ નેત્રો છે, જેઓ પોતાની જમણી બાજુની ભુજાઓમાં શૂળ, વજ્ર, ખડ્ગ, પરશુ અને અભયમુદ્રા ધારણ કરે છે તથા ડાબી બાજુની ભુજાઓમાં સર્પ, પાશ, ઘંટ, પ્રલયાગ્નિ અને અંકુશ ધારણ કરી રાખે છે, એ અનેક જાતના અલંકારોથી યુક્ત તથા સ્ફટિકમણિ જેવા શ્વેતવર્ણના ભગવાન પાર્વતીપતિને હું નમસ્કાર કરું છું.'

શિવ-તત્ત્વ ઘણું ગહન છે. મારા જેવા સાધારણ વ્યક્તિનું આ તત્ત્વ પર કંઈ લખવું એક રીતે બાલિશતા સમાન છે. પણ એ બહાને એ વિજ્ઞાનાનંદઘન મહેશ્વરની ચર્ચા થઈ જશે, એમ સમજીને પોતાના નિજાનંદ ખાતર કંઈક લખી રહ્યો છું. વિદ્વાન મહાનુભાવો ક્ષમા કરે.

શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ વગેરેમાં સૃષ્ટિની ઉત્પત્તિનું જુદા જુદા પ્રકારે વર્ણન મળે છે. આ બાબતે તો એવું કહી શકાય છે કે જુદા જુદા ઋષિઓના અલગ અલગ મત હોવાને કારણે એમનાં વર્ણનોમાં ભેદ હોવાનો સંભવ છે, પણ પુરાણો તો અઢારેય એક જ મહર્ષિ વેદવ્યાસના રચેલાં માનવામાં આવે છે, એમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિના વર્ણનમાં વિભિન્નતા જ જોવા મળે છે. શૈવપુરાણોમાં શિવમાંથી, વૈષ્ણવપુરાણોમાં વિષ્ણુ, કૃષ્ણ કે રામમાંથી અને શાક્તપુરાણોમાં દેવીમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ જણાવવામાં આવી છે, આનું શું કારણ છે? એક જ પુરુષ દ્વારા રચાયેલાં જુદાં જુદાં પુરાણોમાં એક જ ખાસ વિષયમાં આટલો ભેદ કેમ? સૃષ્ટિના વિષયમાં જ નહીં, ઈતિહાસો અને કથાઓનો પણ પુરાણોમાં ક્યાંક ક્યાંક સાવ ભેદ જોવા મળે છે. આનું શું કારણ છે?

આ પ્રશ્ન પર મૂળ તત્ત્વ તરફ લક્ષ રાખીને ગંભીરતાપૂર્વક વિચાર કરતાં એ સ્પષ્ટ જણાઈ આવે છે કે સૃષ્ટિની ઉત્પત્તિના ક્રમમાં ભિન્ન ભિન્ન શ્રુતિ, સ્મૃતિ અને ઈતિહાસ-પુરાણોનાં વર્ણનોમાં તેમ જ યોગ, સાંખ્ય, વેદાંત વગેરે શાસ્ત્રોના રચયિતા ઋષિઓનાં કથનોમાં ભેદ રહેવા છતાં પણ વાસ્તવમાં મૂળ સિદ્ધાંતમાં કશો ખાસ ભેદ નથી. કેમકે, લગભગ સૌ કોઈ નામ-રૂપ બદલીને આદિમાં પ્રકૃતિ-પુરુષથી જ સૃષ્ટિની ઉત્પત્તિ જણાવે છે. વર્ણનમાં ભેદ હોવાનાં અથવા ભેદ જણાવાનાં નીચે લખેલાં ઘણાં કારણો છે-

(૧) મૂળ-તત્ત્વ એક હોવા છતાં પણ દરેક મહાસર્ગના આદિમાં સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ સદા એક જેવો નથી રહેતો; કેમકે, વેદ, શાસ્ત્રો અને પુરાણોમાં જુદા જુદા સર્ગ અને મહાસર્ગોનું વર્ણન છે, એટલે વર્ણનમાં ભેદ હોવો સ્વાભાવિક છે.

(૨) મહાસર્ગ અને સર્ગના આદિમાં પણ ઉત્પત્તિ-ક્રમમાં ભેદ રહે છે. ગ્રંથોમાં ક્યાંક મહાસર્ગનું વર્ણન છે તો ક્યાંક સર્ગનું, એ કારણે પણ ભેદ થઈ જાય છે.

(૩) દરેક સર્ગના આદિમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ સદા એક જેવો નથી રહેતો, એ પણ ભેદ હોવાનું એક કારણ છે.

(૪) સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન અને સંહારના

ક્રમનું રહસ્ય ઘણું સૂક્ષ્મ અને જાણવું અઘરું છે, એને સમજાવવા માટે અનેક પ્રકારનાં રૂપકોથી ઉદાહરણ વાક્યો દ્વારા નામરૂપ બદલીને જુદી જુદી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ વગેરેનું રહસ્ય જણાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ તાત્પર્યને ન સમજવાને કારણે પણ એક કરતાં બીજા ગ્રંથના વર્ણનમાં ખાસ ભેદ જણાઈ આવે છે.

આ તો સૃષ્ટિની ઉત્પત્તિ વગેરેની બાબતમાં વેદ-શાસ્ત્રોમાં ભેદ હોવાનાં કારણો છે. હવે પુરાણોની બાબતમાં વિચાર કરવાનો છે. પુરાણોની રચના મહર્ષિ વેદવ્યાસજીએ કરી. વેદવ્યાસજી ઘણા મોટા તત્ત્વદર્શી વિદ્વાન અને સૃષ્ટિનાં સઘળાં રહસ્યોને જાણનારા મહાપુરુષ હતા. એમણે જોયું કે વેદ-શાસ્ત્રોમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ વગેરે બ્રહ્મનાં અનેક નામોનું વર્ણન હોવાથી વાસ્તવિક રહસ્યને નહીં સમજીને પોતપોતાની રુચિ અને બુદ્ધિની વિચિત્રતાને કારણે માણસો આ જુદાં જુદાં નામ-રૂપ ધરાવતા એક જ પરમાત્માને અનેક માનવા માંડ્યા છે અને અનેક મત-મતાંતરોનો વિસ્તાર હોવાથી અસલ તત્ત્વનું લક્ષ્ય જતું રહ્યું છે. આ સ્થિતિમાં એમણે સૌને એક જ પરમ લક્ષ્ય તરફ વાળીને સર્વોત્તમ માર્ગ પર લાવવા માટે તેમજ શ્રુતિ, સ્મૃતિ વગેરેનું રહસ્ય સ્ત્રી, શૂદ્ર વગેરે અલ્પબુદ્ધિના માણસોને સમજાવવા માટે એ સૌના હિતના ઉદ્દેશ્યથી પુરાણોની રચના કરી. પુરાણોની રચનાશૈલી જોવાથી જણાય છે કે મહર્ષિ વેદવ્યાસજીએ એમાં એ જાતનાં વર્ણન, ઉપદેશ અને આદેશ કર્યાં છે કે જેમના પ્રભાવથી પરમેશ્વરનાં અનેક પ્રકારનાં નામ અને રૂપોને જોઈને પણ માણસ પ્રમાદ, લોભ અને મોહને વશીભૂત થઈ સન્માર્ગનો ત્યાગ કરીને અવળા માર્ગે ન જઈ શકે. તેઓ કોઈ પણ નામરૂપે પરમેશ્વરની ઉપાસના કરતાં કરતાં પણ સન્માર્ગે ટકી રહી શકે છે. બુદ્ધિ અને રુચિ-વૈચિત્ર્યને કારણે સંસારમાં જાત-જાતના દેવતાઓની ઉપાસના કરનારા જનસમુદાયને એક જ તાંતણે બાંધીને એમને સન્માર્ગે વાળી દેવાના ઉદ્દેશ્યથી જ શાસ્ત્ર અને વેદોક્ત દેવતાઓને ઈશ્વરત્વ આપીને જુદાં જુદાં પુરાણોમાં જુદા જુદા દેવતાઓ દ્વારા જુદી જુદી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો ક્રમ જણાવવામાં આવ્યો છે. આમાં પણ જીવો પર મહર્ષિ વેદવ્યાસજીની પરમ કૃપા છે. એમણે સૌને માટે પરમધામ પહોંચવાનો માર્ગ સરળ કરી દીધો. પુરાણોમાં એ સિદ્ધ કરી દીધું છે કે જે માણસ ભગવાનના જે નામ-રૂપનો ઉપાસક હોય એ એને જ સર્વોપરિ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વવ્યાપી, સંપૂર્ણ ગુણાધાર, વિજ્ઞાનાનંદઘન પરમાત્મા માને અને એને જ સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન અને સંહાર કરનારા બ્રહ્મા, વિષ્ણુ, મહેશના રૂપે પ્રગટ થઈને ક્રિયા કરનાર સમજે. ઉપાસક માટે આવું જ સમજવું પરમ લાભદાયક અને સર્વોત્તમ છે કે મારા ઉપાસ્ય દેવથી વધીને બીજું કોઈ છે જ નહીં. સર્વ કાંઈ એનો જ લીલા-વિસ્તાર કે વિભૂતિ છે.

વાસ્તવમાં વાત પણ આ જ છે. એક નિર્વિકાર, નિત્ય, વિજ્ઞાનાનંદઘન પરબ્રહ્મ પરમાત્મા જ છે. એમના જ કોઈ અંશમાં પ્રકૃતિ છે. એ પ્રકૃતિને જ લોકો માયા, શક્તિ વગેરે નામોથી ઓળખે છે. એ માયા ઘણી વિચિત્ર છે. એને કોઈ અનાદિ, અનંત કહે છે તો કોઈ અનાદિ, સાંત માને છે; કોઈ એ બ્રહ્મની શક્તિને બ્રહ્મથી અભિન્ન માને છે તો કોઈ ભિન્ન જણાવે છે, કોઈ સત્ કહે છે તો કોઈ અસત્ પ્રતિપાદન કરે છે. વાસ્તવમાં માયા વિશે જે કંઈ પણ કહેવામાં આવે છે, માયા એનાથી વિલક્ષણ છે.

કેમકે એને ન તો અસત્ કહી શકાય એમ છે કે ન સત્. અસત્ એટલા માટે નથી કહી શકતા કે એનું વિકૃત રૂપ એવો આ સંસાર (ભલે એ ગમે તે રૂપે કેમ ન હોય) પ્રત્યક્ષ જણાઈ આવે છે અને સત્ એટલા માટે નથી કહી શકતા કે જડ દૃશ્ય સાવ પરિવર્તનશીલ હોવાને લીધે એની નિત્ય સમ સ્થિતિ નથી જોવા મળતી તેમ જ જ્ઞાન થયા પછીના સમયમાં એનો કે એના સંબંધનો સાવ અભાવ પણ જણાવવામાં આવ્યો છે અને જ્ઞાનીનો ભાવ જ અસલ ભાવ છે. માટે એને અનિર્વચનીય સમજવી.

વિજ્ઞાનાનંદઘન પરમાત્માનાં વેદોમાં બે સ્વરૂપ માનવામાં આવ્યાં છે. પ્રકૃતિરહિત બ્રહ્મને નિર્ગુણ બ્રહ્મ કહેવામાં આવ્યું છે અને જે અંશમાં પ્રકૃતિ કે ત્રિગુણમયી માયા છે એ પ્રકૃતિસહિત બ્રહ્મના અંશને સગુણ કહે છે. સગુણ બ્રહ્મના પણ બે ભેદો માનવામાં આવ્યા છે - એક નિરાકાર, બીજો સાકાર. એ નિરાકાર, સગુણ બ્રહ્મને જ મહેશ્વર, પરમેશ્વર વગેરે નામોથી પોકારવામાં આવે છે. એ જ સર્વવ્યાપી, નિરાકાર, સૃષ્ટિકર્તા પરમેશ્વર સ્વયં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ - એ ત્રણે રૂપોમાં પ્રગટ થઈને સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન અને સંહાર કર્યા કરે છે. આ રીતે પાંચ રૂપોમાં વિભક્ત જેવા થયેલા પરાત્પર, પરબ્રહ્મ પરમાત્માને જ શિવના ઉપાસકો સદાશિવ, વિષ્ણુના ઉપાસકો મહાવિષ્ણુ અને શક્તિના ઉપાસકો મહાશક્તિ વગેરે નામોથી પોકારે છે. શ્રીશિવ, વિષ્ણુ, બ્રહ્મા, શક્તિ, રામ, કૃષ્ણ વગેરે સૌના વિશે આવાં પ્રમાણો મળે છે. શિવના ઉપાસકો નિત્ય વિજ્ઞાનાનંદઘન નિર્ગુણ બ્રહ્મને સદાશિવ, સર્વવ્યાપી, નિરાકાર; સગુણ બ્રહ્મને મહેશ્વર; સૃષ્ટિને ઉત્પન્ન કરનારને બ્રહ્મા; પાલનકર્તાને વિષ્ણુ અને સંહારકર્તાને રુદ્ર કહે છે અને આ પાંચેય શિવનું રૂપ છે એમ જણાવે છે. ભગવાન વિષ્ણુ પ્રત્યે ભગવાન મહેશ્વર કહે છે–

त्रिधा भिन्नो ह्यहं विष्णो ब्रह्मविष्णुहराख्यया ।
सर्गरक्षालयगुणैर्निष्कलोऽपि सदा हरे ॥
यथा च ज्योतिषः सङ्गाज्जलादेः स्पर्शता न वै ।
तथा ममागुणस्यापि संयोगाद्बन्धनं न हि ॥
यथैकस्या मृदो भेदो नाम्नि पात्रे न वस्तुतः ।
यथैकस्य समुद्रस्य विकारो नैव वस्तुतः ॥
एवं ज्ञात्वा भवद्भ्यां च न दृश्यं भेदकारणम् ।
वस्तुतः सर्वदृश्यं च शिवरूपं मतं मम ॥
अहं भवानयं चैव रुद्रोऽयं यो भविष्यति ।
एकं रूपं न भेदोऽस्ति भेदे च बन्धनं भवेत् ॥
तथापीह मदीयं वै शिवरूपं सनातनम् ।
मूलभूतं सदा प्रोक्तं सत्यं ज्ञानमनन्तकम् ॥

(શિવપુરાણ જ્ઞાન૦ ૪/૪૧, ૪૪, ૪૮-૫૧)

'હે વિષ્ણો! હે હરે!! હું સ્વભાવે નિર્ગુણ હોવા છતાં પણ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ તેમજ પ્રલય માટે રજ, સત્ત્વ વગેરે ગુણોથી ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર - એ નામો દ્વારા ત્રણ રૂપોમાં વિભક્ત થઈ રહ્યો છું. જે રીતે જળ વગેરેના સંસર્ગથી એટલે કે એમાં પ્રતિબિંબ પડવાથી સૂર્ય વગેરે જ્યોતિઓમાં એનો સંપર્ક નથી હોતો, એ જ રીતે મુજ નિર્ગુણનું પણ ગુણોના સંયોગથી બંધન નથી થતું. માટીનાં અનેક જાતનાં પાત્રોમાં કેવળ નામ અને આકારનો જ ભેદ છે, વાસ્તવિક ભેદ નથી - એકમાત્ર માટી જ છે. સમુદ્રના પણ ફીણ, પરપોટા, તરંગો વગેરે વિકાર લક્ષિત થાય છે, વાસ્તવમાં સમુદ્ર એક જ છે. એમ સમજીને આપ સૌએ ભેદનું કોઈ કારણ ન જોવું જોઈએ. વાસ્તવમાં સઘળા દૃશ્ય પદાર્થો શિવરૂપ જ છે, આવો મારો મત છે. હું, આપ, આ બ્રહ્માજી અને આગળ જતાં મારી જે રુદ્રમૂર્તિ ઉત્પન્ન

થશે આ બધાં એકરૂપ જ છે, એમનામાં કશો ભેદ નથી. ભેદ જ બંધનનું કારણ છે. છતાં પણ અહીં મારું આ શિવરૂપ નિત્ય, સનાતન તેમજ સૌનું મૂળસ્વરૂપ કહેવાયું છે. આ જ સત્ય, જ્ઞાન તેમજ અનંતરૂપ ગુણાતીત પરબ્રહ્મ છે.'

સાક્ષાત્ મહેશ્વરનાં આ વચનોથી એમનાં **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** - નિત્ય વિજ્ઞાનાનંદઘન નિર્ગુણરૂપ, સર્વવ્યાપી, સગુણ, નિરાકારરૂપ અને બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રરૂપ - આ પાંચેય સિદ્ધ થાય છે. આ જ સદાશિવ પંચવક્ત્ર છે.

આ જ રીતે શ્રીવિષ્ણુના ઉપાસકો નિર્ગુણ પરાત્પર બ્રહ્મને મહાવિષ્ણુ, સર્વવ્યાપી, નિરાકાર; સગુણ બ્રહ્મને વાસુદેવ તથા સૃષ્ટિ, પાલન અને સંહાર કરનારાં રૂપોને ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહે છે. મહર્ષિ પરાશર ભગવાન વિષ્ણુની સ્તુતિ કરતાં કહે છે–

अविकाराय शुद्धाय नित्याय परमात्मने ।
सदैकरूपरूपाय विष्णवे सर्वजिष्णवे ॥
नमो हिरण्यगर्भाय हरये शङ्कराय च ।
वासुदेवाय ताराय सर्गस्थित्यन्तकारिणे ॥
एकानेकस्वरूपाय स्थूलसूक्ष्मात्मने नमः ।
अव्यक्तव्यक्तरूपाय विष्णवे मुक्तिहेतवे ॥
सर्गस्थितिविनाशानां जगतोऽस्य जगन्मयः ।
मूलभूतो नमस्तस्मै विष्णवे परमात्मने ॥
आधारभूतं विश्वस्याप्यणीयांसमणीयसाम् ।
प्रणम्य सर्वभूतस्थमच्युतं पुरुषोत्तमम् ॥

(વિષ્ણુપુરાણ ૧/૨/૧-૫)

'નિર્વિકાર, શુદ્ધ, નિત્ય, પરમાત્મા, સર્વદા એકરૂપ, સર્વવિજયી હરિ, હિરણ્યગર્ભ શંકર, વાસુદેવ વગેરે નામોથી પ્રસિદ્ધ સંસાર-તારક, વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને કારણે, એક અને અનેક સ્વરૂપ ધરાવતા, સ્થૂળ, સૂક્ષ્મ - ઉભયાત્મક વ્યક્તાવ્યક્તસ્વરૂપ તેમ જ મુક્તિદાતા ભગવાન વિષ્ણુને મારા વારંવાર નમસ્કાર છે. જે જગન્મય ભગવાન આ સંસારની ઉત્પત્તિ, પાલન અને વિનાશનું મૂળ કારણ છે, એ સર્વવ્યાપી ભગવાન વાસુદેવ પરમાત્માને મારાં નમસ્કાર છે. વિશ્વાધાર, અત્યંત સૂક્ષ્મથીય સૂક્ષ્મ, સઘળાં ભૂતોની ભીતર રહેનારા, અચ્યુત પુરુષોત્તમ ભગવાનને મારા પ્રણામ છે.'

અહીં અવ્યક્તથી નિર્વિકાર, નિત્ય શુદ્ધ પરમાત્માનું નિર્ગુણ સ્વરૂપ સમજવું. વ્યક્તથી સગુણ સ્વરૂપ સમજવું. એ સગુણનાં પણ સ્થૂળ અને સૂક્ષ્મ - બે સ્વરૂપો જણાવવામાં આવ્યાં છે. અહીં સૂક્ષ્મથી સર્વવ્યાપી ભગવાન વાસુદેવને સમજવા, કે જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના પણ મૂળ કારણ છે તેમ જ સૂક્ષ્મથીય અતિ સૂક્ષ્મ પુરુષોત્તમ નામે જણાવવામાં આવ્યા છે તથા સ્થૂળ સ્વરૂપ અહીં સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના વાચક છે કે જે હિરણ્યગર્ભ હરિ અને શંકરના નામે કહેવાયા છે. આ જ બધાં વચનોથી શ્રીવિષ્ણુ ભગવાનનાં ઉપર કહેલાં પાંચેય રૂપો સિદ્ધ થાય છે.

એ જ રીતે ભગવતી મહાશક્તિની સ્તુતિ કરતાં દેવગણો કહે છે –

सृष्टिस्थितिविनाशानां शक्तिभूते सनातनि ।
गुणाश्रये गुणमयि नारायणि नमोऽस्तु ते ॥

(માર્કણ્ડેયપુરાણ ૯૧/૧૦)

'બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના રૂપે સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન અને વિનાશ કરનારી હે સનાતની શક્તિ! હે ગુણાશ્રયે! હે ગુણમયી નારાયણી દેવી! તમને નમસ્કાર હો.'

સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે–

त्वमेव सर्वजननी मूलप्रकृतिरीश्वरी ।
त्वमेवाद्या सृष्टिविधौ स्वेच्छया त्रिगुणात्मिका ॥

कार्यार्थे सगुणा त्वं च वस्तुतो निर्गुणा स्वयम् ।
परब्रह्मस्वरूपा त्वं सत्या नित्या सनातनी ॥
तेजस्स्वरूपा परमा भक्तानुग्रहविग्रहा ।
सर्वस्वरूपा सर्वेशा सर्वाधारा परात्परा ॥
सर्वबीजस्वरूपा च सर्वपूज्या निराश्रया ।
सर्वज्ञा सर्वतोभद्रा सर्वमङ्गलमङ्गला ॥

(ब्रह्मवैवर्तपुराण, प्रकृति॰ २/६६/७-११)

'तुं જ વિશ્વજનની, મૂળ પ્રકૃતિ ઈશ્વરી છે, તું જ સૃષ્ટિની ઉત્પત્તિવેળાએ આદ્યાશક્તિના રૂપે વિરાજમાન રહે છે અને સ્વેચ્છાથી ત્રિગુણાત્મિકા બની જાય છે. જોકે વાસ્તવમાં તું સ્વયં નિર્ગુણ છે, છતાં પ્રયોજનવશ સગુણ થઈ જાય છે. તું પરબ્રહ્મસ્વરૂપ, સત્ય, નિત્ય તેમજ સનાતની છે; પરમતેજઃસ્વરૂપ અને ભક્તો પર અનુગ્રહ કરવાના હેતુથી શરીર ધારણ કરનારી છે; તું સર્વસ્વરૂપા, સર્વેશ્વરી, સર્વાધાર તેમજ પરાત્પર છે. તું સર્વબીજસ્વરૂપ, સર્વપૂજ્યા તેમજ આશ્રયરહિત છે. તું સર્વજ્ઞ, સર્વ રીતે મંગળ કરનારી તેમજ સર્વમંગળોનું ય મંગળ છે.'

ઉપરના ઉદ્ધરણથી મહાશક્તિનું વિજ્ઞાનાનંદઘન સ્વરૂપની સાથે જ સર્વવ્યાપી સગુણ બ્રહ્મ તેમ જ સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન અને વિનાશ માટે બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપે હોવું સિદ્ધ છે.

એ જ રીતે બ્રહ્માજી વિશે કહેવાયું છે–

જય દેવાધિદેવાય ત્રિગુણાય સુમેધસે ।
અવ્યક્તજન્મરૂપાય કારણાય મહાત્મને ॥
એતત્ત્રિભાવભાવાય ઉત્પત્તિસ્થિતિકારક ।
રજોગુણગુણાવિષ્ટ સૃજસીદં ચરાચરમ્ ॥
સત્ત્વપાલ મહાભાગ તમઃ સંહરસેઽખિલમ્ ।

(દેવીપુરાણ ૮૩/૧૩-૧૬)

'આપનો જય હો. ઉત્તમ બુદ્ધિ ધરાવતા, અવ્યક્ત-વ્યક્તરૂપ ત્રિગુણમય, સૌના કારણ, વિશ્વની ઉત્પત્તિ, પાલન તેમજ સંહાર કરનાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપી ત્રણે ભાવોથી ભાવિત થનારા મહાત્મા દેવાધિદેવ બ્રહ્મદેવને નમસ્કાર છે. હે મહાભાગ! આપ રજોગુણથી ઘેરાઈને હિરણ્યગર્ભરૂપે ચરાચર સંસારને ઉત્પન્ન કરો છો તથા સત્ત્વગુણયુક્ત થઈને વિષ્ણુરૂપે પાલન કરો છો તેમ જ તમોમૂર્તિ ધારણ કરીને રુદ્રરૂપે આખા સંસારનો સંહાર કરો છો.'

એ જ રીતે ભગવાન શ્રીરામ પ્રત્યે ભગવાન શિવનાં વાક્યો છે–

એકસ્ત્વં પુરુષઃ સાક્ષાત્ પ્રકૃતેઃ પર ઈર્યસે ।
યઃ સ્વાંશકલયા વિશ્વં સૃજત્યવતિ હન્તિ ચ ॥
અરૂપસ્ત્વમશેષસ્ય જગતઃ કારણં પરમ્ ।
એક એવ ત્રિધા રૂપ ગૃહ્ણાસિ કુહકાન્વિતઃ ॥
સૃષ્ટૌ વિધાતૃરૂપસ્ત્વં પાલને સ્વપ્રભામયઃ ।
પ્રલયે જગતઃ સાક્ષાદહં શર્વાખ્યતાં ગતઃ ॥

(પદ્મપુરાણ, પાતાલખંડ, ૪૬/૬-૮)

'આપ પ્રકૃતિથી અતીત સાક્ષાત્ અદ્વિતીય પુરુષ કહેવાઓ છો, જેઓ પોતાની અંશકળા દ્વારા બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રરૂપે વિશ્વની ઉત્પત્તિ, પાલન તેમજ સંહાર કરો છો. આપ અરૂપ હોવા છતાં પણ અખિલ વિશ્વના પરમ કારણ છો. આપ એક હોવા છતાં પણ માયાનો સ્વીકાર કરીને ત્રિવિધ રૂપો ધારણ કરો છો. સંસારની સૃષ્ટિના સમયે આપ બ્રહ્મારૂપે પ્રગટ થાઓ છો, પાલનના સમયે સ્વપ્રભામય વિષ્ણુરૂપે વ્યક્ત થાઓ છો અને પ્રલયવેળાએ મુજ શર્વ (રુદ્ર)નું રૂપ ધારણ કરી લો છો.'

શ્રીરામચરિતમાનસમાં પણ ભગવાન શંકરે પાર્વતીજીને ભગવાન શ્રીરામ વિશે કહ્યું છે–

અગુન અરૂપ અલખ અજ જોઈ ।
ભગત પ્રેમ બસ સગુન સો હોઈ ॥
જો ગુન રહિત સગુન સોઈ કૈસેં ।
જલુ હિમ ઉપલ બિલગ નહિં જૈસેં ॥

રામ સચ્ચિદાનંદ દિનેસા ।
નહિં તહઁ મોહ નિસા લવલેસા ॥
રામ બ્રહ્મ બ્યાપક જગ જાના ।
પરમાનંદ પરેસ પુરાના ॥
(બાલકાંડ દો. ૧૧૬/૧-૨-૩-૪)

એ જ રીતે ભગવાન શ્રીકૃષ્ણના પરબ્રહ્મ પરમાત્મા હોવાનો વિવિધ ગ્રંથોમાં ઉલ્લેખ છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં કથા છે કે એક મહાસર્ગના આદિમાં ભગવાન શ્રીકૃષ્ણનાં દિવ્ય અંગોમાંથી ભગવાન નારાયણ અને ભગવાન શિવ તથા બીજા સૌ દેવીદેવતા પ્રાદુર્ભૂત થયા. ત્યાં શ્રીશિવજીએ ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહ્યું છે–

વિશ્વં વિશ્વેશ્વરેશં ચ વિશ્વેશં વિશ્વકારણમ્ ।
વિશ્વાધારં ચ વિશ્વસ્તં વિશ્વકારણકારણમ્ ॥
વિશ્વરક્ષાકારણં ચ વિશ્વઘ્નં વિશ્વજં પરમ્ ।
ફલબીજં ફલાધારં ફલં ચ તત્ફલપ્રદમ્ ॥
(બ્રહ્મવૈવર્તપુરાણ ૧/૩/૨૫-૨૬)

'આપ વિશ્વરૂપ છો, વિશ્વના સ્વામી છો, વિશ્વના સ્વામીઓના પણ સ્વામી છો, વિશ્વનું કારણ છો, વિશ્વનો આધાર છો, વિશ્વસ્ત છો, વિશ્વના કારણનું પણ કારણ છો, વિશ્વરક્ષક છો, વિશ્વનો સંહાર કરનારા છો અને અનેક રૂપોથી વિશ્વમાં આવિર્ભૂત થાઓ છો. આપ ફળોનાં બીજ છો, ફળોના આધાર છો, ફળસ્વરૂપ છો અને ફળદાતા છો.'

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં પણ પોતાના માટે શ્રીમુખેથી કહ્યું છે –

બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમમૃતસ્યાવ્યયસ્ય ચ ।
શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ॥
(ગીતા ૧૪/૨૭)

ગતિર્ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્ ।
પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમવ્યયમ્ ॥
તપામ્યહમહં વર્ષં નિગૃહ્ણામ્યુત્સૃજામિ ચ ।
અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદસચ્ચાહમર્જુન ॥
(ગીતા ૯/૧૮-૧૯)

મત્તઃ પરતરં નાન્યત્કિઞ્ચિદસ્તિ ધનઞ્જય ।
મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ ॥
(ગીતા ૭/૭)

યો મામજમનાદિં ચ વેત્તિ લોકમહેશ્વરમ્ ।
અસમ્મૂઢઃ સ મર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥
(ગીતા ૧૦/૩)

'હે અર્જુન! એ અવિનાશી પરબ્રહ્મનું, અમૃતનું, શાશ્વત ધર્મનું તેમજ અખંડ એકરસ આનંદનું રહેઠાણ હું છું. એટલે કે ઉપર્યુક્ત બ્રહ્મ, અમૃત, અવ્યય અને શાશ્વત ધર્મ તથા ઐકાન્તિક સુખ – આ બધું હું જ છું તથા પરમપદસ્વરૂપ પરમ ગતિ, ભરણ-પોષણ કરનાર, સૌનો સ્વામી, શુભ-અશુભને જોનાર, સૌનું રહેઠાણ, શરણ લેવા યોગ્ય, પ્રત્યુપકાર ઇચ્છ્યા વિના હિત કરનાર, સૌની ઉત્પત્તિ-પ્રલયનો હેતુ, સ્થિતિનો આધાર, નિધાન* અને અવિનાશી કારણ પણ હું જ છું. હું જ સૂર્યરૂપે તપું છું, વર્ષાને સમુદ્ર વગેરે સ્થાનોમાંથી ખેંચું છું અને એને વરસાવું છું; હે અર્જુન! હું જ અમૃત અને મૃત્યુ છું તથા સત્-અસત્ પણ હું જ છું.'

'હે ધનંજય! મારા સિવાય બીજું કોઈ પણ પરમ કારણ નથી; આ આખું જગત દોરામાં પરોવાયેલા મણિઓની પેઠે મારામાં ગૂંથાયેલું છે. જે મને અજન્મા એટલે કે વાસ્તવમાં જન્મ વિનાનો, અનાદિ* અને સર્વ લોકોનો મહાન ઈશ્વર તત્ત્વથી જાણે છે, બધા માણસોમાં એ

★ પ્રલયકાળે સમસ્ત ભૂતો સૂક્ષ્મરૂપે જેનામાં લય પામે છે, એનું નામ 'નિધાન' છે.
* અનાદિ એને કહેવાય જે આદિ એટલે કે કારણ વિનાનો હોય અને સૌનું કારણ હોય.

જ્ઞાની માણસ સર્વ પાપોથી છૂટી જાય છે.'

ઉપરનાં આ અવતરણોથી એ સિદ્ધ થઈ ગયું કે ભગવાન શ્રીશિવ, વિષ્ણુ, બ્રહ્મા, શક્તિ, રામ, કૃષ્ણ - તત્ત્વતઃ એક જ છે. આ વિવેચન પર નજર નાખીને વિચાર કરવાથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે સૌ ઉપાસકો એક સત્ય, વિજ્ઞાનાનંદઘન પરમાત્માને માનીને સાચા સિદ્ધાંત પર જ ચાલી રહ્યા છે. નામરૂપનો ભેદ છે, પણ વસ્તુ-તત્ત્વમાં કશો ભેદ નથી. સૌનો લક્ષ્યાર્થ એક જ છે. ઈશ્વરને આ રીતે સર્વોપરિ, સર્વવ્યાપી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, નિર્વિકાર, નિત્ય, વિજ્ઞાનાનંદઘન સમજીને શાસ્ત્ર અને આચાર્યોએ જણાવેલા માર્ગ અનુસાર કોઈ પણ નામ-રૂપે એની જે ઉપાસના કરવામાં આવે છે, તે એ એક જ પરમાત્માની ઉપાસના છે.

વિજ્ઞાનાનંદઘન સર્વવ્યાપી પરમાત્મા શિવના ઉપર કહેલા તત્ત્વને ન જાણવાને લીધે જ અમુક શિવના ઉપાસકો ભગવાન વિષ્ણુની નિંદા કરે છે અને અમુક વૈષ્ણવો ભગવાન શિવની નિંદા કરે છે. કોઈ કોઈ કદાચ નિંદા અને દ્વેષ નથી પણ કરતા તો લગભગ ઉદાસીન તો રહે જ છે. પણ આ જાતનો વ્યવહાર વાસ્તવમાં જ્ઞાનવિહોણો સમજવામાં આવે છે. જો એમ કહેવામાં આવે કે આવું ન કરવાથી એકનિષ્ઠ અનન્ય ઉપાસનામાં દોષ આવે છે તો એ ઠીક નથી, જેમ પતિવ્રતા સ્ત્રી એકમાત્ર પોતાના પતિને જ ઇષ્ટ માનીને એની આજ્ઞા મુજબ એની સેવા કરતી, પતિના માતા-પિતા, વડીલો તથા અતિથિ-અભ્યાગત અને પતિના બીજા બધા સંબંધી અને પ્રેમી બાંધવોની પણ પતિની આજ્ઞા મુજબ પતિની પ્રસન્નતા કાજે યથોચિત આદરભાવે મન દઈને વિધિવત્ સેવા કરે છે અને એમ કરતી રહીને પણ એ પોતાના એકનિષ્ઠ પાતિવ્રત્ય-ધર્મથી જરાય ન ઊતરીને ઉપરથી શોભા અને યશને પામે છે. વાસ્તવમાં દોષ પાપ-બુદ્ધિ, ભોગ-બુદ્ધિ અને દ્વેષ-બુદ્ધિમાં છે અથવા વ્યભિચાર કે શત્રુતામાં છે. યથોચિત વૈધ-સેવા તો કર્તવ્ય છે. એ જ રીતે પરમાત્માના કોઈ એક નામ-રૂપને પોતાનું પરમ ઇષ્ટ માનીને એની અનન્યભાવે ભક્તિ કરતા રહીને જ બીજા બધા દેવોની પણ પોતાના ઇષ્ટદેવની આજ્ઞા અનુસાર એ જ સ્વામીની પ્રીતિ ખાતર શ્રદ્ધા અને આદર સાથે યથાયોગ્ય સેવા કરવી. ઉપરનાં અવતરણો અનુસાર જ્યારે એક નિત્ય વિજ્ઞાનાનંદઘન બ્રહ્મ જ છે, તથા વાસ્તવમાં એમનાથી જુદી કોઈ બીજી વસ્તુ જ નથી, ત્યારે કોઈ એક નામ-રૂપનો દ્વેષ કે એની નિંદા, તિરસ્કાર અને ઉપેક્ષા કરવી એ પરબ્રહ્મ સાથે જ એમ કરવા જેવું છે. ક્યાંય પણ શ્રીશિવે કે શ્રીવિષ્ણુએ કે શ્રીબ્રહ્માએ એકબીજાની ન તો નિંદા વગેરે કરી છે કે ન નિંદા વગેરે કરવા માટે કોઈને કહ્યું છે, બલકે નિંદા વગેરેનો નિષેધ અને ત્રણેને એક માનવાની પ્રશંસા કરી છે.

શિવપુરાણમાં કહેવાયું છે –

એતે પરસ્પરોત્પન્ના ધારયન્તિ પરસ્પરમ્ ।
પરસ્પરેણ વર્ધન્તે પરસ્પરમનુવ્રતાઃ ॥
ક્વચિદ્બ્રહ્મા ક્વચિદ્વિષ્ણુઃ ક્વચિદ્રુદ્રઃ પ્રશસ્યતે ।
નાનેવ તેષામાધિક્યમૈશ્વર્યં ચાતિરિચ્યતે ॥
અયં પરસ્ત્વયં નેતિ સંરમ્ભાભિનિવેશિનઃ ।
યાતુધાના ભવન્ત્યેવ પિશાચા વા ન સંશયઃ ॥

'આ ત્રણેય (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ) એક-બીજામાંથી ઉત્પન્ન થાય છે, એકબીજાને ધારણ કરે છે, એક-બીજા દ્વારા વૃદ્ધિ પામે છે અને એકબીજાને અનુકૂળ આચરણ કરે છે. ક્યાંક બ્રહ્માની પ્રશંસા કરવામાં આવે છે, ક્યાંક વિષ્ણુની અને ક્યાંક મહાદેવની. એમનો ઉત્કર્ષ

તેમજ ઐશ્વર્ય એકબીજા કરતાં એટલો વધારે કહ્યો છે જાણે તેઓ અનેક હોય. જે સંશયાત્મા મનુષ્યો એમ વિચારે છે કે અમુક મોટો છે અને અમુક નાનો છે તેઓ બીજા જન્મમાં રાક્ષસ અથવા પિશાચ થાય છે, એમાં કોઈ સંદેહ નથી.'

સ્વયં ભગવાન શિવ શ્રીવિષ્ણુભગવાનને કહે છે–

मद्दर्शने फलं यद्वै तदेव तव दर्शने ।
ममैव हृदये विष्णुर्विष्णोश्च हृदये ह्यहम् ॥
उभयोरन्तरं यो वै न जानाति मतो मम ।

(शिवपुराण, ज्ञान० ४/६१-६२)

'મારાં દર્શનનું જે ફળ છે એ જ આપનાં દર્શનનું છે. આપ મારા હૃદયમાં નિવાસ કરો છો અને હું આપના હૃદયમાં રહું છું. જે આપણા બેમાં ભેદ નથી સમજતો એ જ મને માન્ય છે.'

ભગવાન શ્રીરામ ભગવાન શિવને કહે છે–

ममास्ति हृदये शर्व भवतो हृदये त्वहम् ।
आवयोरन्तरं नास्ति मूढाः पश्यन्ति दुर्धियः ॥
ये भेदं विदधत्यद्धा आवयोरेकरूपयोः ।
कुम्भीपाकेषु पच्यन्ते नराः कल्पसहस्रकम् ॥
ये त्वद्भक्ताः सदासंस्ते मद्भक्ता धर्मसंयुताः ।
मद्भक्ता अपि भूयस्या भक्त्या तव नतिङ्कराः ॥

(पद्मपुराण, पातालखंड, ४६/२०-२२)

'આપ શંકર મારા હૃદયમાં રહો છો અને હું આપના હૃદયમાં રહું છું. આપણા બેમાં કશો ભેદ નથી. મૂર્ખ તેમજ દુર્બુદ્ધિના માણસો જ આપણામાં ભેદ સમજે છે. આપણે બેય એકરૂપ છીએ, જે માણસો આપણા બેમાં ભેદ-ભાવના કરે છે એ હજાર કલ્પ સુધી કુમ્ભીપાક નરકોમાં યાતના સહે છે. જે આપના ભક્તો છે એવા ધાર્મિક પુરુષો સદાય મારા ભક્ત રહ્યા છે. અને જે મારા ભક્તો છે તેઓ પ્રગાઢ ભક્તિથી આપને પણ પ્રણામ કરે છે.'

એ જ રીતે ભગવાન શ્રીકૃષ્ણ પણ ભગવાન શ્રીશિવને કહે છે–

त्वत्परो नास्ति मे प्रेयांस्त्वं मदीयात्मनः परः ।
ये त्वां निन्दन्ति पापिष्ठा ज्ञानहीना विचेतसः ॥
पच्यन्ते कालसूत्रेण यावच्चन्द्रदिवाकरौ ।
कृत्वा लिङ्गं सकृत्पूजय वसेत्कल्पायुतं दिवि ॥
प्रजावान् भूमिमान् विद्वान् पुत्रबान्धववांस्तथा ।
ज्ञानवान्मुक्तिमान् साधुः शिवलिङ्गार्चनाद्भवेत् ॥
शिवेति शब्दमुच्चार्य प्राणांस्त्यजति यो नरः ।
कोटिजन्मार्जितात् पापान्मुक्तो मुक्तिं प्रयाति सः ॥

(ब्रह्मवैवर्तपुराण ६/३१-३२, ४५, ४७)

'મને આપનાથી વધીને કોઈ વહાલું નથી, આપ મને પોતાના આત્માથીય વધુ પ્રિય છો. જે પાપી, અજ્ઞાની તેમજ બુદ્ધિ વિનાના માણસો આપની નિંદા કરે છે તેઓ જ્યાં સુધી ચંદ્ર અને સૂર્યનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી કાલસૂત્રમાં (નરકમાં) શેકાતા રહેશે. જે શિવલિંગનું નિર્માણ કરીને એકવાર પણ એની પૂજા કરી લે છે, એ દસહજાર કલ્પ સુધી સ્વર્ગમાં નિવાસ કરે છે, શિવલિંગના અર્ચનથી મનુષ્યને પ્રજા, ભૂમિ, વિદ્યા, પુત્ર, બાંધવ, શ્રેષ્ઠતા, જ્ઞાન તેમ જ મુક્તિ –સર્વ કાંઈ પ્રાપ્ત થઈ જાય છે. જે માણસ 'શિવ' શબ્દનું ઉચ્ચારણ કરીને શરીર છોડે છે એ કરોડો જન્મોનાં સંચિત પાપોથી છૂટીને મુક્તિ પામે છે.'

ભગવાન વિષ્ણુ શ્રીમદ્ભાગવત (૪/૭/૫૪)માં દક્ષ પ્રજાપતિ પ્રત્યે કહે છે–

त्रयाणामेकभावानां यो न पश्यति वै भिदाम् ।
सर्वभूतात्मनां ब्रह्मन् स शान्तिमधिगच्छति ॥

'હે બ્રહ્મન્! અમે – બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ – ત્રણે સ્વરૂપથી એક જ છીએ અને અમે જ સમસ્ત જીવ-રૂપ છીએ; તેથી જે મનુષ્ય અમારામાં કશોય ભેદ જોતો નથી તે જ શાંતિ પામે છે.'

શ્રીરામચરિતમાનસમાં ભગવાન શ્રીરામે કહ્યું છે–

संकर प्रिय मम द्रोही सिव द्रोही मम दास ।
ते नर करहिं कलप भरि घोर नरक महुँ बास ॥
(લંકાકાંડ દોહા-૨)

औरउ एक गुपुत मत सबहि कहउँ कर जोरि ।
संकर भजन बिना नर भगति न पावइ मोरि ॥
(ઉત્તરકાંડ દોહા-૪૫)

આવી સ્થિતિમાં જે માણસ બીજાના ઇષ્ટદેવની નિંદા કે અપમાન કરે છે, એ વાસ્તવમાં પોતાના જ ઇષ્ટદેવનું અપમાન કે નિંદા કરે છે. પરમાત્માની પ્રાપ્તિ થયા પહેલાં પરમાત્માનું યથાર્થ રૂપ ન જાણવાને લીધે ભક્ત પોતાની સમજ પ્રમાણે પોતાના ઉપાસ્ય દેવનું જે સ્વરૂપ કલ્પે છે, વાસ્તવમાં ઉપાસ્ય દેવનું સ્વરૂપ એનાથી ઘણું વિલક્ષણ છે; છતાં એની પોતાની બુદ્ધિ, ભાવના તથા રુચિ અનુસાર કરેલી સાચી અને શ્રદ્ધાયુક્ત ઉપાસનાને પરમાત્મા ખરેખર આખેઆખી સ્વીકારે છે. કેમકે, ઈશ્વર-પ્રાપ્તિ પહેલાં ઈશ્વરનું ખરું સ્વરૂપ કોઈનાય ચિંતનમાં નથી આવી શકતું. માટે ઈશ્વરના કોઈ પણ નામ-રૂપની નિષ્કામભાવે ઉપાસના કરનાર પુરુષ સત્વરે એ નિત્ય વિજ્ઞાનાનંદઘન પરમાત્માને પામી જાય છે. હા, સકામ-ભાવે ઉપાસના કરનારને વિલંબ થઈ શકે છે. છતાં પણ સકામ-ભાવે ઉપાસના કરનાર પણ શ્રેષ્ઠ અને ઉદાર જ માનવામાં આવ્યો છે (ગીતા ૭/૧૮), કેમકે અંતે એ પણ ઈશ્વરને જ પામે છે.

'मद्भक्ता यान्ति मामपि' (ગીતા ૭/૨૩)

'શિવ' શબ્દ નિત્ય, વિજ્ઞાનાનંદઘન પરમાત્માનો વાચક છે. એ ઉચ્ચારણમાં ઘણો સરળ, અત્યંત મધુર અને સ્વાભાવિક રીતે જ શાંતિપ્રદ છે. 'શિવ' શબ્દની ઉત્પત્તિ **'वश कान्तौ'** ધાતુમાંથી થઈ છે, જેનું તાત્પર્ય એ છે કે જેને સૌ ચાહે છે એનું નામ 'શિવ' છે. સૌ ચાહે છે અખંડ આનંદને, માટે 'શિવ' શબ્દનો અર્થ આનંદ થયો. જ્યાં આનંદ છે ત્યાં જ શાંતિ છે અને પરમ આનંદને જ પરમ મંગલ અને પરમ કલ્યાણ કહે છે, માટે 'શિવ' શબ્દનો અર્થ પરમ મંગળ, પરમ કલ્યાણ સમજવો. આ આનંદદાતા, પરમ કલ્યાણરૂપ શિવને જ શંકર કહે છે. **'शं'** આનંદને કહે છે અને **'कर'**થી 'કરનાર' સમજવામાં આવે છે, માટે જે આનંદ કરે છે એ જ 'શંકર' છે. આ બધાં લક્ષણો એ નિત્ય, વિજ્ઞાનાનંદઘન પરમ બ્રહ્મનાં જ છે.

આ રીતે રહસ્ય સમજીને શિવની શ્રદ્ધા-ભક્તિપૂર્વક ઉપાસના કરવાથી એમની કૃપાથી એમનું તત્ત્વ સમજમાં આવી જાય છે. જે પુરુષ શિવ-તત્ત્વને જાણી લે છે એના માટે પછી કશુંય જાણવાનું શેષ નથી રહી જતું. શિવ-તત્ત્વને હિમાલયપુત્રી ભગવતી પાર્વતી યથાર્થરૂપે જાણતાં હતાં, માટે જ છદ્મવેષી સ્વયં શિવના ચઢાવવાથી પણ તેઓ પોતાના સિદ્ધાંતથી તલમાત્ર પણ ન ચળ્યાં. ઉમાશિવનો આ સંવાદ ઘણો જ ઉપદેશપ્રદ અને રોચક છે.

શિવતત્ત્વમાં એકનિષ્ઠ પાર્વતી શિવપ્રાપ્તિ માટે ઘોર તપ કરવા માંડ્યાં. માતા મેનકાએ સ્નેહથી શોકાતુર થઈને **ઉ** (દીકરી!) **મા** (આવું તપ ન કરીશ) કહ્યું, એથી એમનું નામ 'ઉમા' પડ્યું. એમણે સૂકાં પાંદડાં પણ ખાવાનાં છોડી દીધાં, ત્યારે એમનું 'અપર્ણા' નામ પડ્યું. એમની કઠોર તપસ્યાને જોઈ સાંભળીને પરમ આશ્ચર્યાન્વિત થઈ ઋષિઓ પણ કહેવા માંડ્યા કે અહો! આને ધન્ય છે, આની તપસ્યા સામે બીજા લોકોની તપસ્યા કંઈ જ નથી.' પાર્વતીની આ તપસ્યાને જોવા માટે એક વખતે સ્વયં

ભગવાન શિવ જટાધારી વૃદ્ધ બ્રાહ્મણના વેશમાં તપોભૂમિમાં આવ્યા અને પાર્વતી દ્વારા ફળ-પુષ્પ વગેરેથી પૂજિત થઈને એના તપનું ઉદ્દેશ્ય શિવ સાથે વિવાહ કરવાનું છે એમ જાણીને કહેવા માંડ્યા.

'હે દેવિ! આટલો સમય વાતચીત કરવાથી તારી સાથે મારી મિત્રતા થઈ ગઈ છે. મિત્રતાને સંબંધે હું તને કહું છું, તેં મોટી ભૂલ કરી છે. તારો શિવ સાથે વિવાહ કરવાનો સંકલ્પ સાવ અનુચિત છે. તું સોનું છોડીને કથીરની ઇચ્છા રાખે છે, ચંદન છોડીને કીચડ લેપવા માંગે છે. હાથી જતો કરીને બળદ પર મીટ માંડે છે. ગંગાજળનો ત્યાગ કરીને કૂવાનું જળ પીવાની ઇચ્છા કરે છે. સૂર્યનો પ્રકાશ જવા દઈને આગિયાને અને રેશમી વસ્ત્ર જવા દઈને ચામડું પહેરવા માગે છે. તારું આ કાર્ય તો દેવતાઓની સન્નિધિ છોડી અસુરોનો સંગાથ કરવા સમાન છે. ઉત્તમોત્તમ દેવો જતા કરીને શંકર પર અનુરાગ કરવો સાવ લોકવિરુદ્ધ છે.

જરા વિચાર તો કર, ક્યાં તારું ફૂલ જેવું કોમળ શરીર તથા ત્રિભુવનકમનીય સૌન્દર્ય અને ક્યાં જટાધારી, ચિતાભસ્મનું લેપન કરનાર, સ્મશાન-વિહારી, ત્રિનેત્ર, ભૂતપતિ મહાદેવ! ક્યાં તારા ઘરના દેવતાઓ અને ક્યાં શિવના પાર્ષદ એવા ભૂતપ્રેત! ક્યાં તારા પિતાના ઘરનાં વાગતાં સુંદર વાજાંઓનો ધ્વનિ અને ક્યાં એ મહાદેવના ડમરૂ, શિંગડી (ગાય-ભેંસના શિંગડાને પોલાં કરીને બનાવાતું એક વાદ્ય) અને ગાલ વગાડવાનો ધ્વનિ! ન તો મહાદેવના મા-બાપનો પત્તો છે, ન જાતિનો. દરિદ્રતા એટલી છે કે પહેરવા કપડાં સુદ્ધાં નથી! દિગંબર રહે છે, બળદની સવારી કરે છે અને વાઘનું ચામડું ઓઢીને ફરે છે! ન એમનામાં વિદ્યા છે કે ન શૌચાચાર. સદા એકલા રહેનારા, ઉત્કટ વિરાગી, મુંડમાલાધારી મહાદેવની સાથે રહીને તું કયું સુખ પામીશ?'

પાર્વતી વધુ શિવ-નિંદા ન સહી શક્યાં. એ રોષપૂર્વક બોલ્યાં – 'બસ, બસ, બસ રહેવા દો, હું વધુ સાંભળવા નથી માંગતી. લાગે છે કે તમે શિવ વિશે કશું નથી જાણતા. એટલે જ આમ મિથ્યા પ્રલાપ કરી રહ્યા છો. તમે કોઈ ધૂર્ત બ્રહ્મચારીના રૂપે અહીં આવ્યા છો. શિવ વાસ્તવમાં નિર્ગુણ છે, કરુણાવશ જ એ સગુણ થાય છે. એ સગુણ અને નિર્ગુણ – ઉભયાત્મક શિવની જાતિ ક્યાંથી હોય? જે સૌના આદિ છે, એમના માતા-પિતા કોણ હશે અને એમના આયુષ્યની પણ શું સીમા બાંધી શકાય એમ છે? સૃષ્ટિ એમનાથી ઉત્પન્ન થાય છે, માટે એમની શક્તિનો પત્તો કોણ લગાવી શકે છે? એ જ અનાદિ, અનંત, નિત્ય, નિર્વિકાર, અજ, અવિનાશી, સર્વશક્તિમાન, સર્વગુણાધાર, સર્વજ્ઞ, સર્વોપરિ સનાતન દેવ છે. તમે કહો છો કે મહાદેવ વિદ્યાહીન છે. અરે, આ બધી વિદ્યાઓ આવી ક્યાંથી? વેદ જેમના નિઃશ્વાસ છે એમને તમે વિદ્યાહીન કહો છો? તમે મને શિવને છોડીને કોઈ બીજા દેવતાનું વરણ કરવાનું કહો છો. અરે, આ દેવતાઓ કે જેમને તમે મોટા સમજો છો, એમાં દેવત્વ પ્રાપ્ત ક્યાંથી થયું? એ આ ભોળાનાથની જ કૃપાનું તો ફળ છે. ઇન્દ્ર વગેરે દેવગણો તો એમના દરવાજા પર જ સ્તુતિ-પ્રાર્થના કરતા રહે છે અને એમના ગણોની આજ્ઞા વિના અંદર ઘૂસવાનું સાહસ નથી કરી શકતા. તમે એમને અમંગળ વેષધારી કહો છો? અરે, એમનું 'શિવ'- એ મંગળમય નામ જેમના મુખે નિરંતર રહે છે, એમના દર્શનમાત્રથી સઘળી અપવિત્ર વસ્તુઓ પણ પવિત્ર થઈ જાય

છે, પછી એમની પોતાની તો વાત જ શું? જે ચિતાભસ્મની તમે નિંદા કરો છો, તાંડવ નૃત્યના અંતે જ્યારે એ એમનાં અંગો પરથી ખરે છે એ વખતે દેવતાગણ એને પોતાના મસ્તક પર ધારણ કરવા માટે પડાપડી કરતા હોય છે. બસ, મેં જાણી લીધું, તમે એમનાં તત્ત્વને બિલકુલ નથી જાણતા. જે માણસો આ રીતે એમના દુર્ગમ તત્ત્વને જાણ્યા વિના એમની નિંદા કરે છે, એમનાં જન્મ-જન્માન્તરોનાં સંચિત પુણ્યો વિલીન થઈ જાય છે. તારા જેવા શિવ-નિંદકનો સત્કાર કરવાથી પણ પાપ લાગે છે. શિવ-નિંદકને જોઈને પણ માણસે વસ્ત્રસમેત સ્નાન કરવું, ત્યારે જ એ શુદ્ધ થાય છે. બસ, હવે હું અહીંથી જાઉં છું. ક્યાંક એવું ન થાય કે તું દુષ્ટ ફરી શિવની નિંદા શરૂ કરીને મારા કાનોને અપવિત્ર કરે. શિવની નિંદા કરનારને તો પાપ લાગે જ છે, એને સાંભળનાર પણ પાપનો ભાગીદાર થાય છે.' આમ કહીને ઉમા ત્યાંથી ચાલવા માંડ્યાં. જેવા એ ત્યાંથી ચાલવા માંડ્યાં, બટુક વેષધારી શંકરે એમને રોકી લીધાં. તેઓ વધુ વાર સુધી પાર્વતીજીથી છૂપા ન રહી શક્યા. પાર્વતી જે રૂપનું ધ્યાન ધરતાં હતાં એ જ રૂપમાં એમની સામે પ્રગટ થઈ ગયા અને બોલ્યા – 'હું તારા પર પ્રસન્ન છું, વરદાન માંગ.'

પાર્વતીની ઇચ્છા પૂર્ણ થઈ, એમને સાક્ષાત્ શિવનાં દર્શન થયાં. દર્શન જ નહીં, થોડા સમયમાં શિવે પાર્વતીનું પાણિગ્રહણ કરી લીધું.

જે પુરુષ એ ત્રિનેત્ર, વ્યાઘ્રામ્બરધારી, સદાશિવ પરમાત્માને નિર્ગુણ, નિરાકાર તેમજ સગુણ, નિરાકાર સમજીને એમની સગુણ, સાકાર દિવ્ય મૂર્તિની ઉપાસના કરે છે એની જ ઉપાસના ખરી અને સર્વાંગસંપૂર્ણ છે. આ સમગ્રતામાં જેટલો અંશ ઓછો હોય છે, એટલી જ ઉપાસનાની સર્વાંગસંપૂર્ણતામાં ઊણપ છે અને એટલો જ એ શિવ-તત્ત્વથી અજાણ છે.

મહેશ્વરની લીલાઓ અપરંપાર છે. તેઓ દયા કરીને જેમને પોતાની લીલાઓ અને લીલાઓનું રહસ્ય જણાવે છે, એ જ જાણી શકે છે. એમની કૃપા વિના તો એમની વિચિત્ર લીલાઓ જોઈ-સાંભળીને દેવી, દેવતા તેમજ મુનિઓને પણ ભ્રમ થઈ જતો હોય છે, પછી સામાન્ય માણસોની તો વાત જ શી? પણ વાસ્તવમાં શિવજી છે ઘણા આશુતોષ! ઉપાસના કરનારાઓ પર ઘણી સત્વરે પ્રસન્ન થઈ જાય છે. રહસ્યને જાણીને નિષ્કામ-પ્રેમભાવથી ભજનારાઓ પર પ્રસન્ન થાય છે, એમાં તો કહેવું જ શું? સકામભાવે, પોતાનો સ્વાર્થ સાધવા માટે જેઓ અજ્ઞાનપૂર્વક ઉપાસના કરે છે એમના પર પણ આપ રીઝી જાઓ છો, ભોળા ભંડારી માંગ્યું વરદાન આપવામાં જરાય આગળ-પાછળનું નથી વિચારતા. જરા જેટલી ભક્તિ કરનારા પર પણ દયાસાગર એવા આપનું હૈયું છલકાઈ જાય છે. આ રહસ્યને સમજનારા આપને વ્યંગ્યમાં 'ભોળાનાથ' કહ્યા કરે છે. આ બાબતે ગોસાઈં તુલસીદાસજીની કલ્પના ઘણી સુંદર છે. તેઓ કહે છે–

બાવરો રાવરો નાહ ભવાની !
દાનિ બડ़ો દિન દેત દયે બિનુ, બેદ બડ़ાઈ ભાની ॥
નિજ ઘરકી બરબાત બિલોકહુ, હૌ તુમ પરમ સયાની ।
સિવકી દઈ સમ્પદા દેખત, શ્રીસારદા સિહાની ॥
જિનકે ભાલ લિખી લિપિ મેરી, સુખકી નહીં નિસાની ।
તિન રંકનકૌ નાક સઁવારત, હૌં આયો નકબાની ॥
દુખ દીનતા દુખી ઈનકે દુખ જાચકતા અકુલાની ।
યહ અધિકાર સૌંપિયે ઔરહિં, ભીખ ભલી મૈં જાની ॥
પ્રેમ-પ્રસંસા-બિનય-વ્યંગજુત, સુનિ બિધિકી બર બાની ।
તુલસી મુદિત મહેસ મનહિં મન, જગત-માતુ મુસુકાની ॥

આવા ભોળાનાથ ભગવાન શંકરને જેઓ પ્રેમથી નથી ભજતા, વાસ્તવમાં તેઓ શિવ-તત્ત્વને નથી જાણતા, માટે એમનો મનુષ્ય જન્મ લેવો જ વ્યર્થ છે. આનાથી વધુ એમના માટે શું કહી શકાય. માટે પ્રિય વાચકો! આપ લોકોને મારું નમ્ર નિવેદન છે, જો આપ લોકો ઉચિત સમજો તો નીચે લખેલાં સાધનોને સમજીને યથાશક્તિ એમને આચરણમાં લાવવાનો પ્રયાસ કરશો.

(ક) પવિત્ર અને એકાંત સ્થાનમાં ગીતા અધ્યાય ૬, શ્લોક ૧૦થી ૧૪ મુજબ ભગવાન શિવને શરણે થઈને–

(૧) ભગવાન શંકરનાં પ્રેમ, રહસ્ય, ગુણ અને પ્રભાવની અમૃતમયી કથાઓનું એમના તત્ત્વને જાણનારા ભક્તો દ્વારા શ્રવણ કરીને, મનન કરશો તેમ જ પોતે પણ સત્-શાસ્ત્રોને વાંચીને એમનું રહસ્ય સમજવા માટે મનન કરશો અને એ મુજબ આચરણ કરવાનો પ્રાણપર્યન્ત પ્રયાસ કરશો.

(૨) ભગવાન શિવની શાંત મૂર્તિનાં પૂજન-વંદન વગેરે શ્રદ્ધા અને પ્રેમથી નિત્ય કરશો.

(૩) ભગવાન શંકરમાં અનન્ય પ્રેમ થવા માટે વિનય-ભાવે પ્રેમાશ્રુ છલકાવી ગદ્‌ગદ વાણીથી સ્તુતિ અને પ્રાર્થના કરશો.

(૪) **'ૐ નમઃ શિવાય'** મંત્રનો મનથી કે શ્વાસોથી પ્રેમપૂર્વક ગુપ્ત જપ કરશો.

(૫) ઉપર કહેલા રહસ્યને સમજીને પ્રભાવસહિત યથારુચિ ભગવાન શિવના સ્વરૂપનું શ્રદ્ધા-ભક્તિ સાથે નિષ્કામભાવે ધ્યાન કરશો.

(ખ) વ્યવહારકાળે–

(૧) સ્વાર્થ છોડીને પ્રેમપૂર્વક સૌની સાથે સદ્‌વ્યવહાર કરશો.

(૨) ભગવાન શિવમાં પ્રેમ થવા માટે એમની આજ્ઞા અનુસાર ફળાસક્તિ છોડીને શાસ્ત્રાનુકૂળ યથાશક્તિ યજ્ઞ, દાન, તપ, સેવા તેમજ વર્ણાશ્રમ અનુસાર જીવિકાનાં કર્મો કરશો.

(૩) સુખ, દુઃખ તેમ જ સુખ-દુઃખકારક પદાર્થોની પ્રાપ્તિ અને વિનાશને શંકરની ઇચ્છાથી થયેલાં સમજીને એમનામાં ડગલે ને પગલે ભગવાન સદાશિવની દયાનાં દર્શન કરશો.

(૪) રહસ્ય અને પ્રભાવને સમજીને શ્રદ્ધા અને નિષ્કામ પ્રેમભાવે યથારુચિ ભગવાન શિવના સ્વરૂપનું નિરંતર ધ્યાન થાય એ માટે હરતાં-ફરતાં, ઊઠતાં-બેસતાં એ શિવના નામ-જપનો અભ્યાસ સદા-સર્વદા કરશો.

(૫) દુર્ગુણ અને દુરાચારને છોડીને સદ્‌ગુણ અને સદાચાર કેળવવાનો દરેક સમયે પ્રયાસ કરતા રહેશો.

ઉપર કહેલાં સાધનોને માણસ કટિબદ્ધ થઈને જેમ જેમ કરતો જાય છે, તેમ તેમ એના અંતઃકરણની પવિત્રતા, રહસ્ય અને પ્રભાવનો અનુભવ તથા અતિશય શ્રદ્ધા તેમજ વિશુદ્ધ પ્રેમની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે. માટે કટિબદ્ધ થઈને ઉપર કહેલાં સાધનોને કરવા માટે પ્રયાસ કરવો. **આ સૌ સાધનોમાં ભગવાન સદાશિવનું પ્રેમપૂર્વક નિરંતર ચિંતન કરવું સૌથી શ્રેષ્ઠ છે.** માટે અનેક જાતનાં કર્મોની અધિકતાને કારણે એના ચિંતનમાં એક ક્ષણની પણ બાધા ન આવે, એ માટે ખાસ સાવધાન રહેવું. જો અનન્ય પ્રેમની પ્રગાઢતાને કારણે શાસ્ત્રાનુકૂળ કર્મો કરવામાં ક્યાંક ઊણપ આવતી હોય તો કશો વાંધો નહીં, પણ પ્રેમમાં બાધા ન આવવી જોઈએ. કેમકે, જ્યાં અનન્ય પ્રેમ છે ત્યાં ભગવાનનું ચિંતન (ધ્યાન) તો નિરંતર થાય જ છે અને એ ધ્યાનના પ્રભાવથી ડગલે ને પગલે ભગવાનની દયાનો અનુભવ કરતો

માણસ ભગવાન સદાશિવના તત્ત્વને યથાર્થરૂપે સમજીને કૃતકૃત્ય થઈ જાય છે, એટલે કે પરમપદને પામી જાય છે. માટે ભગવાન શિવના પ્રેમ અને પ્રભાવને સમજીને એમના સ્વરૂપનું નિષ્કામ પ્રેમભાવે નિરંતર ચિંતન થાય એ માટે પ્રાણપર્યન્ત પ્રયાસ કરવો.

—★—

શક્તિનું રહસ્ય

શક્તિ વિશે કશુંક લખવાની ભાઈ હનુમાનપ્રસાદ પોદ્દારે પ્રેરણા કરી, પણ 'શક્તિ' શબ્દ ઘણો વ્યાપક હોવાને લીધે એના રહસ્યને સમજાવવાની હું પોતાનામાં શક્તિ નથી જોતો; છતાં એમના આગ્રહથી પોતાની સામાન્ય બુદ્ધિ મુજબ કશુંક લખી રહ્યો છું.

શક્તિરૂપે બ્રહ્મની ઉપાસના

શાસ્ત્રોમાં 'શક્તિ' શબ્દના પ્રસંગને અનુસરીને અલગ અલગ અર્થો કરવામાં આવ્યા છે. તાંત્રિકો આને પરાશક્તિ કહે છે, અને આને જ વિજ્ઞાનાનંદઘન બ્રહ્મ માને છે. વેદ, શાસ્ત્રો, ઉપનિષદ્, પુરાણ વગેરેમાં પણ 'શક્તિ' શબ્દનો પ્રયોગ દેવી, પરાશક્તિ, ઈશ્વરી મૂળપ્રકૃતિ વગેરે નામોથી વિજ્ઞાનાનંદઘન નિર્ગુણ બ્રહ્મ તેમ જ સગુણ બ્રહ્મ માટે પણ કરવામાં આવ્યો છે. વિજ્ઞાનાનંદઘન બ્રહ્મનું તત્ત્વ ઘણું સૂક્ષ્મ તેમ જ ગુહ્ય હોવાને લીધે શાસ્ત્રોમાં એને અનેક રીતે સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. માટે 'શક્તિ' નામે બ્રહ્મની ઉપાસના કરવાથી પણ પરમાત્માની જ પ્રાપ્તિ થાય છે. એક જ પરમાત્મતત્ત્વની નિર્ગુણ, સગુણ, નિરાકાર, સાકાર, દેવ, દેવી, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, રામ, કૃષ્ણ વગેરે અનેક નામરૂપે ભક્તો ઉપાસના કરે છે. રહસ્યને જાણીને શાસ્ત્રો અને આચાર્યોના જણાવેલા માર્ગ મુજબ ઉપાસના કરનારા સૌ ભક્તોને એની પ્રાપ્તિ થઈ શકે છે. એ દયાસાગર પ્રેમમય સગુણ-નિર્ગુણરૂપ પરમેશ્વરને સર્વોપરિ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વવ્યાપી, સંપૂર્ણ, ગુણાધાર, નિર્વિકાર, નિત્ય, વિજ્ઞાનાનંદઘન પરબ્રહ્મ પરમાત્મા સમજીને એમની શ્રદ્ધાપૂર્વક નિષ્કામભાવે પ્રેમપૂર્વક ઉપાસના કરવી એ જ એના રહસ્યને જાણીને ઉપાસના કરવી છે, માટે શ્રદ્ધા અને પ્રેમપૂર્વક એ વિજ્ઞાનાનંદસ્વરૂપા મહાશક્તિ ભગવતી દેવીની ઉપાસના કરવી. એ નિર્ગુણસ્વરૂપા દેવી જીવો પર દયા કરીને પોતે જ સગુણભાવ પામીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપે ઉત્પત્તિ, પાલન અને સંહાર-કાર્ય કરે છે.

સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે –

त्वमेव सर्वजननी मूलप्रकृतिरीश्वरी ।
त्वमेवाद्या सृष्टिविधौ स्वेच्छया त्रिगुणात्मिका ॥
कार्यार्थे सगुणा त्वं च वस्तुतो निर्गुणा स्वयम् ।
परब्रह्मस्वरूपा त्वं सत्या नित्या सनातनी ॥
तेजःस्वरूपा परमा भक्तानुग्रहविग्रहा ।
सर्वस्वरूपा सर्वेशा सर्वाधारा परात्परा ॥
सर्वबीजस्वरूपा च सर्वपूज्या निराश्रया ।
सर्वज्ञा सर्वतोभद्रा सर्वमङ्गलमङ्गला ॥

(બ્રહ્મવૈવર્તપુ૦, પ્રકૃતિખંડ, ૨/૬૬/૭-૧૦)

'તું જ વિશ્વજનની મૂળપ્રકૃતિ ઈશ્વરી છે, તું જ સૃષ્ટિની ઉત્પત્તિના સમયે આદ્યાશક્તિના રૂપે વિરાજમાન રહે છે. અને સ્વેચ્છાએ ત્રિગુણાત્મિકા બની જાય છે. જોકે વાસ્તવમાં તું સ્વયં નિર્ગુણ છે, છતાં પ્રયોજનવશ સગુણ થઈ જાય છે. તું પરબ્રહ્મસ્વરૂપ, સત્ય, નિત્ય તેમજ સનાતની છે. પરમતેજસ્વરૂપ અને ભક્તો પર

અનુગ્રહ કરવા માટે શરીર ધારણ કરે છે. તું સર્વસ્વરૂપા, સર્વેશ્વરી, સર્વાધાર તેમ જ પરાત્પર છે. તું સર્વબીજ-સ્વરૂપ, સર્વપૂજ્યા તેમજ આશ્રયરહિત છે. તું સર્વજ્ઞ, સર્વ રીતે મંગળ કરનારી તેમજ સર્વ મંગળોની ય મંગળ છે.'

એ બ્રહ્મરૂપ ચેતનશક્તિનાં બે સ્વરૂપો છે - એક નિર્ગુણ અને બીજું સગુણ. સગુણના પણ બે ભેદ છે - એક નિરાકાર અને બીજો સાકાર. એમાંથી જ આખા સંસારની ઉત્પત્તિ થાય છે. ઉપનિષદોમાં એને જ પરાશક્તિના નામે કહેવામાં આવી છે.

तस्या एव ब्रह्मा अजीजनत्। विष्णुरजीजनत्। रुद्रोऽजीजनत्। सर्वे मरुद्गणा अजीजनन्। गन्धर्वाप्सरसः किन्नरा वादित्रवादिनः समन्तादजीजनन्। भोग्यमजीजनत्। सर्वमजीजनत् सर्वशक्तिमजीजनत्। अण्डजं स्वेदजमुद्भिज्जं जरायुजं यत्किञ्चैतत्प्राणि स्थावरजङ्गमं मनुष्यमजीजनत्। सैषा परा शक्तिः।

(બહ્વૃચોપનિષદ્)

'એ પરાશક્તિમાંથી બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર ઉત્પન્ન થયા. એમાંથી જ સૌ મરુદ્ગુણ, ગન્ધર્વ, અપ્સરાઓ અને વાજાં વગાડનારા કિન્નરો બધી બાજુએથી ઉત્પન્ન થયા. સઘળા ભોગ્ય પદાર્થ અને અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ્જ, જરાયુજ જે કંઈ પણ સ્થાવર, જંગમ, મનુષ્ય વગેરે પ્રાણીમાત્ર છે તે એ પરાશક્તિમાંથી ઉદ્ભવ્યાં. આવી આ પરાશક્તિ છે.'

ઋગ્વેદમાં ભગવતી કહે છે –

अहं रुद्रेभिर्वसुभिश्चराम्य-
हमादित्यैरुत विश्वदेवैः।
अहं मित्रावरुणोभा बिभर्म्य-
हमिन्द्राग्नी अहमश्विनोभा॥

(ઋગ્વેદ અષ્ટક ૮/૭/૧૧)

એટલે કે 'હું - રુદ્ર, વસુ, આદિત્ય અને વિશ્વેદેવોના રૂપે વિચરું છું. એ જ રીતે મિત્ર, વરુણ, ઇન્દ્ર, અગ્નિ અને અશ્વિનીકુમારોના રૂપને ધારણ કરું છું.'

બ્રહ્મસૂત્રમાં પણ કહ્યું છે કે-

'सर्वोपेता तद्दर्शनात्' (બીજો અધ્યાય, પ્રથમ પાદ, સૂત્ર ૩૦)

'એ પરાશક્તિ સઘળાં સામર્થ્યોથી યુક્ત છે; કેમકે એવું પ્રત્યક્ષ જોવા મળે છે.'

અહીં પણ બ્રહ્મનો વાચક સ્ત્રીલિંગ શબ્દ આવ્યો છે. બ્રહ્મની વ્યાખ્યા શાસ્ત્રોમાં સ્ત્રીલિંગ, પુંલ્લિંગ અને નપુંસકલિંગ વગેરે સઘળાં લિંગોમાં કરવામાં આવી છે. માટે મહાશક્તિને નામે પણ બ્રહ્મની ઉપાસના કરી શકાય છે. બંગાળમાં શ્રીરામકૃષ્ણ પરમહંસે મા, ભગવતી, શક્તિના રૂપમાં બ્રહ્મની ઉપાસના કરી હતી. એ પરમેશ્વરને મા, તારા, કાલી વગેરે નામોથી પોકારતા. બીજા પણ ઘણા મહાત્મા પુરુષોએ સ્ત્રીવાચક નામોથી વિજ્ઞાનાનંદઘન પરમાત્માની ઉપાસના કરી છે. બ્રહ્મની મહાશક્તિના રૂપે શ્રદ્ધા, પ્રેમ અને નિષ્કામભાવે ઉપાસના કરવાથી પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે.

શક્તિ અને શક્તિમાનની ઉપાસના

ઘણા સજ્જનો આને ભગવાનની હ્લાદિની શક્તિ માને છે. મહેશ્વરી, જગદીશ્વરી, પરમેશ્વરી પણ આને જ કહે છે. લક્ષ્મી, સરસ્વતી, દુર્ગા, રાધા, સીતા વગેરે સઘળાં આ શક્તિનાં જ રૂપો છે. માયા, મહામાયા, મૂળપ્રકૃતિ, વિદ્યા, અવિદ્યા વગેરે પણ આનાં જ રૂપો છે. પરમેશ્વર શક્તિમાન છે અને ભગવતી પરમેશ્વરી એની શક્તિ છે. શક્તિમાનથી શક્તિ અલગ હોવા છતાં અલગ નથી સમજવામાં આવતી. જેમ અગ્નિની દાહિકા શક્તિ અગ્નિથી જુદી નથી. આ આખો સંસાર

શક્તિ અને શક્તિમાનથી પરિપૂર્ણ છે. અને એના થકી જ આની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. આ રીતે સમજીને તેઓ શક્તિમાન અને શક્તિ યુગલની ઉપાસના કરે છે. પ્રેમસ્વરૂપા ભગવતી જ ભગવાનનો સુગમતાથી મેળાપ કરાવી શકે છે. આ રીતે સમજીને કોઈ કોઈ કેવળ ભગવતીની જ ઉપાસના કરે છે. ઈતિહાસ-પુરાણ વગેરેમાં સઘળા પ્રકારના ઉપાસકો માટે પ્રમાણો પણ મળે છે.

આ મહાશક્તિરૂપા જગજ્જનનીની ઉપાસના લોકો અનેક રીતે કરે છે. કોઈ તો આ મહેશ્વરીને ઈશ્વરથી જુદી સમજે છે અને કોઈ અભિન્ન માને છે. વાસ્તવમાં તત્ત્વને સમજી લેવું જોઈએ. પછી ભલે જે રીતે ઉપાસના કરવામાં આવે તો પણ કશું નુકસાન નથી. તત્ત્વને સમજીને શ્રદ્ધાભક્તિપૂર્વક ઉપાસના કરવાથી સૌ એ એક પ્રેમાસ્પદ પરમાત્માને પામી શકે છે.

સર્વશક્તિમાન પરમેશ્વરની ઉપાસના

શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ વગેરે શાસ્ત્રોમાં આ ગુણમયી વિદ્યા-અવિદ્યારૂપા માયાશક્તિને પ્રકૃતિ, મૂળ પ્રકૃતિ, મહામાયા, યોગમાયા વગેરે અનેક નામોથી ઓળખાવી છે. એ માયાશક્તિની વ્યક્ત અને વ્યક્ત એટલે કે સામ્યાવસ્થા તથા વિકૃતાવસ્થા એમ બે અવસ્થાઓ છે. એને કાર્ય, કારણ તેમજ વ્યાકૃત, અવ્યાકૃત પણ કહેવાય છે. ત્રેવીસ તત્ત્વોના વિસ્તારનો આ આખો સંસાર તો એનું વ્યક્ત સ્વરૂપ છે. જેમાંથી આ આખો સંસાર ઉત્પન્ન થાય છે અને જેમાં એ લીન થઈ જાય છે એ એનું અવ્યક્ત સ્વરૂપ છે.

अव्यक्ताद् व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसञ्ज्ञके ॥
(ગીતા ૮/૧૮)

અર્થાત્ 'બધાય જીવો બ્રહ્માનો દિવસ શરૂ થતાં અવ્યક્તથી અર્થાત્ બ્રહ્માના સૂક્ષ્મ શરીરથી ઉત્પન્ન થાય છે અને બ્રહ્માની રાત્રિ શરૂ થતાં એ અવ્યક્ત નામના બ્રહ્માના સૂક્ષ્મશરીરમાં જ લીન થઈ જાય છે.'

સંસારની ઉત્પત્તિનું કારણ કોઈ પરમાત્માને અને કોઈ પ્રકૃતિને તથા કોઈ પ્રકૃતિ અને પરમાત્મા બેયને જણાવે છે. વિચાર કરીને જોવાથી સૌનું કહેવું ઠીક જણાય છે. જ્યાં સંસારની રચયિતા પ્રકૃતિ છે ત્યાં સમજવું કે પુરુષના સાંનિધ્યથી જ ગુણમયી પ્રકૃતિ સંસારને રચે છે.

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते ॥
(ગીતા ૯/૧૦)

એટલે કે 'હે કુન્તીપુત્ર! મુજ અધિષ્ઠાતાના પ્રભાવથી જ પ્રકૃતિ ચરાચરસહિત આખા જગતને સર્જે છે અને આ હેતુના લીધે જ આ સંસાર-ચક્ર ફરી રહ્યું છે.'

જ્યાં સંસારનો રચયિતા પરમેશ્વર છે ત્યાં સૃષ્ટિની રચનામાં પ્રકૃતિ દ્વાર છે.

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥
(ગીતા ૯/૮)

એટલે કે 'પોતાની પ્રકૃતિને સ્વીકારીને સ્વભાવના બળને લીધે વશ થયેલા આ આખાય ભૂતસમુદાયને વારંવાર એમનાં કર્મો અનુસાર સર્જું છું.'

વાસ્તવમાં પ્રકૃતિ અને પુરુષ બેયના સંયોગથી જ ચરાચર સંસારની ઉત્પત્તિ થાય છે.

मम योनिर्महद्ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।
सम्भवः सर्वभूतानां ततो भवति भारत ॥
(ગીતા ૧૪/૩)

એટલે કે 'હે ભારત! મારી મહદ્-બ્રહ્મસ્વરૂપ મૂળ પ્રકૃતિ સકળ ભૂતોની યોનિ છે, અર્થાત્ ગર્ભાધાનનો આધાર છે અને હું એ યોનિમાં ચેતન(જીવ)સમુદાયરૂપી ગર્ભને સ્થાપું છું; એ જડ-ચેતનના સંયોગમાંથી સકળ ભૂતોનો ઉદ્ભવ થાય છે.'

કેમકે, વિજ્ઞાનાનંદઘન, ગુણાતીત પરમાત્મા નિર્વિકાર હોવાને કારણે એમાં ક્રિયાનો અભાવ છે. અને ત્રિગુણમયી માયા જડ હોવાને કારણે એમાં પણ ક્રિયાનો અભાવ છે. માટે પરમાત્માના સાંનિધ્યથી જ્યારે પ્રકૃતિમાં સ્પંદન થાય છે ત્યારે જ સંસારની ઉત્પત્તિ થાય છે. માટે પ્રકૃતિ અને પરમાત્માના સંયોગથી જ સંસારની ઉત્પત્તિ થાય છે, અન્યથા નહીં. મહાપ્રલયમાં કાર્ય સહિત ત્રણે ગુણો કારણમાં લય પામે છે ત્યારે એ પ્રકૃતિની અવ્યક્તસ્વરૂપ સામ્યાવસ્થા થઈ જાય છે. એ વખતે સઘળા જીવો સ્વભાવ, કર્મ અને વાસનાસહિત એ મૂળ પ્રકૃતિમાં તન્મય જેવા થયેલા અવ્યક્તરૂપે સ્થિત રહે છે. પ્રલયકાળની અવધિ સમાપ્ત થતાં એ માયા-શક્તિમાં ઈશ્વરના સાંનિધ્યથી સ્ફૂર્તિ થાય છે ત્યારે વિકૃત અવસ્થાને પ્રાપ્ત થયેલી પ્રકૃતિ ત્રેવીસ તત્ત્વોના રૂપે પરિણમે છે, ત્યારે એને અવ્યક્ત કહેવાય છે. પછી ઈશ્વરના સાંનિધ્યથી જ એ ગુણ, કર્મ અને વાસના મુજબ ફળ ભોગવવા માટે ચરાચર જગતને રચે છે.

ત્રિગુણમયી પ્રકૃતિ અને પરમાત્માનો પરસ્પર આધેય અને આધાર તેમજ વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે. પ્રકૃતિ આધેય અને પરમાત્મા આધાર છે. પ્રકૃતિ વ્યાપ્ય અને પરમાત્મા વ્યાપક છે. નિત્ય ચેતન, વિજ્ઞાનાનંદઘન પરમાત્માના કોઈ એક અંશમાં ચરાચર જગત સહિત પ્રકૃતિ છે. જેમ તેજ, જળ, પૃથ્વી સહિત વાયુ આકાશના આધાર છે એ જ રીતે આ પરમાત્માના આધાર છે. જેમ વાદળ આકાશથી વ્યાપેલું છે એ જ રીતે પરમાત્માથી પ્રકૃતિ સહિત આ આખો સંસાર વ્યાપેલો છે.

યથાકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ ।
તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય ॥

(ગીતા ૯/૬)

એટલે કે 'જેમ આકાશથી ઉદ્ભવેલો સર્વ બાજુએ વિચરનાર અતિ વિસ્તૃત વાયુ સદા આકાશમાં જ સ્થિત છે, એ જ રીતે મારા સંકલ્પ દ્વારા ઉત્પન્ન હોવાને લીધે સઘળાં ભૂતો મારામાં સ્થિત છે, એમ સમજ.'

અથવા બહુનૈતેન કિં જ્ઞાતેન તવાર્જુન ।
વિષ્ટભ્યાહમિદં કૃત્સ્નમેકાંશેન સ્થિતો જગત્ ॥

(ગીતા ૧૦/૪૨)

એટલે કે 'અથવા હે અર્જુન! આ વધારે જાણીને તારે શું કરવું છે? સારરૂપે સમજી લે કે હું આ આખાય બ્રહ્માંડને પોતાની યોગ-શક્તિના એક અંશમાત્રથી ધારણ કરીને સ્થિત છું.'

ઈશા વાસ્યમિદઁ સર્વં યત્કિઞ્ચ જગત્યાં જગત્ ॥

(ઈશોપનિષદ ૧)

એટલે કે 'ત્રિગુણમયી માયામાં સ્થિત આ આખું ચરાચર જગત ઈશ્વરથી વ્યાપેલું છે.'

પણ એ ત્રિગુણમયી માયાથી તે લેપાયમાન નથી થતો. કેમકે, વિજ્ઞાનાનંદઘન પરમાત્મા ગુણાતીત, કેવળ અને સૌનો સાક્ષી છે.

એકો દેવઃ સર્વભૂતેષુ ગૂઢઃ
સર્વવ્યાપી સર્વભૂતાન્તરાત્મા ।
કર્માધ્યક્ષઃ સર્વભૂતાધિવાસઃ
સાક્ષી ચેતા કેવલો નિર્ગુણશ્ચ ॥

(શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૬/૧૧)

એટલે કે 'જે દેવ સઘળાં ભૂતોમાં છુપાયેલો, સર્વવ્યાપક, સઘળાં ભૂતોનો અંતરાત્મા, કર્મોનો

અધિષ્ઠાતા, સર્વભૂતોનો આશ્રય, સૌનો સાક્ષી, ચેતન, કેવળ અને નિર્ગુણ એટલે કે સત્ત્વ, રજ, તમ - એ ત્રણ ગુણોથી પર છે એ એક છે.'

આ રીતે ગુણોથી અતીત પરમાત્માને સારી પેઠે જાણીને માણસ આ સંસારના સઘળાં દુઃખો અને ક્લેશોથી મુક્ત થઈને પરમાત્માને પામી જાય છે. એને જાણવા માટેનો સૌથી સહજ ઉપાય એ પરમેશ્વરનું અનન્ય શરણું છે. માટે એ સર્વવ્યાપી, સર્વશક્તિમાન, સચ્ચિદાનંદ પરમાત્માના બધી રીતે શરણે થવું.

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते॥
(ગીતા ૭/૧૪)

'કેમકે આ અલૌકિક અર્થાત્ ઘણી અદ્‌ભુત ત્રિગુણમયી મારી માયા પાર કરવી ઘણી કઠિન છે, પરંતુ જે માણસો માત્ર મને જ નિરંતર ભજે છે, તેઓ આ માયાને પાર કરી જાય છે એટલે કે સંસાર-સાગરને તરી જાય છે.'

વિદ્યા-અવિદ્યારૂપ ત્રિગુણમયી આ મહામાયા ઘણી વિચિત્ર છે. આને કોઈ અનાદિ, અનંત અને કોઈ અનાદિ, સાંત માને છે. તથા કોઈ આને સત્ અને કોઈ અસત્ કહે છે તેમ જ કોઈ આને બ્રહ્મથી અભિન્ન અને કોઈ આને બ્રહ્મથી ભિન્ન જણાવે છે. વાસ્તવમાં આ માયા ઘણી વિલક્ષણ છે. માટે આને અનિર્વચનીય કહી છે.

અવિદ્યા–દુરાચાર, દુર્ગુણરૂપ, આસુરી, રાક્ષસી, મોહિની પ્રકૃતિ, મહત્તત્ત્વના કાર્યરૂપ આ આખો દૃશ્યવર્ગ એનો જ વિસ્તાર છે.

વિદ્યા–ભક્તિ, પરાભક્તિ, જ્ઞાન, વિજ્ઞાન, યોગ, યોગમાયા, સમષ્ટિ બુદ્ધિ, શુદ્ધ બુદ્ધિ, સૂક્ષ્મ બુદ્ધિ, સદાચાર, સદ્‌ગુણરૂપ દૈવી સંપદા - આ બધો એનો જ વિસ્તાર છે.

જેમ ઈંધણને ભસ્મ કરીને અગ્નિ આપમેળે શાંત થઈ જાય છે એ જ રીતે અવિદ્યાનો નાશ કરીને વિદ્યા આપમેળે જ શાંત થઈ જાય છે, આમ માનીને જો માયાને અનાદિ-સાન્ત જણાવવામાં આવે તો એ દોષ આવે છે કે આ માયા આજથી અગાઉ જ સાન્ત થઈ જવી જોઈતી હતી. જો કહો કે ભવિષ્યમાં સાન્ત થનારી છે તો પછી એનાથી છૂટવાનો પ્રયાસ કરવાની શી જરૂર છે? એના સાન્ત થતાં સઘળા જીવો આપમેળે જ મુક્ત થઈ જશે. પછી ભગવાન શા માટે કહે છે કે આ ત્રિગુણમયી મારી માયા તરવી ઘણી અઘરી છે, પણ જે મારે શરણે થઈ જાય છે તેઓ આ માયાને તરી જાય છે.

જો આ માયાને અનાદિ, અનંત જણાવવામાં આવે તો એનો સંબંધ પણ અનાદિ, અનંત હોવો જોઈએ. સંબંધ અનાદિ, અનંત માની લેવાથી જીવનો કદી છૂટકારો થઈ જ નથી શકતો અને ભગવાન કહે છે કે ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞના અંતરને તત્ત્વથી સમજી લેતાં જીવ મુક્ત થઈ જાય છે–

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम्॥
(ગીતા ૧૩/૩૪)

એટલે કે 'આ પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને* તથા કાર્ય-સહિત પ્રકૃતિથી મુક્ત થવાને, જે માણસો જ્ઞાનચક્ષુ દ્વારા તત્ત્વથી જાણી લે છે, એ મહાત્માજનો પરમ બ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે.'

★ ક્ષેત્રને જડ, વિકારી, ક્ષણિક અને નાશવંત જાણવું તથા ક્ષેત્રજ્ઞને નિત્ય, ચેતન, અવિકારી તેમ જ અવિનાશી જાણવો, એ જ એમના ભેદને જાણવો છે.

માટે આ માયાને અનાદિ, અનંત પણ ન માની શકાય. આને ન તો સત્ કહી શકાય છે કે ન અસત્. અસત્ એટલા માટે ન કહી શકાય કેમકે, આનો વિકાર એવો આ આખો સંસાર પ્રત્યક્ષ જણાય છે અને સત્ એટલા માટે ન જણાવી શકાય, કેમકે આ દૃશ્ય જડવર્ગ સદા પરિવર્તનશીલ હોવાને લીધે આની નિત્ય સમ સ્થિતિ નથી જોવા મળતી.

આ માયાને પરમેશ્વરથી અભિન્ન પણ ન કહી શકાય. કેમકે, માયા એટલે કે પ્રકૃતિ જડ, દૃશ્ય, દુઃખરૂપ વિકારી છે અને પરમાત્મા ચેતન, દ્રષ્ટા, નિત્ય, આનંદરૂપ અને નિર્વિકાર છે. બેય અનાદિ હોવા છતાં પણ પરસ્પર એમાં ઘણું મોટું અંતર છે.

मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् ।

(શ્વેતાશ્વતર ૪/૧૦)

'ત્રિગુણમયી માયાને પ્રકૃતિ (ત્રેવીસ તત્ત્વોના જડ વર્ગનું કારણ) તથા માયાપતિને મહેશ્વર જાણવા.'

द्वे अक्षरे ब्रह्मपरे त्वनन्ते
विद्याविद्ये निहिते यत्र गूढे ।
क्षरं त्वविद्या ह्यमृतं तु विद्या
विद्याविद्ये ईशते यस्तु सोऽन्यः ॥

(શ્વેતાશ્વતર ૪/૧૦)

'સર્વવ્યાપી, અનંત, અવિનાશી, પરબ્રહ્મ, અંતર્યામી પરમાત્મામાં વિદ્યા, અવિદ્યા બેય ગૂઢભાવે સ્થિત છે. અવિદ્યા ક્ષર છે, વિદ્યા અમૃત છે (કેમકે વિદ્યાથી અવિદ્યાનો નાશ થાય છે) તથા જે વિદ્યા, અવિદ્યા પર શાસન કરનાર છે એ પરમાત્મા બેયથી અળગો છે.'

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

(ગીતા ૧૫/૧૮)

'હું નાશવંત જડસમુદાય ક્ષેત્રથી સર્વ રીતે અતીત છું અને અવિનાશી જીવાત્માથી પણ ઉત્તમ છું, માટે લોકમાં તેમજ વેદોમાં પુરુષોત્તમ નામે પ્રસિદ્ધ છું.'

તથા આ માયાને પરમેશ્વરથી ભિન્ન પણ ન કહી શકાય, કેમકે, વેદ અને શાસ્ત્રોમાં આને બ્રહ્મનું રૂપ જણાવ્યું છે.

'सर्वं खल्विदं ब्रह्म' (છાન્દોગ્ય૦ ૩/૧૪/૧)
'वासुदेवः सर्वमिति' (ગીતા ૭/૧૯)
'सदसच्चाहमर्जुन' (ગીતા ૯/૧૯)

તથા માયા ઈશ્વરની શક્તિ છે અને શક્તિમાનથી શક્તિ અભિન્ન હોય છે. જેમ અગ્નિની દાહિકા શક્તિ અગ્નિથી અભિન્ન છે, માટે પરમાત્માથી આને ભિન્ન પણ ન કહી શકાય.

ભલે ગમે તે રીતે પણ તત્ત્વને સમજીને એ પરમાત્માની ઉપાસના કરવી. તત્ત્વને સમજીને કરેલી ઉપાસના જ સર્વોત્તમ છે. જે એ પરમેશ્વરને તત્ત્વથી સમજી જાય છે, એ એને એક ક્ષણ પણ નથી ભૂલી શકતો, કેમકે સર્વ કાંઈ પરમાત્મા જ છે. આ રીતે સમજનાર પરમાત્માને કેમ કરીને ભૂલી શકે? અથવા પરમાત્માને જે આખા સંસારથી ઉત્તમ સમજે છે એ પણ પરમાત્માને છોડીને બીજી વસ્તુને શી રીતે ભજી શકે? જો ભજે તો એ પરમાત્માના તત્ત્વને નથી જાણતો. કેમકે એ નિયમ છે કે માણસ જેને ઉત્તમ સમજે છે એને જ ભજે છે એટલે કે ગ્રહણ કરે છે.

માની લો કે એક પહાડ છે. એમાં લોઢાની, તાંબાની, કાચની અને સોનાની ચાર ખાણો છે. કોઈ ઠેકેદારે નિશ્ચિત સમય પૂરતી એ ખાણોને ઠેકા પર લઈ લીધી અને એ એમાંથી માલ કાઢવા માંગે છે. તેમજ ચારેય

ધાતુઓમાંથી કોઈને પણ કાઢે, સમય લગભગ સરખો જ લાગે છે. આ ચારેયની કિંમત જાણનાર ઠેકેદાર જ્યાં સુધી સોનું છે ત્યાં સુધી સોનું છોડીને શું લોઢું, તાંબું કે કાચ કાઢવા માટે પોતાનો સમય કાઢશે ખરો! કદી નહીં. બધી રીતે જોતાં એ માત્ર સોનું જ કાઢશે. એ જ રીતે માયા અને પરમેશ્વરના તત્ત્વને જાણનાર પરમેશ્વરને છોડીને નાશવંત ક્ષણભંગુર ભોગ અને અર્થ માટે પોતાનો અણમોલ સમય કદી નહીં વેડફે. એ બધી રીતે નિરંતર પરમાત્માને જ ભજશે.

ગીતામાં પણ કહ્યું છે–

यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥

(ગીતા ૧૫/૧૯)

'હે ભરતવંશી! જે જ્ઞાની માણસ મને આ રીતે તત્ત્વથી પુરુષોત્તમસ્વરૂપે જાણે છે, એ સર્વજ્ઞ માણસ સર્વ રીતે નિરંતર મુજ વાસુદેવ પરમેશ્વરને જ ભજે છે.'

આ રીતે ઈશ્વરની અનન્ય ભક્તિ કરવાથી માણસ પરમેશ્વરને પામી જાય છે. માટે શ્રદ્ધાપૂર્વક નિષ્કામ પ્રેમભાવે નિત્ય નિરંતર પરમેશ્વરનું ભજન, ધ્યાન કરવા માટે પ્રાણ છે ત્યાં સુધી પ્રયત્નશીલ રહેવું.

—★—

॥ ॐ શ્રીપરમાત્મને નમઃ ॥

तत्त्वचिन्तामणि-४

અમૂલ્ય વચન

'સાત્ત્વિક આચરણ અને ભગવાનની વિશુદ્ધ ભક્તિથી અંતઃકરણની શુદ્ધિ થતાં જ્યારે ભ્રમ મટી જાય છે, ત્યારે જ સાધક કૃતકૃત્ય થઈ જાય છે.'

'ભગવાન ગુણાતીત છે, સારા-ખોટા બધા ગુણોથી યુક્ત છે અને કેવળ સદ્‌ગુણ-સંપન્ન છે.'

'ભગવાન ગમે તે રીતે, ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે રૂપે પ્રગટ થઈ શકે છે.'

'ચરાચર બ્રહ્માંડ ઈશ્વર છે, એની સેવા ઈશ્વરની સેવા છે. સંસારને સુખ પહોંચાડવું એ પરમાત્માને સુખ પહોંચાડવું છે.'

'નિષ્કામભાવે પ્રેમપૂર્વક વિધિસહિત જપ કરનાર સાધક સત્વરે સારો લાભ મેળવી શકે છે.'

'મોટામાં મોટું સંકટ આવી પડતાં પણ વિશુદ્ધ પ્રેમભક્તિ અને ભગવત્સાક્ષાત્કાર સિવાય બીજી કોઈ પણ સાંસારિક વસ્તુની કામના, યાચના કે ઇચ્છા કદી ન કરવી.'

'ભગવાનમાં ખરો પ્રેમ થવામાં તથા ભગવાનની મનમોહિની મૂર્તિનાં પ્રત્યક્ષ દર્શન થવામાં વિશ્વાસ જ મૂળ કારણ છે.'

'નિરાકાર-સાકાર સૌ એક જ તત્ત્વ છે.'

'એ સર્વજ્ઞ, સર્વવ્યાપી, સર્વગુણ-સંપન્ન, સર્વસમર્થ, સર્વસાક્ષી, સત્, ચિત્ આનંદઘન પરમાત્મા જ પોતાની લીલાથી ભક્તોના ઉદ્ધાર કાજે ભિન્ન ભિન્ન સ્વરૂપ ધારણ કરીને અનેક લીલાઓ કરે છે.'

'એ પરમાત્માને શરણે થવું એ સાધકનું કર્તવ્ય છે, શરણે થયા બાદ તો પ્રભુ સ્વયં સઘળો ભાર સંભાળી લે છે.'

—★—

સંત-મહિમા

સંતભાવની પ્રાપ્તિ ભગવત્કૃપાથી થાય છે

સંસારમાં સંતોનું સ્થાન સૌથી ઊંચું છે. દેવતા અને મનુષ્ય, રાજા અને પ્રજા – બધા જ સાચા સંતોને પોતાના કરતાં ઉત્તમ માને છે. સંતનું જ જીવન સાર્થક હોય છે. આથી જ બધા લોકોએ સંતભાવની પ્રાપ્તિ માટે ભગવાનના શરણે થવું જોઈએ. અહીં એક પ્રશ્ન થાય છે કે, 'સંતભાવની પ્રાપ્તિ પ્રયત્ન કરવાથી થાય છે કે ભગવાનની કૃપાથી? – અથવા તે બંનેથી? જો એમ કહેવામાં આવે કે તે માત્ર પ્રયત્ન-સાધ્ય છે, તો પછી બધા લોકો પ્રયત્ન કરીને સંત કેમ બનતા નથી? જો તમે એમ કહો કે ભગવાનની કૃપાથી થાય છે; તો ભગવાનની કૃપા તો હંમેશાં બધાં ઉપર અપરિમિત છે જ, તો પછી બધાંને સંતભાવની પ્રાપ્તિ કેમ થતી નથી? સંતભાવની પ્રાપ્તિ પ્રયત્ન અને ભગવત્કૃપા એ બંનેથી થાય છે એમ જો કહેવામાં આવે, તો પછી ભગવત્કૃપાનું મહત્ત્વ જ શું રહ્યું, કારણ કે બીજા પ્રયત્નોની સહાય વિના, કેવળ ભગવત્કૃપાથી જ ભગવત્પ્રાપ્તિ ન થઈને?' આનો ઉત્તર એ છે કે ભગવત્પ્રાપ્તિ એટલે કે સંતભાવની પ્રાપ્તિ ભગવાનની કૃપાથી જ થાય છે. વાસ્તવમાં ભગવાનને પ્રાપ્ત કરી ચૂકેલા મનુષ્યને જ સંત કહેવામાં આવે છે. 'સત્' પદાર્થ કેવળ પરમાત્મા છે અને પરમાત્માના યથાર્થ તત્ત્વને જે જાણે છે તથા તેને જે પ્રાપ્ત કરી

ચૂક્યો છે તે જ સંત છે. હા, ગૌણી વૃત્તિથી તેમને પણ સંત કહી શકાય છે કે જેઓ ભગવાનની કૃપાના પાત્ર છે; કારણ કે તેઓ ભગવત્પ્રાપ્તિરૂપી લક્ષ્યની નજીક પહોંચી ગયેલા છે અને સત્વરે તેમને ભગવાનની પ્રાપ્તિ થવાની સંભાવના છે.

આ બાબતે એવી શંકા થાય છે કે જો પરમાત્માની કૃપા બધાં ઉપર છે તો પછી બધાંને પરમાત્માની પ્રાપ્તિ થવી જ જોઈએ, પણ એવું થતું નથી, તો કેમ? આનો ઉત્તર એ છે કે જો પરમાત્માની પ્રાપ્તિની તીવ્ર ઝંખના હોય અને ભગવાનની કૃપામાં વિશ્વાસ હોય તો બધાંને ભગવત્પ્રાપ્તિ થઈ શકે છે. પરંતુ પરમાત્માની પ્રાપ્તિની ઝંખના કેટલા મનુષ્યોની છે તથા પરમાત્માની કૃપા પર વિશ્વાસ કેટલા જણને છે? જેઓ ઇચ્છે છે અને જેમને વિશ્વાસ છે તેમને ભગવાનની પ્રાપ્તિ થાય જ છે. જો એમ કહેવામાં આવે કે પરમાત્માની પ્રાપ્તિ તો બધાં ઇચ્છે છે, તો એ વાજબી નથી; કારણ કે એવી ઇચ્છા એ સ્વાભાવિક ઇચ્છા નથી. આપણે જોઈએ છીએ કે જેને ધન-પ્રાપ્તિની ઝંખના હોય છે તે ધન મેળવવા માટે બધું જ કરી છૂટવા અને અન્ય તમામનો ત્યાગ કરવા તૈયાર થઈ જાય છે; આ જ પ્રકારની ભગવાનને પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના કેટલાની છે? ધન તો ઇચ્છા કરવાથી પણ પ્રારબ્ધમાં હોય છે તો જ મળે છે અને પ્રારબ્ધમાં નથી હોતું તો નથી મળતું, પરંતુ ભગવાન તો ઇચ્છા કરવાથી અવશ્ય મળે છે; કારણ કે ભગવાન ધનની જેમ જડ અર્થાત્ અચેતન નથી. જડ ધન આપણી ઇચ્છાના બદલામાં સામે તેવી જ ઇચ્છા કરી શકતું નથી; જ્યારે ભગવાન તો જે તેમને ઝંખે છે તેને તેઓ સ્વયં ઝંખે છે; અને એ નિશ્ચિત સત્ય છે કે ભગવાનની ઝંખના ક્યારેય નિષ્ફળ થતી નથી, તે અમોઘ હોય છે. આથી, ભગવાનની ઇચ્છાથી વણ-પ્રયત્ને જ ભક્તની ઇચ્છા આપોઆપ પૂર્ણ થઈ જાય છે. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે ભક્ત ઝંખના કરે છે તો જ ભગવાન તેને ઝંખે છે. જો તમે એમ કહો કે ભક્તની ઝંખના વિના ભગવાન તેને કેમ ઝંખતા નથી? તો એનો ઉત્તર એ છે કે વસ્તુતઃ ભગવાનમાં 'ઝંખના' છે જ નહિ, ભક્તની ઝંખનાથી જ તેમનામાં ઝંખના ઉત્પન્ન થાય છે. આમ વિચારતાં હવે એ શંકા રહે છે કે જો ભક્તની ઝંખનાથી જ ભગવાનમાં ઝંખના ઉત્પન્ન થતાં ભગવાનની પ્રાપ્તિ થાય છે તો એમાં કેવળ ભગવત્કૃપાનું મહત્ત્વ ક્યાં રહ્યું? ઇચ્છા એ પણ એક પ્રયત્ન નથી શું? આનો ઉત્તર એ છે કે ભગવાનને પ્રાપ્ત કરવાની ઇચ્છામાત્રને પ્રયત્ન કહી શકાય નહિ અને જો તેને તમે પ્રયત્ન માનો તો એટલો પ્રયત્ન તો અવશ્ય કરવો જ પડે છે. પરંતુ ધ્યાન દઈને જોવાથી માલૂમ પડશે કે ઇચ્છા કરવામાત્રથી પ્રાપ્ત થનારા એકમાત્ર શ્રીભગવાન જ છે. દુનિયામાં લોકો વિભિન્ન પ્રકારના પદાર્થોની ઇચ્છા કરે છે; પરંતુ ઇચ્છા કરવામાત્રથી તેમને કશું જ મળતું નથી. ઇચ્છા હોય, પ્રારબ્ધનો સંયોગ હોય અને પછી પ્રયત્ન થાય તો ભૌતિક પદાર્થ મળે છે; પરંતુ ભગવત્પ્રાપ્તિ માટે તો ઇચ્છામાત્રથી કામ થઈ જાય છે. ઇચ્છા કર્યા પછી જે પ્રયત્ન થાય છે તે પ્રયત્ન તો ભગવાન સ્વયં કરાવી લે છે; સાધક તો નિમિત્તમાત્ર બને છે. અર્જુનને ભગવાને કહ્યું છે–

मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥

(ગીતા - ૧૧/૩૩ : ઉત્તરાર્ધ)

'આ સર્વે શૂરવીરો પહેલેથી જ મારા વડે હણાયેલા છે; હે સવ્યસાચી! તું તો કેવળ

નિમિત્તમાત્ર થા.'

આ રીતે પોતાની પ્રાપ્તિરૂપ કાર્યની સિદ્ધિમાં પણ ભગવાન જ બધું કરાવે છે, પ્રાપ્તિની ઇચ્છા કરનારા ભક્તને તો નિમિત્તમાત્ર જ બનાવે છે. જે લોકો ભગવાનની પ્રાપ્તિને કેવળ પોતાના પુરુષાર્થની સિદ્ધિ માને છે તેમને ભગવાન પ્રત્યક્ષ દર્શન આપતા નથી. હા, તેમને ઘણી મુશ્કેલીથી જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે; પરંતુ તેમાં પણ ગુરુનું શરણ તો લેવું જ પડે છે. ભગવાન સ્વયં કહે છે –

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

(ગીતા - ૪/૩૪)

'એ જ્ઞાનને તું તત્ત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઈને જાણી લે; એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી, એમની સેવા કરવાથી તેમજ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્મતત્ત્વને બરાબર ઓળખનારા એ જ્ઞાની મહાત્માજનો તને એ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપશે.'

શ્રુતિ કહે છે –

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।
क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥

(કઠોપનિષદ્ - ૧/૩/૧૪)

'ઊઠો, જાગો અને મહાપુરુષો પાસે જઈને જ્ઞાન પ્રાપ્ત કરો. જે રીતે છરીની ધાર તીક્ષ્ણ અને દુઃસહ્ય હોય છે તત્ત્વજ્ઞાનીઓ તે માર્ગને પણ તેવો જ દુર્ગમ કહે છે.'

ભગવત્પ્રાપ્તિમાં કેવળ પોતાનો પુરુષાર્થ છે એવું માનવાનું કારણ અહંકાર-દોષ છે. ભક્તના આ અહંકાર-દોષનો નાશ કરવા માટે ભગવાન તેને ભીષણ સંકટોમાં નાખીને એ વાત પ્રત્યક્ષ બતાવી આપે છે કે કાર્યસિદ્ધિમાં પોતાનું સામર્થ્ય માનવું એ મનુષ્યની એક મોટી ભૂલ છે. આ રીતે અહંકારના નાશ માટે ભક્તને સંકટમાં નાખવો એ પણ ભગવાનની વિશેષ કૃપા છે. 'કેનોપનિષદ્'માં એક કથા છે – ઇન્દ્ર, અગ્નિ, વાયુ વગેરે દેવોએ વિજય માટેનું કારણ પોતાનો પુરુષાર્થ છે એમ માન્યું, તેથી તેમને અહંકાર થયો. ત્યારે ભગવાને તેમના પર કૃપા કરીને યક્ષના રૂપમાં પોતાનો પરિચય કરાવ્યો અને તેમના અહંકારનો નાશ કર્યો. જ્યારે અગ્નિ, વાયુ વગેરે દેવો પરાસ્ત થયા અને એવું સમજી ગયા કે અમારું તો વસ્તુતઃ કશું જ સામર્થ્ય નથી, ત્યારે ભગવાને વિશેષ કૃપા કરીને ઉમા દ્વારા ઇન્દ્રને પોતાનો યથાર્થ પરિચય કરાવ્યો. સફળતામાં મનુષ્ય પોતાના પુરુષાર્થને કારણભૂત માનીને અહંકાર કરે છે, પરંતુ આ અનિવાર્ય વિપત્તિમાં તે જ્યારે પોતાના પુરુષાર્થથી હતાશ થઈ જાય છે ત્યારે નિરુપાય થઈને ભગવાનના શરણે જાય છે અને દુઃખી થઈને પોકારી ઊઠે છે – 'હે નાથ! મને આ ઘોર સંકટમાંથી બચાવી લો. હું સર્વથા અસમર્થ છું. હું પોતાના બળથી પોતાનો ઉદ્ધાર કરવાનું જે માનતો હતો તે મારી ભારે ભૂલ હતી. રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરે શત્રુઓના દમનથી હવે મને એ વાતની પૂરી જાણ થઈ ગઈ છે કે તમારી કૃપા વિના મારા માટે તેમનાથી છુટકારો મેળવવો મુશ્કેલ જ નહિ, પરંતુ લગભગ અસંભવિત છે.' જ્યારે અહંકારનો ત્યાગ કરીને આ રીતે સરળભાવે અને સાચા અંતઃકરણપૂર્વક મનુષ્ય ભગવાનને શરણે થાય છે ત્યારે ભગવાન તેને અપનાવી લે છે અને આશ્વાસન આપે છે; કારણ કે ભગવાનની આ ઘોષણા છે –

सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद्व्रतं मम ॥

(વાલ્મીકિ રામાયણ - ૬/૧૮/૩૩)

'જે એકવાર પણ મારે શરણે થઈને કહે છે કે 'હું તમારો છું (તમે મને અપનાવી લો)' તેને હું તમામ પ્રાણીઓથી નિર્ભય કરી દઉં છું – આ મારું વ્રત છે.' આમ છતાં પણ મનુષ્ય તેમના શરણે થઈને પોતાનું કલ્યાણ કરતો નથી એ મોટા આશ્ચર્યની વાત છે!

દયાસાગર ભગવાનની જીવો ઉપર એટલી અપાર દયા છે કે જેની કોઈ સીમા જ નથી. ખરેખર તો તેમને દયાસાગર કહેવા એ પણ તેમની સ્તુતિના બહાને નિંદા જ થાય છે; કારણ કે સાગર તો સીમાબદ્ધ છે, જ્યારે ભગવાનની દયાની તો કોઈ સીમા જ નથી. ભલભલા મનુષ્યો પણ ભગવાનની દયાની જેટલી કલ્પના કરે છે તેનાથી પણ તે ઘણી જ અધિક છે. તેની કોઈ કલ્પના જ કરી શકાતી નથી. એવું કોઈ ઉદાહરણ નથી કે જેના આધારે ભગવાનની દયાના સ્વરૂપને સમજાવી શકાય. માતાનું ઉદાહરણ આપીએ તો તે પણ યોગ્ય નથી; કારણ કે સંસારમાં અસંખ્ય જીવો છે અને તે બધાની ઉત્પત્તિ માતાઓથી જ થાય છે, તે તમામ માતાઓનાં હૃદયોમાં પોતાના પુત્રો ઉપર જે દયા કે સ્નેહ છે તે બધો એકઠો મળીને પણ તે દયાસાગરની દયાના એક બુંદની તોલે પણ આવી શકતો નથી. આવી સ્થિતિમાં ભગવત્કૃપાની અન્ય કોની સાથે તુલના કરવી? આમ છતાં માતાનું ઉદાહરણ એટલા માટે આપવામાં આવે છે કે જગતમાં જેટલાં ઉદાહરણો છે તે બધાંમાં આ ઉદાહરણની વિશેષતા છે. માતા પોતાના બાળક માટે જે કંઈ પણ કરે છે તેની તે પ્રત્યેક ક્રિયામાં દયા ભરેલી રહે છે. આ વાતનો બાળકને પણ થોડોક અનુભવ હોય છે. બાળક જ્યારે તોફાન કરે છે ત્યારે તેની ભૂલ સુધારવા માટે માતા તેને ધમકાવે છે, મારે છે અને તેને એકલો છોડીને થોડી દૂર ખસી જાય છે. આવી સ્થિતિમાં પણ બાળક માતાની જ પાસે જવાનું ઇચ્છે છે. બીજા લોકો તેને પૂછે છે – 'તને કોણે માર્યો?' તે રડતાં રડતાં કહે છે – 'માએ.' એ સાંભળીને તેઓ કહે છે – 'તો હવે તેની પાસે જતો નહીં.' પરંતુ તે તેમની વાત પર ધ્યાન નહિ આપતાં રડે છે અને માતાની જ પાસે જવા માગે છે. તેને બીક બતાવવામાં આવે છે કે 'મા તને ફરીથી મારશે.' પણ આ વાતની તેના ઉપર કોઈ અસર થતી નથી. તે કોઈ પણ વાતની પરવા નહિ કરીને પોતાના સરળ ભાવથી માતાની જ પાસે જવા ઇચ્છે છે. રડે છે, છતાં ઇચ્છે છે તો માતાને જ. માતા જ્યારે તેને છાતીએ લગાડીને આંસુ લૂછે છે, આશ્વાસન આપે છે ત્યારે જ તે શાંત થાય છે. આ રીતે માતાની દયા ઉપર વિશ્વાસ કરનારા બાળકની જેમ જે મનુષ્ય ભગવાનની દયાના તત્ત્વને જાણી લે છે અને ભગવાનનો માર પડવા છતાં પણ ભગવાનને જ પોકારે છે તેને ભગવાન પોતાના હૈયા સરસો ચાંપે છે. તો પછી, ભગવાનની કૃપાને જે વિશેષરૂપે જાણી લે છે તેની તો વાત જ શી કરવી?

બાળક નીચેના પગથિયાથી ઉપરના પગથિયા પર ચઢવા ઇચ્છે છે ત્યારે માતા તેને દાદરા પાસે લઈ જઈને ચઢવા માટે પ્રોત્સાહિત કરે છે. તે કહે છે – 'બેટા! ચઢ. તું નહિ પડે. હું સાથે છું ને? લે, હું તારો હાથ પકડું છું.' આમ સાહસ અને આશ્વાસન આપીને તેને એક પછી એક પગથિયાં ચડાવે છે, પૂરું ધ્યાન રાખે છે, ક્યાંક પડી ન જાય; બાળક થોડુંક પણ ડગે છે તો તરત હાથનો ટેકો આપીને સ્થિર કરે છે અને ઉપર ચઢાવે છે; બાળક ચડવામાં જ્યારે મુશ્કેલી અનુભવે છે ત્યારે માની સામે તાકીને જાણે ઇશારાથી માની મદદ

માગે છે. માતા તે જ ક્ષણે તેને ટેકો આપીને ચઢાવી દે છે અને પાછી ઉત્સાહ પ્રેરે છે. બાળક ક્યાંક લપસી પડે છે તો માતા તરત તેને ખોળામાં લઈ લે છે, પડવા દેતી નથી. આ જ રીતે જે મનુષ્ય બાળકની જેમ ભગવાન પર ભરોસો રાખે છે, તેમના પર નિર્ભર રહે છે તેની ઉન્નતિની અને સુરક્ષાની વ્યવસ્થા ભગવાન સ્વયં કરે છે, તેને તો કેવળ નિમિત્ત બનાવે છે. સાંસારિક માતા તો કદાચ સાવધાની અને સામર્થ્યના અભાવના કારણે અથવા ભ્રાન્તિને લીધે પડતા બાળકને ન પણ બચાવી શકે, પરંતુ તે સર્વશક્તિમાન, સર્વાન્તર્યામી, પરમદયાળુ, સર્વજ્ઞ પ્રભુ તો પોતાના આશ્રિતને કદી પણ પડવા દેતા નથી; બલકે તેને ઉત્તરોત્તર સહાય કરતા રહીને, એક-એક પગથિયું ચઢાવતા ચઢાવતા સૌથી ઉપરના પગથિયા પર, કે જ્યાં પહોંચવાનું જ જીવનનું અંતિમ ધ્યેય છે, પહોંચાડી જ દે છે. આથી એ સિદ્ધ થઈ જાય છે કે પ્રયત્ન તો ભગવાન જ કરે છે, ભક્તે તો કેવળ ઇચ્છા જ કરવી પડે છે અને તેથી જ ભગવાન તેને નિમિત્ત બનાવે છે. બાળક ક્યારેક અભિમાનવશ એવું વિચારે છે કે હું પોતાના જ પુરુષાર્થથી ચઢું છું, ત્યારે માતા થોડીક દૂર ખસીને કહે છે – 'ભલે, ચઢ.' પરંતુ સહાય નહિ મળવાથી તે ચઢી શકતો નથી, પડવા લાગે છે અને રડે છે, ત્યારે માતા દોડી જઈને તેને બચાવી લે છે. આ જ રીતે પોતાના પ્રયત્નનું અભિમાન કરનારો પણ પતન પામી શકે છે; પરંતુ એ વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાનની કૃપાનું તાત્પર્ય એવું કદાપિ નથી કે મનુષ્ય બધું જ છોડી દઈને પગ પર પગ ચડાવીને બેસી જાય, કંઈ પણ કરે નહિ. આવું માનવું એ તો પ્રભુની કૃપાનો દુરુપયોગ છે. માતા જ્યારે બાળકને ઉપર ચઢાવે છે ત્યારે બધી ક્રિયા માતા જ કરે છે, પરંતુ બાળકે માતાની આજ્ઞા અનુસાર પ્રયત્ન તો કરવો જ પડે છે. જો બાળક માતાની ઇચ્છા મુજબ પ્રયત્ન કરતો નથી અથવા અવળો વર્તે છે તો માતા તેને તેના હિત માટે ડરાવે-ધમકાવે છે અને કોઈ-કોઈવાર મારે પણ છે.

આ મારમાં પણ માના હૃદયનો પ્રેમ ભરેલો રહે છે – એ પણ તેની પરમ દયાળુતા છે. આ જ રીતે ભગવાન પણ દયાને વશ થઈને અવારનવાર આપણને ચેતવણી આપે છે. મતલબ એ છે કે જેમ બાળક પોતાને તથા પોતાની બધી ક્રિયાઓને માતાને સોંપી દઈને માતૃપરાયણ થઈ જાય છે તેવી જ રીતે આપણે પોતાની જાતને તથા પોતાની તમામ ક્રિયાઓને પરમાત્માના હાથોમાં સોંપી દઈને તેમના ચરણોમાં પડી જવું જોઈએ. આ રીતે બાળકની જેમ પરમ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે જે પોતાની જાતને પરમાત્માના ખોળામાં સોંપી દે છે તે જ મનુષ્યને પરમાત્માની કૃપાનો ઇચ્છુક અને પાત્ર સમજવામાં આવે છે અને તેના ફળસ્વરૂપે તે પરમાત્માની દયાથી પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. સારાંશ એ છે કે પરમાત્માની પ્રાપ્તિ પરમાત્માની દયાથી જ થાય છે; દયા જ એકમાત્ર કારણ છે. પરંતુ આ દયા મનુષ્યને અકર્મણ્ય બનાવી દેતી નથી. પરમાત્માની દયાથી જ આવો પરમ પુરુષાર્થ બને છે. જીવનો પોતાનો કોઈ પુરુષાર્થ નથી, તે તો નિમિત્તમાત્ર હોય છે.

संतની વિશેષતા

ઉપર જણાવેલી દયાસાગર ભગવાનની દયાના તત્ત્વ અને રહસ્યને યથાર્થ જાણનારો મનુષ્ય પોતે પણ દયાનો સમુદ્ર અને તમામ પ્રાણીઓનો સુહૃદ બની જાય છે. ભગવાને કહ્યું છે –

सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ।
(ગીતા - ૫/૨૯ : ઉત્તરાર્ધ)

'મારો ભક્ત મને સઘળાં પ્રાણીઓનો સુહૃદ્ એટલે કે સ્વાર્થ વિના દયાળુ અને પ્રેમ કરનાર એવો તત્ત્વથી જાણીને શાંતિને પામે છે.'

આ કથનનું રહસ્ય એ જ છે કે દયામય ભગવાનને તમામ જીવોના સુહૃદ સમજનારો મનુષ્ય તે દયાસાગરને શરણે થઈને નિર્ભય થઈ જાય છે તથા પરમ શાંતિ અને પરમ આનંદને પ્રાપ્ત કરીને પોતે પણ દયામય બની જાય છે. તેથી ભગવાન યોગ્ય જ કહે છે કે 'મને બધાંનો સુહૃદ સમજનારો પરમ શાંતિ પ્રાપ્ત કરે છે.' આવા ભગવત્પ્રાપ્ત મનુષ્યો જ વાસ્તવમાં 'સંત' પદને યોગ્ય છે. આવા સંતોને કોઈ-કોઈ તો રમૂજમાં ભગવાન કરતાં પણ શ્રેષ્ઠ ગણાવતા હોય છે. તુલસીદાસજી મહારાજ કહે છે –

मोरें मन प्रभु अस बिस्वासा ।
राम ते अधिक राम कर दासा ॥
राम सिंधु घन सज्जन धीरा ।
चंदन तरु हरि संत समीरा ॥
(રા.ચ.મા. ઉત્તર૦ ૧૨૦-ક/૮-૯)

'ભગવાન સમુદ્ર છે, તો સંતો મેઘ છે; ભગવાન ચંદન છે, તો સંતો પવન છે. આ કારણે મારા મનમાં એવો વિશ્વાસ છે કે રામના દાસ રામ કરતાં શ્રેષ્ઠ છે.'

ઉપરનાં બંને દૃષ્ટાંતો ઉપર ધ્યાન આપો. સમુદ્ર જળથી પરિપૂર્ણ છે, પણ તે જળ કોઈના પણ કામમાં આવતું નથી. ન તો કોઈ તેને પીએ છે કે ન તો તેનાથી ખેતી પણ થાય છે. પરંતુ વાદળ જ્યારે તે જ સમુદ્રમાંથી જળ ઉપાડીને યથાયોગ્ય વરસાવે છે તો માત્ર મોર, બપૈયા અને ખેડૂતોમાં જ નહિ, સમસ્ત જગતમાં આનંદનું મોજું લહેરાઈ જાય છે. તે જ રીતે સચ્ચિદાનંદઘન પરમાત્મા સર્વત્ર વિદ્યમાન છે, પણ જ્યાં સુધી પરમાત્માના તત્ત્વને જાણનારા ભક્તજનો તેમના પ્રભાવનો સઘળી જગ્યાએ વિસ્તાર કરતા નથી ત્યાં સુધી જગતના લોકો પરમાત્માને જાણી શકતા નથી. જ્યારે મહાત્મા સંતપુરુષો સર્વસદ્ગુણસાગર પરમાત્મા પાસેથી સમતા, શાંતિ, પ્રેમ, જ્ઞાન, આનંદ વગેરે ગુણો લઈને તેમને વાદળોની જેમ સંસારમાં વરસાવે છે ત્યારે માત્ર જિજ્ઞાસુ સાધકરૂપ મોર, બપૈયા અને ખેડૂતો જ નહિ, સમસ્ત જગતના લોકો તેનો લાભ ઉઠાવે છે. ભાવ એ છે કે જો ભક્તો ન હોત તો ભગવાનની ગુણગરિમાનો અને તેમના મહત્ત્વ-પ્રભુત્વનો વિસ્તાર આ જગતમાં કોણ કરત? તેથી ભક્તો ભગવાન કરતાં ઊંચા છે. બીજી વાત એ છે કે જેમ સુગંધ ચંદનમાં જ છે, પણ પવન જો તે સુગંધનું વહન કરીને અન્ય વૃક્ષો સુધી ન લઈ જાત, તો ચંદનની સુગંધ ચંદનમાં જ રહેત, લીમડો વગેરે વૃક્ષો કદાપિ ચંદન ન બનત. એ જ રીતે ભક્તજનો જો ભગવાનના મહિમાનો વિસ્તાર ન કરત, તો દુર્ગુણી, દુરાચારી મનુષ્યો ભગવાનના ગુણો તથા પ્રેમને પામી શકત નહિ અને તેઓ સદ્ગુણી, સદાચારી બની શકત નહિ. તેથી પણ સંતોનો દરજ્જો ભગવાન કરતાં ચઢિયાતો છે. તે સંતો જગતના તમામ જીવોમાં સમતા, શાંતિ, પ્રેમ, જ્ઞાન, આનંદ ઇત્યાદિનો વિસ્તાર કરીને સહુને ભગવાન જેવા બનાવી દેવા ઇચ્છે છે.

સંતોની દયા

તે સંત-મહાત્માઓમાં કઠોરતા, વેર અને દ્વેષનું તો નામ જ રહેતું નથી. તેઓ એટલા દયાળુ હોય છે કે બીજાંઓનું દુઃખ જોઈને તેમનું હૃદય પીગળી જાય છે. તેઓ બીજાંઓના હિતને જ પોતાનું હિત સમજે છે. તે મહાપુરુષોમાં

વિશુદ્ધ દયા હોય છે. જે દયા કાયરતા, મમતા, લજ્જા, સ્વાર્થ, ભય વગેરેના કારણે કરવામાં આવે છે તે શુદ્ધ નથી. જેમ તમામ જીવો ઉપર ભગવાનની અકારણ દયા છે તે જ રીતે બધાં ઉપર મહાપુરુષોની દયા પણ નિર્હેતુક હોય છે. તેમની કોઈ કેટલીય બુરાઈ કેમ ન કરે, પણ તેમના હૃદયમાં બદલો લેવાની ઇચ્છા તો થતી જ નથી. ક્યાંક બદલો લેવા જેવી ક્રિયા જોવામાં આવે છે તો તે પણ તે બુરાઈ કરનારાના દુર્ગુણોને દૂર કરીને તેને વિશુદ્ધ કરવા માટે જ હોય છે. તે ક્રિયામાં પણ તેમની દયા જ છુપાયેલી રહે છે. જેમ માતા-પિતા, વડીલો બાળકના સુધાર માટે સ્નેહપૂર્ણ હૃદયથી તેને શિક્ષા કરે છે તે જ રીતે સંતોમાં પણ કોઈ-કોઈ વાર આવી ક્રિયા થાય છે, પરંતુ તેમાં પણ પરમ હિત ભરેલું રહે છે. તે સંતો કરુણાના ભંડાર હોય છે. જે કોઈ તેમની પાસે જાય છે તે જાણે કે દયાના સાગરમાં ડૂબકીઓ મારે છે. તે સંતપુરુષોનાં દર્શન, ભાષણ, સ્પર્શ અને ચિંતનમાં પણ મનુષ્ય તેમનો દયાભાવ જોઈને મુગ્ધ થઈ જાય છે. તેઓ જે માર્ગે જાય છે, વાદળની જેમ દયાની વૃષ્ટિ કરતા કરતા જાય છે. વાદળ બધે સ્થળે બધો સમય વરસતું નથી, પરંતુ સંતો તો સર્વત્ર હરહંમેશ વરસતા રહે છે. તેમનાં દર્શન, ભાષણ, ચિંતન અને સ્પર્શથી બધા જીવ પવિત્ર થઈ જાય છે. તેમના ચરણ જ્યાં પડે છે તે ભૂમિ પાવન થઈ જાય છે. તેમના ચરણોનો સ્પર્શ પામેલી રજ સ્વયં પવિત્ર થઈને બીજાંઓને પવિત્ર કરનારી બની જાય છે. તેમના વડે જોવાયેલા, ચિંતન કરાયેલા અને સ્પર્શ કરાયેલા પદાર્થો પણ પવિત્ર થઈ જાય છે; તો પછી તેમના કુળના, ખાસ કરીને તેમને જન્મ આપનારાં માતા-પિતાના પવિત્ર બનવાનો તો સવાલ જ ક્યાં રહ્યો? આવા મહાપુરુષો જે દેશમાં જન્મે છે અને શાન્ત થાય છે તે દેશ તીર્થ મનાય છે. આજ સુધી જેટલાં તીર્થ બન્યાં છે તે બધાં પરમેશ્વર અને પરમેશ્વરના ભક્તોના નિમિત્તથી જ બન્યાં છે. એટલું જ નહિ, બધા લોકોને પવિત્ર કરનારાં તીર્થ-ધામો પણ તેમના ચરણસ્પર્શથી પવિત્ર થઈ જાય છે.

ધર્મરાજ યુધિષ્ઠિર મહાત્મા વિદુરજીને કહે છે—

ભવદ્વિધા ભાગવતાસ્તીર્થભૂતાઃ સ્વયં વિભો।
તીર્થીકુર્વન્તિ તીર્થાનિ સ્વાન્તઃસ્થેન ગદાભૃતા॥

(શ્રીમદ્ભાગવત - ૧/૧૩/૧૦)

'હે પ્રભુ! તમારા જેવા ભગવાનના પ્રિય ભક્તો સ્વયં તીર્થસ્વરૂપ હોય છે. તમે તો પોતાના હૃદયમાં વિરાજમાન ભગવાન વડે તીર્થોને પણ મહાતીર્થ બનાવતા રહીને વિચરણ કરતા હો છો.'

કુલં પવિત્રં જનની કૃતાર્થા
વસુન્ધરા પુણ્યવતી ચ તેન।
અપારસંવિત્સુખસાગરેઽસ્મિઁ-
લ્લીનં પરે બ્રહ્મણિ યસ્ય ચેતઃ॥

(સ્કંદ૦ માહેશ્વર૦ કૌમાર૦ - ૫૫/૧૪૦)

'જેનું ચિત્ત અપાર સંવિત્-સુખના સાગર એવા પરબ્રહ્મમાં લીન છે તેનાથી કુળ પવિત્ર છે, જનેતા કૃતાર્થ થાય છે અને વસુંધરા પુણ્યવતી થાય છે.'

આ બધું સંતો વડે સ્વાભાવિક જ થાય છે, તેમણે કંઈ કરવું પડતું નથી. ભગવાન તો ભજનારાઓને ભજે છે, પરંતુ તે દયાળુ સંતો તેમને ભજનારાઓનું જ નહિ, તેમને ગાળ આપનારાનું અને તેમનું અહિત કરનારાનું પણ હિત જ કરવામાં રચ્યાપચ્યા રહે છે. કુહાડો ચંદનને કાપે છે, પણ ચંદન તેને સ્વાભાવિક

જ પોતાની સુગંધ આપે છે.

કાટઈ પરસુ મલય સુનુ ભાઈ ।
નિજ ગુન દેઇ સુગંધ બસાઈ ॥

(રા.ચ.મા. ઉત્તર૦ ૩૬/૮)

પ્રહ્લાદ, અંબરીષ વગેરેના ઇતિહાસ આનાં પ્રમાણ છે. તેથી વિનોદમાં ભક્તને ભગવાન કરતાં ચઢિયાતો બતાવવો એ પણ તર્કસંગત જ છે. સંત-પુરુષો સુરસરિતા અને સુરતરુ કરતાં પણ વધુ ઉપકારી છે; કારણ કે ગંગા (સુરસરિતા) અને કલ્પવૃક્ષ (સુરતરુ) તો તેમના શરણે થવાથી ક્રમશઃ પવિત્ર કરે છે અને મનોરથ પૂર્ણ કરે છે, જ્યારે સંતો તો ઇચ્છા કરનારા અને ઇચ્છા નહિ કરનારા - બધાઓના ઘરે પોતે જઈને તેમના આ લોકના તથા પરલોકના કલ્યાણ માટે પ્રયત્ન કરે છે. આ બાબતમાં જો એવું કહેવામાં આવે કે જો સંતો સહુનું હિત ઇચ્છે છે તો પછી સહુનું હિત કેમ થઈ જતું નથી, તો એનો ઉત્તર એ છે કે સાધારણ ભાવથી તો જે લોકોનો સંત સાથે ભેટો થઈ જાય છે તે બધાયનું હિત થાય છે, પરંતુ વિશેષ લાભ તો શ્રદ્ધા અને પ્રેમ થવાથી જ થાય છે. જો એવું કહેવામાં આવે કે સંતો બધાનું બળજબરીથી હિત નથી કેમ કરી દેતા, તો તેનો ઉત્તર એ છે કે કોઈ કોઈનું પણ હિત બળજબરીથી કરી શકે નહિ. પતંગિયાં દીપકમાં બળી મરે છે. દયાળુ મનુષ્ય તેમના ઉપર દયા કરીને તેમને બચાવવા માટે પેલા દીપકને કે ફાનસને બુઝાવીને તેમનું પરમ હિત કરવા ઇચ્છે છે, પરંતુ તે પતંગિયાં જ્યાં બીજા દીપક સળગતા હોય છે ત્યાં જઈને બળી મરે છે. તે જ રીતે જે લોકોની કલ્યાણની પોતાની ઇચ્છા નથી હોતી તેમનું કલ્યાણ કરવાનું અત્યંત અઘરું છે.

જો એવું કહેવામાં આવે કે સંતો શ્રદ્ધા અને પ્રેમ કરનારાઓનું વિશેષરૂપે કલ્યાણ કરે છે અને બીજાઓનું સામાન્યભાવે કલ્યાણ કરે છે તો તેમાં વિષમતાનો દોષ આવે છે; તો એનો ખુલાસો એ છે કે વાત એવી નથી. શ્રદ્ધા અને પ્રેમની ઊણપના કારણે લોકો બધાં પર છવાયેલી સંતોની સમાન અપરિમિત દયાનો લાભ નથી ઉઠાવી શકતા તો તેમાં સંતોનો દોષ નથી. સૂર્ય કોઈ પણ પક્ષપાત અથવા સંકોચ વિના સહુને સમાન ભાવે પ્રકાશ આપે છે, પરંતુ દર્પણમાં પ્રતિબિંબ પડે છે તથા બિલોરી કાચ સૂર્યપ્રકાશ મેળવીને બીજી વસ્તુને બાળી નાખી શકે છે – એમાં સૂર્યનો પક્ષપાત અથવા દોષ નથી. તે જ રીતે જેમનામાં શ્રદ્ધા અને પ્રેમ નથી તેઓ લાકડાની જેમ ઓછો લાભ મેળવે છે; જ્યારે શ્રદ્ધા અને પ્રેમ કરનારાઓ બિલોરી કાચની જેમ અધિક લાભ ઉઠાવે છે. સૂર્ય બધાંને સ્વાભાવિક જ પ્રકાશ આપે છે, પરંતુ ઘૂવડ માટે તો તે અંધકારરૂપે જ હોય છે. ચંદ્રની સર્વત્ર વેરાયેલી ચાંદનીને ચોર લોકો ભૂંડી માને છે તેમાં ચંદ્રનો કોઈ દોષ નથી, તે તો બધાંનો ઉપકાર જ કરે છે. તે જ રીતે મહાપુરુષો - સંતો તો બધાં પર ઉપકાર જ કરે છે; પરંતુ અત્યંત દુષ્ટ અને નીચ પ્રકૃતિના મનુષ્યો ઘૂવડની જેમ પોતાની બુદ્ધિહીનતાના કારણે તેમનો દ્વેષ કરે છે અને ચોરલોકોની જેમ પોતાની સ્વાર્થવૃત્તિના કારણે તેમની નિંદા કરે છે - તો એમાં સંતોનો શો દોષ?

જો એવું કહેવામાં આવે કે, આવા દયાળુ પુરુષોથી જો બધાંને પ્રત્યક્ષ જ પરમ લાભ થાય છે તો પછી બધાં લોકો તેમનો સંગ અને સેવન કરીને લાભ કેમ ઉઠાવતા નથી, તો તેનો ઉત્તર એ છે કે તે બધાં લોકો સંતોના ગુણ, પ્રભાવ અને તત્ત્વ-રહસ્યને જાણતા નથી. તત્ત્વને જાણ્યા વિના કોઈ વિશેષ લાભ ઉઠાવી શકતું નથી. એક કૂતરો હતો. તેણે ગોળની હાંડલીમાં મોં નાખ્યું. એટલામાં ખખડાટ થયો. કૂતરાએ ભાગી છૂટવા

ઈચ્છ્યું. આ ગોટાળામાં હાંડલી ફૂટી ગઈ. હાંડલીનો કાંઠલો કૂતરાની ગરદનમાં રહી ગયો. કૂતરાને દુઃખ પામતો જોઈને એક દયાળુ મનુષ્ય હાથમાં લાકડી લઈને એટલા માટે કૂતરાની પાછળ દોડ્યો કે લાકડીથી જો હાંડલીનો કાંઠલો તોડી નાખવામાં આવે તો કૂતરો કષ્ટમાંથી છુટકારો મેળવે. કૂતરાએ પોતાની પાછળ લાકડી લઈને દોડતા આવતા મનુષ્યના ખરા ઉદ્દેશ્યને નહિ સમજતાં એવું સમજી લીધું કે તે મને મારવા દોડી રહ્યો છે. કૂતરો વધુ ઝડપથી ભાગવા લાગ્યો અને તેનું દુઃખ દૂર થઈ શક્યું નહિ. તે જ રીતે મહાપુરુષોના તત્ત્વ-રહસ્યને નહિ સમજીને તેમની ક્રિયામાં પણ અવળો ભાવ કરવાના કારણે બધાં લોકો તેમનો લાભ નથી ઉઠાવી શકતાં.

સંતોની સમતા

આવા મહાપુરુષોની દયા જ નહીં, તેમની સમતા પણ ઘણી અદ્‌ભુત હોય છે. તેમને જો 'સમતાની મૂર્તિ' કહીએ તોપણ અતિશયોક્તિ નથી. ભગવાન સમ છે અને સંતોની ભગવાનમાં સ્થિતિ છે તેથી તે સંતો પણ સ્વાભાવિક જ સમતાને પ્રાપ્ત થયેલા હોય છે. જેમ સુખ-દુઃખની પ્રાપ્તિ થતાં અજ્ઞાની પુરુષની પોતાના શરીરમાં સમતા રહે છે તેવી જ રીતે સંતોની ચરાચર તમામ જીવોમાં સમતા રહે છે.

પ્રશ્ન : અજ્ઞાનીઓનો શરીરમાં જેવો પ્રેમ છે, શું સંતોનો તમામ ચરાચર જીવોમાં તેવો પ્રેમ થઈ જાય છે? અથવા સંતોનો જેમ શરીરમાં પ્રેમ હોતો નથી, તે રીતે શું ચરાચર પ્રાણીઓમાંથી તેમનો પ્રેમ નાબૂદ થઈ જાય છે? સંતોની સમતાનું કેવું સ્વરૂપ છે?

ઉત્તર : સંતોની સમતા વસ્તુતઃ એટલી વિલક્ષણ છે કે તેને ઉદાહરણ દ્વારા સમજાવી નથી શકાતી; કારણ કે અજ્ઞાનીનો પોતાના શરીરમાં જેવો અહંકાર હોય છે, સંતોનો સંસારમાં તેવો અંહકાર નથી હોતો. તેથી એવું નહિ કહી શકાય કે જેવો અજ્ઞાનીઓનો શરીરમાં પ્રેમ હોય છે તેવો સંતોનો બધાંમાં પ્રેમ થઈ જાય છે; અને બધાંમાં પ્રેમનો અભાવ એટલા માટે કહી શકાતો નથી કે અજ્ઞાની લોકો પોતાના શરીરના સ્વાર્થ માટે જ્યાં બીજાંઓનું અહિત કરી નાખે છે, ત્યાં સંતપુરુષો બીજાંઓના હિત માટે હસતાં-હસતાં પોતાના શરીરનું બલિદાન આપી દે છે. પરંતુ તેમની તે સમતા એટલી અદ્‌ભુત છે કે બીજાઓના હિત માટે શરીરનું બલિદાન આપવા છતાં પણ તેમાં કોઈ વિષમતા આવતી નથી. તેથી કોઈ ઉદાહરણ વડે સંતોની સમતાનું સ્વરૂપ સમજાવવું ઘણું અઘરું છે. તેમ છતાં સમજાવવા માટે લોકશાસ્ત્ર અને વેદમાં એવું જ કહેવામાં આવે છે કે જેમ અજ્ઞાનીને સુખ-દુઃખની પ્રાપ્તિમાં સમસ્ત શરીરમાં સમતા હોય છે તેવી જ રીતે સંતોને બધા જીવોનાં સુખ-દુઃખની પ્રાપ્તિમાં મમતા અને અહંકાર નહિ હોવા છતાં પણ સમતા હોય છે. એટલે કે જેમ અજ્ઞાની મનુષ્ય પોતાના સુખ-દુઃખથી સુખી-દુઃખી થાય છે તેવી રીતે સંતપુરુષો મમતા અને અહંકારથી રહિત હોવા છતાં પણ અને પોતાના સુખ-દુઃખથી સુખી-દુઃખી જેવા નહિ જણાતા હોવા છતાં પણ બીજા તમામ જીવોના સુખ-દુઃખમાં સુખી-દુઃખી જેવા જણાય છે. આવી સ્થિતિ મનુષ્યને પ્રતિપક્ષ-ભાવનાને લીધે પ્રાપ્ત થાય છે. (અજ્ઞાની મનુષ્ય જેમ પોતાના શરીરમાં અહં-ભાવ રાખે છે અને બીજાઓમાં પર-ભાવ સેવે છે, તેનાથી ઊલટું - બીજાઓમાં આત્મ-ભાવ રાખવો અને પોતાના શરીરમાં પર-ભાવ અર્થાત્ પરાયાપણાનો ભાવ સેવવો એનું નામ

પ્રતિપક્ષ-ભાવના છે.) ઘણાબધા લોકો સંતોની સમદૃષ્ટિના રહસ્યને નહિ જાણીને સમદૃષ્ટિસંબંધી શાસ્ત્ર-વચનોનો દુરુપયોગ કરે છે. ગીતામાં ભગવાને કહ્યું છે –

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥
(ગીતા - ૫/૧૮)

'એવા જ્ઞાનીજનો વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણમાં તથા ગાય, હાથી, કૂતરા અને ચાંડાળમાંયે સમાન દૃષ્ટિવાળા હોય છે.'

આનો અવળો અર્થ કરીને કેટલાક લોકો કહે છે કે 'ખાવું-પીવું વગેરેમાં સમાન વ્યવહાર કરવો એ સમ-દૃષ્ટિ જ છે.' પરંતુ આવો સમ-વ્યવહાર સંભવિત નથી કે જરૂરી પણ નથી તેમજ ભગવાનના ગીતા-વચનનો તેવો ઉદ્દેશ્ય પણ નથી; કારણ કે હાથી સવારી કરવા યોગ્ય છે, કૂતરો સવારી કરવા માટે યોગ્ય નથી. ગાયના દૂધનું સેવન કરવું યોગ્ય છે, કૂતરીના કે હાથણીના દૂધનું નહીં. આ બધાંનાં ખાદ્ય, વ્યવહાર, સ્વરૂપ, આકૃતિ, જાતિ અને ગુણ એક-બીજાથી અત્યંત વિલક્ષણ અને ભિન્ન હોવાના કારણે તે બધાં પ્રત્યે સમાન વ્યવહાર નથી કરી શકાતો અને કરવો પણ ન જોઈએ; તેમ જ કરવા માટે કોઈ કહી પણ ન શકે. જેમ પોતાના સારુ સુખની તથા સુખના સાધનની પ્રાપ્તિ માટે અને દુખના તથા દુઃખના સાધનના નિવારણ માટે પ્રયત્ન કરવામાં આવે છે તેવી જ રીતે બધાંમાં એક જ આત્મા સમ-રૂપે સ્થિત છે એ વાતનો અનુભવ કરતા રહીને, બધાં માટે તેમનું જે પ્રકારે હિત થાય તે પ્રકારનો યથાયોગ્ય વ્યવહાર કરવો એ જ ખરી સમતા છે.

જેમ આપણે પોતાના શરીર બાબતે હાથોથી પકડવાનો, આંખોથી જોવાનો, કાનોથી સાંભળવાનો - એ પ્રકારે વિભિન્ન ઇન્દ્રિયોથી યથાયોગ્ય જુદાજુદા વ્યવહારો કરીએ છીએ, પરંતુ આત્મીયતાની દૃષ્ટિએ બધી ઇન્દ્રિયોમાં સમતા છે; તેવી જ રીતે બધાંઓની સાથે યથાયોગ્ય વ્યવહાર કરતા રહીને આત્મીયતાની દૃષ્ટિએ બધાંમાં સમતા રાખવી જોઈએ. શાસ્ત્રીય વિષમતા એ વ્યવહારમાં દોષ નથી, બલકે પરમાર્થ માટે સહાયક છે. જે વિષમતાથી કોઈનું પણ અહિત થાય તે જ ખરી વિષમતા છે. સ્ત્રીઓના શરીરના અવયવો એકસમાન હોવા છતાં પણ માતા, બહેન અને પત્ની સાથે, જે તે સંબંધ અનુસાર જ, યથાયોગ્ય જુદા-જુદા વ્યવહારો થાય છે; અને આવી વિષમતા શાસ્ત્રીય અને ન્યાયસંગત હોવાથી આચરણ કરવા યોગ્ય છે. એટલું જ નહિ, પરમપૂજ્ય માતા પ્રત્યે પૂજ્યભાવ હોવા છતાં પણ તેની રજસ્વલા અથવા પ્રસૂતિની અવસ્થામાં આપણે તેનો સ્પર્શ કરતા નથી; અને સ્પર્શ થઈ જાય તો સ્નાન કરી લેવાનો રિવાજ છે. આવી વિષમતા એ ખરેખર તો વિષમતા નથી જ. આવું માનવામાં લાભ છે અને નહિ માનવામાં નુકસાન છે. આપણા ઘરમાં કૂતરાને રોટલો નાખવામાં આવે છે, ગાયને ઘાસ નીરવામાં આવે છે, બીમારને ઔષધ આપવામાં આવે છે પણ બધાંને રોટલો, ઘાસ કે ઔષધ એકસરખાં આપવામાં આવતાં નથી. આવી વિષમતા એ વિષમતા નથી. જેમ કોઈ પણ મનુષ્ય જાણીજોઈને પોતાના આત્માનું અહિત કરતો નથી, તેને દુઃખ આપતો નથી અને પોતાનું કલ્યાણ ઇચ્છે છે તેમ જ સુખ અને કલ્યાણ પામવા માટે પ્રયત્ન કરે છે; તે જ રીતે કોઈને પણ દુઃખ નહિ આપીને, કોઈનું પણ અહિત નહિ ઇચ્છીને સૌનું કલ્યાણ ઇચ્છવું અને સૌને સુખ આપવાનો પ્રયત્ન કરવો એ

જ સમતા છે - પછી ભલે ને વ્યવહારમાં કેટલીય યથાયોગ્ય વિષમતા કેમ ન હોય, વાસ્તવમાં તે વિષમતા નથી.

માની લો કે આપણી સાથે કોઈ મિત્રતાનો ભાવ રાખે છે અને અન્ય કોઈ શત્રુભાવ રાખે છે. આ બંનેનો ન્યાય કરવાની જવાબદારી જો આપણા પર આવી પડે તો આપણે પક્ષપાતરહિત થઈને ન્યાય કરવો જોઈએ. એટલું જ નહિ, ક્યારેક તો પોતાના મિત્રને સમજાવી લઈને તેની સંમતિથી, આપણા પ્રત્યે શત્રુતા રાખનારની થોડીક તરફેણ પણ કરીએ તો તે પણ સમતા જ છે.

અનુકૂળ હિતકારી પદાર્થ પ્રાપ્ત થતાં તેનું વિભાજન બધાં માટે સમભાવપૂર્વક કરવું જોઈએ, પરંતુ બીજાંઓને વધુ અને શ્રેષ્ઠ આપીએ અને પોતે ઓછી અને હલકી વસ્તુ લઈએ અથવા બિલકુલ ન લઈએ તો તેવી વિષમતા એ વિષમતા નથી; કારણ કે તેમાં કોઈનું પણ અહિત નથી, બલકે પોતાના સ્વાર્થનો ત્યાગ છે. આ જ રીતે ન્યાયયુક્ત સમ-વિભાજન કરતી વખતે પણ જો ક્યાંક બીજાંઓને બચાવી લઈને વિપત્તિ અથવા દુઃખને પોતાના ભાગમાં લઈ લેવામાં આવે તો તેવી વિષમતા પણ વિષમતા નથી, બલકે તેમાં સ્વાર્થનો ત્યાગ હોવાના કારણે ઊલટાનું ગૌરવ છે. ભગવાનમાં સ્થિત હોવાના કારણે સંતમાં ભગવાનની સમતા સમાવિષ્ટ હોય છે. તેથી આ વિલક્ષણ સમતાનું પૂરું રહસ્ય તો ભગવાનને પ્રાપ્ત કરી લીધા પછી જ મનુષ્ય સમજી શકે છે.

માન-અપમાન અને નિંદા-સ્તુતિમાં પણ સંતમાં સમતા રહે છે, પરંતુ એ જરૂરી નથી કે વ્યવહારમાં બધે ઠેકાણે સમતાનું પ્રદર્શન હોય. હૃદયમાં માન-અપમાનની પ્રાપ્તિ થતાં હર્ષ-શોક વગેરે વિકારો થતા નથી.

પ્રશ્ન : સાધારણ મનુષ્યોને નિંદા અને અપમાનની પ્રાપ્તિ થતાં જેવું દુઃખ થાય છે, શું સંતોને તેવું જ દુઃખ સ્તુતિ અથવા માનની પ્રાપ્તિમાં થાય છે? અથવા સ્તુતિ કે માન-પ્રાપ્તિથી લોકોને જેવી પ્રસન્નતા થાય છે, શું સંતોને નિંદા કે અપમાન-પ્રાપ્તિથી તેવી જ પ્રસન્નતા થાય છે? આ બંને ભાવોમાંથી સંતની સમતામાં હૃદયનો ભાવ કેવો હોય છે?

ઉત્તર : બંનેયથી વિલક્ષણ હોય છે, અર્થાત્ માન-અપમાનમાં અને નિંદા-સ્તુતિમાં ન્યાયયુક્ત યથાયોગ્ય વ્યવહાર-ભેદ હોવા છતાં પણ સંતોને હર્ષ-શોક થતો નથી.

પ્રશ્ન : તો સંતો શું અપમાન અને નિંદાનો પ્રતિકાર કરે છે ખરા?

ઉત્તર : અપમાન અથવા નિંદા કરનારાનું અથવા અન્ય કોઈનું પણ હિત થતું હોય તો પ્રતિકાર પણ કરી શકે છે.

પ્રશ્ન : શું તેઓ માન-મોટાઈ-પ્રતિષ્ઠાની પ્રાપ્તિને વ્યવહારમાં સ્વીકારી લે છે કે તેનો વિરોધ જ કરે છે?

ઉત્તર : દેશ-કાળ અને સંજોગો જોઈને શાસ્ત્રાનુકૂળ રહીને બંનેય અર્થાત્ સ્વીકાર અને વિરોધ કરી શકે છે. વિરોધ કરવાથી કોઈનું હિત થતું હોય તો વિરોધ કરે છે અને સ્વીકાર કરવાથી કોઈનું હિત થતું હોય તો ન્યાયપૂર્વક પ્રાપ્તિ હોવાથી સ્વીકાર પણ કરે છે.

પ્રશ્ન : તો પછી વ્યવહારમાં મહાપુરુષોને કેવી રીતે ઓળખવા?

ઉત્તર : વ્યાવહારિક ક્રિયાથી મહાપુરુષોને ઓળખવાનું અઘરું છે. એટલું જ જાણી શકીએ કે આ સારા માણસ છે, પછી ભલે ને તેઓ સંત હોય કે સાધક. બંનેયને સંત માનવામાં કોઈ

વાંધો નથી; કારણ કે સાધક પણ સિદ્ધ સંત બનવાનો જ છે. વસ્તુતઃ જેનો વ્યવહાર 'સત્' છે તે સંત છે.

લાભ-હાનિ અને જય-પરાજયમાં પણ સંતની અનોખી સમતા હોય છે.

પ્રશ્ન : સાધારણ મનુષ્યોને લાભ અને જયમાં પ્રીતિ અને પ્રસન્નતા થાય છે, તો શું સંતને તેનાથી વિરુદ્ધ હાનિ અને પરાજયમાં પ્રસન્નતા થાય છે? અથવા સાધારણ મનુષ્યોને હાનિ-પરાજયમાં દ્વેષ ઘૃણા, ભય, શોક વગેરે થાય છે, તો શું સંતને લાભ અને જયમાં દ્વેષ, ઘૃણા, ભય, શોક વગેરે થાય છે?

ઉત્તર : ના, સંતોની સમતા એ બધાંથી વિલક્ષણ છે; કારણ કે તેઓ હર્ષ-શોક, રાગ-દ્વેષ વગેરે વિકારોથી સર્વથા રહિત હોય છે.

પ્રશ્ન : આવી સ્થિતિમાં હાનિ-પરાજય થવાથી સાધારણ મનુષ્યોની જેમ શું સંતોનો વ્યવહાર ઈર્ષ્યાગ્રસ્ત અને ભયવિહ્વળ જેવો હોઈ શકે છે?

ઉત્તર : જો સંસારનું હિત થતું હોય અથવા ન્યાયયુક્ત મર્યાદાનું રક્ષણ થતું હોય તો એવો વ્યવહાર હોઈ પણ શકે છે; પરંતુ તેમના મનમાં કોઈ પણ પ્રકારનો વિકાર નથી થતો.

પ્રશ્ન : જે કંઈ પણ બાહ્ય ક્રિયા થાય છે તે પહેલાં મનમાં આવે છે. મનમાં આવ્યા વિના બાહ્ય ક્રિયા કેવી રીતે સંભવી શકે?

ઉત્તર : જેમ નાટકનાં પાત્રોમાં બધા પ્રકારના બાહ્ય વ્યવહારો થાય છે, પરંતુ તેમના મનમાં અભિનય-બુદ્ધિ સિવાય, કોઈ વાસ્તવિકતા નથી હોતી; તેવી જ રીતે સંતો થકી નાટકની જેમ બાહ્ય વ્યવહારો થતા હોવા છતાં પણ તેમના મનમાં વસ્તુતઃ કોઈ વિકાર નથી થતા..

આ રીતે શીત-ઉષ્ણ, સુખ-દુઃખ વગેરે પ્રિય-અપ્રિય તમામ પદાર્થોની બાબતમાં તેમનો સમભાવ રહે છે. બધાંમાં એક, અખંડ, નિત્ય ભગવત્સ્વરૂપી સમતા હરહંમેશ સર્વત્ર બની રહે છે.

સંતોનો વિશુદ્ધ વિશ્વપ્રેમ

સંતોમાં માત્ર સમતા જ નહીં, સમસ્ત વિશ્વમાં નિર્હેતુક અને અહંકારરહિત અલૌકિક પ્રેમ પણ હોય છે. જેમ ભગવાન શ્રીકૃષ્ણનો બધાંમાં નિર્હેતુક પ્રેમ છે, તેવી જ રીતે ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થતાં સંતનો પણ સમસ્ત જડ-ચેતન જગતમાં નિર્હેતુક પ્રેમ થઈ જાય છે; કારણ કે સાધનની અવસ્થામાં તે બધાંને વાસુદેવ-સ્વરૂપ જ સમજીને અભ્યાસ કરે છે. માટે, સિદ્ધાવસ્થામાં તો તેના માટે આ વાત સ્વભાવસિદ્ધ હોવી જ જોઈએ.

પ્રશ્ન : આવો નિર્હેતુક પ્રેમ ભક્તિના સાધનથી થાય છે કે પછી જ્ઞાનના સાધનથી?

ઉત્તર : બંનેમાંથી કોઈ એક સાધનથી થઈ શકે છે. જે ભક્તિનું સાધન કરે છે તે બધાં પ્રાણીઓ-પદાર્થોને ભગવાન સમજીને તેમનામાં પોતાના શરીર તથા પ્રાણથી પણ અધિક પ્રેમ કરે છે; અને જે જ્ઞાનનું સાધન કરે છે તે તમામ પ્રાણીઓ-પદાર્થોને પોતાનો આત્મા સમજીને તેમની સાથે શરીર, પ્રાણ અને આત્મા જેવો પ્રેમ કરે છે.

પ્રશ્ન : જેમ એક અજ્ઞાની મનુષ્યનો પોતાના શરીર, ઘર, પત્ની, પુત્ર, ધન, જમીન વગેરેમાં પ્રેમ હોય છે, તે જ રીતે શું સંતપુરુષનો સમસ્ત વિશ્વમાં પ્રેમ હોય છે?

ઉત્તર : ના. તેનાથી અત્યંત વિલક્ષણ હોય છે. અજ્ઞાની મનુષ્ય તો શરીર, ઘર, પત્ની, પુત્ર વગેરે માટે નીતિ, ધર્મ, ન્યાય, પરોપકાર અને ઈશ્વર સુદ્ધાંનો ત્યાગ કરે છે તથા પોતાના શરીર-

પ્રાણના રક્ષણ માટે પત્ની, પુત્ર, ધન વગેરેનો પણ ત્યાગ કરે છે; પરંતુ સંતો તો નીતિ, ધર્મ, ન્યાય, વિશ્વ અને ઈશ્વર માટે માત્ર પત્ની-પુત્ર-ધનનો જ નહિ, પોતાના શરીરનો પણ ત્યાગ કરે છે. તેઓ વિશ્વના રક્ષણ માટે પૃથ્વીનો, પૃથ્વીના રક્ષણ માટે દ્વીપનો, દ્વીપ માટે ગામનો, ગામ માટે કુટુંબનો, કુટુંબ તથા ઉપર્યુક્ત બધાંના હિત માટે પોતાના પ્રાણનો આનંદપૂર્વક ત્યાગ કરે છે; તો પછી ધર્મ, ઈશ્વર અને સમસ્ત વિશ્વ માટે ત્યાગ કરવો એ તેમના માટે શી મોટી વાત છે! જેમ અજ્ઞાની મનુષ્ય પોતાના આત્મા માટે બધાંનો ત્યાગ કરે છે તેવી જ રીતે સંતપુરુષો ધર્મ, ઈશ્વર અને વિશ્વ માટે બધું જ ત્યજી દે છે; કારણ કે ધર્મ, ઈશ્વર અને વિશ્વ જ તેમનો આત્મા છે. પરંતુ અજ્ઞાનીનું જેવું દેહમાં અભિમાન અને પત્ની-પુત્ર વગેરે કુટુંબીઓમાં મમત્વ હોય છે તેવું અભિમાન અને મમત્વ સંતમાં ક્યાંય હોતું નથી. તેમનો તો બધાંમાં નિર્હેતુક, વિશુદ્ધ અને અત્યંત અલૌકિક નિઃસીમ પ્રેમ હોય છે.

પ્રશ્ન : ભક્તિમાર્ગ પર ચાલનારા ભક્તનો સમસ્ત જડ-ચેતનમાં પોતાના પ્રાણથીયે અધિક, અત્યંત વિલક્ષણ પ્રેમ શા માટે અને કેવી રીતે થઈ જાય છે?

ઉત્તર : એવો પ્રેમ એટલા માટે થાય છે કે તે ભક્તો સમસ્ત વિશ્વને પોતાના ઈષ્ટદેવનું સાક્ષાત્ સ્વરૂપ સમજે છે.

સો અનન્ય જાકેં અસિ મતિ ન ટરઈ હનુમંત ।
મૈં સેવક સચરાચર રૂપ સ્વામિ ભગવંત ॥

(રા.ચ.મા. કિષ્કિન્ધા૦ 3/૦)

તેવા ભક્તો સમસ્ત વિશ્વ માટે પોતાના તન, મન, ધનને ન્યોછાવર કરતા રહે છે. પોતાની ચીજવસ્તુઓ પ્રભુના કામમાં આવતી જોઈને તેઓ એવા ભાવથી ઘણા જ આનંદિત થાય છે કે 'પ્રભુએ અમને અને અમારી ચીજવસ્તુઓને કૃપાપૂર્વક અપનાવી લીધાં.' ભક્ત પોતાનું એ ધ્યેય સમજે છે કે મારી બધી ચીજવસ્તુઓ ભગવાનની જ છે તેથી તેમની સેવામાં જ વપરાવી જોઈએ. પરંતુ ભગવાન જ્યાં સુધી તે ચીજોને ખપમાં લેતા નથી ત્યાં સુધી ભક્ત એવું માનતો નથી કે ભગવાને તે ચીજો સ્વીકારી છે; અને જ્યાં સુધી ભગવાન સ્વીકાર કરે નહિ ત્યાં સુધી ભક્ત પોતાની ધ્યેયસિદ્ધિ માનતો નથી, પરંતુ જ્યારે તે વસ્તુઓ પ્રસન્નતાપૂર્વક વિશ્વરૂપ ભગવાનના ખપમાં વપરાય છે ત્યારે તેને તે પોતાની ધ્યેયસિદ્ધિ સમજીને પરમ પ્રસન્ન થાય છે. વિશ્વરૂપ ભગવાનની પ્રસન્નતામાં જ ભક્તની પ્રસન્નતા છે, તેથી તે પોતાના પ્રાણથીયે વધુ સમસ્ત જડ-ચેતન વિશ્વમાં પ્રેમ કરે છે. જો એમ કહેવામાં આવે કે, જો તે પોતાના ઈષ્ટ (ભગવાન)ને સંતુષ્ટ અને પ્રસન્ન કરવાના હેતુથી પ્રેમ કરે છે તો પછી તેનો પ્રેમ નિર્હેતુક અને વિશુદ્ધ છે એમ કેવી રીતે માની શકાય? તો એનો ઉત્તર એ છે કે એ હેતુ વસ્તુતઃ હેતુ નથી, એ તો પવિત્ર ભાવ છે. આ જ મનુષ્યનું પરમ લક્ષ્ય હોવું જોઈએ.

પોતાના વ્યક્તિગત સ્વાર્થને લીધે જે પ્રેમ થાય છે તે જ કલંકિત અને દૂષિત છે; પરંતુ જો બીજાંઓના હિત માટે કરવામાં આવતો પ્રેમ પણ પવિત્ર મનાય છે તો બીજાં બધાંને સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ જ સમજીને તેમને પ્રેમ કરવો એ તો પરમ પવિત્ર પ્રેમ છે.

પ્રશ્ન : જ્ઞાનમાર્ગ પર ચાલનારાનો પોતાના શરીર, પ્રાણ અને આત્માના જેવો પ્રેમ બધાંમાં શા માટે અને કેવી રીતે થાય છે?

ઉત્તર : જ્ઞાનમાર્ગ પર ચાલનારો જ્ઞાની ભક્ત બધાંના આત્માને પોતાનો આત્મા જ સમજે છે.

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥
(ગીતા - ૬/૨૯)

'સર્વવ્યાપી અનંત ચેતનમાં એકાત્મભાવે સ્થિતિરૂપ યોગથી યુક્ત આત્માવાળો તથા બધાંને સમભાવથી જોનારો યોગી સર્વ પ્રાણીઓમાં પોતાના આત્માને, બરફમાં પાણીની જેમ વ્યાપક જુએ છે અને સમસ્ત પદાર્થો-પ્રાણીઓને પોતાના આત્મામાં જુએ છે.'

જો બધાંને તે આત્મા જ સમજે છે તો પછી સમસ્ત વિશ્વમાં તેનો આત્મવત્ પ્રેમ હોય એ યુક્તિયુક્ત જ છે. તેથી જ, જેમ શરીરને આત્મા માનનારો અજ્ઞાની પોતાના જ હિતમાં અર્થાત્ સ્વાર્થમાં રત રહે છે તેવી જ રીતે સંતપુરુષો સમસ્ત પ્રાણી-પદાર્થોના હિતમાં રમમાણ રહે છે; અને એવા 'સર્વભૂતહિત'માં રમમાણ જ્ઞાનમાર્ગી સાધકો જ નિર્ગુણ પરમાત્માને પ્રાપ્ત કરે છે. ભગવાને કહ્યું છે –

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥
सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥
(ગીતા - ૧૨/૩-૪)

'જે ભક્તો, ઇન્દ્રિયોના સમુદાયને સારી પેઠે વશમાં કરીને મન-બુદ્ધિથી પર, સર્વવ્યાપક, કોઈ પણ રીતે નિર્દેશ ન થઈ શકે એવા, સદા એકરસ રહેનાર, નિત્ય, અચળ, નિરાકાર, અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે, એ સઘળાં ભૂતોના હિતમાં રત રહેનારા અને સૌમાં સમાનભાવ રાખનારા યોગીઓ મને જ પામે છે.'

પરંતુ જેમ અજ્ઞાની મનુષ્યને શરીરમાં અહંકાર, અભિમાન, મમતા અને આસક્તિ હોય છે તેમ સંતને વિશ્વમાં અહંકાર, અભિમાન, મમતા અને આસક્તિ હોતાં નથી. તેમનો વિશ્વમાં પ્રેમ વિશુદ્ધ અને જ્ઞાનપૂર્ણ હોય છે. અહંકાર, અભિમાન, મમતા, આસક્તિ વગેરે દોષોને લીધે અથવા વ્યક્તિગત સ્વાર્થને લીધે જે પ્રેમ હોય છે તે પ્રેમ જ દૂષિત મનાય છે. ક્ષણભંગુર, નાશવંત દૃશ્ય પદાર્થોને સત્ય માનીને તેમના સંબંધે થતા ભ્રાન્તિજન્ય સુખને સુખ માનીને તે પદાર્થોમાં પ્રેમ કરવો એ અજ્ઞાનપૂર્ણ પ્રેમ છે. આ બંને વાતો સંતમાં હોતી નથી, માટે જ્ઞાની સંતનો પ્રેમ વિશુદ્ધ અને જ્ઞાનયુક્ત હોય છે.

પ્રશ્ન : ભક્ત જેમ સમસ્ત વિશ્વને પોતાના સાક્ષાત્ ઈષ્ટદેવ ભગવાન સમજીને, જરૂરિયાત ઊભી થતાં વિશ્વના હિત માટે પોતાના બધા ઐશ્વર્યને તેમ જ સ્વયં પોતાને પણ બલિની વેદી પર ચડાવે છે. જ્ઞાનમાર્ગ પર ચાલનારો સાધક પણ શું એમ જ કરી શકે છે?

ઉત્તર : હા, કરી શકે છે; કારણ કે પહેલી વાત તો એ કે તેની દૃષ્ટિમાં ઐશ્વર્ય અને શરીરનું કશું જ મૂલ્ય નથી અને બીજી વાત એ કે અજ્ઞાની મનુષ્ય જ ઐશ્વર્ય અને શરીરને આનંદદાયક માનીને મૂલ્યવાન સમજે છે. તેથી, તેમની દૃષ્ટિએ તેમને સુખ આપવા માટે જ્ઞાની પુરુષ ઐશ્વર્ય અને શરીરનો ત્યાગ કરે તો તેમાં આશ્ચર્ય અને શંકા થવાનું શું કારણ છે?

જ્ઞાનમાર્ગ પર ચાલનારો મનુષ્ય સમસ્ત જડ-ચેતન વિશ્વને પોતાના ચિન્મય આત્માના રૂપમાં જ અનુભવે છે. તેથી સહુની સાથેનો તેનો

વ્યવહાર આત્મવત્ હોય છે. જેમ કોઈ વખતે પોતાના જ દાંતોથી જીભ કચડાઈ જતાં કોઈ પણ મનુષ્ય પોતાના દાંતોને સજા કરવા માગતો નથી; કારણ કે તે જાણે છે કે દાંત અને જીભ મારાં જ છે, જીભને તો કષ્ટ થયું જ છે - હવે દાંતોમાં વધારાનું કષ્ટ શા માટે પેદા કરવું. તેવી જ રીતે જ્ઞાનમાર્ગ પર ચાલનારો સંતપુરુષ સહુને પોતાનો આત્મા માનતો હોવાના કારણે, કોઈના વડે પોતાનું અનિષ્ટ થાય તોપણ તે તેને સજા કરવાની ભાવના નથી કરતો. કોઈ-કોઈ વાર જો આવી વાત જોવામાં આવે છે તો તેનો હેતુ પણ આત્મવત્ પ્રેમ જ હોય છે. જેમ પોતાનાં અન્ય સાજાં-સારાં અંગોને બચાવી લેવા માટે મનુષ્ય સમજી-વિચારીને પોતાના સડેલા રોગગ્રસ્ત અંગને કપાવી નાખવામાં જ પોતાનું હિત સમજે છે તેવી જ રીતે સંતો વડે પણ વિશ્વના હિત માટે કોઈ-કોઈ વાર સ્વાભાવિક જ આવી ક્રિયા થતી જોવા મળે છે.

સંતોના ઉપર્યુક્ત વિશ્વપ્રેમનું તત્ત્વ અને રહસ્ય ઘણું જ વિલક્ષણ અર્થાત્ અનોખું છે. તે તત્ત્વ-રહસ્યને તેઓ જ જાણે છે કે જેઓ વાસ્તવમાં સંત હોય છે. આવા સંતોના ગુણ, આચરણ, પ્રભાવ અને તત્ત્વનો અનુભવ તેમનો સંગ અને તેમનું સેવન કરવાથી જ થઈ શકે છે.

સંતોનું આચરણ અને તેમનો ઉપદેશ

પ્રશ્ન : આવા સંત-મહાત્માઓનું આચરણ અનુકરણીય છે કે પછી તેમનો ઉપદેશ?

ઉત્તર : સંતોનું આચરણ અને તેમનો ઉપદેશ – બંનેય અનુકરણીય છે. માત્ર આચરણ અને ઉપદેશને જ કેમ, તેમના પ્રત્યેક ગુણને આપણે પોતાના હૃદયમાં સારી રીતે ધારણ કરી લેવો જોઈએ. હા, આચરણ અને ઉપદેશમાં જો ભિન્નતા જણાય તો ત્યાં ઉપદેશને જ પ્રધાન સમજવામાં આવે છે. જોકે મહાપુરુષોનાં આચરણ શાસ્ત્રોને અનુકૂળ જ હોય છે અને તેઓ ઉપદેશ પણ શાસ્ત્રોને અનુકૂળ હોય તેવો જ કરે છે; પરંતુ તે મહાપુરુષોના તત્ત્વ અને રહસ્યને નહિ જાણવાના કારણે જે જે આચરણો શાસ્ત્રાનુકૂળ નહિ હોવાનું જણાય તેવાં આચરણોનું અનુકરણ કરવું જોઈએ નહિ.

જોકે તે મહાપુરુષો માટે કશું પણ કર્તવ્ય-કર્મ નથી, તોપણ તેઓ સ્વાભાવિક જ લોકો ઉપર દયા કરીને લોકહિત માટે શાસ્ત્રાનુકૂળ આચરણ કરતા હોય છે. તેઓ શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરે એ માટે તો કોઈ કારણ જ નથી; પરંતુ શાસ્ત્રાનુકૂળ જેટલાં કર્મો થવાં જોઈએ તેમાં સ્વભાવની વિરક્તિના કારણે અથવા શરીરનું બાહ્ય જ્ઞાન નહિ રહેવાના કારણે અથવા તો અન્ય કોઈ કારણસર ઊણપ અનુભવાય તો તે માટે તે મહાપુરુષોને કોઈ વિવશ કરી શકતું નથી, કારણ કે તેઓ વિધિનિષેધરૂપ શાસ્ત્રને પાર કરી ગયેલા છે. તેમના ઉપર 'આ અપનાવો' અથવા 'આનો ત્યાગ કરો' - એ રીતનું શાસન કોઈ પણ કરી શકતું નથી. તેમના ગુણો અને આચરણ જ સદાચાર છે. તેમની વાણી અર્થાત્ ઉપદેશ અને આદેશ જ વેદવાણી છે, તો પછી તેમના માટે વિધાન કરનારું કોણ હોઈ શકે? તેથી જ, તેમના વડે થતાં આચરણ સર્વથા અનુકરણીય જ છે. તેમ છતાં જે આચરણમાં સંદેહ હોય, જે આચરણ શાસ્ત્રવિરુદ્ધ હોવાનું લાગે તો તે અંગે તે મહાપુરુષોને જ પૂછીને સંદેહનું નિરાકરણ કરવું જોઈએ અથવા તો તે સંદેહયુક્ત આચરણને બાદ કરીને, જે શાસ્ત્રાનુકૂળ જણાય તેવાં આચરણોનું અનુકરણ કરવું જોઈએ.

પ્રશ્ન : આવા મહાપુરુષો ઉપર જો વિધિનિષેધ-શાસ્ત્રનું કોઈ શાસન જ નથી તો

પછી તેઓ કર્મોનું આચરણ શા માટે કરે છે?

ઉત્તર : લોકો ઉપર દયા કરીને લોકહિત કરવા માટે. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પણ અવતાર લઈને લોકહિત માટે કર્મોનું આચરણ કરેલું છે; અને તેમણે એમ કરવા માટે સંતોને કહ્યું પણ છે –

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥
न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥

(ગીતા - ૩/૨૧-૨૨)

'શ્રેષ્ઠ પુરુષ જે જે આચરે છે, અન્ય માણસો પણ તેને તેને જ આચરે છે; તે જે કંઈ પ્રમાણ કરી આપે છે, સકળ માનવ-સમૂહ તે પ્રમાણે વર્તવા લાગે છે. હે પાર્થ! મારે આ ત્રણેય લોકોમાં ન તો કશું કર્તવ્ય છે કે ન કશીયે પ્રાપ્ત કરવા જેવી વસ્તુ અપ્રાપ્ત છે, છતાંય હું કર્મમાં જ વર્તું છું.'

ભગવાનના આ આદર્શ અનુસાર જો સંતપુરુષો આચરણ કરે તો તેમાં તેમનું ગૌરવ છે અને લોકોનું પરમ કલ્યાણ છે; અને એટલા જ માટે સંતો વડે સ્વાભાવિક જ લોકહિતકારી કાર્યો થાય છે. આવા સંતોનું જીવન લોકોપકાર માટે જ હોય છે. જેથી લોકોએ પણ આ પ્રકારના સંત બનવા માટે ભગવાનના શરણે થઈને ડગલે ને પગલે ભગવાનની દયાનું દર્શન કરતા રહીને નિત્ય નિરંતર પ્રસન્નચિત્ત રહેવું જોઈએ. ભગવાનને યંત્રી માનીને, તેમને પોતાની જાતનું સમર્પણ કરીને, તેમના હાથનું યંત્ર બનીને તેમની આજ્ઞા અનુસાર વર્તવું જોઈએ અને એ વાત યાદ રાખવી જોઈએ કે જે મનુષ્ય આ રીતે પોતાની જાતનું સમર્પણ કરી દે છે તેનાં તમામ આચરણ ભગવાનની દયાથી ભગવાનને અનુકૂળ જ હોય છે - અને આ જ શરણાગતિની કસોટી છે. આ શરણાગતિથી જ ભગવાનની અનંત દયાનાં દર્શન થાય છે અને ભગવાનની દયાથી જ દેવો વડે પણ પૂજવા લાયક પરમ દુર્લભ સંતભાવની પ્રાપ્તિ થાય છે.

—★—

ભગવદ્‌ભક્તોનો મહિમા

ભગવાનના ભક્તોનો મહિમા અનંત અને અપાર છે. શ્રુતિ, સ્મૃતિ, ઈતિહાસ, પુરાણ વગેરેમાં સ્થળે સ્થળે એમનો મહિમા ગાવામાં આવ્યો છે, પણ એનો કોઈ પાર પામી શક્યું નથી. વાસ્તવમાં ભક્તોનો તથા એમના ગુણ, પ્રભાવ અને સંગનો મહિમા કોઈ વાણી દ્વારા ગાઈ જ નથી શકતું. શાસ્ત્રોમાં જે કંઈ કહેવામાં આવ્યું છે અથવા વાણી દ્વારા જે કંઈ કહેવામાં આવે છે એનાથીય એમનો મહિમા અધિક છે. રામચરિતમાનસમાં સ્વયં શ્રીભગવાને ભાઈ ભરતને સંતોનાં લક્ષણો જણાવતાં એમનો આ રીતે મહિમા કહ્યો છે–

बिषय अलंपट सील गुनाकर ।
पर दुख दुख सुख सुख देखे पर ॥
सम अभूतरिपु बिमद बिरागी ।
लोभामरष हरष भय त्यागी ॥
कोमलचित दीनन्ह पर दाया ।
मन बच क्रम मम भगति अमाया ॥
सबहि मानप्रद आपु अमानी ।
भरत प्रान सम मम ते प्रानी ॥
बिगत काम मम नाम परायन ।
सांति बिरति बिनती मुदितायन ॥

સીતલતા સરલતા મયત્રી ।
દ્વિજ પદ પ્રીતિ ધર્મ જનયત્રી ॥
સમ દમ નિયમ નીતિ નહિં ડોલહિં ।
પરુષ બચન કબહૂઁ નહિં બોલહિં ॥
(ઉત્તરકાંડ દોહા-૩૮/૧-૨-૩-૪)

નિંદા અસ્તુતિ ઉભય સમ મમતા મમ પદ કંજ ।
તે સજ્જન મમ પ્રાનપ્રિય ગુન મંદિર સુખ પુંજ ॥
(ઉત્તરકાંડ દોહા-૩૮)

ભગવાનના ભક્તો ક્ષમા, શાન્તિ, સરળતા, સમતા, સંતોષ, પવિત્રતા, ચતુરતા, નિર્ભયતા, શમ, દમ, તિતિક્ષા, ધૃતિ, ત્યાગ, તેજ, જ્ઞાન, વૈરાગ્ય, વિનય, પ્રેમ અને દયા વગેરે ગુણોના સાગર હોય છે.

ભગવાનના ભક્તોનું હૃદય ભગવાનની જેમ વજ્રથીયે વધીને કઠોર અને ફૂલથીય વધીને કોમળ હોય છે. પોતાના પર કોઈ વિપત્તિ આવે છે તો તેઓ મોટામાં મોટી વિપત્તિને પણ પ્રસન્નતા સાથે સહી લે છે. ભક્ત પ્રહ્લાદ પર અનેક જાતના પ્રહાર કરવામાં આવ્યા, પણ એ જરાય ન ગભરાયા અને પ્રસન્નતાથી સઘળું સહેતા રહ્યા. આવી સ્થિતિમાં ભક્તોનું હૃદય વજ્રથીયે કઠોર બની જાય છે, પણ બીજા લોકોનું દુઃખ એમનાથી નથી સહી શકાતું, એ વખતે એમનું હૃદય ફૂલથીયે વધીને કોમળ થઈ જાય છે. બધેય ભગવદ્‌બુદ્ધિ હોવાને લીધે કોઈની સાથે એમને વેર કે દ્વેષ તો હોઈ જ નથી શકતો કે ન કોઈના પર એમને ઘૃણા હોય છે. એ મહાપુરુષો સાથે કોઈ કેવો ય ક્રૂર વ્યવહાર કેમ ન કરે, તેઓ તો બદલામાં એમનું હિત જ કરતા રહે છે. દયાના તો તેઓ જાણે સાગર હોય છે. બીજાના હિત માટે મહર્ષિ દધીચિ અને રાજા શિબિની જેમ પોતાનું બલિદાન કરી શકે છે. બીજા લોકોની પ્રસન્નતાથી એમને ઘણી પ્રસન્નતા થાય છે, સૌ જીવોના પરમ હિતમાં એમની સ્વભાવે જ પ્રીતિ હોય છે. બીજા લોકોના હિતની તોલે તેઓ મુક્તિને પણ વિશેષ નથી સમજતા.

આના પર એક દૃષ્ટાંત છે - એક ધનવાન દયાળુ દાની પુરુષ નિત્ય હજારો અનાથ, ગરીબ અને ભિક્ષુકોને ભોજન આપતો. એક દિવસ એનો સેવક, કે જે ઘણો કોમળ અને દયાળુ સ્વભાવનો હતો એ માલિકની સાથે લોકોને ભોજન પીરસવાનું કામ કરવા માંડ્યો, સમય ઘણો થઈ જવાથી માલિકે સેવકને કહ્યું કે 'જા, તું પણ ભોજન કરી લે.' આ સાંભળીને સેવકે કહ્યું, 'માલિક! હું આ બધાને ભોજન કરાવ્યા પછી ભોજન કરી લઈશ, આપને ઘણો સમય થઈ ગયો છે, માટે આપ વિશ્રામ કરી શકો છો. મને જેટલો આનંદ આ દુઃખી અનાથોને ભોજન કરાવવામાં આવે છે એટલો આનંદ પોતે ભોજન કરવામાં નથી આવતો.' પણ માલિક ક્યાં જાય એમ હતો, બન્ને મળીને જ સૌ દુઃખી અનાથોને ભોજન કરાવવા માંડ્યા. થોડીવાર પછી એ ધનવાને ફરી પોતાના સેવકને કહ્યું કે, 'સમય ઘણો વધુ થઈ ગયો છે. તારે પણ તો ભોજન કરવાનું છે, જા, ભોજન કરી લે.' આ સાંભળીને સેવકે કહ્યું, 'પ્રભો! હું ઘણો અકર્મણ્ય, સ્વાર્થી છું. માટે જ આપ મને આ કાર્યને છોડીને વારંવાર ભોજન કરવા માટે કહી રહ્યા છો. જો હું પોતે ભોજન કરવા કરતાં આમને ભોજન કરાવવાને વધારે મહત્ત્વપૂર્ણ સમજતો હોત તો શું આપ મને આવું કહી શકત? પણ ભલા માલિકો અકર્મણ્ય સેવકોને પણ નિભાવે જ છે! હું આપની આજ્ઞાની અવહેલના કરું

છું, આપ મારી આ ધૃષ્ટતા તરફ ધ્યાન નહીં આપીને મને ક્ષમા કરશો. પ્રભો! આ અનાથ ભૂખ્યા લોકોને જમાડ્યા સિવાય હું ભોજન કેમ કરીને કરું?' આ સાંભળીને માલિક ઘણો પ્રસન્ન થયો અને સૌને ભોજન કરાવીને પોતાના એ સેવક સાથે ઘેર ચાલ્યો ગયો. ત્યાં જઈને એણે સેવકને કહ્યું - 'હું તારા પર ઘણો પ્રસન્ન છું, જે કહીશ એ કરવા તૈયાર છું, બોલ, તું શું ઇચ્છે છે? તું જે માગીશ તે હું તને ચોક્કસ આપીશ.' સેવકે કહ્યું - 'પ્રભો! દીન-દુઃખીઓને ભોજન કરાવવાનું જે કામ આપ નિત્ય પોતે કરો છો, મને તો એ જ કામ સૌથી શ્રેષ્ઠ જણાય છે, માટે એ જ મને આપી દો; કામ ભલે પોતાની સાથે રાખીને કરાવો કે મને એકલો રાખીને.'

આ દૃષ્ટાંત છે. દૃષ્ટાંતમાં ઈશ્વરને સ્વામી, ભક્તને સેવક, જિજ્ઞાસુઓને ભૂખ્યા અનાથ દુઃખી અને એમને સંસારથી છોડાવવા જ ભોજન કરાવવું તેમજ પરમધામમાં જવું જ ઘરે જવું સમજવું.

ભગવાનના જે ખરા પ્રેમી ભક્તો હોય છે, તેઓ પોતાની મુક્તિની પરવા નહીં કરીને સૌના કલ્યાણ માટે પ્રસન્નતા સાથે તત્પર થઈ જાય છે; અને ભગવાન પાસે વરદાન પણ માંગે છે તો એ જ કે 'સૌ જીવોનું કલ્યાણ થાય.' આવા જ ભક્તો માટે ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કે –

मोरें मन प्रभु अस बिस्वासा।
राम ते अधिक राम कर दासा॥
राम सिंधु घन सज्जन धीरा।
चंदन तरु हरि संत समीरा॥

(उ० दोहा १२०-क चोपाई/८-९)

એટલે કે સ્વામી! મારા મનમાં તો એવો વિશ્વાસ છે કે રામના દાસ રામથીયે વધીને છે. રામ સમુદ્ર છે અને સંતો મેઘ છે, રામ ચંદન વૃક્ષ છે અને સંતો પવન છે. મેઘ સમુદ્રનું જળ લઈને બધી જગ્યાએ વરસાવે છે અને આખા જગતને તૃપ્ત કરી દે છે, એ જ રીતે સંત-મહાત્મા પણ અક્ષય સુખ અને શાંતિ આપનારી ભગવાનના ગુણ, પ્રેમ અને પ્રભાવની વાતો જિજ્ઞાસુઓને સંભળાવીને એમને તૃપ્ત કરે છે. તેમ જ જેમ વાયુ ચંદનની સુગંધને લઈને લીમડા અને સાલ જેવા અન્ય વૃક્ષોને પણ ચંદન બનાવી દે છે, એ જ રીતે મહાત્મા પુરુષ વિજ્ઞાનાનંદઘન પરમેશ્વરના ભાવને લઈને જિજ્ઞાસુઓને વિજ્ઞાનાનંદમય બનાવી દે છે.

સ્વયં ભગવાને પણ પોતાના ભક્તોના મહત્ત્વનું વર્ણન કરતાં એમને પોતાનાથી મોટા જણાવ્યા છે. રાજા અંબરીષ ભગવાનના ઘણા મોટા પ્રેમી ભક્ત હતા. એમણે એકાદશીનું વ્રત કર્યું હતું. એકવખતે દ્વાદશીને દિવસે દુર્વાસા ઋષિ રાજા અંબરીષના ઘરે પહોંચ્યા અને રાજાએ પ્રાર્થના કરતાં ભોજન કરવાનું સ્વીકારીને તેઓ સ્નાનાદિ નિત્યકર્મ કરવા માટે યમુના તટ પર ચાલ્યા ગયા. એ વખતે દ્વાદશી કેવળ એક ઘડી પૂરતી જ શેષ રહી ગઈ હતી. એ પછી ત્રયોદશી આવતી હતી. વ્રતના પારણાં દ્વાદશીમાં જ કરવાનું અભીષ્ટ હતું. દુર્વાસાજી સ્નાન કરીને સમયસર ન આવ્યા, એટલે રાજાએ વિચાર્યું કે 'પારણાં ન કરવાથી તો વ્રતનો ભંગ થાય છે અને અતિથિ બ્રાહ્મણને ભોજન કરાવ્યા વિના સ્વયં ભોજન કરી લેવાથી પાપના ભાગીદાર થવું પડે છે.' માટે રાજાએ વિદ્વાન બ્રાહ્મણો સાથે પરામર્શ કર્યો અને એમની આજ્ઞાથી કેવળ ચરણોદક લઈને પારણાં કરી લીધાં. એટલામાં જ દુર્વાસાજી પણ સ્નાન કરીને પાછા ફર્યા. આ

વાતની ખબર પડતાં જ એમને ઘણો ક્રોધ ચડ્યો. રાજાએ ઘણી રીતે ક્ષમા-પ્રાર્થના કરી, પણ ઋષિએ કશું કાને ન ધર્યું. ક્રોધે ભરાઈને રાજાનો નાશ કરવા માટે એમણે તરત જ પોતાની જટાના કેશ ઉખાડીને એક કૃત્યા ઉત્પન્ન કરી. રાજા એ વખતે પણ હાથ જોડીને એમની સામે જ ઊભા રહ્યા. ન તો કૃત્યાને જોઈને ભયભીત થયા કે ન એનો કોઈ પ્રતીકાર કર્યો; પણ ભગવાનના સુદર્શનચક્રથી આ સહન ન થયું. એ કૃત્યાનો નાશ કરીને દુર્વાસા તરફ દોડ્યા. ચક્રને જોતાં જ ઋષિ ગભરાઈ ગયા. અને એનાથી છૂટકારો પામવા બ્રહ્મા, શિવ વગેરેને શરણે ગયા; પણ ભગવાનના ભક્તનો અપરાધી સમજીને એમની કોઈએ સહાયતા ન કરી. છેવટે તેઓ ભગવાન વિષ્ણુને શરણે ગયા તો એમણે પણ સાફ સાફ ના કહી દીધી. શ્રીમદ્‌ભાગવતમાં ત્યાંનું વર્ણન આ રીતનું છે, ભગવાન કહે છે –

અહં ભક્તપરાધીનો હ્યસ્વતન્ત્ર ઇવ દ્વિજ ।
સાધુભિર્ગ્રસ્તહૃદયો ભક્તૈર્ભક્તજનપ્રિયઃ ॥
યે દારાગારપુત્રાપ્તાન્ પ્રાણાન્વિત્તમિમં પરમ્ ।
હિત્વા માં શરણં યાતાઃ કથં તાંસ્ત્યક્તુમુત્સહે ॥
બ્રહ્મંસ્તદ્‌ગચ્છ ભદ્રં તે નાભાગતનયં નૃપમ્ ।
ક્ષમાપય મહાભાગં તતઃ શાન્તિર્ભવિષ્યતિ ॥

(શ્રીમદ્‌ભાગવત ૯/૪/૬૩,૬૫,૭૧)

'દુર્વાસાજી! હું બધી રીતે ભક્તોને આધીન છું. હું બિલકુલ સ્વતંત્ર નથી. મારા સીધા-સાદા સરળ ભક્તોએ મારા હૃદયને તેમના વશ કરી રાખ્યું છે. ભક્તજનો મને પ્રેમ કરે છે, હું તેમને પ્રેમ કરું છું.'

'જે ભક્તો પત્ની, પુત્ર, ઘર, ગુરુજનો, પ્રાણ, ધન, આ લોક અને પરલોક – બધું જ છોડીને માત્ર મારા જ શરણમાં આવી ગયા છે, તેમને છોડવાનો વિચાર પણ હું કઈ રીતે કરી શકું?'

'દુર્વાસાજી! તમારું કલ્યાણ થાઓ. તમે નાભાગના પુત્ર પરમ ભાગ્યશાળી રાજા અંબરીષ પાસે જાઓ અને તેમની ક્ષમા માગો, ત્યારે તમને શાંતિ મળશે.'

ઋષિ પાછા ફરીને અંબરીષના શરણે આવ્યા, ત્યાં સુધીમાં રાજા ભોજન કર્યા વિના એ જ રીતે ઊભા રહીને ઋષિના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. દંડવત્ પ્રણામ કરીને ઋષિએ ક્ષમા-પ્રાર્થના કરતાં રાજાને ઘણો સંકોચ થયો. રાજાએ સ્તુતિ-પ્રાર્થના કરીને સુદર્શન ચક્રને શાંત કર્યા ઋષિને ઘણું સાંત્વન આપીને સારી પેઠે ભોજન કરાવ્યું અને એમની સેવા કરી. પછી પોતે ભોજન કર્યું. ધન્ય છે! ભગવાનના ભક્તો આવા જ હોવા જોઈએ.

ભગવાનથીયે ભગવાનના ભક્તોને ચઢિયાતા જણાવવામાં ભગવાનની નિંદા નથી. ભક્તોને એમનાથી મોટા જણાવવામાં પણ મોટાઈ ભગવાનની જ થાય છે, કેમકે, ભક્તોની મોટપ ભગવાનથી જ છે.

ભગવાનની ભક્તિનો પ્રચાર અવશ્યંભાવી નથી હોતો. એ ભગવાનના ભક્તો પર નિર્ભર છે. પોતાની ભક્તિ અને મહિમાનો પ્રચાર કરવામાં સ્વાભાવિકપણે જ સૌને સંકોચ થાય છે. માટે ભગવાન પણ પોતાની ભક્તિનો વિસ્તારપૂર્વક પ્રચાર પોતે ન કરતાં પોતાના ભક્તો થકી જ કરાવે છે. માટે ભગવાનની ભક્તિ અને મહિમાનો પ્રચાર ખાસ તો ભગવાનના ભક્તો પર જ નિર્ભર કરે છે. માટે ભગવાનના ભક્તો ભગવાનથી ચઢિયાતા છે.

આખો સંસાર ભગવાનના એક અંશમાં સ્થિત છે (ગીતા ૧૦/૪૨) અને ભગવાન

ભક્તના હૈયામાં સ્થિત છે – આ યુક્તિથી પણ ભગવાનના ભક્તો ભગવાનથી મોટા છે.

પવિત્રતામાં તો ભગવાનના ભક્તો તીર્થોથી પણ ચઢિયાતા છે, કેમકે, સઘળાં તીર્થોની ઉત્પત્તિ એમના જ નિમિત્તે કે પ્રતાપે થઈ છે. જો કહો કે ઘણા તીર્થોનું નિર્માણ ભગવાનના અવતાર કે લીલાથી થયું છે, એ બરાબર છે. પણ ભગવાનનો અવતાર પણ તો ઘણું કરીને ભક્તો કાજે જ હોય છે. માટે એમાં પણ ભગવાનના ભક્તો જ નિમિત્ત બને છે. તીર્થ બધાં સંસારને પવિત્ર કરનારાં છે, પણ ભગવાનના ભક્તો તો તીર્થોનેય પવિત્ર કરનારાં છે.

तीर्थीकुर्वन्ति तीर्थानि सुकर्मीकुर्वन्ति कर्माणि सच्छास्त्रीकुर्वन्ति शास्त्राणि ।

(નારદભક્તિસૂત્ર ૬૯)

'આવા ભક્તો તીર્થોને સુતીર્થ, કર્મોને સુકર્મ અને શાસ્ત્રોને સત્ શાસ્ત્ર બનાવી દે છે.'

મહારાજ ભગીરથના ઘોર તપથી પ્રસન્ન થઈને વરદાન આપવા માટે આવિર્ભૂત થયેલાં ભગવતી ગંગાજીએ એમને કહ્યું– 'ભગીરથ! હું પૃથ્વી પર શી રીતે આવું! સંસારના સઘળા પાપીઓ તો આવી આવીને મારામાં પોતાના પાપોને ધોઈ નાખશે, પણ એ પાપીઓના અપાર પાપપંકને હું ક્યાં ધોવા જઈશ. એ વિશે આપે શું વિચાર્યું છે!' એના ઉત્તરમાં ભગીરથે કહ્યું–

साधवो न्यासिनः शान्ता ब्रह्मिष्ठा लोकपावनाः ।
हरन्त्यघं तेऽङ्गसङ्गात् तेष्वास्ते ह्यघभिद्धरिः ॥

(શ્રીમદ્ભાગવત ૯/૯/૬)

'મા! જેમણે લોક-પરલોક, ધન-સંપત્તિ અને પત્ની-પુત્રની કામનાઓનો ત્યાગ કરી દીધો છે, જેઓ સંસારથી ઉપરામ થઈને પોતે આત્મસ્વરૂપમાં સ્થિત (શાંત) છે, જેઓ બ્રહ્મનિષ્ઠ અને લોકોને પવિત્ર કરનારા પરોપકારી સજ્જનો છે – તેઓ પોતાના અંગ-સ્પર્શથી તમારાં પાપને નષ્ટ કરી દેશે. કારણ કે તેમના હૃદયમાં અઘરૂપી (પાપરૂપી) અઘાસુરને મારનારા ભગવાન હંમેશાં નિવાસ કરે છે.'

ગંગા, યમુના વગેરે તીર્થો તો સ્નાન-પાન વગેરેથી પવિત્ર કરે છે, પણ ભગવાનના ભક્તોનાં તો દર્શન અને સ્મરણ કરવાથી પણ મનુષ્ય તરત પવિત્ર થઈ જાય છે, પછી ભાષણ અને સ્પર્શની તો વાત જ શી? તીર્થોમાં તો લોકોને જવું પડે છે અને જઈને સ્નાનાદિ કરીને તેઓ પવિત્ર થાય છે; પણ મહાત્માઓ તો શ્રદ્ધાભક્તિ હોવાથી સ્વયં ઘરે પધારીને પવિત્ર કરી દે છે.

મહાત્માઓની પવિત્રતા વિશે જેટલું કહેવામાં આવે થોડું છે. સ્વયં ભગવાને એમનો મહિમા પોતાના મુખેથી ગાયો છે.

શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલો મહાપુરુષોનો સંગ ભજન અને ધ્યાનથીય ચઢિયાતો છે. માટે જ સનકાદિ મહર્ષિઓ ધ્યાન છોડીને ભગવાનના ગુણાનુવાદ સાંભળ્યા કરતા હતા. રાજા પરીક્ષિત તો ભગવાનના ગુણાનુવાદ સાંભળવાથી મુક્ત થઈ ગયા; કેમકે, સત્સંગ દ્વારા ભગવાનના ગુણ, પ્રભાવ અને પ્રેમની વાતોને સાંભળવાથી જ ભગવાનમાં શ્રદ્ધા તેમ જ પ્રેમ થાય છે.

बिनु सतसंग न हरिकथा तेहि बिनु मोह न भाग ।
मोह गएँ बिनु राम पद होई न दृढ़ अनुराग ॥

(ઉત્તરકાંડ દોહા-૬૧)

ભગવાનમાં શ્રદ્ધા અને પ્રેમ થવાથી જ ભજન-ધ્યાન થાય છે. શ્રદ્ધા અને પ્રેમપૂર્વક કરવામાં આવેલ ભજન-ધ્યાનથી જ ભગવાન સત્વરે મળે છે. માટે ભગવાનમાં શ્રદ્ધા અને પ્રેમ થવા માટે મહાપુરુષોનો સંગ કરીને

ભગવાનના નામ, રૂપ, ગુણ, પ્રભાવ, તત્ત્વ અને રહસ્યની અમૃતમયી વાતો સાંભળવાનો તેમજ સમજવાનો પ્રયાસ કરવો.

મહાપુરુષોનો સંગ મુક્તિથી પણ ચઢિયાતો જણાવવામાં આવ્યો છે.

तात स्वर्ग अपबर्ग सुख धरिअ तुला एक अंग ।
तूल न ताहि सकल मिलि जो सुख लव सतसंग ॥

(સુન્દરકાંડ દોહા-૪)

શાસ્ત્રો કહે છે – મુક્તિ તો મહાપુરુષોની ચરણરજમાં વિરાજે છે એટલે કે શ્રદ્ધા અને પ્રેમપૂર્વક મહાપુરુષોની ચરણરજને મસ્તક પર ધારણ કરવાથી મનુષ્ય મુક્ત થઈ જાય છે. ભાગવતમાં ઉદ્ધવજી કહે છે-

आसामहो चरणरेणुजुषामहं स्यां
वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ।

(૧૦/૪૭/૬૧)

'મારા માટે તો સર્વશ્રેષ્ઠ વાત એ જ હશે કે હું વૃન્દાવનધામમાં કોઈ વૃક્ષ-લતા અથવા વનસ્પતિ, જડી-બુટ્ટીરૂપે જ બની જાઉં, તો મને આ ગોપીજનોની ચરણરજ નિરંતર સેવન કરવા માટે મળતી રહેશે.'

ભાગવતમાં પોતાના ભક્તોના મહિમાનું વર્ણન કરતાં સ્વયં ભગવાને કહ્યું છે–

निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम् ।
अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ॥

(૧૧/૧૪/૧૬)

'જેને કોઈ અપેક્ષા નથી, જે જગતના ચિંતનથી સદા ઉપરામ થઈને મારા જ મનન-ચિંતનમાં તલ્લીન રહે છે અને રાગ-દ્વેષ છોડીને સર્વમાં સમાન દૃષ્ટિ રાખે છે, તેવા મહાત્માની પાછળ-પાછળ હું નિરંતર એવું સમજીને ફર્યા કરું છું કે તેના ચરણોની રજ ઊડીને મારા ઉપર પડી જાય, જેથી મારામાં વસેલા બધા લોક પવિત્ર થઈ જાય.'

જે મનુષ્ય મહાપુરુષોના તત્ત્વને સમજીને એમનો સંગ કરે છે એ તો સ્વયં બીજાને પવિત્ર કરનાર બની જાય છે. મુક્તિ તો વગર ઇચ્છાએ જ પરાણે એને મળે છે, પણ એ મુક્તિનો તિરસ્કાર કરીને ભગવાનના ગુણ અને પ્રભાવની વાતો સાંભળી-સાંભળીને પ્રેમમાં મુગ્ધ થાય છે અને પ્રેમમાં વિહ્વળ થઈને ભગવાનને આહ્લાદિત કરે છે. આ રીતે ભગવાનને આહ્લાદિત કરવાને એ મુક્તિથીય અધિક સમજે છે.

સંસારમાં ત્રણ પ્રકારના પુરુષો હોય છે – એમાંથી એક તો એવા છે કે જેઓ ન્યાયયુક્ત પરિશ્રમથી ધન કમાઈને પોતાનું પેટ ભરે છે, બીજા એવા છે કે જેઓ માંગીને ક્ષેત્રોથી કે સદાવ્રત દ્વારા શરીરનો નિર્વાહ કરે છે અને ત્રીજા એવા છે કે જેઓ સદાવ્રત વહેંચે છે અને સૌને જમાડીને જમે છે. પેટ ત્રણેનુંય ભરાય છે. તુષ્ટિ, પુષ્ટિ પણ ત્રણેનીય સમાનરૂપે થાય છે. વર્ણાશ્રમ અનુસાર ન્યાયયુક્ત જીવિકા કરવાથી ત્રણેય શ્રેષ્ઠ હોવા છતાં પણ વિશેષ પ્રશંસાના પાત્ર એ લોકો જ છે કે જેઓ નિત્ય સૌને ભોજન કરાવીને યજ્ઞશિષ્ટ અમૃતનું ભોજન કરે છે. એ જ રીતે મુક્તિ વિશે પણ સમજવું.

જેઓ ભજન, ધ્યાન વગેરે સાધન કરીને મુક્તિ પામે છે તેઓ પરિશ્રમ કરીને પેટ ભરનારાઓ સમાન છે. જેઓ કાશી વગેરે ક્ષેત્રોનું તેમજ મહાત્મા પુરુષોનું શરણ લઈને મુક્તિ પામે છે તેઓ માંગીને શરીર-નિર્વાહ કરનારા સમાન છે અને જેઓ ભગવાનના આપવા છતાં પણ મુક્તિ ગ્રહણ નહીં કરીને સૌનું કલ્યાણ થાય એ માટે ભગવાનના ગુણ,

પ્રેમ, તત્ત્વ, રહસ્ય અને પ્રભાવયુક્ત ભગવાનના સિદ્ધાંતનો સંસારમાં પ્રચાર કરે છે, તેઓ સૌને જમાડીને ભોજન કરનારા સમાન છે. જોકે સૌનુંય કલ્યાણ થાય છે અને પરમ શાંતિ તથા પરમાનંદની પ્રાપ્તિમાં સૌ સમાન છે, પણ આ ત્રણેમાં જો કોઈને ઊંચો દરજ્જો આપવો હોય તો એ લોકો જ સૌથી શ્રેષ્ઠ છે જેઓ મુક્તિને પણ નહીં ઇચ્છીને સૌનું કલ્યાણ કરવામાં જ મંડ્યા છે. આવો અધિકાર ભગવાનની કૃપાથી જ મળે છે; માટે આવા પુરુષોનો સંગ મુક્તિથી પણ ચઢિયાતો છે, આવા પુરુષોની સ્વયં ભગવાને પણ ગીતા અધ્યાય ૧૮ શ્લોક ૬૮-૬૯માં પોતાના શ્રીમુખે પ્રશંસા કરી છે –

य इमं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥
न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥

'જે માણસ મારામાં પરમ પ્રેમ રાખીને આ પરમ રહસ્યયુક્ત ગીતાના ઉપદેશને મારા ભક્તોમાં કહી સંભળાવશે, એ મને જ પામશે - એમાં જરા પણ સંદેહ નથી. માણસોમાં એનાથી વધીને મારું પ્રિય કાર્ય કરનારો કોઈ પણ નથી તથા આખી પૃથ્વી પર એનાથી વધીને મારો પ્રિય બીજો કોઈ ભવિષ્યમાં થશે પણ નહીં.'

આવા ભક્તોને જ્યારે ભગવાન સ્વયં મુક્તિ આપવા માંગે છે ત્યારે તેઓ કહ્યા કરે છે કે - 'ભગવન્! હું તો એ જ ઇચ્છું છું કે કેવળ આપના ગુણ, પ્રેમ, તત્ત્વ, રહસ્ય અને પ્રભાવની વાતોમાં જ રાત-દિવસ વિતાવું, મને એનાથી વધીને બીજું કશું પણ નથી ગમતું. જો આપ મને કંઈ આપવા જ માંગતા હો તો હું આપને એ જ પ્રાર્થના કરું છું કે સૌ જીવોનું કલ્યાણ કરી દો.' કેવો ઉત્તમ ભાવ છે! આ યાચના હોવા છતાં પણ નિષ્કામભાવ છે.

આવા મહાત્માઓના અમોઘ સંગ અને અત્યંત કૃપાથી જે વ્યક્તિ પરમાત્માના રહસ્ય સહિત ગુણ અને પ્રભાવને તત્ત્વથી જાણી જાય છે એ સ્વયં પરમ પવિત્ર થઈને આ અપાર સંસાર-સાગર તરીને બીજાને પણ તારનારો બની શકે છે. માટે મહાપુરુષોનો સંગ અવશ્ય કરવો, કેમકે, સત્પુરુષોનો સંગ મોટા રહસ્ય અને મહત્ત્વનો વિષય છે. શ્રદ્ધા અને પ્રેમપૂર્વક સત્સંગ કરનારા જ આનું કંઈક મહત્ત્વ જાણે છે. તેમનું સંપૂર્ણ રહસ્ય તો સ્વયં ભગવાન જ જાણે છે, કે જેઓ ભક્તોના પ્રેમને અધીન થયેલા એમની પાછળ પાછળ ફરે છે.

—★—

ગીતા પ્રમાણે સ્થિતપ્રજ્ઞ, ભક્ત અને ગુણાતીતનાં લક્ષણો તથા આચરણ

વાસ્તવમાં જીવન્મુક્ત મહાપુરુષોના વ્યવહારનું વર્ણન વાણી દ્વારા પ્રગટ કરવું લગભગ અસંભવ છે. એમના વ્યવહારના રહસ્યને સામાન્ય માણસો શી રીતે સમજી શકે, એનું વર્ણન કરવામાં ન તો મારો અધિકાર છે કે ન યોગ્યતા, છતાં પોતાના મિત્રોની પ્રેરણાથી ગીતા વગેરે શાસ્ત્રોના આધાર પર પોતાની સામાન્ય બુદ્ધિથી જે કંઈ સમજમાં આવ્યું છે એને વાચકોની સેવામાં નિવેદન કરું છું.

જીવન્મુક્ત મહાપુરુષોનો વ્યવહાર, એમનો

પોતાનો સ્વાર્થ તેમજ રાગ, દ્વેષ અને અહંકાર રહિત હોવાને કારણે, કેવળ લોકહિતાર્થે જ થતો હોય છે. એમનાં આચરણો સંસારમાં પ્રમાણસ્વરૂપ માનવામાં આવે છે, એમનાં આચરણોમાં દોષ કે સ્વાર્થની ગંધ પણ નથી રહેતી, એમની દરેક ક્રિયામાં પરમ ઉપદેશ સમાયેલો હોય છે. માટી, પથ્થર અને સુવર્ણ વગેરે સઘળા પદાર્થોમાં પશુ, પક્ષી, કીટ, પતંગ, મનુષ્ય અને દેવ વગેરે સઘળા પ્રાણીઓમાં; તથા સુખ-દુઃખ, લાભ-હાનિ, માન-અપમાન, નિંદા-સ્તુતિ, ઠંડી-ગરમી, પ્રિય-અપ્રિય વગેરે સઘળા ભાવોમાં તેમજ સમસ્ત કર્મોમાં સર્વત્ર, સદા અને સર્વ રીતે એમનો સમભાવ રહે છે. એમના અંતઃકરણ અને ઇન્દ્રિયોમાં સ્વાર્થ, અહંકાર, રાગ-દ્વેષ, વિષમતા અને ભયનો સાવ અભાવ થઈ જવાને લીધે એમની સઘળી ક્રિયાઓ સામાન્ય માણસો કરતાં વિલક્ષણ, પરમ પવિત્ર અને દિવ્ય થયા કરતી હોય છે. એમનાં આચરણોમાં કોઈ જાતનો લેશમાત્ર પણ દોષ નથી રહેતો. એમના અંતઃકરણમાં સમભાવ, પ્રસન્નતા, પરમ શાંતિ અને જ્ઞાન – એ બધાં નિત્ય-નિરંતર અવિચ્છિન્ન અને પૂર્ણરૂપે રહે છે. આ બધું હોવા છતાં પણ વાસ્તવમાં એ મહાપુરુષો આ ત્રિગુણમયી માયા અને એના કાર્યરૂપ શરીર વગેરેથી સાવ અતીત હોય છે. માટે એમને ન તો પ્રિય વસ્તુની પ્રાપ્તિ અને અપ્રિયના વિયોગમાં હરખ થાય છે કે ન કોઈ અપ્રિયની પ્રાપ્તિ અને પ્રિયના વિયોગમાં શોક થાય છે. જો આવા મહાપુરુષોને કોઈ પણ જાતનું મોટું દુઃખ પહોંચાડવામાં આવે તો પણ એ મહાપુરુષો પોતાની સ્થિતિથી વિચલિત નથી થતા.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પરમપદની પ્રાપ્તિને ભગવાને ક્યાંક બ્રહ્મ-નિર્વાણ, સનાતન બ્રહ્મ અને બ્રહ્મની પ્રાપ્તિને નામે, ક્યાંક આત્યંતિક સુખ, અનંત સુખ, અક્ષય સુખ અને ઉત્તમ સુખની પ્રાપ્તિને નામે, ક્યાંક અવિનાશી શાશ્વતપદ, પરમગતિ, પરમધામ, પરમ દિવ્ય પુરુષ, પરમસિદ્ધિ, સંસિદ્ધિ, શાંતિ, પરમ શાંતિ, નિર્વાણ પરમશાંતિ, શાશ્વત શાંતિ, અવ્યક્ત, અક્ષર, અમૃત, પરમસ્થાન, શાશ્વતસ્થાન, મદ્‌ભાવ, મમ સાધર્મ્ય, પરમ અને પોતાની પ્રાપ્તિ વગેરેને નામે કહી છે.

એ પરમપદને પામેલા જીવન્મુક્ત પુરુષનાં લક્ષણો અને આચરણ ગીતા અધ્યાય ૨ના અંતે સ્થિતપ્રજ્ઞના નામે, અધ્યાય ૧૨ના અંતે ભક્તના નામે અને અધ્યાય ૧૪ના અંતે ગુણાતીતના નામે ભગવાને જણાવ્યાં છે, આ સિવાય બીજા બધા અધ્યાયોમાં પણ યોગી, યુક્ત અને જ્ઞાની વગેરેને નામે જીવન્મુક્તની સ્થિતિનું સંક્ષિપ્ત વર્ણન આવ્યું છે. આ બધાં પરમાત્માને પામેલા મહાપુરુષોનાં લક્ષણો છે.

ગીતા પર સારી પેઠે વિચાર કરવાથી એ સ્પષ્ટ થાય છે કે અધ્યાય ૨ના શ્લોક ૫૫થી ૭૨ સુધી સ્થિતપ્રજ્ઞના નામે કર્મયોગ દ્વારા પરમાત્માને પામેલા જીવન્મુક્ત પુરુષનાં લક્ષણો અને આચરણ જણાવવામાં આવ્યાં છે.

અધ્યાય ૧૨માં શ્લોક ૧૩થી ૨૦ સુધી ભક્તિયોગ દ્વારા પરમાત્માને પામેલા જીવન્મુક્ત પુરુષનાં લક્ષણો અને આચરણ જણાવવામાં આવ્યાં છે.

તથા અધ્યાય ૧૪માં શ્લોક ૨૨થી ૨૫ સુધી જ્ઞાનયોગ એટલે કે સાંખ્યયોગ દ્વારા પરમાત્માને પામેલા જીવન્મુક્ત પુરુષનાં લક્ષણો અને આચરણ જણાવવામાં આવ્યાં છે.

આ ત્રણે સ્થળોને સામે રાખીને એમના પર વિચાર કરવાથી એવું જ જણાય છે કે આમાંનાં

ઘણાં-ખરાં લક્ષણો અને આચરણ એકબીજાને મળતાં આવે છે. કેમકે પરમાત્માને પામ્યા પછી સૌની સ્થિતિ એક જ થઈ જાય છે, માટે એમનાં લક્ષણો અને આચરણ પણ ઘણું કરીને એક જેવાં જ હોય છે. છતાં પ્રકૃતિ (સ્વભાવ) અને સાધનકાળના અભ્યાસ તથા વર્ણાશ્રમના ભેદથી ગુણો અને આચરણમાં અમુક અમુક સ્થળે ભિન્નતા પણ આવી જાય છે, પણ એ શાસ્ત્રાનુકૂળ જ હોય છે.

ભગવાને પણ કહ્યું છે –

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥

(ગીતા ૩/૩૩)

'સર્વ પ્રાણીઓ પ્રકૃતિને પામે છે એટલે કે પોતાના સ્વભાવને વશ થઈને કર્મો કરે છે; જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ અનુસાર ચેષ્ટા કરે છે; એમાં કોઈનો દુરાગ્રહ શું કરવાનો?'

બધાંય પ્રકારનાં સાધનોથી પરમાત્માને પામેલા પુરુષો પરમ પવિત્ર અને સામાન્ય માણસોથી ઘણા ઉત્તમ હોય છે. આવા જીવન્મુક્ત પુરુષોની પ્રકૃતિ સાધનકાળમાં જ શુદ્ધ થઈ જાય છે. માટે બધા પ્રકારના જીવન્મુક્ત મહાપુરુષોનાં આચરણ શાસ્ત્રસંમત, આદર્શરૂપ, પવિત્ર અને સર્વ રીતે દિવ્ય હોય છે.

કર્મયોગી માટે તો ફળાસક્તિરહિત કર્મો કરવાને જ યોગની સિદ્ધિમાં હેતુ જણાવવામાં આવ્યો છે (ગીતા ૬/૩). એટલે એના દ્વારા કર્મોનો વિસ્તાર થવો સ્વાભાવિક જ થઈ જાય છે અને કર્મોના વિસ્તારથી એમાં ફસામણી થઈને બંધન થઈ જવાનો ડર રહે છે. આથી એને માટે મન-ઇન્દ્રિયોનો નિગ્રહ તેમજ કામ-ક્રોધ, રાગ-દ્વેષ, મમતા અને ચિંતા વગેરેના ત્યાગ પર ખાસ જોર આપવામાં આવ્યું છે. ભક્તિયોગના સાધક માટે આ વાતો પર એટલું જોર નથી આપવામાં આવ્યું. એમના માટે તો સઘળાં કર્મો ભગવાનને સમર્પીને ભગવત્સ્મરણ કરવા પર વધુ જોર આપવામાં આવ્યું છે. આ રીતે કરવાથી ભગવાનની દયાથી ઉપરના સઘળા દોષો આપમેળે જ નષ્ટ થઈ જાય છે. અને જ્ઞાનમાર્ગે ચાલનાર પુરુષો તો સઘળાં કર્મો અને બધા વિકારો પ્રકૃતિ પર છોડી દે છે, પોતાની સાથે એમનો સંબંધ જ નથી રાખતા; એ કારણે એમનાં બાહ્ય કર્મોનો વિસ્તાર ન પણ થઈ શકે.

કર્મયોગ દ્વારા પરમાત્માને પામેલા જીવન્મુક્ત પુરુષમાં, પરમાત્માની પ્રાપ્તિ થયા પછીના સમયમાં પણ કર્મોની બહુલતા રહી શકે છે. એના દ્વારા સ્વાર્થ, આસક્તિ, અહંકાર વગેરે વિના જ કેવળ લોકસંગ્રહાર્થે સ્વાભાવિક કર્મોની ક્રિયાઓ વિસ્તારપૂર્વક પણ થાય છે અને એમાં એનો મહિમા છે. ભગવાને પણ કહ્યું છે–

यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥

(ગીતા ૪/૧૯)

'જેનાં સર્વ શાસ્ત્રસંમત કર્મો કામના કે સંકલ્પ વિના થાય છે તથા જેનાં બધાંય કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયાં છે, એ મહાપુરુષને જ્ઞાનીજનો પણ પંડિત કહે છે.'

તેઓ મમતા, અહંકાર, કામના વગેરેથી રહિત થયેલા સંસારમાં વિચરે છે–

विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ॥

(ગીતા ૨/૭૧)

'જે પુરુષ સઘળી કામનાઓ છોડીને મમતા વિનાનો, અહંકાર વિનાનો અને સ્પૃહા વિનાનો થઈને વિચરે છે તે જ શાંતિને પામે છે અર્થાત્ તે શાંતિને પામેલો છે.'

કેમકે સાધનકાળમાં જ કર્મયોગીના સાધનમાં મન-ઇન્દ્રિયોના સંયમપૂર્વક રાગ-દ્વેષ અને સ્વાર્થ વિના કેવળ કર્તવ્યબુદ્ધિથી કરાયેલાં કર્મો જ એની સ્થિતિને વધારીને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવવામાં હેતુ બને છે.

રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।
આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥
પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।
પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥
(ગીતા ૨/૬૪-૬૫)

'પરંતુ સ્વાધીન અંતઃકરણનો સાધક પોતાના વશમાં કરેલી રાગદ્વેષ વિનાની ઇન્દ્રિયો દ્વારા વિષયોમાં વિચરણ કરતો હોવા છતાં અન્તઃકરણની આધ્યાત્મિક પ્રસન્નતાને પામે છે. અન્તઃકરણ પ્રસન્ન થતાં એનાં સર્વ દુઃખોનો અભાવ થઈ જાય છે અને એ પ્રસન્નચિત્ત કર્મયોગીની બુદ્ધિ તત્કાળ બધી બાજુએથી દૂર થઈને એક પરમાત્મામાં જ સારી પેઠે સ્થિર થઈ જાય છે.'

અગાઉ પણ આ રીતે સાધન કરીને જનક વગેરે પરમપદને પામી ચૂક્યા છે–

કર્મણૈવ હિ સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ ।
લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્કર્તુમર્હસિ ॥
(ગીતા ૩/૨૦)

'જનક વગેરે જ્ઞાનીજનો પણ આસક્તિ વિનાના કર્માચરણ દ્વારા જ પરમ સિદ્ધિને પામ્યા હતા, તેથી તથા લોકસંગ્રહને જોતાં પણ તું કર્મ કરવાને જ યોગ્ય છે, અર્થાત્ તારા માટે કર્મ કરવું એ જ ઉચિત છે.'

આ કારણે સિદ્ધાવસ્થાને પામી ચૂક્યા પછી પણ એ પુરુષો દ્વારા બહુલતાથી કર્મ થઈ શકે છે. આવા પુરુષમાં રાગ-દ્વેષ વગેરે અવગુણોનો સર્વ રીતે અભાવ હોવાને કારણે, કર્મોની બહુલતા હોવા છતાં પણ, એમના દ્વારા કરવામાં આવેલાં કર્મોમાં દુરાચારિતા નથી આવી શકતી; કેમકે દુરાચારિતાનું મૂળ કારણ રાગ-દ્વેષ વગેરે અવગુણો જ છે. અર્જુનના પૂછવાથી ભગવાને આસક્તિમાંથી ઉપજનારા કામ-ક્રોધને જ પાપાચારમાં હેતુ જણાવ્યો છે–

કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।
મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમિહ વૈરિણમ્ ॥
(ગીતા ૩/૩૭)

'રજોગુણમાંથી ઉદ્ભવેલો આ કામ જ ક્રોધ છે, આ ઘણું ખાનારો એટલે કે ભોગોથી કદી ન ધરાતો અને મહાપાપી છે, આને જ તું આ બાબતમાં વેરી જાણ.'

આનાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે કર્મોની બહુલતા સ્થિતિમાં બાધક નથી, રાગ-દ્વેષ અને કામ-ક્રોધ વગેરે અવગુણો જ બાધક છે અને એમનો આ મહાનુભાવોમાં સર્વ રીતે અભાવ હોય છે. સ્વાર્થ અને રાગ-દ્વેષને છોડીને કરવામાં આવેલાં કર્મો જ કર્મયોગના સાધક માટે ભગવત્પ્રાપ્તિ કરાવનારાં છે અને સિદ્ધોની શોભા વધારનારાં છે.

શાસ્ત્રવિહિત સ્વાભાવિક કર્મોમાં જે અનિવાર્ય હિંસા વગેરે દોષો થતા હોય છે એ દુરાચાર નથી (ગીતા ૧૮/૪૮); તેમ જ આવા હિંસા વગેરે દોષો ફલેચ્છા, રાગ-દ્વેષ અને અહંકાર વિનાના મનુષ્યને દૂષિત નથી કરી શકતા (ગીતા ૧૮/૭).

જોકે પરમાત્માને પામેલા જીવન્મુક્ત પુરુષને કર્મ કરવા કે ન કરવાનું કશું પોતાનું પ્રયોજન નથી રહી જતું, છતાં લોકોને ઉન્માર્ગથી બચાવવા અને સન્માર્ગમાં પ્રવૃત્ત કરવા માટે જ એમના દ્વારા નિષિદ્ધ કર્મોનો ત્યાગ અને વિહિત કર્મોનું આચરણ થતું હોય છે. મોહથી કર્મોને છોડી બેસનાર અજ્ઞાની વાસ્તવમાં ત્યાગી નથી (ગીતા

૧૮/૧૭); પણ આ રીતે કર્મ કરનાર મનુષ્ય જ વાસ્તવમાં બુદ્ધિશાળી અને ખરો ત્યાગી છે.

ભગવાને કહ્યું છે–

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥
न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥

(ગીતા ૧૮/૧૦-૧૧)

'જે માણસ અકુશળ કર્મનો દ્વેષ નથી કરતો કે કુશળ કર્મમાં આસક્ત નથી થતો, એ શુદ્ધ સત્ત્વગુણથી યુક્ત માણસ સંશય વિનાનો, બુદ્ધિશાળી અને ખરો ત્યાગી છે, કેમકે, શરીરધારી કોઈ પણ માણસ દ્વારા સંપૂર્ણપણે બધાં જ કર્મોને ત્યજવાં શક્ય નથી; માટે જે કર્મફળનો ત્યાગ કરનાર છે, એ જ ત્યાગી કહેવાય છે.'

ભક્તિયોગ દ્વારા પરમેશ્વરને પામેલા મહાપુરુષમાં પરમેશ્વરની પ્રાપ્તિ થયા પછી પણ સઘળા મનુષ્યો પ્રત્યે દયા અને પ્રેમનો ભાવ વધુ વ્યક્ત થતો હોય છે. કેમકે, એના સાધનકાળમાં જ ઈશ્વર-વિષયક શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ અને શરણ વગેરે ભાવોની બહુલતા એની સ્થિતિને ઊંચકીને પરમાત્માની પ્રાપ્તિમાં હેતુ બનતી હોય છે; માટે એનો સ્વભાવ અત્યંત કોમળ થઈ જાય છે અને એને સઘળાં પ્રાણીઓમાં પોતાના સ્વામી આરાધ્યદેવ વિરાજમાન છે એમ જોવાનો અભ્યાસ થઈ જાય છે.

એનામાં કોમળતા, ક્ષમા અને સુહૃદતા વગેરે ગુણોની બહુલતા હોવાને લીધે ન્યાયપ્રાપ્ત હોવા છતાં પણ એના થકી કોઈ જીવને દંડ આપવાનું લગભગ અઘરું થઈ જાય છે. એ કારણે એનાથી કોઈ પણ જીવને ઉદ્વેગ નથી થતો અને અન્ય જીવો દ્વારા અનુચિત કષ્ટ આપવા છતાં પણ એ પોતે ઉદ્વેગવાન નથી થતો અને એમની પાસેથી એ ન્યાયપૂર્વકનો પણ બદલો લેવા નથી માંગતો.

ભગવાને પણ કહ્યું છે–

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी ॥
सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥

(ગીતા ૧૨/૧૩–૧૫)

'જે સર્વ ભૂતોમાં દ્વેષભાવ વિનાનો, વિના સ્વાર્થે સૌનો પ્રેમી અને કોઈ પણ હેતુ વિના દયાભાવ રાખનારો છે તથા મમત્વ વિનાનો, અહંકાર વિનાનો, સુખ-દુઃખોની પ્રાપ્તિમાં સમ અને ક્ષમાશીલ છે, એટલે કે અપરાધ કરનારને પણ અભય આપનારો છે.'

'તથા જે યોગી નિરંતર સંતુષ્ટ છે, મન-ઇન્દ્રિયોસહિત શરીરને વશમાં કરી રાખેલ છે અને મારામાં દૃઢ નિશ્ચયવાળો છે - એ મારામાં અર્પેલ મન-બુદ્ધિવાળો મારો ભક્ત મને પ્રિય છે.'

'જેનાથી કોઈ પણ જીવ ઉદ્વેગ નથી પામતો અને જે પોતે પણ કોઈ જીવથી ઉદ્વેગ નથી પામતો તથા જે હર્ષ, અમર્ષ,* ભય અને ઉદ્વેગ આદિથી રહિત છે - એ ભક્ત મને પ્રિય છે.'

દયા, પ્રેમ અને ક્ષમા વગેરે સદ્‌ગુણોથી એનું અંતઃકરણ પ્રભાવિત થઈ જવાને લીધે એ પોતાની સાથે ખરાબ વર્તન કરનારને પણ પ્રેમપૂર્વક એના હિતના પ્રયાસો દ્વારા એના અંતઃકરણમાં સાધુભાવ ઉત્પન્ન કરતાં કરતાં જ

* બીજાની ઉન્નતિને જોઈને સંતાપ થવો એનું નામ 'અમર્ષ' છે.

બોધ આપવાનો પ્રયત્ન કર્યા કરે છે.

નીતિની જરૂર પડે તો પણ સામ અને દામથી જ કામ લેવાનો એનો સ્વભાવ થઈ જાય છે. દંડ અને ભેદ નીતિનો પ્રયોગ ઘણું કરીને એના દ્વારા નથી થઈ શકતો.

એની દરેક ક્રિયામાં ઈશ્વરભક્તિ, શ્રદ્ધા, સ્વાર્થત્યાગ, ચતુરતા, કોમળતા, વિનય, પ્રેમ, દયા અને ચિત્તની પ્રસન્નતા વગેરે ભાવ ખાસ કરીને જોવા મળે છે. કેમકે, સાધનકાળે આ ભાવોથી જ એની સ્થિતિ ઊંચકાઈને એને પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે, માટે એનો સ્વભાવ જ એવો થઈ જાય છે.

આવા મહાપુરુષની સઘળી ક્રિયાઓ ભગવાનની પ્રેરણા અનુસાર સઘળાં પ્રાણીઓને અભયદાન આપતાં આપતાં જ થતી હોય છે.

બીજાનો સત્કાર કરવો અને એમને માન-મોટાઈ આપવાં એનો સામાન્ય સ્વભાવ થઈ જાય છે. આવા મહાપુરુષનાં મન અને બુદ્ધિ નિરંતર ભગવાનમાં જ સમર્પિત રહે છે. માટે એના જીવનનો ઘણો-ખરો સમય ભગવાનના ભજન, ધ્યાન, ગુણાનુવાદ અને સેવા વગેરેમાં જ વ્યતીત થાય છે.

એના દ્વારા કર્મયોગીની જેમ વ્યાવહારિક કર્મોનો વિસ્તાર થતો નથી. કેમકે દિવસ-રાત ભગવચ્ચિંતનનો સ્વભાવ થઈ જવાને કારણે સાધનકાળમાં જ એની રુચિ લૌકિક કર્મોમાંથી લગભગ જતી રહે છે. આવશ્યકતા મુજબ સર્વ કાંઈ કરતા હોવા છતાં પણ આવા મહાપુરુષોની સ્થિતિ નિરંતર પરમેશ્વરમાં જ રહે છે. ભગવાને કહ્યું પણ છે–

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥
(ગીતા ૬/૩૧)

'જે માણસ એકાત્મભાવમાં સ્થિત થઈને સર્વ ભૂતોમાં આત્મારૂપે રહેલા મુજ સચ્ચિદાનંદઘન વાસુદેવને ભજે છે, એ યોગી સર્વ રીતે વર્તવા છતાં મારામાં જ વર્તે છે.'

જ્ઞાનયોગ (સાંખ્યયોગ) દ્વારા પરમાત્માને પામેલા જીવન્મુક્ત પુરુષમાં જ્ઞાન, વૈરાગ્ય, ઉપરામતા, નિરહંકારીપણું વગેરે ગુણોની પ્રધાનતા હોવાને લીધે તેમ જ દૃશ્ય સંસારમાં અનિત્યબુદ્ધિ હોવાથી, એના થકી શાસ્ત્રવિહિત લૌકિક અને ધાર્મિક કર્મોનો પણ વિસ્તાર ઘણું કરીને ઓછો થાય છે.

વર્ણાશ્રમ અનુસાર જીવિકાનિર્વાહ વગેરે આવશ્યક કર્મ પણ એના થકી કર્તૃત્વાભિમાન વિના થતાં હોય એમ જણાય છે. કેમકે, સાધનકાળમાં પણ એનો આવો જ અભ્યાસ રહે છે કે સઘળાં કર્મો પ્રકૃતિ દ્વારા જ કરાયેલાં છે, ઇન્દ્રિયો જ પોતપોતાના અર્થો એટલે કે વિષયોમાં વર્તે છે, ગુણો જ ગુણોમાં વર્તે છે, મારો આ કર્મોથી, ભોગોથી, શરીરથી અને સંસારથી કશોય સંબંધ નથી. ભગવાને કહ્યું પણ છે–

नैव किञ्चित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपञ्श्वसन् ॥
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥
(ગીતા ૫/૮-૯)

'તત્ત્વને જાણનારો સાંખ્યયોગી તો જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, જમતો, ચાલતો, ઊંઘતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગતો, ગ્રહણ કરતો, તેમજ આંખો ઉઘાડતો કે મીંચતો હોવા છતાં પણ, 'સર્વ ઇન્દ્રિયો પોતપોતાના અર્થોમાં એટલે કે વિષયોમાં વર્તી રહી છે' એમ સમજીને નિઃશંકપણે એમ માને કે હું કશું જ નથી કરી રહ્યો.'

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्त ईति मत्वा न सज्जते ॥
(ગીતા ૩/૨૮)

'હે મહાબાહો! ગુણવિભાગ* અને કર્મવિભાગ*ના તત્ત્વને* જાણનાર જ્ઞાનયોગી તો સમસ્ત ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે એમ સમજીને એમનામાં આસક્ત નથી થતો.'

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥
(ગીતા ૧૪/૧૯)

'જે કાળે સાક્ષીરૂપ રહેલો દ્રષ્ટા એટલે કે સમષ્ટિચેતનમાં એકાત્મભાવે સ્થિત સાક્ષી પુરુષ ત્રણ ગુણો સિવાય બીજા કોઈને કર્તારૂપે નથી જોતો એટલે કે ગુણો જ ગુણોમાં વર્તે છે* એમ જુએ છે અને ત્રણેય ગુણોથી સાવ પર એવા સચ્ચિદાનંદઘન-સ્વરૂપ મુજ પરમાત્માને તત્ત્વથી જાણે છે, એ વખતે એ મારા સ્વરૂપને પામે છે.'

મમતા, અહંકાર વગેરે વિકારોનો સાવ અભાવ અને પરિગ્રહનો ત્યાગ, એકાંત દેશનું સેવન, મન-ઇન્દ્રિયોનો સંયમ, સાંસારિક મનુષ્યોમાં, સઘળા પદાર્થો અને કર્મોમાં વૈરાગ્ય તથા ઉપરામતા, નિરંતર વિજ્ઞાનાનંદઘન બ્રહ્મના સ્વરૂપમાં સ્થિત રહેવું - એના મનનો જાણે સ્વાભાવિક ધર્મ થઈ જાય છે; કેમકે, સાધનકાળમાં પણ એણે આવો જ અભ્યાસ કર્યો છે. ભગવાને પણ કહ્યું છે—

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥
(ગીતા ૧૮/૫૨)

'જે એકાન્ત અને શુદ્ધ દેશનું સેવન કરનાર, પચવામાં હલકો, સાત્ત્વિક અને નિયમિતપણે ખોરાક ખાનાર, મન, વાણી તથા શરીરને વશમાં રાખનાર, યોગ્ય રીતે દૃઢ વૈરાગ્યનો આશરો લેનાર અને નિરંતર ધ્યાનયોગને પરાયણ રહેનાર છે.'

अहङ्कारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥
(ગીતા ૧૮/૫૩)

'એ અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ અને પરિગ્રહને છોડીને મમત્વ વિનાનો અને શાંત માણસ સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં અભિન્નભાવે સ્થિત રહેવાને પાત્ર બને છે.' એ કારણે એના થકી કર્મોનો વિસ્તાર નથી થઈ શકતો.

આ રીતે ત્રણે પ્રકારના મહાપુરુષોનાં આચરણ પરમ પવિત્ર, દિવ્ય અને અલૌકિક હોય છે. આવા મહાપુરુષોના આચરણને જ શાસ્ત્રકારોએ સદાચારને નામે ઓળખાવ્યું છે અને વારંવાર એમનું અનુકરણ કરવા પર જોર આપ્યું છે.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥
(ગીતા - ૩/૨૧)

'શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, અન્ય

✦ * ત્રિગુણાત્મક માયાનાં કાર્ય એવા પાંચ મહાભૂત તથા મન, બુદ્ધિ, અહંકાર તેમજ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને શબ્દ વગેરે પાંચ વિષયો - આ સર્વના સમૂહનું નામ 'ગુણવિભાગ' છે અને એમની પરસ્પરની ચેષ્ટાઓનું નામ 'કર્મવિભાગ' છે.

❖ ઉપર કહેલા 'ગુણવિભાગ' અને 'કર્મવિભાગ'થી આત્માને અળગો એટલે કે નિર્લેપ જાણવો, એ જ એમના તત્ત્વને જાણવું છે.

✡ ત્રિગુણમયી માયાથી ઉત્પન્ન એવાં અંતઃકરણ સહિત ઇન્દ્રિયોનું પોતપોતાના વિષયોમાં વિચરવું જ ગુણોનું ગુણોમાં વર્તવું છે.

પુરુષો પણ તેવાં જ આચરણ કરે છે. તે જે કંઈ પ્રમાણ કરી આપે છે, સકળ માનવ-સમૂહ તે પ્રમાણે વર્તવા લાગે છે.'

રાજા યુધિષ્ઠિરે પણ યક્ષના પૂછવાથી આવા પુરુષોને લક્ષમાં રાખીને જ કહ્યું હતું–

तर्कोऽप्रतिष्ठः श्रुतयो विभिन्ना
नैको ऋषिर्यस्य मतं प्रमाणम् ।
धर्मस्य तत्त्वं निहितं गुहायां
महाजनो येन गतः स पन्थाः ॥

(મહાભારત વનપર્વ ૩૧૩/૧૧૭)

'ધર્મની બાબતમાં તર્કની કોઈ પ્રતિષ્ઠા (સ્થિરતા) નથી, શ્રુતિઓ ભિન્ન-ભિન્ન તાત્પર્યવાળી છે, તથા ઋષિ-મુનિ પણ કોઈ એવા એક નથી થયા, જેથી એમના જ મતને પ્રમાણ-સ્વરૂપ માનવામાં આવે, ધર્મનું તત્ત્વ ગુહામાં છુપાયેલું છે એટલે કે ધર્મની ગતિ ઘણી ગહન છે, માટે (મારી સમજ મુજબ) જે માર્ગે કોઈ મહાપુરુષ ગયા હોય, એ જ માર્ગ છે એટલે કે એવા મહાપુરુષનું અનુકરણ કરવું એ જ ધર્મ છે.'

આથી મનુષ્યમાત્ર માટે ઉચિત છે કે આવા મહાપુરુષોના આચરણને આદર્શ માનીને એમનું અનુકરણ કરવા માટે એટલે કે પોતાના જીવનને એમના જેવું બનાવવા માટે ખાસ પ્રયત્ન કરે.

પ્રશ્ન : જ્ઞાનીનાં પ્રારબ્ધ કર્મો નષ્ટ થાય છે કે નહીં?

ઉત્તર : પરમાત્માને પામેલા જ્ઞાની પુરુષનાં વાસ્તવમાં પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ – સૌ કર્મો નષ્ટ થઈ જાય છે. કહ્યું પણ છે–

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

(ગીતા - ૪/૩૭)

'હે અર્જુન! જે રીતે ભડભડતો અગ્નિ ઘણાંબધાં ઈંધણોને ભસ્મીભૂત કરી નાખે છે, તે જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સમગ્ર કર્મોને ભસ્મીભૂત કરી નાખે છે.'

છતાં પણ વ્યાવહારિક દૃષ્ટિએ એવું માનવામાં આવે છે કે જ્ઞાનીનાં પ્રારબ્ધ કર્મો રહે છે, માટે જ એનું શરીર ટકી રહે છે, પ્રારબ્ધ કર્મો પોતાના ફળનો ભોગ કરાવીને જ સમાપ્ત થાય છે વગેરે. પણ કર્મનું ફળ જાતિ, આયુ અને ભોગ જણાવવામાં આવ્યું છે. એમાં જન્મરૂપી ફળ તો થઈ જ ચૂક્યું, આયુ સમયસર પોતાની મેળે સમાપ્ત થઈ જ જશે; રહી ભોગની વાત, તો સુખ-દુઃખનો ભોક્તા પ્રકૃતિસ્થ પુરુષને જ માનવામાં આવ્યો છે (ગીતા ૧૩/૨૧), શુદ્ધ આત્મામાં ભોક્તાપણું નથી. જ્ઞાનીની સ્થિતિ પરબ્રહ્મ પરમાત્મામાં થઈ જાય છે. માટે એને સુખઃદુઃખની પ્રાપ્તિ સંભવી નથી શકતી. એટલે એ જ સિદ્ધ થયું કે પ્રારબ્ધનો ભોગ કેવળ લોક-દૃષ્ટિથી જ જ્ઞાનીને થતો હોય એવું પ્રતીત થાય છે, વાસ્તવમાં જ્ઞાનીનો પ્રારબ્ધકર્મ સાથે પણ કોઈ સંબંધ નથી રહેતો.

સુખ-દુઃખ વગેરેની પ્રાપ્તિના હેતુરૂપ જે ખાન-પાન, રોગ, પીડા વગેરે છે, એ બધાં શરીરમાં હોવા છતાં પણ જ્ઞાનીને એની સ્થિતિથી વિચલિત નથી કરી શકતા. એ સદા નિર્વિકાર રહે છે, હરખ-શોક વગેરેથી સાવ રહિત થઈ જાય છે. શ્રુતિમાં પણ કહ્યું છે - **'हर्षशोकौ जहाति'** (કઠ ઉપનિષદ્ ૧/૨/૧૨) એટલે કે એ હરખ અને શોકને છોડી દે છે. **'तरति शोकमात्मवित्'** (છાન્દોગ્ય ઉપનિષદ્ ૭/૧/૩) એટલે કે આત્મવેત્તા શોકથી તરી જાય છે. વાસ્તવમાં હરખ-શોકનું હોવું એ જ પ્રારબ્ધનું ફળ છે, એનાથી જ્ઞાની પાર થઈ જાય છે; સ્ત્રી, પુત્ર, ધન, ગૃહ વગેરે પ્રિય વસ્તુઓની ઉત્પત્તિ અને વિનાશમાં એને જરા પણ હરખ-શોક નથી થતો. કેમકે, એણે સાધનકાળમાં

જ શરીર અને સ્ત્રી-પુત્ર-ગૃહ વગેરેમાં અહંતા, મમતા અને આસક્તિના અભાવનો તથા સમભાવનો અભ્યાસ કર્યો છે (ગીતા ૧૩/૯). હરખ-શોકની પ્રાપ્તિમાં રાગ-દ્વેષ, અહંતા, મમતા વગેરે દુર્ગુણો જ કારણ છે. એમના અભાવના અભ્યાસથી સાધનકાળમાં જ હરખ-શોક વગેરે વિકારો ઘણું કરીને ક્ષીણ થઈ જાય છે, પછી સિદ્ધાવસ્થામાં તો અહંતા-મમતા વગેરેનો અત્યંત અભાવ થઈ જવાથી હરખ-શોક વગેરે વિકારો હોવાનું અસંભવ જ છે.

સંસારમાં પણ એ વાત જોવા મળે છે કે જે સ્ત્રી-પુત્રોમાં કે ગૃહ વગેરે સઘળા પદાર્થોમાં આપણાં સ્નેહ અને મમત્વ નથી હોતાં, એમનું સારું-ખોટું થતાં આપણને સુખ-દુઃખ, હરખ-શોક વગેરે નથી થતાં. એ જ રીતે જ્ઞાનીનો પોતાના શરીરમાં અહંભાવ ન રહેવાથી અને શરીર સાથે સંબંધ રાખનારા સ્ત્રી, પુત્ર, ગૃહ વગેરેમાં મમત્વ અને સ્નેહ ન રહેવાથી કોઈ અવસ્થામાં પણ હરખ-શોક ન થવાં એ ઉચિત જ છે. માટે લોકદૃષ્ટિમાત્રથી એમના સ્ત્રી, પુત્ર, ગૃહ વગેરે પદાર્થોનું સારું-ખોટું થવારૂપી પ્રારબ્ધકર્મનો ભોગ થવા છતાં પણ ન થવા બરાબર જ છે.

જ્ઞાનીના શરીર દ્વારા લોકદૃષ્ટિએ ક્રિયમાણ કર્મ થતાં હોય એવું દેખાય છે, પણ અહંકાર, સ્વાર્થ અને રાગ-દ્વેષનો અભાવ હોવાને કારણે એમનાં કર્મો વાસ્તવમાં કર્મ નથી. કોઈ કોઈ કહી દેતા હોય છે કે જ્ઞાની દ્વારા કરવામાં આવતાં ક્રિયમાણ પુણ્યકર્મોનું ફળ એમની સ્તુતિ કરનારાઓને અને પાપકર્મોનું ફળ એમની નિંદા કરનારાઓને મળે છે. પણ આમ કહેવું યુક્તિસંગત નથી જણાતું, કેમકે જ્ઞાની દ્વારા પાપકર્મોનું આચરણ થતું જ નથી. સાધનાવસ્થામાં જ એનામાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ-મોહ વગેરે દુર્ગુણોનો તથા ચોરી, વ્યભિચાર, હિંસા, મિથ્યાભાષણ વગેરે દુરાચારોનો ઘણું કરીને અભાવ થઈ જાય છે; પછી સિદ્ધાવસ્થાની તો વાત જ શી? અવિદ્યા, અહંકાર, રાગ-દ્વેષ અને ભય - આ બધાં જ પાપાચારનાં કારણો છે. એમનો સર્વ રીતે અભાવ થયા પછી પાપાચાર શી રીતે થઈ શકે છે? બુદ્ધિપૂર્વક પાપકર્મ તો જ્ઞાની થકી થઈ નથી શકતાં અને અજ્ઞાત હિંસા વગેરેનું પાપ લાગતું નથી, આ સિવાય જે શાસ્ત્રવિહિત સ્વાભાવિક કર્મોમાં હિંસા વગેરે પાપકર્મ થતાં હોય એવું દેખાય છે, એ કર્મો પણ વાસ્તવમાં અહંકાર અને રાગ-દ્વેષ વિના કર્યાં હોવાને કારણે પાપકર્મ નથી. કહ્યું પણ છે—

यस्य नाहङ्कृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स ईमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥
(ગીતા ૧૮/૧૭)

'જે માણસના અન્તઃકરણમાં 'હું કર્તા છું' એવો ભાવ નથી, તેમજ જેની બુદ્ધિ સાંસારિક પદાર્થોમાં અને કર્મોમાં લેપાતી નથી, એ માણસ આ બધા લોકોને હણીને પણ વાસ્તવમાં નથી હણતો કે નથી પાપથી બંધાતો.'*

* જેમ અગ્નિ, વાયુ કે જળ વડે પ્રારબ્ધવશ કોઈ પ્રાણીની હિંસા થતી હોય એમ દેખાવા છતાં પણ એ અગ્નિ, વાયુ કે જળ દ્વારા વાસ્તવમાં હિંસા નથી, એ જ રીતે જે માણસનું દેહમાં અભિમાન નથી, તેમજ સ્વાર્થ વિના કેવળ સંસારના હિતાર્થે જ જેની બધી ક્રિયાઓ થતી હોય છે, એ માણસના શરીર અને ઇન્દ્રિયો દ્વારા કદી કોઈ પ્રાણીની હિંસા થતી લોકદૃષ્ટિમાં જોવામાં આવે, તો પણ એ માણસ દ્વારા વાસ્તવમાં હિંસા નથી; કેમકે આસક્તિ, સ્વાર્થ અને અહંકાર ન હોવાને કારણે કોઈ પ્રાણીની હિંસા થઈ જ નથી શકતી તથા કર્તૃત્વના અભિમાન વિના કરેલું કર્મ ખરેખર તો અકર્મ જ છે, માટે એ માણસ પાપથી નથી બંધાતો.

આવા પુરુષ થકી શાસ્ત્રવિહિત પુણ્યકર્મ કેવળ લોકસંગ્રહાર્થ થાય છે. એ કર્મો પણ પાછાં ફલેચ્છા, આસક્તિ કે અહંકારપૂર્વક નથી કરવામાં આવતાં, તો એ બીજા કોઈના માટે પણ ફળદાયક શી રીતે હોઈ શકે? એમનું તો એ જ પ્રત્યક્ષ ફળ છે કે જે કોઈ એમનાં આચરણો પર શ્રદ્ધા રાખીને એમનું અનુકરણ કરવા માંડે છે એ પોતાના જીવનને સુધારી લે છે. અશ્રદ્ધાળુ એમનાં કર્મોમાંથી ખાસ લાભ નથી લઈ શકતા.

એમની નિંદા કે સ્તુતિ કરનારાઓને પાપ-પુણ્ય જરૂર થાય છે, પણ એ જ્ઞાનીનાં કર્મોનું ફળ નથી, એમની પોતાની ક્રિયાઓનું ફળ એમને મળે છે. સામાન્ય માણસની નિંદા કરવાથીય પાપ થાય છે; પણ જ્ઞાની, શાસ્ત્ર અને ઈશ્વરની નિંદાનું પાપ વધુ થાય છે. કેમકે, એમની નિંદાથી લોકોને વધુ હાનિ થાય છે. સંચિત કર્મો તો જ્ઞાનીનાં સર્વ રીતે નષ્ટ થઈ જાય છે, પ્રારબ્ધકર્મોનું ફળ બીજા લોકોને મળી નથી શકતું અને ક્રિયમાણ કર્મો શેકાયેલા બીજની પેઠે ફળ ઉત્પન્ન કરવાની શક્તિથી રહિત હોય છે. માટે જ્ઞાનીનાં પુણ્ય-પાપોનો સર્વ રીતે અભાવ હોતાં જ્ઞાનીનાં કર્મોનું ફળ નિંદા-સ્તુતિ કરનારાઓને મળવાનો પ્રસંગ જ શી રીતે ઊભો થઈ શકે.

કોઈ કોઈ વિદ્વાન જ્ઞાન થયા પછી પણ પ્રારબ્ધકર્મના આધાર પર લેશાવિદ્યાનો આશરો લઈને રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરેને અંતઃકરણનો ધર્મ માનીને જૂઠ, ચોરી, વ્યભિચાર વગેરે દુરાચારો પણ એ જ્ઞાની થકી થતાં માને છે. પણ વાસ્તવમાં જ્ઞાનોત્તરકાળમાં જીવન્મુક્ત પુરુષની ભીતર સર્વ કર્મોનો સર્વ રીતે અભાવ જણાવવામાં આવ્યો છે (ગીતા ૪/૩૭); એનો દેહ અજ્ઞાનીઓની દૃષ્ટિએ પ્રારબ્ધ-ભોગ માટે રહે છે. જે તત્ત્વવેત્તા પુરુષો છે, એમની દૃષ્ટિએ તો એક નિત્ય વિજ્ઞાન-આનંદઘન બ્રહ્મ સિવાય શરીર અને સંસારનો સર્વ રીતે અભાવ છે; પછી ત્યાં લેશમાત્ર પણ અવિદ્યા (અજ્ઞાન)ની સંભાવના ક્યાં છે? જો લેશમાત્ર પણ અવિદ્યા (અજ્ઞાન) માનવામાં આવે તો એ લેશાવિદ્યાનો ધર્મી કોને માનવો? એ જ રીતે જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતાં અજ્ઞાનનો અંશમાત્ર પણ રહેવો સંભવ નથી. માટે એ જ્ઞાની મહાત્માઓમાં અંશમાત્ર પણ અવિદ્યા માનવી એ ભૂલ છે.

એ લોકો એવું પણ કહે છે કે 'પ્રારબ્ધવશ જ્ઞાની દ્વારા પણ ચોરી, પરસ્ત્રીગમન વગેરે પાપકર્મો થઈ શકે છે. કેમકે, કામ-ક્રોધ વગેરે અવગુણો અંતઃકરણના ધર્મો હોવાને કારણે જ્યાં સુધી શરીર રહેશે ત્યાં સુધી એ રહેવાના જ, સાક્ષીનો એમની સાથે કશો સંબંધ નથી; માટે પ્રારબ્ધકર્મો પોતાને ભોગવવા માટે થઈને જ્ઞાનીને પણ બળપૂર્વક પાપકર્મોમાં પ્રવૃત્ત કરી દે છે, પણ આટલા માત્રથી એમનું તત્ત્વજ્ઞાન નષ્ટ નથી થઈ જતું વગેરે. તથા પોતાના મતની પુષ્ટિ માટે તેઓ એમ પણ કહે છે કે 'કુપથ્યસેવી, રાજાની સ્ત્રી સાથે પ્રેમ રાખનાર અને ચોરી કરનાર - આ ત્રણે ભવિષ્યમાં દંડ મળશે એમ જાણતા હોવા છતાં પણ પ્રારબ્ધભોગને વશ થઈને સ્વેચ્છાએ કુપથ્યસેવન, ચોરી અને પરસ્ત્રીગમન વગેરે પાપકર્મો કરે છે, પણ આમ કહેવું ન તો શાસ્ત્રસંમત છે કે ન તો યુક્તિસંગત.

કોઈ પાપકર્મનું ફળ ભોગવવા માટે ફરી પાપકર્મ કરવું પડશે, આ કથનને શાસ્ત્રસંમત માનવાથી પાપકર્મોની અનવસ્થાનો દોષ આવશે; આવી વ્યવસ્થા કરનારમાં પણ મૂર્ખતા અને નિર્દયતાનો દોષ આવશે; 'ધર્મનું આચરણ કરો, સત્ય બોલો, પાપ ન કરો.' વગેરે શાસ્ત્રોક્ત

વિધિ-નિષેધ-બોધક વચન વ્યર્થ જશે અને શાસ્ત્રોમાં પાપકર્મનું ફળ દુઃખ છે એમ જણાવનારાં જે વચનો મળે છે, એ વચનોમાં વિરોધ આવશે. માટે ચોરી, વ્યભિચાર વગેરે પાપકર્મોનું ફળ દુઃખભોગ હોવાનું શાસ્ત્રસંમત છે, નહીં કે ફરી પાપ કરવાનું. જો પાપકર્મ પ્રારબ્ધનું ફળ હોય તો એ પાપનું ફળ દુઃખ શી રીતે હોય અને એનાથી બચવા માટે શાસ્ત્રોમાં પ્રેરણા કેમ કરવામાં આવે?

સાધારણ ન્યાયકર્તા રાજા પણ એવો કાયદો નથી બનાવતો કે અમુક પાપકર્મ કરનારને એના ફળસ્વરૂપે ફરી પાપકર્મ કરવું પડશે, બલકે લોકોને પાપકર્મથી રોકવા માટે એવો કાયદો બનાવે છે કે અમુક આજ્ઞાનું પાલન નહીં કરવાથી આ દંડ મળશે. અને જે કોઈ એની આજ્ઞા વિરુદ્ધ ચાલે છે એને રાજા દંડ આપે પણ છે, જેથી બીજા લોકો એને જોઈને સાવધાન થઈ જાય અને આજ્ઞાનું પાલન કરે. તો પછી પરમ દયાળુ સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા એવો કાયદો શી રીતે બનાવી શકાય કે અમુક નિષિદ્ધ કર્મનું ફળ ભોગવવા માટે અમુક નિષિદ્ધ કર્મ કરવું પડશે.

ગીતા ૩/૩૩માં જે એમ લખવામાં આવ્યું છે કે જ્ઞાનવાન પણ પોતાની પ્રકૃતિ મુજબ ચેષ્ટા કરે છે, ત્યાં પ્રકૃતિ એના સ્વભાવનું નામ છે. એનો સ્વભાવ સાધનકાળમાં જ શુદ્ધ થઈ જાય છે, માટે એની ચેષ્ટા પાપરૂપ નથી હોતી. એના થકી સ્વેચ્છાપૂર્વક પ્રારબ્ધભોગ માટે જે કંઈ ક્રિયા થાય છે, એ બધી ન્યાયયુક્ત હોય છે. અને લોકહિતાર્થ જે ક્રિયમાણ કર્મોના પ્રયાસો થાય છે એ પણ ન્યાયયુક્ત જ હોય છે. જ્ઞાનીઓની લોકદૃષ્ટિએ અવશિષ્ટ પ્રારબ્ધભોગ ભિન્ન-ભિન્ન રહે છે તેમજ સાધનકાળમાં ભિન્ન-ભિન્ન જ અભ્યાસ થાય છે. આ ઉદ્દેશ્યને આધારે જ એમ કહેવાયું છે કે સર્વ જ્ઞાનીઓની ક્રિયાઓ એકસમાન નથી હોતી, પોતપોતાની પ્રકૃતિ મુજબ થતી હોય છે. અભિપ્રાય એ છે કે સઘળા મનુષ્યોને પોતપોતાની પ્રકૃતિ મુજબ કર્મ કરવાં પડે છે, કર્મ કર્યા વિના કોઈ નથી રહી શકતું, એ માટે હઠ કરવી વ્યર્થ છે. મનુષ્ય માટે એ ઉચિત છે કે દરેક ઇન્દ્રિયના ભોગમાં જે રાગ અને દ્વેષરૂપી શત્રુઓ છુપાયેલા છે, પાપકર્મોમાં પ્રવૃત્ત કરનારા છે, એમને વશ ન થાય અને ધર્મપાલનમાં પરોવાયેલો રહે. જો ભગવાનનો અહીં એ સિદ્ધાંત માની લેવામાં આવે કે પ્રારબ્ધવશ મનુષ્યને પાપકર્મ કરવાં પડે છે તો તો રાગદ્વેષને વશ ન થવા પર અને ધર્મપાલન માટે તત્પર થવા પર જે આગળના શ્લોકોમાં જોર આપવામાં આવ્યું છે એ શ્લોકોની કોઈ સંગતિ જ નહીં બેસે અને ભગવાનનો મહત્ત્વપૂર્ણ ઉપદેશ ફોગટ જશે. માટે ગીતાના શ્લોકનો આવો અવળો અર્થ સમજાવવો એ લોકોને ભ્રમમાં નાખવા બરાબર છે. અવશ્યંભાવીનો પ્રતીકાર નથી થઈ શકતો, એને કોઈ ટાળી નથી શકતું, એમ કહેવું એ સાવ સત્ય છે; પણ પ્રારબ્ધકર્મના ભોગરૂપી સુખ-દુઃખ વગેરેની પ્રાપ્તિ માટે ફરી પાછું નવું પાપકર્મ સ્વેચ્છાપૂર્વક અવશ્ય કરવું પડે એવું અવશ્યંભાવી ન હોઈ શકે, કેમકે, એ ન્યાયસંગત નથી, જો ધનપ્રાપ્તિ માટે ચોરી કરવી પડશે કે સ્ત્રીસુખભોગ માટે પરસ્ત્રીગમન કરવું પડશે કે રાજદંડ મેળવવા માટે ચોરી, વ્યભિચાર વગેરે પાપકર્મ કરવું પડશે – આવું અવશ્યંભાવી પ્રારબ્ધ હોત તો શાસ્ત્રોમાં ન્યાયપૂર્વક ધન પ્રાપ્ત કરવાની, સ્ત્રીસુખભોગ માટે વિવાહ વગેરેની, રોગ વગેરેથી બચવા માટે ઔષધ અને પથ્યની, ચોરી, વ્યભિચાર વગેરે પાપકર્મોથી

બચવા માટે રાજદંડ વગેરેની વ્યવસ્થા જ કેમ કરવામાં આવત?

પ્રત્યક્ષ રીતે પણ જોવા મળે છે કે સાધન દ્વારા જે માણસ પોતાના મન અને ઇન્દ્રિયોને વશમાં કરી લે છે તેમજ રાગદ્વેષ અને કામ-ક્રોધ વગેરે શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી લે છે, એની પણ ઘણું કરીને પાપાચારમાં પ્રવૃત્તિ નથી થતી અને સાધનહીન માણસો કામ-ક્રોધથી પ્રેરાઈને પાપાચાર કરે છે. એ સિવાય ઉપર કહેલ સિદ્ધાંત માનવાથી પરસ્ત્રીગમનરૂપી પાપકર્મ કરવું કે કોઈ પુરુષનું સ્વસ્ત્રીવ્રતી હોવું સ્વાધીન નહીં થઈ શકે, પાપકર્મો કરવામાં અને ધર્મના ત્યાગમાં પણ પ્રારબ્ધને કારણ માનવું પડશે, કે જે સર્વ રીતે ન્યાયવિરુદ્ધ છે.

ધનની પ્રાપ્તિ કે રતિભોગની પ્રાપ્તિ વગેરેને સુખભોગને નિમિત્તે અવશ્યંભાવી બનાવવામાં આવે છે એમ માનવાથી કોઈ રાજા કે ધનવાન વૈરાગ્ય થવા છતાં ગૃહસ્થીનો ત્યાગ નહીં કરી શકે, એવું ન્યાયપ્રાપ્ત થશે. એનાથી **'યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્'** (જાબાલ ઉપનિષદ્ ૪) એટલે કે 'જે દિવસે વૈરાગ્ય ઉપજે એ જ દિવસે ગૃહસ્થીને છોડીને સંન્યાસ ગ્રહણ કરવો.' આવું કહેનારી શ્રુતિઓ વ્યર્થ થઈ જશે. તથા આશ્રમનું પરિવર્તન અને મુક્તિ હોવાનું પણ પ્રારબ્ધ પર જ નિર્ભર થઈ જશે જે સર્વ રીતે અયુક્ત છે. આથી એ જ સિદ્ધ થાય છે કે શુભ કર્મોનું ફળ કે જે પ્રારબ્ધફળરૂપી સુખભોગ છે એનો ત્યાગ કરવામાં સદાય સ્વતંત્ર છે. **'ત્યાગેનૈકે અમૃતત્વમાનશુઃ'** (કૈવલ્ય ઉપનિષદ્ ૧/૨) - ત્યાગથી જ મુક્તિ થાય છે એમ શાસ્ત્ર જણાવે છે, જો ત્યાગમાં એ સ્વતંત્રતા નહીં હોય તો મુક્તિ કેમ કરીને થશે?

હા, એ વાત ચોક્કસ છે કે પાપકર્મનું ફળ જે દુઃખભોગ છે, એનો ત્યાગ કરવામાં માણસ સ્વતંત્ર નથી. પણ પ્રારબ્ધરૂપ પાપકર્મનું ફળ ભોગવવા માટે નવું પાપકર્મ કરવું પડે એમ માનવું ન્યાય-સંગત નથી. કેમકે, એમ માનવાથી થનારું દુઃખરૂપી ફળ કયા પાપકર્મનું ફળ છે એ નિર્ણય થવો પણ મુશ્કેલ થઈ જશે અને પાપકર્મોમાં અનવસ્થાનો દોષ આવશે. સંસારમાં પણ જોવા મળે છે કે કોઈ રાજા ચોરી, વ્યભિચાર વગેરે ખોટાં કર્મોનું ફળ એવું નથી આપતો કે એમ કરનાર રાજાની આજ્ઞા વિરુદ્ધ કર્મ ફરી કરે, બલકે પછી કદી એ રાજાજ્ઞાનું ઉલ્લંઘન ન કરે માટે એને દંડ આપે છે.

પ્રશ્ન : તો પછી સ્વેચ્છાપૂર્વક પ્રારબ્ધકર્મનો ફળભોગ શી રીતે થાય છે?

ઉત્તર : સ્વેચ્છાપૂર્વક ન્યાયયુક્ત ક્રિયાઓ કરતાં કરતાં જે એના પરિણામસ્વરૂપ સુખભોગ થાય છે, એ પ્રારબ્ધરૂપી પુણ્યકર્મનું ફળ છે અને જે દુઃખભોગ થાય છે એ પ્રારબ્ધરૂપ પાપકર્મનું ફળ છે. જેમ પોતાની ધર્મપત્ની સાથે ન્યાયપૂર્વક રતિસુખભોગ, સ્વવર્ણ અનુસાર ન્યાયયુક્ત વૃત્તિ દ્વારા ધનલાભ થવો, એનાથી ન્યાયપૂર્વક ભોગો ભોગવવા, ન્યાયપૂર્વકની ક્રિયાઓ દ્વારા પુત્ર વગેરેનું ઉત્પન્ન થવું તેમજ ન્યાયપૂર્વક વ્યવહાર કરતાં કરતાં પણ ધન વગેરેની હાનિ, પોતાના કે સ્ત્રી, પુત્ર વગેરેના શરીરમાં બીમારી થતાં ન્યાયયુક્ત ઉપાય કરવા છતાં પણ આરામ ન થવો, બલકે અવળું પરિણામ આવવું વગેરે અનેક રીતે સ્વેચ્છાપૂર્વક પ્રારબ્ધકર્મનો ફળભોગ થાય છે.

માટે પ્રારબ્ધકર્મનું ફળ ભોગવવા માટે પાપકર્મ કરવું અવશ્યંભાવી નથી, પ્રયાસ કરવાથી માણસ પાપોમાંથી બચી શકે છે. આમ હોવા છતાં પણ જે લોકો ધનોપાર્જન કે સ્ત્રીભોગ

વગેરેના લોભે પાપાચરણ કરે છે, તેઓ રાગ-દ્વેષ વગેરે અવગુણોના વશીભૂત થઈને મોટી ભૂલ કરે છે. સુખભોગ અનુસાર એમના પુણ્યનો ક્ષય થશે અને પાપકર્મનું ફળ આગળ જઈને જરૂર ભોગવવું પડશે અને અન્યાય આચરવાનો પ્રયાસ કરવા છતાં પણ પ્રારબ્ધ વિના સુખ નહીં મળે. એમ વિચારીને પણ માણસ માટે એ ઉચિત છે કે ભોગોના લોભથી પાપાચરણ ન કરે.

આ સિવાય એ વિદ્વાનોનું એમ પણ કહેવું છે કે અનિચ્છાએ પ્રારબ્ધભોગ માટે થઈને પણ માણસે પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ પાપાચરણ કરવું પડે છે; એની પુષ્ટિ માટે તેઓ ગીતાના આ શ્લોકોનું પ્રમાણ આપે છે–

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥

(ગીતા ૩/૩૬)

'હે કૃષ્ણ! તો પછી આ માણસ પોતે ન ઇચ્છતો હોવા છતાં પણ પરાણે જોડ્યો હોય એમ કોનાથી પ્રેરાઈને પાપનું આચરણ કરે છે?'

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥

(ગીતા ૩/૩૭)

આ રીતે અર્જુનના પૂછવાથી શ્રીકૃષ્ણ બોલ્યા–'રજોગુણમાંથી ઉદ્‌ભવેલો આ કામ જ ક્રોધ છે, આ ઘણું ખાનારો એટલે કે ભોગોથી કદી ન ધરાતો અને મહાપાપી છે, આને જ તું આ બાબતમાં વેરી જાણ.'

પણ આવો સિદ્ધાંત માનીને ગીતા દ્વારા એનું સમર્થન કરવું એ ગીતાનો દુરુપયોગ કરવો અને લોકોને ભ્રમમાં નાખવા બરાબર છે, કેમકે, અહીં અર્જુનનો પ્રશ્ન અનિચ્છાએ પ્રારબ્ધભોગના વિષયમાં નથી, ક્રિયમાણ પાપકર્મ વિશે છે. અર્જુનના પ્રશ્નનો ભાવ એ છે કે ભગવાન મનુષ્ય પાસે પાપકર્મ કરાવવા નથી માગતા, છતાં પણ એના દ્વારા પાપકર્મ થાય છે, જાણે કોઈ પરાણે એની પાસે કરાવે છે, તો એમાં કારણ શું છે?

એના ઉત્તરમાં ભગવાન નવાં ક્રિયમાણ પાપકર્મો થવામાં ન તો ઈશ્વરને કારણ જણાવે છે કે ન પ્રારબ્ધને કારણ માને છે. એ તો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે 'હે અર્જુન! કામ અને એનું જ બીજું રૂપ ક્રોધ, કે જે માણસના જ્ઞાન અને વિજ્ઞાનના નાશક પ્રબળ શત્રુ તથા નરકનાં દ્વારરૂપ છે, એ જ નવાં પાપકર્મોમાં હેતુ છે. માટે ઇન્દ્રિયોને વશમાં કરીને તું એમનો નાશ કર.'

જો કામ-ક્રોધ પણ પ્રારબ્ધનાં જ પરિણામ હોત તો ભગવાન એમનો નાશ કરવાની વાત કેમ કહેત? કેમકે પ્રારબ્ધ તો અવશ્યંભાવી છે. માટે આ પ્રસંગ અનિચ્છાએ પ્રારબ્ધભોગ વિશેનો નથી, ક્રિયમાણ કર્મ વિશેનો છે. એનો દુરુપયોગ કરવો એ લોકોને ભ્રમમાં નાખવા છે.

પ્રશ્ન : તો પછી અનિચ્છાએ પ્રારબ્ધ કર્મનો ભોગ શી રીતે થઈ શકે?

ઉત્તર : અનિચ્છાએ એટલે કે કોઈ દૈવી ઘટનાથી આપમેળે, પોતાની કે બીજાની ઇચ્છા વિના જ જે સુખ અને દુઃખોનો ભોગ થાય છે એ અનિચ્છાએ પ્રારબ્ધનો ભોગ છે; જેમકે, વીજળી પડવાથી લોકો મરી જાય છે, ધન અને મકાનોનું નુકસાન થાય છે. એ જ રીતે પાણીના પૂરથી, ભૂકંપથી, રોગથી કે અન્ય કોઈ કારણોથી શરીર, ધન, સ્ત્રી, પુત્ર વગેરેનો વિયોગ થઈ જવો, અથવા ધન વગેરે સુખભોગો પ્રાપ્ત થઈ જવા. વગેરે અનેક ભોગો હોય છે. આ બધાં અનિચ્છાએ પ્રારબ્ધભોગ છે. આ બધામાં અવળી કલ્પના કરીને એમાં પાપાચારનો સમાવેશ કરવો

એ લોકોને ભ્રમમાં નાખવા છે.

પ્રશ્ન : તો પરેચ્છાપૂર્વક પ્રારબ્ધભોગનું શું સ્વરૂપ છે?

ઉત્તર : એ જ રીતે બીજાની ઇચ્છા અને પ્રયત્નથી જે માણસને સુખ અને દુઃખોનો ભોગ પ્રાપ્ત થાય છે, એ પરેચ્છાપૂર્વક પ્રારબ્ધ-કર્મનો ભોગ છે; જેમ ચોર, ડાકુ વગેરે દ્વારા ધનહરણ, મૃત્યુ કે સ્ત્રી, પુત્ર વગેરેનો નાશ કે પછી બીજી કોઈ રીતની હાનિ થવી વગેરે.

જો કોઈને દત્તક પુત્ર બનાવી લેવાને માટે થઈને કોઈ ધન આપે છે તો આવા પુત્રને એનું ધન મળવું; કોઈ સ્ત્રી ન્યાયપૂર્વક કોઈને પોતાનો પતિ બનાવે છે, તો આવા પતિને સ્ત્રી મળવી, કોઈ પોતાનાં જમાઈ, દીકરી વગેરેને જે ધન આપે છે, એ સ્થિતિમાં એ જમાઈ, દીકરી વગેરેને ધન મળવું - આ બધા પરેચ્છાપૂર્વક પ્રારબ્ધભોગનાં ઉદાહરણો છે.

માટે સ્વેચ્છા, અનિચ્છા અને પરેચ્છાપૂર્વક પ્રારબ્ધકર્મના ફળભોગની અવળી કલ્પના કરીને પ્રારબ્ધકર્મનું ફળ ભોગવવા માટે પાપકર્મો અવશ્યંભાવી છે એમ માનવું કે જ્ઞાન થયા પછી પણ જ્ઞાનીના અંતઃકરણમાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરે અવગુણો હોવાનું સ્વીકારવું સર્વ રીતે શાસ્ત્રવિરુદ્ધ, ન્યાયવિરુદ્ધ અને ભ્રમપૂર્ણ છે.

મનનો ધર્મ મનન કરવું અને બુદ્ધિનો ધર્મ નિશ્ચય કરવો હોવા છતાં પણ એ રહસ્યને ન જાણવાને કારણે જ કામ-ક્રોધ, રાગ-દ્વેષ, સુખ-દુઃખ, હરખ-શોક વગેરે દ્વંદ્વોને લોકો અંતઃકરણના ધર્મો જણાવે છે. પણ એ અંતઃકરણના ધર્મો નથી, વિકાર છે. ભગવાને પણ એમને ગીતામાં વિકાર માન્યા છે–

ઇચ્છા દ્વેષઃ સુખં દુઃખં સઙ્ઘાતશ્ચેતના ધૃતિઃ।
એતત્ક્ષેત્રં સમાસેન સવિકારમુદાહૃતમ્ ॥
(ગીતા ૧૩/૬)

'ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સ્થૂળ શરીર, ચેતના* અને ધૃતિ - આટલા વિકારો સહિતનું આ ક્ષેત્ર ટૂંકમાં કહેવાયું છે.'

આમને અંતઃકરણના ધર્મ માનવાથી જ્યાં સુધી અંતઃકરણ રહેશે ત્યાં સુધી આમનો નાશ નહીં થાય અને વિકાર માનવાથી નાશ થઈ શકે છે. તત્ત્વવેત્તા પુરુષોમાં રાગ-દ્વેષ, હરખ-શોક, કામ-ક્રોધ વગેરેનો અત્યંત અભાવ જણાવ્યો છે, માટે પણ આ વિકારો જ સિદ્ધ થાય છે.

જ્ઞાનોત્તરકાળમાં જ્ઞાનીનાં મન-બુદ્ધિ પણ શેકાયેલા બીજની જેમ રહી જાય છે. તો પછી એમનામાં કામ-ક્રોધ વગેરે વિકારો માટે સંભાવના જ ક્યાં રહી? કામ-ક્રોધ વગેરે તો આસુરી સંપદા ધરાવનારાઓમાં હોય છે અને એ નરકનાં દ્વાર માનવામાં આવ્યાં છે (ગીતા ૧૬/૨૧); એ આત્માનું પતન કરનારાં છે. માટે જ કલ્યાણકામી માણસને એમાંથી મુક્ત થવા માટે ભગવાન કહે છે અને સિદ્ધમાં તો એ હોઈ જ ન શકે.

ભગવાને કહ્યું છે –

કામક્રોધવિયુક્તાનાં યતીનાં યતચેતસામ્।
અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્ ॥
(ગીતા ૫/૨૬)

'કામ-ક્રોધ વિનાના, જીતેલા ચિત્તવાળા, પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરી ચૂકેલા જ્ઞાનીજનો માટે ચારેકોર શાન્ત પરબ્રહ્મ પરમાત્મા જ પરિપૂર્ણ છે.'

★ અન્તઃકરણમાં રહેલી જ્ઞાનશક્તિ, જેના વડે સુખ-દુઃખ આદિ અનુભવાય છે.

* પાંચમા શ્લોકમાં જે કહેવાયું છે એને ક્ષેત્રનું સ્વરૂપ સમજવું અને આ શ્લોકમાં કહ્યા છે એ ઇચ્છા આદિને ક્ષેત્રના વિકારો સમજવા.

निर्मानमोहा जितसङ्गदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसञ्ज्ञै-
र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥
(ગીતા ૧૫/૫)

'જેમનાં માન અને મોહ નષ્ટ થઈ ચૂક્યાં છે, જેમણે આસક્તિરૂપી દોષને જીતી લીધો છે, જેમની પરમાત્માના સ્વરૂપમાં નિત્ય સ્થિતિ છે અને જેમની કામનાઓ પૂર્ણરૂપે નાશ પામી ચૂકી છે - એવા સુખ-દુઃખરૂપી દ્વંદ્વોથી છૂટેલા જ્ઞાનીજનો એ અવિનાશી પરમપદને પામે છે.'

—★—

બાળ-કેળવણી

મિત્રોની પ્રેરણાથી આજે બાળકોના હિત કાજે તેમના કર્તવ્ય વિશે કંઈક લખવામાં આવે છે. એ ખ્યાલ રાખવો જોઈએ કે જ્યાં સુધી માતા, પિતા, આચાર્ય જીવિત છે અથવા કર્તવ્ય કે અકર્તવ્યનું જ્ઞાન નથી ત્યાં સુધી ઉંમરમાં મોટા હોવા છતાં પણ બધાં બાળક જ છે. બાલ્યાવસ્થામાં વિદ્યા ભણવામાં વિશેષ ધ્યાન રાખવું, કેમકે મોટી ઉંમર થતાં વિદ્યાનો અભ્યાસ કરવો એ ઘણું અઘરું છે. જે બાળક બાલ્યાવસ્થામાં વિદ્યાનો અભ્યાસ નથી કરતું, તેને આગળ જતાં સદાને માટે પસ્તાવું પડે છે પરંતુ ધ્યાન રાખવું કે બાળકોને માટે લૌકિક વિદ્યાની સાથે સાથે ધાર્મિક શિક્ષણ પણ ઘણું જરૂરી છે; ધાર્મિક શિક્ષણ વિના મનુષ્યનું જીવન પશુ સમાન છે. ધર્મજ્ઞાન વિનાના હોવાને કારણે આજકાલનાં બાળકો ઘણું કરીને બહુ સ્વેચ્છાચારી બનતા જાય છે. તે બાળકો નિરંકુશતા, ઉચ્છૃંખલતા, દુર્વ્યસન, જૂઠ, કપટ, ચોરી, વ્યભિચાર, આળસ, પ્રમાદ વગેરે અનેક દોષો અને દુર્ગુણોનો શિકાર બની રહ્યાં છે, જેનાથી તેમનો આ લોક તેમ જ પરલોક બંને નષ્ટ થઈ રહ્યાં છે.

બાળકોને પાશ્ચાત્ય ભાષા, વેશ, સભ્યતા સારાં લાગે છે અને ઋષિઓનાં ત્યાગપૂર્ણ ચરિત્ર, ધર્મ તથા ઈશ્વરમાં તેમને ગ્લાનિ થવા લાગી છે. આ બધો પાશ્ચાત્ય શિક્ષણ અને સભ્યતાનો પ્રભાવ છે.

મારું કહેવાનું એમ નથી કે પાશ્ચાત્ય શિક્ષણ ન આપવું જોઈએ, પરંતુ પહેલાં ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરાવીને પછી પાશ્ચાત્ય વિદ્યાનો અભ્યાસ કરાવવો. એમ થઈ શકે તેમ ન હોય તો ધાર્મિક શિક્ષણની સાથે સાથે પાશ્ચાત્ય વિદ્યાનો અભ્યાસ કરાવાય. જેવી રીતે વિષનું સેવન કરવાથી મૃત્યુને આમંત્રણ આપવા બરોબર છે; પરંતુ તે જ વિષ ઔષધની સાથે સાથે અથવા ઔષધિઓ વડે સંશોધન કરાવીને પછી ખવાય તો તે અમૃત જેવું ફળ આપે છે. એવી જ રીતે આપણે પણ ધાર્મિક શિક્ષણની સાથોસાથ કે ધર્મને અનુરૂપ સંશોધન કર્યા પછી પાશ્ચાત્ય વિદ્યાનો અભ્યાસ કરાવવો જોઈએ.

કેમકે ધર્મ જ મનુષ્યનું જીવન, પ્રાણ અને આ લોક તથા પરલોકમાં કલ્યાણ કરનારો છે. પરલોકમાં તો ફક્ત એક ધર્મ જ સાથે આવે છે. સ્ત્રી, પુત્ર અને સંબંધીઓ વગેરે કોઈ પણ ત્યાં મદદ કરી શકતા નથી, તેથી જ કલ્યાણ માટે મનુષ્યમાત્રે નિત્ય-નિરંતર ધર્મનો સંચય કરવો જોઈએ. અત્યારે આપણે એ વિચાર કરીએ કે તે ધારણ કરવા યોગ્ય ધર્મ વસ્તુ શું છે?

ઋષિઓએ સદ્‌ગુણ અને સદાચારના નામથી

જ ધર્મની વ્યાખ્યા કરી છે. ભગવાને ભગવદ્‌ગીતાના ૧૬મા અધ્યાયમાં દૈવી સંપત્તિ અને અધ્યાય ૧૭માં તપના નામે જે કંઈ કહ્યું છે, તે ધર્મની જ વ્યાખ્યા છે. મહર્ષિ પતંજલિએ યોગદર્શનના બીજા પાદમાં તે જ ધર્મની વ્યાખ્યા, સૂત્રરૂપે યમ-નિયમના નામથી કરી છે અને મનુ મહારાજે પણ સંક્ષેપમાં અધ્યાય ૬ શ્લોક ૯૨માં ધર્મનાં દસ લક્ષણ બતાડ્યાં છે. આ બધું જોતાં એમ સિદ્ધ થાય છે કે સદ્‌ગુણ અને સદાચારનું નામ જ ધર્મ છે.

જે આચરણ આપણા માટે તેમ જ સંસારના અન્ય લોકો માટે હિતકર છે એટલે કે મન, વાણી અને શરીર દ્વારા કરેલી જે ઉત્તમ ક્રિયા છે, તે જ સદાચાર છે અને અંતઃકરણમાં જે પવિત્ર ભાવ છે, તેનું નામ સદ્‌ગુણ છે.

હવે એ પ્રશ્ન ઊભો થાય છે કે ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થાય? એનો જવાબ એ જ હોઈ શકે કે સત્ પુરુષોના સંગથી જ ધર્મની પ્રાપ્તિ થઈ શકે. મનુજીએ કહ્યું છે - વેદ, સ્મૃતિ, સદાચાર અને ચોથું પોતાને અનુકૂળ જે પરિણામમાં હિતકર હોય, તે ચાર પ્રકારનાં ધર્મનાં સાક્ષાત્ લક્ષણ છે.

વેદઃ સ્મૃતિઃ સદાચારઃ સ્વસ્ય ચ પ્રિયમાત્મનઃ ।
એતચ્ચતુર્વિધં પ્રાહુઃ સાક્ષાત્ ધર્મસ્ય લક્ષણમ્ ॥
(૨/૧૨)

સત્સંગથી જ આ બધાંની સંગતિ થઈ શકે છે. આમાં પરસ્પર વિરોધ હોય તો યથાર્થ નિર્ણય પણ સત્સંગથી જ થાય છે, તેથી જ મહાપુરુષોનો સંગ કરવો એ યાદ રાખવું કે ઇતિહાસ અને પુરાણોમાં પણ શ્રુતિ અને સ્મૃતિમાં બતાડેલા ધર્મની જ વ્યાખ્યા છે. એટલા માટે તેમાં આપેલું શિક્ષણ જ ધર્મ છે. આથી મનુષ્ય માટે ઉચિત એ છે કે પ્રાણ ભલે જાય, તો પણ ધર્મનો ત્યાગ ન કરે, કેમકે ધર્મને માટે મરનારા ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે. ગુરુ ગોવિંદસિંહનાં બાળકોએ ધર્મને ખાતર જ પ્રાણની આહુતિ આપીને અચલ કીર્તિ અને ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી છે. મનુજીએ પણ કહ્યું છે કે –

શ્રુતિસ્મૃત્યુદિતં ધર્મમનુતિષ્ઠન્હિ માનવઃ ।
ઇહ કીર્તિમવાપ્નોતિ પ્રેત્ય ચાનુત્તમં સુખમ્ ॥
(૨/૯)

'જે મનુષ્ય વેદ અને સ્મૃતિમાં કહેલા ધર્મનું પાલન કરે છે તે આ સંસારમાં કીર્તિને અને મરણ પછી પરમાત્માની પ્રાપ્તિ રૂપે આત્યંતિક સુખને પ્રાપ્ત કરે છે.'

માટે હે બાળકો ! તમારે માટે સૌથી ઉત્તમ જે ઉપયોગી વાતો છે તેના ઉપર તમારે વિશેષ ધ્યાન આપવું જોઈએ. એવી તો ઘણીયે વાતો છે, પરંતુ નીચે લખેલી છ વાતોને તો જીવન અને પ્રાણ સમાન ગણીને એમનું પાલન કરવા માટે વિશેષ પ્રયત્ન કરવો.

તે વાતો છે –

સદાચાર, સંયમ, બ્રહ્મચર્યનું પાલન, વિદ્યાભ્યાસ, માતા, પિતા અને આચાર્ય આદિ વડીલોની સેવા તથા ઈશ્વરની ભક્તિ.

સદાચાર

સંપૂર્ણ રીતે શાસ્ત્રને અનુકૂળ વિહિત કર્મોનું નામ સદાચાર છે. એટલે જ સંયમ, બ્રહ્મચર્યનું પાલન, વિદ્યાભ્યાસ, માતા, પિતા તથા આચાર્ય આદિ વડીલોની સેવા તથા ઈશ્વરની ભક્તિ ઇત્યાદિ કર્મો શાસ્ત્રવિહિત હોવાથી સદાચારમાં ગણાય છે. આ બધી મુખ્ય મુખ્ય વાત છે. એટલા માટે બાળકોના હિત ખાતર આ બાબતો પર વિસ્તારથી વિચાર કરવામાં આવે છે. આ સિવાય પણ એવી ઘણીયે બાબતો બાળકોને માટે ઉપયોગી છે, જેમાંની કેટલીક અહીં

સદાચારના નામે બતાડવામાં આવે છે. બાળકોએ પહેલાં આચાર તરફ ધ્યાન આપવું કારણ કે આચાર જ બધાં ધર્મોનું મૂળ છે. મહાભારતમાં અનુશાસન પર્વના અધ્યાય ૧૪૯માં ભીષ્મપિતામહે કહ્યું છે કે–

सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।
आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥

'બધાં શાસ્ત્રોમાં આચાર સર્વપ્રથમ માનવામાં આવ્યો છે. આચારથી જ ધર્મ બને છે અને ધર્મના સ્વામી શ્રીઅચ્યુત ભગવાન છે.'

આ આચારનાં મુખ્ય બે ભેદ છે – (૧) શૌચાચાર અને (૨) સદાચાર. જળ અને માટી વગેરેથી શરીરને તથા ભોજન, વસ્ત્ર, ઘર અને વાસણ આદિને શાસ્ત્રના કહ્યા પ્રમાણે સાફ રાખવાં તે શૌચાચાર છે.

સૌની સાથે યથા-યોગ્ય વ્યવહાર અને શાસ્ત્રોક્ત ઉત્તમ કર્મોનું આચરણ કરવું તેને સદાચાર કહેવાય છે. એનાથી દુર્ગુણ અને દુરાચારનો નાશ થઈને બાહ્ય અને આંતરિક પવિત્રતા થાય છે તથા સદ્‌ગુણોનો આવિર્ભાવ થાય છે.

સૌપ્રથમ સવારે સૂર્યોદય પહેલાં ઊઠીને શૌચ*-સ્નાન કરવું. પછી નિત્યકર્મ કરીને વડીલોના ચરણમાં પ્રણામ કરવા. તેના પછી શરીરની આરોગ્યતા અને બળની વૃદ્ધિ માટે, પશ્ચિમોત્તાન, શીર્ષાસન, વિપરીતકરણી વગેરે આસન અને વ્યાયામ કરવા. પછી દૂધ પીને વિદ્યાભ્યાસ કરવો. આસન અને વ્યાયામ સાંજે કરવાની ઇચ્છા હોય તો દૂધ પીધા વગર જ અભ્યાસ કરવો.

સવારની વિદ્યા ભણી લીધા પછી દિવસના બીજા પહોરમાં યોગ્ય સમયે આચમન કરીને સાવધાનીપૂર્વક પવિત્ર અને સાત્ત્વિક ભોજન કરવું.

એ ખ્યાલ રાખવો જોઈએ કે ભૂખ લાગી હોય તેનાથી અધિક ભોજન ન કરવું. મનુ મહારાજે કહ્યું છે કે –

उपस्पृश्य द्विजो नित्यमन्नमद्यात्समाहितः ।
भुक्त्वा चोपस्पृशेत्सम्यगद्भिः खानि च संस्पृशेत् ॥
(૨/૫૩)

'દ્વિજે સદા આચમન કરીને જ સાવધાન થઈ અન્નનું ભોજન કરવું અને ભોજન કર્યા બાદ પણ સારી રીતે આચમન કરવું તેમજ છ છિદ્રોને (અર્થાત્ નાક, કાન અને નેત્રોને) જળથી સ્પર્શ કરવો.'

पूजयेदशनं नित्यमद्याच्चैतदकुत्सयन् ।
दृष्ट्वा हृष्येत् प्रसीदेच्च प्रतिनन्देच्च सर्वशः ॥
(૨/૫૪)

'ભોજનનો નિત્ય આદર કરીને ભોજન કરવું અને નિંદા ન કરવી; ભોજનને જોઈને હર્ષિત થઈને પ્રસન્નતા પ્રગટ કરવી અને બધી રીતે અન્નનું અભિનંદન કરવું.'

पूजितं ह्यशनं नित्यं बलमूर्जं च यच्छति ।
अपूजितं तु तद्भुक्तमुभयं नाशयेदिदम् ॥
(૨/૫૫)

'કેમકે નિત્ય આદરપૂર્વક કરેલું ભોજન બળ

---

* મળત્યાગ કરીને માટી સાથે જળથી ત્રણ વાર ગુદા ધોવી. પછી જ્યાં સુધી દુર્ગંધ કે ચીકાશ રહે ત્યાં સુધી ફક્ત પાણીથી ધોવી. મળ યા મૂત્રનો ત્યાગ કર્યા પછી મૂત્રેન્દ્રિય પણ જળથી ધોવી. મળત્યાગ પછી માટી લઈને દસ વાર ડાબા હાથને અને સાત વાર બંને હાથોને સાથે રાખીને ધોવા. મૃત્તિકા તથા જળથી પગોને એક વાર તથા પાત્રને ત્રણ વાર ધોવાં. હાથ અને પગ ધોયા પછી મુખનાં બધાં છિદ્રોને ધોઈને દાતણ કરીને ઓછામાં ઓછા બાર વખત કોગળા કરવા.

અને વીર્ય આપે છે જ્યારે અનાદરથી ખાધેલું અન્ન આ બંનેનો નાશ કરે છે.'

अनारोग्यमनायुष्यमस्वर्ग्यं चातिभोजनम् ।
अपुण्यं लोकविद्विष्टं तस्मात्तत्परिवर्जयेत् ॥
(૨/૫૭)

'અધિક ભોજન કરવાથી આરોગ્ય, આયુષ્ય, સ્વર્ગ અને પુણ્યનો નાશ થાય છે અને તે લોકનિંદિત છે એટલે તેનો ત્યાગ કરવો.'

જમ્યા પછી દિવસે સૂવું નહીં અને રસ્તા ઉપર ચાલવું નહીં. વિદ્યાનો અભ્યાસ પણ એક કલાક પછી જ કરવો. વિદ્યાભ્યાસ કરીને સાંજે ફરી શૌચ-સ્નાન કરીને નિત્ય કર્મ કરવાં. પછી ફરી રાત્રે ભોજન કરીને થોડા સમય પછી રાત્રિનો બીજો પહોર શરૂ થતાં શયન કરવું. બાળકોએ ઓછામાં ઓછા સાત કલાક સૂવું જોઈએ. જો બાળક સૂર્યોદય થયા પછી ઊઠે તો દિવસભર ગાયત્રીનો જપ કરતા કરતા ઉપવાસ કરવો. મનુ મહારાજે કહ્યું છે કે –

तं चेदभ्युदियात्सूर्यः शयानं कामचारतः ।
निम्लोचेद्वाप्यविज्ञानाज्जपन्नुपवसेद्दिनम् ॥
(૨/૨૨૦)

'બ્રહ્મચારી સૂર્યોદય થયા પછી પણ ઇચ્છાપૂર્વક સૂતો રહે અથવા સૂર્યાસ્તના સમયે અજાણતાં સૂતો રહે તો આખો દિવસ ગાયત્રીનો જપ કરતા કરતા વ્રત કરે.'

सूर्येण ह्यभिनिर्मुक्तः शयानोऽभ्युदितश्च यः ।
प्रायश्चित्तमकुर्वाणो युक्तः स्यान्महतैनसा ॥
(૨/૨૨૧)

'જે બ્રહ્મચારી સૂતો હોય ત્યારે સૂર્યોદય કે સૂર્યાસ્ત થઈ જાય અને તે જો પ્રાયશ્ચિત્ત ન કરે તો તેને બહુ મોટું પાપ લાગે છે.'

નિત્યકર્મમાં ભગવાનના નામનો જપ અને ધ્યાન તથા ઓછામાં ઓછો ગીતાના એક અધ્યાયનો પાઠ અવશ્ય કરવો જોઈએ. જો તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય હોય તો હવન, સંધ્યા, ગાયત્રી જપ, સ્વાધ્યાય, દેવપૂજા અને તર્પણ પણ કરવા. એમાં પણ સંધ્યા અને ગાયત્રી જપ તો અવશ્ય કરવા. તેમ ન કરવાથી તે પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે અને તેને પતિત સમજવામાં આવે છે. બ્રહ્મચારીને માટે તો સૂતક કદી પણ છે જ નહીં તથા નિત્યકર્મ કરવા માટે કોઈને પણ કોઈ આપત્તિ નથી.*

તેથી જ નિત્યકર્મ તો હંમેશાં કરે જ. મનુજીએ કહ્યું છે કે –

नित्यं स्नात्वा शुचिः कुर्याद्देवर्षिपितृतर्पणम् ।
देवताभ्यर्चनं चैव समिदाधानमेव च ॥
(૨/૧૭૬)

'બ્રહ્મચારીએ ફરજ રૂપે નિત્યસ્નાન કરીને તેમ જ શુદ્ધ થઈને દેવ, ઋષિ અને પિતૃઓનું તર્પણ તથા દેવતાઓનું પૂજન અને અગ્નિહોત્ર અવશ્ય કરવાં.'

न तिष्ठति तु यः पूर्वां नोपास्ते यश्च पश्चिमाम् ।
स शूद्रवद्बहिष्कार्यः सर्वस्माद् द्विजकर्मणः ॥
(૨/૧૦૩)

'જે મનુષ્ય ન તો પ્રાતઃ-સંધ્યોપાસન કરે છે અને ન તો સાંજની સંધ્યોપાસના કરે છે, તે શૂદ્ર સમાન સંપૂર્ણ દ્વિજકર્મોથી બહિષ્કાર કરી દેવાને યોગ્ય છે.'

नैत्यके नास्त्यनध्यायो ब्रह्मसत्रं हि तत्स्मृतम् ।
(૨/૧૦૬)

---

* જન્મ અને મૃત્યુના સૂતકમાં સંધ્યા, ગાયત્રી-જપ આદિ વૈદિક નિત્ય ક્રિયા પાણી વગર, મનથી મંત્રોનું ઉચ્ચારણ કરીને કરવી જોઈએ. ફક્ત સૂર્ય ભગવાનને જળથી અર્ઘ્ય આપવો જોઈએ.

'નિત્યકર્મમાં ખાડો પાડવો નહિ, કેમકે તેને બ્રહ્મયજ્ઞ કહ્યો છે.

'શ્રુતિ અને સ્મૃતિઓમાં ગાયત્રી જપનું બહુ જ માહાત્મ્ય બતાડ્યું છે. ગાયત્રીનો જપ સ્નાન કરીને, પવિત્ર થઈને જ કરવો જોઈએ– ચાલતાં-ચાલતાં કે ફરતાં-ફરતાં ન કરવો. ગાયત્રીના નિત્ય એક હજાર જપ કરવાથી મનુષ્ય એક મહિનામાં પાપોથી છૂટી જાય છે. ત્રણ વર્ષ સુધી કરવાથી બ્રહ્મની પ્રાપ્તિ થઈ જાય છે. એમ મનુજીએ કહ્યું છે–

એતદક્ષરમેતાં ચ જપન્ વ્યાહૃતિપૂર્વિકામ્ ।
સન્ધ્યયોર્વેદવિદ્વિપ્રો વેદપુણ્યેન યુજ્યતે ॥
(૨/૭૮)

'આ (ઓમ્) અક્ષર અને ભૂઃ ભુવઃ સ્વઃ વ્યાહૃતિ સાથે ગાયત્રીનો જપ બેય સંધ્યાઓમાં કરીને વેદજ્ઞ બ્રાહ્મણ વેદ-પાઠના પુણ્યફળનો ભાગી બને છે.'

સહસ્રકૃત્વસ્ત્વભ્યસ્ય બહિરેતત્ત્રિકં દ્વિજઃ ।
મહતોઽપ્યેનસો માસાત્ત્વચેવાહિર્વિમુચ્યતે ॥
(૨/૭૯)

'બ્રાહ્મણ આ ત્રણેના એટલે કે પ્રણવ, વ્યાહૃતિ અને ગાયત્રીના એકાંત સ્થાનમાં હજાર જપ કરીને એક મહિનામાં બહુ મોટા પાપમાંથી પણ એવી રીતે છૂટી જાય છે કે જેવી રીતે સાપની કાંચળીમાંથી સાપ.'

ઓઙ્કારપૂર્વિકાસ્તિસ્રો મહાવ્યાહૃતયોઽવ્યયાઃ ।
ત્રિપદા ચૈવ સાવિત્રી વિજ્ઞેયં બ્રહ્મણો મુખમ્ ॥
(૨/૨૧)

'જેની પહેલાં ઓંકાર છે એવી અવિનાશિની (ભૂઃ ભુવઃ સ્વઃ) ત્રણ મહાવ્યાહૃતિ અને ત્રણ પદની સાવિત્રીને બ્રહ્મનું મુખ જાણવું.'

યોઽધીતેઽહન્યહન્યેતાસ્ત્રીણિ વર્ષાણ્યતન્દ્રિતઃ ।
સ બ્રહ્મ પરમભ્યેતિ વાયુભૂતઃ ખમૂર્તિમાન્ ॥
(૨/૮૨)

'જે મનુષ્ય આળસ છોડીને ત્રણ વર્ષ સુધી દરરોજ વ્યાહૃતિઓ સહિત ગાયત્રી જપ કરે છે, તે પવનરૂપ અને આકાશરૂપ થઈને પરબ્રહ્મને પ્રાપ્ત કરી લે છે.'

પરંતુ ખ્યાલ રાખવો કે ક્ષત્રિય અને વૈશ્યની વાત જ શું કરવી, બ્રાહ્મણે પણ જ્યાં સુધી યજ્ઞોપવીત ન થાય ત્યાં સુધી વેદોનો અભ્યાસ, વેદોક્ત હવન અને સંધ્યા-ગાયત્રી-જપ વગેરે વેદોક્ત ક્રિયાઓ ન કરવી; કેમકે યજ્ઞોપવીત વિના તેને પણ કરવાનો અધિકાર નથી. છતાંયે કરે તો પ્રાયશ્ચિત્તનો ભાગીદાર થાય છે, તેથી જ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ યજ્ઞોપવીત અવશ્ય ધારણ કરવી જોઈએ. જો વ્રાત્ય* (પતિત) સંજ્ઞા થઈ ગઈ હોય, તો પણ શાસ્ત્રવિધિ અનુસાર પ્રાયશ્ચિત્ત કરીને યજ્ઞોપવીત ધારણ કરવું જોઈએ. જનોઈ(યજ્ઞોપવીત)નો સમય મનુજીએ આ પ્રકારે બતાવ્યો છે –

ગર્ભાષ્ટમેઽબ્દે કુર્વીત બ્રાહ્મણસ્યોપનાયનમ્ ।
ગર્ભાદેકાદશે રાજ્ઞો ગર્ભાત્તુ દ્વાદશે વિશઃ ॥
(૨/૩૬)

'બ્રાહ્મણનો ઉપનયન (જનોઈ) ગર્ભથી આઠમે વર્ષે, ક્ષત્રિયનો ગર્ભથી અગિયારમે વર્ષે અને વૈશ્યનો ગર્ભથી બારમે વર્ષે કરવો જોઈએ.'

આષોડશાદ્બ્રાહ્મણસ્ય સાવિત્રી નાતિવર્તતે ।
આદ્વાવિંશાત્ક્ષત્રબન્ધોરાચતુર્વિંશતેર્વિશઃ ॥
(૨/૩૮)

★ **અત ઊર્ધ્વં ત્રયોઽપ્યેતે યથાકાલમસંસ્કૃતાઃ । સાવિત્રીપતિતા વ્રાત્યા ભવન્ત્યાર્યવિગર્હિતાઃ ॥** (૨/૩૯)
'જો ઉપર બતાવ્યા પ્રમાણે સમયસર એમનો સંસ્કાર ન થાય તો તે કાળ પછી આ ત્રણે સાવિત્રીથી પતિત થવાને કારણે શિષ્ટજનો દ્વારા તેમની નિંદા થાય છે અને તેઓ વ્રાત્યસંજ્ઞક થઈ જાય છે.'

'સોળ વર્ષ સુધી બ્રાહ્મણને, બાવીસ વર્ષ સુધી ક્ષત્રિયને અને ચોવીસ વર્ષ સુધી વૈશ્યને સાવિત્રીના સમયનું ઉલ્લંઘન થતું નથી અર્થાત્ આ અવસ્થા સુધીમાં આ બધાને જનોઈ દઈ શકાય છે.'

દ્વિજાતિઓ માટે યજ્ઞોપવીતનાં કર્મ અને સમય બતાડીને હવે બધાં બાળકો માટે આચરણ કરવા યોગ્ય વાતો બતાડવામાં આવે છે.

હે બાળકો! સંસારમાં સૌથી ઉત્તમ પ્રેમ છે. પ્રેમ સાક્ષાત્ પરમાત્માનું સ્વરૂપ છે. એટલા માટે જ્યાં પ્રેમ છે ત્યાં સુખ અને શાંતિનું સામ્રાજ્ય છે. તે પ્રેમ સ્વાર્થત્યાગપૂર્વક, બીજાના આત્માને સુખ પહોંચાડવાથી થાય છે. એટલા માટે માતા, પિતા, ગુરુજન અને સાથે ભણનારની તો વાત જ શું, બધાંની સાથે હંમેશાં સાચા, હિતકર, વિનયયુક્ત વચનો બોલીને તથા મનથી, વાણીથી કે શરીરથી જે કોઈ પ્રકારે બીજાનું હિત થાય એવો પ્રયત્ન તમારે લોકોએ કરવો.

બીજાની વસ્તુને ચોરવી કે પડાવી લેવાનું તો દૂર રહ્યું, પણ તેઓ ખુશીથી અને કંઈ આપે તો પણ પોતાના સ્વાર્થ ખાતર તે ન લેતાં વિનય અને પ્રિય વચનથી તેમને સંતોષ આપવો. જો ન લેવાથી એમને કષ્ટ થતું હોય કે પ્રેમમાં બાધા આવતી હોય તો આવશ્યકતા અનુસાર તે વસ્તુ ગ્રહણ કરે, તો કોઈપણ આપત્તિ નથી.

અન્યના અવગુણોની તરફ ખ્યાલ ન કરતાં તેના ગુણો ગ્રહણ કરવા. કોઈની પણ નિંદા કે ચાડી-ચુગલી કરવી ન જોઈએ. તેનાથી તેનું કે આપણું, કોઈનું પણ હિત થતું નથી. આવશ્યકતા હોય તો સાચી પ્રશંસા કરી શકો છો.

માન, મોટાઈ કે પ્રતિષ્ઠાની ઇચ્છા તો ક્યારેય પણ કરવી નહીં, પરંતુ પોતાની મેળે પ્રાપ્ત થતાં પણ, કલ્યાણમાં બાધક બનવાના કારણે મનથી સ્વીકાર ન કરતાં, મનમાં દુઃખ કે સંકોચ થવો જોઈએ.

બીજાની ઇચ્છાથી કે દૈવયોગે મનથી પ્રતિકૂળ પદાર્થો પ્રાપ્ત થતાં પણ ઈશ્વરે મોકલેલ પુરસ્કાર માનીને આનંદિત થવું. એમ થઈ ન શકે તો પોતાના પાપનું ફળ સમજીને સહન કરવું જ યોગ્ય છે.

વડીલોની બધી આજ્ઞાઓ પાળવા યોગ્ય છે, પરંતુ જેના પાલન કરવાથી એમનું કે બીજા કોઈનું અનિષ્ટ થતું હોય અથવા જેના કારણે ઈશ્વરની ભક્તિમાં વિશેષ બાધા આવતી હોય તો ત્યાં તટસ્થ રહેવું.

ગુરુજનોની તો વાત જ શું, પણ વૃથા તર્ક કે વિવાદ તો કોઈની પણ સાથે કદી પણ ન કરવો.

કેટલીયે આપત્તિ આવી પડે, તો પણ ધૈર્ય અને નિર્ભયતાથી બધી સહન કરવી. કેમકે ભારેમાં ભારે આપત્તિ આવી પડવાથી પણ તેને નિર્ભયતાથી સહન કરવાથી આત્મબળની વૃદ્ધિ થાય છે. એમ સમજીને, તમારે લોકોએ આપત્તિમાં પણ ધૈર્ય અને ધર્મને છોડવો નહીં.

કોઈપણ ઉત્તમ કાર્ય કરીને, મનમાં અભિમાન કે અહંકાર લાવવો નહીં. પરંતુ ધન, વિદ્યા, બળ અને ઐશ્વર્ય આદિ પ્રાપ્ત થતાં જ સ્વાભાવિકપણે ચિત્તમાં જે દર્પ, અહંકાર અને અભિમાન આવે છે એને મૃત્યુ સમાન ગણીને બધાંની સાથે વિનયયુક્ત, દીનતાથી વર્તાવ કરવો. આ પ્રકારે કરવાથી તે દુર્ગુણો નહીં આવી શકે.

ગીતા-રામાયણ આદિ ધાર્મિક ગ્રંથોનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરવા માટે પણ થોડોક સમય અવશ્ય કાઢવો.

ઉપર્યુક્ત સદાચારના પાલનથી, બધા દુર્ગુણ અને દુરાચારોનો નાશ થાય છે અને તે વ્યક્તિમાં

સ્વાભાવિક રીતે જ ક્ષમા, દયા, શાંતિ, તેજ, સંતોષ, સમતા, જ્ઞાન, શ્રદ્ધા, પ્રેમ, વિનય, પવિત્રતા, શીતલતા, શમ, દમ આદિ અનેક ગુણોનો પ્રાદુર્ભાવ થઈ જાય છે. કેમ કે એ નિયમ છે કે બીજ અને વૃક્ષની માફક સદ્‌ગુણથી સદાચારની અને સદાચારથી સદ્‌ગુણની વૃદ્ધિ થાય છે અને દુર્ગુણ તથા દુરાચારનો નાશ થાય છે.*

આથી બાળકો માટે તે ઉચિત છે કે સદ્‌ગુણોની વૃદ્ધિ અને સદાચારનું પાલન કરવા માટે તત્પરતા સાથે પ્રયત્ન કરે. આ પ્રમાણે કરવાથી આ લોકમાં અને પરલોકમાં સુખ અને શાંતિ મળી શકે છે.

સંયમ

મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોના સંયમની બહુ જ આવશ્યકતા છે; કેમ કે આ ત્રણેયને સંયમમાં ન રાખતાં તે મનુષ્યનું પતન કરે છે. ભગવાને પણ કહ્યું છે કે –

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः॥
(ગીતા ૨/૬૦)

'હે કુન્તીપુત્ર! આસક્તિનો નાશ ન થવાને લીધે મંથન કરી નાખવાના સ્વભાવની આ ઇન્દ્રિયો યત્ન કરતા બુદ્ધિમાન મનુષ્યના મનને પણ પરાણે હરી લે છે.'

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनु विधीयते।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि॥
(ગીતા ૨/૬૭)

'કેમકે જેમ વાયુ જળમાં વહેતી નૌકાને ખેંચી જાય છે, તે જ પ્રમાણે વિષયોમાં વિચરતી ઇન્દ્રિયોમાંથી જે ઇન્દ્રિયની સાથે મન રહે છે, તે એકલી ઇન્દ્રિય આ અયુક્ત પુરુષની બુદ્ધિને હરી લે છે.'

મનુ મહારાજે પણ કહ્યું છે –

ईन्द्रियाणां तु सर्वेषां यद्येकं क्षरतीन्द्रियम्।
तेनास्य क्षरति प्रज्ञा दृतेः पादादिवोदकम्॥
(૨/૯૯)

'બધીયે ઇન્દ્રિયોમાંથી જો એક પણ ઇન્દ્રિય વિચલિત થઈ જાય તો તેનાથી જ તે મનુષ્યની બુદ્ધિ એવી રીતે જતી રહે છે કે જેમ વાસણમાં એક પણ છિદ્ર હોય તો તેમાંનું બધું પાણી નીકળી જાય છે.'

અંતઃકરણના સંયમને 'શમ' અને ઇન્દ્રિયોના સંયમને 'દમ' કહે છે. એને ઘણું કરીને, સ્મૃતિકારોએ ધર્મનું અંગ માન્યું છે. ભગવદ્‌ગીતામાં શમ અને દમને બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ અને વેદાંતમાં એને સાધનનાં અંગ માન્યાં છે.

વશમાં કરેલ મન-ઇન્દ્રિયને મિત્ર અને વશમાં ન કરેલ હોય તેને શત્રુ સમાન ગણ્યાં છે. મુક્તિ અને બંધનમાં પણ પ્રધાન હેતુ તો આ જ છે. કેમ કે આ વશમાં કરેલ મન-ઇન્દ્રિય મુક્તિ દેનાર અને વશમાં ન કરેલ મન-ઇન્દ્રિય દુઃખદાયી બંધનના હેતુ બને છે. જેવી રીતે જળનો સ્વભાવ નીચે જવાનો છે, તે જ પ્રમાણે ઇન્દ્રિયગણ આસક્તિને કારણે સ્વભાવથી વિષયોની તરફ જાય છે. વિષયોના સંસર્ગથી દુરાચાર અને દુર્ગુણોની વૃદ્ધિ થઈને મનુષ્યનું પતન થઈ જાય છે. મનુ મહારાજ કહે છે કે–

ईन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम्।
संनियम्य तु तान्येव ततः सिद्धिं नियच्छति॥
(૨/૯૩)

'મનુષ્ય ઇન્દ્રિયોમાં આસક્ત થઈને નિઃસંદેહ દોષને પ્રાપ્ત કરે છે અને તેને રોકીને સંયમ

* અહીં સદ્‌ગુણોને બીજ અને સદાચારને વૃક્ષ રૂપે સમજવાં.

વડે સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે.'

આનાથી એમ સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયો સાથે વિષયોનો સંસર્ગ જ બધા અનર્થોનું મૂળ છે. માટે હે બાળકો! આ બધા વિષય-ભોગોને નાશવાન, ક્ષણભંગુર અને દુઃખસ્વરૂપ સમજીને યથાશક્તિ ત્યાગ કરવાનો પ્રયત્ન કરવો.

ઘણા ભાઈઓ કહે છે કે વિષયોને ભોગવતાં ઇચ્છાની પૂર્તિ આપમેળે થઈ જ જશે; પરંતુ એમનું તેમ કહેવું બરાબર નથી. કેમ કે મનુજીએ કહ્યું છે કે –

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥
(૨/૯૪)

'વિવિધ પ્રકારના ભોગોની ઇચ્છા વિષયના ઉપભોગથી ક્યારેય શાંત નથી થતી. બલ્કે, ઘીને જેમ અગ્નિમાં નાખવાથી અગ્નિ પ્રજ્વલિત થાય છે તેમ ઉપરથી વધુ પ્રબળ બને છે.'

કેટલાય લોકો વિષયોના ઉપભોગમાં જ સુખ અને શાંતિ માને છે પરંતુ આ તેમનો ભ્રમ છે. જેવી રીતે પતંગિયાને પ્રજ્વલિત દીપક આદિમાં સુખ અને શાંતિની પ્રતીતિ થાય છે, પણ વાસ્તવમાં તે દીપક એના નાશનું કારણ છે. એ જ રીતે સંસારના ભોગોમાં મોહવશ મનુષ્યને ક્ષણિક શાંતિ અને સુખ પ્રતીત થાય છે, પરંતુ વાસ્તવિકતામાં વિષયોનો સંસર્ગ જ તેનો નાશક એટલે કે પતનનું કારણ છે. એટલા માટે વિવેક, વિચાર, ભય અથવા હઠથી કોઈ પણ પ્રકારે મન-ઇન્દ્રિયોને વિષયથી દૂર કરીને, તેને વશમાં રાખવા કટિબદ્ધ થઈને પ્રાણપર્યંત પ્રયત્ન કરવો જોઈએ. મનુજીએ કહ્યું છે કે –

इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु ।
संयमे यत्नमातिष्ठेद् विद्वान् यन्तेव वाजिनाम् ॥
(૨/૮૮)

'જેમ સારથિ ઘોડાને રોકવાનો પ્રયત્ન કરે છે તેવી રીતે ડાહ્યા માણસે મન હરી લેનાર વિષયોમાં વિચરણ કરતી ઇન્દ્રિયોને રોકવાનો પ્રયત્ન કરવો.'

वशे कृत्वेन्द्रियग्रामं संयम्य च मनस्तथा ।
सर्वान् संसाधयेदर्थानक्षिण्वन् योगतस्तनुम् ॥
(૨/૧૦૦)

'મનુષ્યોએ સમજીને જ ઇન્દ્રિયોના સમૂહને વશમાં રાખીને તથા મનને રોકીને યોગથી શરીરને પીડા ન આપતાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આદિ ચારેય પુરુષાર્થોને સિદ્ધ કરવાં.'

માટે હે બાળકો! પ્રથમ વાણી આદિ ઇન્દ્રિયોનો અને ત્યાર પછી મનનો સંયમ કરવો જોઈએ. (ભગવદ્ગીતા ૩/૪૧-૪૩)

જે મનુષ્ય આપણી નિંદા કરે અથવા ગાળો ભાંડે તેના બદલામાં આપણે તેને શાંતિદાયક સત્ય, પ્રિય અને હિતકર કોમળ વચનો કહેવાં જોઈએ. કેમ કે જો તે આપણી સાચી નિંદા કરતો હોય તો તેનાથી આપણી કોઈ હાનિ થતી નથી; બલ્કે આપણા ગુણોને ઢાંકીને આપણા દોષો બતાવે છે; આ ઉપકાર જ છે. જો કોઈ આપણી સાથે માર-પીટ કરે અથવા આપણી કોઈ વસ્તુ ચોરી જાય અથવા જબરજસ્તીથી છીનવી લે અથવા કોઈ પણ પ્રકારે આપણી સાથે અનુચિત વ્યવહાર કરે તો આપણે તેને પણ સહન કરવો. આપણા પૂર્વના કરેલાં અપરાધના ફળસ્વરૂપે ભગવાનના જ કરેલાં વિધાનો સમજીને, ચિત્તમાં પ્રસન્ન રહેવું. કેમ કે અપરાધ કર્યા વિના અને ભગવાનની પ્રેરણા વિના કોઈ પણ પ્રાણી કોઈનું અનિષ્ટ ન કરી શકે.

સહન કરવાથી ધીરતા, વીરતા, ગંભીરતા અને આત્મબળની વૃદ્ધિ થાય છે. ક્ષમાભાવથી સહન થવું જોઈએ, કાયરતા અથવા ડરથી નહિ.

આત્મરક્ષા માટે અથવા અન્યાયના વિરોધ રૂપે આવશ્યકતા પ્રમાણે ઉચિત પ્રતીકાર કરવો એ પણ દોષ ગણાતો નથી, પરંતુ એ વાતનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ કે ક્યાંય કોઈનું અનિષ્ટ ન થઈ જાય. મનુજીએ કહ્યું છે કે –

नारुन्तुदः स्यादार्तोऽपि न परद्रोहकर्मधीः ।
ययास्योद्विजते वाचा नालोक्यां तामुदीरयेत् ॥
(२/१६१)

'મનુષ્યે સમજવું જોઈએ કે બીજાથી આપણને દુઃખ દેવાય, અથવા દૈવયોગથી કોઈ દુઃખ પ્રાપ્ત થાય તો પણ મનમાં દુઃખી ન થવું અથવા બીજાનો દ્રોહ કરવાનું પણ મનમાં ક્યારેય વિચારવું નહિ. આપણી જે વાણીથી અન્યને દુઃખ થાય એવી લોકવિરુદ્ધ વાણી ક્યારેય ન બોલીએ.'

सम्मानाद् ब्राह्मणो नित्यमुद्विजेत विषादिव ।
अमृतस्येव चाकाङ्क्षेदवमानस्य सर्वदा ॥
(२/१६२)

'બ્રાહ્મણ સન્માનને વિષરૂપ સમજી નિત્ય તેનાથી ડરતો રહે (કેમ કે અભિમાન વધવાથી બહુ હાનિ થાય છે) અને અપમાનને અમૃત સમાન સમજીને હંમેશાં તેની ઇચ્છા કરતો રહે અર્થાત્ તિરસ્કાર થાય તો પણ ખેદ ન કરે.'

सुखं ह्यवमतः शेते सुखं च प्रतिबुध्यते ॥
सुखं चरति लोकेऽस्मिन्नवमन्ता विनश्यति ॥
(२/१६३)

'અપમાન સહન કરનાર મનુષ્ય સુખથી સૂએ છે, સુખથી જાગે છે અને આ સંસારમાં સુખથી વિચરણ કરે છે, પરંતુ બીજાનું અપમાન કરનાર નષ્ટ થઈ જાય છે.'

એટલા માટે કોઈનું અનિષ્ટ કરવું, કોઈની સાથે વેર રાખવું અથવા કોઈની સાથે દ્વેષ અથવા ઘૃણા કરવી, તે પોતાનું પતન કરવા સમાન છે.

બાળકનો જ્યાં સુધી વિવાહ નથી થતો ત્યાં સુધી તે ગુરુની પાસે અથવા માતાપિતાની પાસે રહે; તે બ્રહ્મચારી જ છે.

બ્રહ્મચારીએ લસણ, કાંદા, મદિરા, માંસ, ભાંગ, તમાકુ, બીડી, સિગરેટ, ગાંજો ઇત્યાદિ ઘૃણિત અથવા માદક પદાર્થોનું સેવન કરવું તો દૂર રહ્યું, એનું સ્મરણ પણ ન કરવું.

અત્તર, ફુલેલ, તેલ, પુષ્પોની માળા, આંખોનું આંજણ, વાળનો શૃંગાર, નાચવું, ગાવું, વગાડવું, સ્ત્રીઓનું દર્શન, ભાષણ, સ્પર્શ અને સિનેમા-થિયેટર વગેરે ખેલ-તમાશા જોવાં – આ બધાંને સર્વ અનર્થોનું મૂળ, કામ ઉદ્દીપન કરનાર, વીર્યનાશક સમજીને ત્યાગ કરી દેવા.

જૂઠ, કપટ, છળ, છિદ્ર, જુગાર, ઝઘડો, વિવાદ, નિંદા, ચાડી, હિંસા, ચોરી-લંપટતા વગેરેને મહાપાપ સમજીને આ બધાનો સર્વથા ત્યાગ કરી દેવો.

કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, વેર, અહંકાર, દંભ, દર્પ, અભિમાન અને ઘૃણા આદિ દુર્ગુણોને બધાં પાપ અને દુઃખોનું મૂળ કારણ સમજીને, હૃદયમાંથી દૂર કરવા માટે વિશેષ પ્રયત્નશીલ રહેવું.

બાળક અને બ્રહ્મચારીઓને માટે મનુજી કહે છે કે –

वर्जयेन्मधु मांसं च गन्धं माल्यं रसान् स्त्रियः ।
शुक्तानि यानि सर्वाणि प्राणिनां चैव हिंसनम् ॥
(२/१७७)

'મધ, માંસ, સુગંધિત વસ્તુ, ફૂલોના હાર, રસ, સ્ત્રી, સરકાની જેમ બનેલી બધી માદક વસ્તુઓ અને પ્રાણીઓની હિંસા – આ બધાને ત્યાગી દેવી.'

द्यूतं च जनवादं च परिवादं तथानृतम् ।
स्त्रीणां च प्रेक्षणालम्भमुपघातं परस्य च ॥
(२/१७८)

'જુગાર, ગાળો, નિંદા તથા જૂઠ અને સ્ત્રીઓને જોવી, આલિંગન કરવું અને બીજાનો તિરસ્કાર કરવો (આ બધી વસ્તુઓનો પણ બ્રહ્મચારીએ ત્યાગ કરી દેવો.)

અભ્યઙ્ગમઞ્જનં ચાક્ષ્ણોરુપાનચ્છત્રધારણમ્ ।
કામં ક્રોધં ચ લોભં ચ નર્તનં ગીતવાદનમ્ ॥
(૨/૧૭૮)

'ઉબટણ લગાડવું, આંખોનું આંજણ, જોડા પહેરવા અને છત્ર ધારણ કરવું તથા કામ, ક્રોધ, લોભ અને નાચવું, ગાવું, વગાડવું – આ બધાનો પણ ત્યાગ કરી દે.'

સોડાવૉટર, બરફ, બિસ્કિટ, ડૉક્ટરની દવા, હોટેલનું ભોજન વગેરે પણ ઉચ્છિષ્ટ (એઠું) તથા મહાન અપવિત્ર છે,* એટલા માટે ધર્મમાં બાધક સમજીને એનો ત્યાગ કરવો. આવા ભોજનને ભગવાને ગીતામાં તામસી કહ્યું છે–

યાતયામં ગતરસં પૂતિ પર્યુષિતં ચ યત્ ।
ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસપ્રિયમ્ ॥
(ગીતા ૧૭/૧૦)

'જે ભોજન અડધું પાકેલું અને અડધું કાચું, સુકાઈ ગયેલા રસનું, સ્વભાવે જ દુર્ગંધી, વાસી અને એઠું છે તથા જે અપવિત્ર પણ છે, એ ભોજન તામસી માણસને ગમતું હોય છે.'

ઉપર્યુક્ત દુર્ગુણ અને દુરાચારોને ન ત્યાગનાર પુરુષના યજ્ઞ, દાન, તપ, નિયમ વગેરે ઉત્તમ કર્મ સફળ થતાં નથી. મનુજી કહે છે –

વેદાસ્ત્યાગશ્ચ યજ્ઞાશ્ચ નિયમાશ્ચ તપાંસિ ચ ।
ન વિપ્રદુષ્ટભાવસ્ય સિદ્ધિં ગચ્છન્તિ કર્હિચિત્ ॥
(૨/૯૭)

'દુષ્ટ સ્વભાવના મનુષ્યના વેદ, દાન, યજ્ઞ, નિયમ અને તપ – આ બધાં ક્યારેય પણ સિદ્ધિને પ્રાપ્ત થતાં નથી અર્થાત્ આ બધાનું ઉત્તમ ફળ એને મળતું નથી.'

દુરાચારો હિ પુરુષો લોકે ભવતિ નિન્દિતઃ ।
દુઃખભાગી ચ સતતં વ્યાધિતોઽલ્પાયુરેવ ચ ॥
(મનુ૦ ૪/૧૫૭)

'દુરાચારી પુરુષ હંમેશાં લોકમાં નિંદા પામે છે, દુઃખ ભોગવનાર, રોગી અને અલ્પાયુ હોય છે.'

તેથી જ દુર્ગુણ અને દુરાચારોનો ત્યાગ કરીને મન અને ઇન્દ્રિયોને વિષયભોગથી દૂર કરીને, પોતાને સ્વાધીન કરવી. મન અને ઇન્દ્રિયનો સંયમ થવાથી રાગ-દ્વેષ, હરખ-વિષાદનો નાશ સાહજિક રીતે થઈ શકે છે. જ્યારે પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિમાં હરખ-શોક થતો નથી તથા મન અને ઇન્દ્રિયોનો વિષયોની સાથેનો સંસર્ગ થવાથી પણ ચિત્તમાં કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો નથી, ત્યારે સમજવું જોઈએ કે આ સાચા જિતેન્દ્રિય 'સંયમી' પુરુષ છે. મનુજી પણ કહે છે –

શ્રુત્વા સ્પૃષ્ટ્વા ચ દૃષ્ટ્વા ચ ભુક્ત્વા ઘ્રાત્વા ચ યો નરઃ ।
ન હૃષ્યતિ ગ્લાયતિ વા સ વિજ્ઞેયો જિતેન્દ્રિયઃ ॥
(૨/૯૮)

'જે મનુષ્ય સાંભળીને, અડીને, જોઈને, ખાઈને કે સૂંઘીને ન તો પ્રસન્ન થાય છે કે ન તો ઉદાસ થાય છે, તેને જિતેન્દ્રિય જાણવો જોઈએ.'

મન અને ઇન્દ્રિયોને વશમાં કર્યા પછી, રાગદ્વેષથી રહિત થઈને વિષયોનો સંસર્ગ કરવો લાભદાયક છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે–

રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।
આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥
(૨/૬૪)

* ઘણું કરીને સોડાવૉટર અને બરફ ઉચ્છિષ્ટ, બિસ્કિટમાં મરઘીનાં ઈંડાં, દાક્તરી દવામાં મદ્ય, માંસ વગેરેનું મિશ્રણ, હોટેલના ખાવામાં મદ્ય-માંસનો સંસર્ગ – આ બધાં જ ઘણાં અપવિત્ર છે.

'પરંતુ સ્વાધીન અંતઃકરણનો સાધક પોતાના વશમાં કરેલી રાગદ્વેષ વિનાની ઇન્દ્રિયો દ્વારા વિષયોમાં વિચરણ કરતો હોવા છતાં અન્તઃકરણની આધ્યાત્મિક પ્રસન્નતાને પામે છે.'

બ્રહ્મચર્ય

જેણે બધા પ્રકારના મૈથુનનો ત્યાગ કર્યો છે,* તે બ્રહ્મચારીના નામથી ઓળખાય છે; કારણ કે બધી રીતે વીર્યનું રક્ષણ કરવારૂપી બ્રહ્મચર્યનું પાલન બ્રહ્મ (પરમાત્મા)ની પ્રાપ્તિમાં મુખ્ય હેતુ છે. ઉપર બતાવેલા વ્રતનું આચરણ કરનાર ભલે ગુરુની પાસે રહે કે પછી પોતાનાં માતાપિતાને ત્યાં રહે, તે બ્રહ્મચારી જ છે. હે બાળકો! બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું એ તમારે માટે સૌપ્રથમ કર્તવ્ય છે. એનાથી બળ, બુદ્ધિ, તેજ, સદ્‌ગુણ અને સદાચારની વૃદ્ધિ થઈને પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે.

એટલા માટે તમારે સ્ત્રીઓના સંગથી બહુ સાવધાન રહેવું. સ્ત્રીઓનું દર્શન, ભાષણ, સ્પર્શ અને ચિંતનની તો વાત જ શું કરવી, સ્ત્રીની મૂર્તિ કે ચિત્ર પણ બ્રહ્મચારીએ ન જોવું. જો અત્યંત આવશ્યકતા પડી જાય તો નીચી દૃષ્ટિ રાખીને, પોતાના ચરણોની તરફ અથવા જમીનને જોતાં જોતાં, તેને પોતાની મા અથવા બહેન સમાન સમજીને વાતચીત કરવી. પરંતુ એકાંતમાં તો માતા અથવા બહેનની સાથે પણ ન રહેવું. કેમ કે સ્ત્રીઓનો સંસર્ગ પ્રાપ્ત કરીને બુદ્ધિમાન પુરુષની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈને, ઇન્દ્રિયો વિચલિત થાય છે. મનુજીએ પણ કહ્યું છે –

માત્રા સ્વસ્રા દુહિત્રા વા ન વિવિક્તાસનો ભવેત્ ।
બલવાનિન્દ્રિયગ્રામો વિદ્વાંસમપિ કર્ષતિ ॥
(૨/૨૧૫)

'મનુષ્યે પોતાની માતા, બહેન કે દીકરી સાથે પણ એકાંતમાં ન બેસવું, કેમ કે ઇન્દ્રિયોનો સમૂહ બહુ બળવાન છે, તેથી તે ડાહ્યા માણસને પણ પોતાની તરફ ખેંચી જાય છે.'

મહાવીર હનુમાનનું નામ બ્રહ્મચર્યવ્રતપાલન માટે પ્રસિદ્ધ છે. રામાયણના વાચકો એમના જીવનથી પરિચિત છે. હનુમાનજી એક અલૌકિક વીર પુરુષ હતા. હનુમાનજીએ સમુદ્રને ઓળંગીને, રાવણના પુત્ર અક્ષકુમારને મારીને, લંકાને બાળીને, શ્રીજાનકીજીના સમાચાર રામની પાસે પહોંચાડ્યા અને લક્ષ્મણજીને શક્તિબાણ લાગવાથી સુષેણ વૈદ્યની બતાડેલી જડીબૂટીને ન ઓળખી શકવાને કારણે, જડીબૂટી સહિત પહાડ ઉપાડીને સૂર્યોદય થતાં પહેલાં જ લંકામાં લાવીને હાજર કર્યો. કિષ્કિન્ધા અને સુંદરકાંડને જોઈને જ ખબર પડે છે કે હનુમાનજી ફક્ત વીર જ નહિ, સદાચારી, વિદ્વાન, રિદ્ધિ-સિદ્ધિના જાણકાર અને ભગવાનના મહાન ભક્ત હતા. જેનો મહિમા ગાતાં સ્વયં ભગવાને કહ્યું છે કે, 'હે હનુમાન! તમે જે અમારી સેવા કરી છે, એનો પ્રતિ-ઉપકાર ન કરી શકવાને કારણે હું લજ્જિત છું.'

પ્રતિ ઉપકાર કરૌં કા તોરા ।
સનમુખ હોઈ ન સકત મન મોરા ॥
(સુન્દર૦ ૩૧/૬)

ભારતસવાસી આજે પણ તેમને નૈષ્ઠિક બ્રહ્મચારી માનીને પૂજા કરે છે, ભક્તગણો સ્તુતિ કરે છે, વ્યાયામ કરનાર પોતાના દળનું નામ 'મહાવીરદળ' રાખીને બળ વધારવા માગે છે. વાસ્તવમાં જે મનુષ્ય મહાવીર હનુમાનજીના જે ગુણોનું સ્મરણ કરે છે, તેનામાં આંશિકરૂપે તે

---

* સ્મરણં કીર્તનં કેલિઃ પ્રેક્ષણં ગુહ્યભાષણમ્ । સંકલ્પોઽધ્યવસાયશ્ચ ક્રિયાનિષ્પત્તિરેવ ચ ॥
સ્ત્રીનું સ્મરણ, સ્ત્રીસંબંધી વાતચીત, સ્ત્રીઓ સાથે રમવું, સ્ત્રીને જોવી, સ્ત્રી સાથે ગુપ્ત ભાષણ કરવું, સ્ત્રીને મળવાનો સંકલ્પ કરવો, ચેષ્ટા કરવી અને સ્ત્રીનો સંગ કરવો – આ આઠ પ્રકારનાં મૈથુન મનાયાં છે.

ગુણોનો આવિર્ભાવ થાય છે.

રાજકુમાર વીર લક્ષ્મણજીના વિષયમાં તો કહેવાનું જ શું હોય? તે તો સાક્ષાત્ ભગવાનના સેવક અને શેષજીના અવતાર હતા. એમણે તો શ્રીરામજીની સાથે અવતાર લઈને લોકોના હિતાર્થે લોકમર્યાદા માટે આદર્શ વ્યવહાર કર્યો. તે સદાચારી, ગુણોના ભંડાર, ભગવાનના અનન્ય ભક્ત અને એક મહાન વીર પુરુષના નામથી પ્રસિદ્ધ હતા. એમણે, જેને ઈન્દ્ર પણ ન જીતી શક્યા હતા, તે વીર મેઘનાદને પણ મારી નાખ્યો. જરૂર પડ્યે, કાળથી પણ તે ડરતા ન હતા. આ બધો બ્રહ્મચર્યવ્રતના પાલનનો જ પ્રભાવ બતાડવામાં આવ્યો છે.

ગંગાપુત્ર પિતામહ ભીષ્મનું નામ તમે સૌએ સાંભળ્યું હશે. તે બહુ તેજસ્વી, શીલવાન, અખંડ બ્રહ્મચર્યનું પાલન કરનાર, ઈશ્વરના ભક્ત અને મોટા ધર્માત્મા વીર પુરુષ હતા. એમણે પોતાના પિતાની સેવા માટે ક્ષણમાત્રમાં કંચન અને કામિનીનો સદાને માટે ત્યાગ કરી દીધો અને તેના પ્રતાપથી એમણે કાળને પણ જીતી લીધો. એક સમયે દેવવ્રતે (પિતામહ ભીષ્મ) પોતાના પિતા શાન્તનુને શોકાતુર જોઈને તેમના શોકનું કારણ પૂછ્યું. એમણે પુત્રવૃદ્ધિ માટે વિવાહ કરવાની ઈચ્છા પ્રગટ કરી. આ પ્રકારે પોતાના પિતાના શોકનું કારણ જાણીને બુદ્ધિમાન દેવવ્રતે પિતાના વૃદ્ધ મંત્રી પાસે જઈને એમને પણ પિતાના શોકનું કારણ પૂછ્યું ત્યારે મંત્રીએ ધીવરરાજની (પાલિતા) કન્યાના સંબંધના વિષયની બધી વાત કહી અને ધીવરરાજની ઈચ્છાનો વૃત્તાંત પણ કહી સંભળાવ્યો. ત્યારે દેવવ્રત ઘણા ક્ષત્રિયોને સાથે લઈને તે ધીવરરાજની પાસે ગયા અને પોતાના પિતા માટે ધીવરરાજ પાસે કન્યાની માગણી કરી. ધીવરરાજે દેવવ્રતનો વિધિપૂર્વક સત્કાર કર્યો અને આ પ્રમાણે કહ્યું – 'હે દેવવ્રત! તમારા પિતાના તમે મોટા પુત્ર છો અને આપ રાજા થવાને યોગ્ય છો. પણ હું કન્યાનો પિતા છું એટલા માટે તમને કંઈક કહેવા માગું છું. વાત એમ છે કે આ કન્યાથી જે પુત્ર ઉત્પન્ન થશે તે રાજગાદી ઉપર બેસશે. આ શરત મંજૂર હોય તો હું મારી પુત્રીનો વિવાહ તમારા પિતા સાથે કરી શકું છું, નહીં તો નહીં.' તે દાસરાજ (ધીવરરાજ)ના વચનને સાંભળીને ગંગાપુત્ર દેવવ્રતે તે રાજાઓની સામે આ ઉત્તર દીધો કે, 'હે દાસરાજ! તમે જેમ કહો છો તેમ જ હું કરીશ. આ મારું સત્ય વચન છે, એને તમે નિશ્ચય માનો. તે કન્યાને જે પુત્ર થશે તે અમારો રાજા થશે. ત્યારે ધીવરરાજે કહ્યું, 'હે સત્યધર્મપરાયણ! આપે મારી કન્યા સત્યવતી માટે બધા રાજાઓની વચ્ચે જે પ્રતિજ્ઞા કરી છે, તે આપને યોગ્ય જ છે. તમે આ પ્રતિજ્ઞાનું પાલન કરશો, એમાં મને જરા પણ સંદેહ નથી; કિંતુ તમારાં જે પુત્ર થશે, તેમનાથી મને બહુ સંદેહ છે. તેઓ આ કન્યાના પુત્ર પાસેથી રાજ્ય લઈ શકે છે. ત્યાર પછી ગંગાપુત્ર દેવવ્રતે પોતાના પિતાનું પ્રિય કરવાની ઈચ્છાથી બીજી પ્રતિજ્ઞા કરી. દેવવ્રત બોલ્યા, 'હે દાસરાજ! પોતાના પિતાને માટે આ બધા રાજાઓની સામે હું જે વચન કહેવા માગું છું તેને સાંભળો. હું રાજ્યનો તો પહેલેથી જ ત્યાગ કરી ચૂક્યો છું. હું આજીવન બ્રહ્મચર્યનું પાલન કરીશ, અર્થાત્ વિવાહ ન કરીને આજીવન બ્રહ્મચારી રહીશ.' રાજકુમાર દેવવ્રતનાં આવાં વચનો સાંભળીને ખૂબ પ્રસન્નતાપૂર્વક ધીવરરાજ બોલ્યા, 'હે દેવવ્રત! હું આ કન્યા તમારા પિતા માટે અર્પણ કરું છું.' તે સમયે દેવતા અને ઋષિગણ બોલ્યા, 'આ ભીષણ કર્મ કરનાર છે, એટલા માટે તે